Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વાધ્યાય

દીપોત્સવી
અને
વસંતપંચમી

વિ. સં. ૨૦૪૮-૪૯

પુસ્તક ૩૦

અંક ૧-૨

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

COMPLIMENTARY COPY

સંપાદક
મુકુન્દ લાલજી વાડેકર
ઉપનિયામક,
પ્રાચ્યવિદ્યામન્દિર,
વડોદરા

[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં મું. ઉ. રાવલ અને મુનીન્દ્ર વી. જોશીનો લેખ]

ચિત્ર નં. ૪
વારાહી

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम्

પ્રાચ્યવિદ્યામન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચિત્ર નં. ૬
ચામુંડા

ચિત્ર નં. ૭
ઐન્દ્રી

ચિત્ર નં. ૮
ગણેશ

[ચિત્રોની સમજૂતી માટે જુઓ આ અંકમાં
મુ. હ. રાવલ અને મુનીન્દ્ર વી. જોશીનો લેખ]

For Private and Personal Use Only



ચિત્ર નં. ૩
વૈષ્ણવી

[ચિત્રોની સમજૂતી માટે જુઓ આ અંકમાં મુ. હ. રાવલ અને મુનીન્દ્ર વી. જોશીનો લેખ]

ચિત્ર નં. ૫
કૌમારી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વાધ્યાય

(દીપોત્સવી અને વસંતપંચમી અંક) પુ. ૩૦ અંક ૧-૨

વિ. સં. ૨૦૪૮-૪૯ ઑક્ટોબર ૧૯૯૨-જાન્યુઆરી ૧૯૯૩

અનુક્રમ

		પૃષ્ઠાંક
૧	સ્થાપત્ય અને પ્રાગિતિહાસ : સમરાંગણ સૂત્રધારનો અભિપ્રાય —રમણલાલ નાગરજી મહેતા	૧-૪
૨	ગીતાનું સાહિત્યિક મૂલ્ય—હરિપ્રસાદ જોશી	૫-૮
૩	સાંખ્યદર્શનમાં પ્રકૃતિ અને પુરુષ—આર. સી. શાહ	૯-૧૮
૪	ટોટુનાં અનુગુપ્તકાલીન સપ્તમાતૃકાશિલ્પો—મુ. હ. રાવલ, મુનીન્દ્ર વી. જોશી	૧૯-૨૪
૫	"પ્રતિમાનાટકસ્યાસ્ય............"—રમેશ બેટાઈ	૨૫-૩૪
૬	શાસ્ત્રપરાવર્તક કવિ બાણભટ્ટ—વસન્તકુમાર મ. ભટ્ટ	૩૫-૪૬
૭	ઉત્તરરામચરિત : વિપ્રલંભની વિડંબના—અરુણા કે. પટેલ	૪૭-૫૦
૮	'किरातार्जुनीयम्'માં પાઠભેદ—એ. એમ. પ્રજાપતિ	૫૧-૬૦
૯	સાચી મુક્તિ એટલે શું ?-મશરૂવાળાની દૃષ્ટિ—હરસિદ્ધ મ. જોશી	૬૧-૬૮
૧૦	નાટ્યકાર દિઙ્નાગ—આર. પી. મહેતા	૬૯-૭૨
૧૧	બ. ક. ઠાકોરના અપ્રગટ પત્રોમાં પ્રતિબિંબિત વિચારસૃષ્ટિ — ધર્મેન્દ્ર મ. માસ્તર	૭૩-૯૨
૧૨	નૈતિક મૂલ્યો અને સમાજ-સુધારણા અંગે સ્વામી સહજાનંદના પ્રયાસો —રમેશ જમીનદાર	૯૩-૧૦૮
૧૩	'मेनका विश्वामित्रम्'-એક અભિનવ નાટક—કાન્તિલાલ રા. દવે	૧૦૯-૧૧૪
૧૪	નિવાપાંજલિ	૧૧૫-૧૧૮
૧૫	ગ્રન્થાવલોકન-સાભાર સ્વીકાર	૧૧૯-૧૨૮

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

स्वाध्याय

દીપોત્સવી અને વસંતપંચમી વિ. સં. ૨૦૪૮-૪૯ પુસ્તક ૩૦

ઑકટોબર ૧૯૯૨-જાન્યુઆરી ૧૯૯૩ અંક ૧-૨

સ્થાપત્ય અને પ્રાગિતિહાસ : સમરાંગણ સૂત્રધારનો અભિપ્રાય

રમણલાલ નાગરજી મહેતા*

પ્રાસ્તાવિક

સ્થાપત્ય અને નગરરચનાની પરંપરા પુરાવસ્તુવિદ્યાના અધ્યયનથી પ્રાગૈતિહાસિક કાળથી શરૂ થઈ હોવા બાબત શંકા રહેતી નથી. પરંતુ પથ્થરનાં ઓજારો વાપરનાર સમાજમાં સ્થાપત્યનો પ્રારંભ થયો હોવાની માન્યતા ભારતમાં ઓછામાં ઓછાં હજાર વર્ષ જેટલી પ્રાચીન હોવાની સ્પષ્ટ નોંધ ભોજરાજના સમરાંગણ સૂત્રધાર ગ્રંથમાંથી મળે છે. ધારાના પરમાર રાજા ભોજે (આ. ૧૦૦૦-૧૦૫૫) લખેલા મનાતા ગ્રંથમાં છઠ્ઠા અધ્યાયમાં સહદેવાધિકાર અને સાતમા અધ્યાયમાં વર્ણાશ્રમપ્રવિભાગની રસપ્રદ ચર્ચા છે. તેની માહિતી સ્થાપત્ય માટે મહત્ત્વની છે.

સાંસ્કૃતિક પરિસ્થિતિ

ભૂતકાળમાં મનુષ્યની સ્થિતિ સારી ન હતી અને સ્વપ્રયત્નથી તેણે વિકાસ સાધ્યો છે અને આજની સ્થિતિએ તે પહોંચ્યો છે એ દૃષ્ટિબિંદુનો આજે સ્વીકાર થાય છે. તેની સાથે વિકાસથી વેરાયેલા વિનાશમાંથી પ્રકૃતિ તથા સમગ્ર જીવન અને માનવજાતને કેમ બચાવવી એ આજના જમાનાનો કૂટ પ્રશ્ન છે. આ પરિસ્થિતિમાં ભારતમાં પ્રચલિત માન્યતા બીજું દૃષ્ટિબિંદુ રજૂ કરે છે, તેનું આલેખન ભોજરાજના સહદેવાધિકાર અધ્યાયમાં છે. સહદેવાધિકારમાં પાયાનો પ્રશ્ન જીવન માટે અન્નપ્રાપ્તિનો હોવાનું વલણ સ્પષ્ટ છે. માનવસમાજના આદિ કાળમાં અને આજે પણ અન્નપ્રાપ્તિ એ જીવન માટે મહત્ત્વની આવશ્યકતા હોવા બાબત કોઈ શંકા નથી.

આ બાબત તૈત્તિરીય ઉપનિષદની બ્રહ્મવલ્લીના પ્રારંભમાં સ્પષ્ટ રીતે દર્શાવી છે. આ અન્નની અછત ઊભી થતાં લોભ પેદા થાય છે, તેમાંથી સામાજિક ઉત્પાતો અને ઊથલપાથલો

'સ્વાધ્યાય', પુ. ૩૦, અંક ૧-૨. દીપોત્સવી-વસંતપંચમી અંક. ઑક્ટોબર ૧૯૯૨-જાન્યુઆરી ૧૯૯૩, પૃ. ૧-૪.

* ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સર્જાય છે. તેથી તે માત્સ્યન્યાયથી બચવા માટે સામાજિક આયોજનો, રક્ષણ માટે મકાનો, નગરો આદિની રચના થાય છે તેવો અધોગતિનો સૂર સહદેવાધિકારનો છે.

મકાનો બાંધવા પથ્થરનાં ઓજારો

આ પરિસ્થિતિમાં મકાનો બાંધવા માટે પથ્થરનાં ઓજારોથી લાકડાં મેળવવા માટે ઝાડ કાપીને તેનો ઉપયોગ કરવા માટે ઝાડનો આકાર વાપરવાની સૂચના પણ છઠ્ઠા અધ્યાયમાંથી મળે છે.

પ્રશ્નો

ભોજરાજના સમયમાં લોખંડનાં સાધનો સર્વત્ર વપરાતાં હતાં એવો સામાન્ય અભિપ્રાય પ્રચારમાં છે. તેથી સમરાંગણસૂત્રધારનો ઉલ્લેખ વિવિધ પ્રશ્નોત્તરી ઊભી કરે છે. તેમાંનો ભોજરાજાને પથ્થરનાં ઓજારોથી ઝાડ કાપીને મકાનો બાંધવાનો વિચાર કેવી રીતે ઉદ્ભવ્યો ? એ પ્રશ્ન ઊભો થાય છે.

ઉત્તરો

આ પ્રશ્નનો ઉત્તર બે રીતે આપી શકાય. પ્રથમ ઉત્તર પ્રમાણે મધ્યપ્રદેશમાં અનેક નગરો, તળાવો, મંદિરો આદિ બાંધનાર ભોજરાજાને પથ્થરનાં ઓજારો વાપરવાની જૂની પરંપરાનું જ્ઞાન હતું.

બીજી રીતે ઉત્તર આપવો હોય તો જુદે જુદે સ્થળે સાંસ્કૃતિક વિકાસમાં ભેદ દેખાય છે, તે અનુભવ પરથી એક કલ્પના થઈ શકે. મધ્ય પ્રદેશનાં ગીચ જંગલોમાં પથ્થરનાં ઓજારો વાપરવાની પરંપરા ચાલુ રહી હોય અને તેની ભોજરાજાના સમયમાં લોકોને માહિતી હોય.

માત્ર કલ્પનાની દૃષ્ટિએ આ બન્ને ઉત્તરો બળવાન લાગે છે, પરંતુ દ્રવ્ય અને સ્થળ-પરીક્ષા તથા સાહિત્યની પરીક્ષાથી આ બન્ને ઉત્તરો સમબલવંતા છે કે તેમાંથી કોઈ નિર્બળ છે તે બાબત નિર્ણય કરવાની જરૂર ઊભી થાય. તેથી પ્રમાણપરીક્ષા કરવી પડે.

સાહિત્ય અને પથ્થરનાં ઓજારોનાં પ્રમાણો

સામાન્ય રીતે રામાયણમાં લાકડી, પથ્થરો આદિનો ઉપયોગ કરનાર વાનરસેનાથી આપણો સમાજ સુપરિચિત છે. મહાભારતનાં ગદાયુદ્ધોમાં વપરાતાં સાધનોમાં પથ્થરનો ઉપયોગ થતો હોવાની તથા અન્ય પ્રસંગોમાં પથ્થરો ફેંકવાની વાતો જાણીતી છે.

આ સુપરિચિત સાહિત્યપરંપરામાં આજે મળતાં સૌથી જૂનાં પ્રમાણો વેદની સંહિતાનાં છે, તેથી વેદની સંહિતાઓ તપાસતાં પણ પથ્થરનાં ઓજારોનો ઉપયોગ સ્પષ્ટ થાય છે.

ઋગ્વેદ સંહિતામાં તથા અથર્વ સંહિતામાં અશ્મવાસી તથા અશ્મનો ઓજારો તરીકે ઉપયોગ નોંધાયો છે, તેનું વિગતવાર અધ્યયન થયું છે. તેથી સંહિતાઓનું આધુનિક સ્વરૂપ ઘડાયું તે પહેલાં પથ્થરનાં ઓજારોનો ઉપયોગ, ધાતુનાં ખાસ કરીને તાંબા કે કાંસાનાં ઓજારોની સાથે થતો હતો તેવાં સાહિત્યનાં પ્રમાણો ઉપલબ્ધ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વેદની સંહિતાઓની અવિચ્છિન્ન પરંપરાનું જ્ઞાન ભોજરાજાને હોવા બાબત શંકા રાખવાની જરૂર નથી, તેથી સાહિત્યની પરંપરા પરથી ભોજરાજાના સમરાંગણસૂત્રધારમાં પથ્થરનાં ઓજારોનો ઉપયોગ દર્શાવ્યો હોવાનું સાધાર અનુમાન થાય.

પથ્થરનાં ઓજારો : કાલક્રમ

પુરાવસ્તુવિદ્યાના પ્રારંભમાં ચાલતી માન્યતાને આધારે માણસો પ્રથમ પથ્થરનાં, ત્યારબાદ તાંબા અને કાંસાનાં અને તેની પછી અત્યારે વપરાતાં લોખંડનાં ઓજારોનો ઉપયોગ કરતા હતા. તેથી પથ્થરનાં ઓજારો સૌથી જૂનાં છે એ માન્યતાની સાથે તેનો ઉપયોગ પણ લાંબા વખતથી બંધ પડ્યાનો એક નિરાધાર અભિપ્રાય બંધાયો.

જુદા જુદા માનવસમાજોમાં પથ્થરનાં ઓજારો વાપરવાની પરંપરા લાંબા વખત સુધી ચાલુ રહી હોવાનો ખ્યાલ નૃવંશનો અભ્યાસ કરનાર લોકોને છે. પરંતુ કેટલાક પ્રદેશોમાં આ પરંપરા નષ્ટ થઈ ગઈ હોઈ તે ક્યારે નષ્ટ થઈ એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. કાલગણનાના આ પ્રશ્નનું નિરાકરણ કરવા માટે વિકસેલી વિવિધ પદ્ધતિઓ પૈકી એક પદ્ધતિ કાર્બનનાં તત્ત્વોમાંથી કિરણોત્સર્ગની ક્રમશઃ ઘટતી શક્તિથી કાર્બન^{14}ના કાર્બન^{12}માં થતા રૂપાંતરની ગણતરી છે. આ પદ્ધતિનો ઉપયોગ આજે ઘણો થાય છે. તેની મદદથી જ્યાં કાલક્રમ નક્કી કરવા માટે અન્ય પ્રમાણ ન મળે ત્યાં કાલક્રમ નક્કી કરવામાં સહાયતા મળે છે.

આ પદ્ધતિનો ઉપયોગ ભોપાલ પાસે ભીમબેટકાના અવશેષોનો કાલક્રમ નક્કી કરવા માટે કરવામાં આવ્યો. તે ઉપયોગને લીધે ભીમબેટકાનાં પથ્થરનાં ઓજારો પૈકી કેટલાંક ઈ. સ.ની પહેલી સદીથી શરૂ કરીને ઈ. સ. ૧૫૭૦ સુધી વપરાશમાં ચાલુ રહ્યાં હોય એવાં પ્રમાણો ઉપલબ્ધ થાય છે.

ઉપસંહાર

આ પ્રમાણોને સમરાંગણસૂત્રધારના વિચાર સાથે સરખાવતાં કેટલાંક તારણો નીકળે છે તેની ચર્ચા કરી છે.

પ્રથમ વાત સ્પષ્ટ થાય છે કે ભોજરાજને સાહિત્યની પરંપરાની માહિતી હોવા બાબત શંકા નથી, તે પ્રમાણે અત્યારે મળેલી માહિતીને આધારે તેના સમકાલીનો પથ્થરનાં ઓજારો તેની રાજધાની પાસે પણ વાપરતા હોઈ, પથ્થરનાં ઓજારો બાબત તેને પ્રત્યક્ષ ખબર હોવાનો સંભવ ઘણો વધારે છે.

આ દૃષ્ટિએ જોતાં પથ્થરનાં ઓજારોના વપરાશના પુરાવા આપતું સાહિત્ય અને તે વપરાશની પરંપરા એ બન્ને પ્રવાહો સમરાંગણસૂત્રધારના આલેખન વખતે જાણીતા હતા.

આવાં પ્રમાણોથી સ્થાનિક પરંપરાનું મહત્ત્વ એક પક્ષે વધે છે તેમ બીજે પક્ષે પથ્થરનાં ઓજારો મળે એટલે તે બહુ જૂનાં છે, પથ્થરયુગ હંમેશાં જૂનો છે એવો મત ઉચ્ચારતા પહેલાં સાવધ રહેવાની જરૂર છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તદુપરાંત પથ્થરનાં ઓજારો જૂનાં હોય ત્યારે પણ તેનો ઉપયોગ પાછળના લોકોએ જુદી જુદી રીતે કરેલો હોય છે, તે બાબત સ્થાનિક સ્થળ–તપાસ પરથી સમજાય છે, તેથા એ ઓજારો નવા થરનાં છે તેવી માન્યતા પણ ટકતી નથી.

આ પરિસ્થિતિમાં સ્થાનિક ઇતિહાસના આલેખન વખતે સ્થળ–પરીક્ષા, સ્તરપરીક્ષા આદિના અન્વેષણમાં દ્રવ્યપ્રમાણની અન્ય ઉપલબ્ધ પ્રમાણો સાથે પરીક્ષા કરવી ઈષ્ટ છે. દરેક વખતે આવાં પ્રમાણો મળતાં નથી, તેથી આજુબાજુ મળેલાં પ્રમાણો પર આધાર રાખવો ઈષ્ટ છે.

ઇતિહાસમાં દ્રવ્ય, સ્થળ અને કાલના નિર્ણયમાં ઘણાં ભય-સ્થાનો અને વિકલ્પો હોય છે તે બાબત નજર સમક્ષ રાખવાથી નવાં પ્રમાણો સાથે જૂના વિચારોની તુલના કરીને તે તુલનાથી વિચારોમાં ફેરફાર થયા કરે છે એમ સતત ચાલતાં અન્વેષણો દર્શાવે છે.

સંદર્ભો

૧ સમરાંગણસૂત્રધાર, સંપાદક, વાસુદેવશરણ અગ્રવાલ, ગા. ઓ. સીરીઝ, ૨૫, બીજુ સંસ્કરણ, ૧૯૬૬.

૨ તૈત્તિરીય ઉપનિષદ બ્રહ્મવલ્લિ, ૧. ૨.

૩ મહેતા આર. એન. અને કાંટાવાળા એસ. જી., સ્ટોન–ટુલ્સ ઈન ઋગ્વેદ, વાજપેય; એસેસ ઓન ઇવોલ્યૂશન ઓફ ઇન્ડિયન આર્ટ એન્ડ કલ્ચર વૉ. ૧, (પ્રો. કે. ડી. બાજપાઈ ફેલિસિટેશન વૉલ્યૂમ, સંપાદકો—એ. એમ. શાસ્ત્રી, આર. કે. શર્મા, અગમ પ્રસાદ) દિલ્હી, ૧૯૮૭, પૃ. ૨૩ પાદટીપ

૪ મહેતા આર. એન., યુસ ઑફ કટિંગ ટુલ્સ ઑફ સ્ટોન ઇન અથર્વવેદ, જર્નલ ઑફ મ. સ. યુનિવર્સિટી ઑફ બરોડા, વૉ. ૩૦.

૫ રોબર્ટ. ડબ્લ્યુ એનરિચ. (સંપા.). ક્રોનોલૉજીસ ઇન ઓલ્ડવર્લ્ડ આર્કિયોલૉજી. વૉ. ૧.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગીતાનું સાહિત્યિક મૂલ્ય+

હરિપ્રસાદ જોષી*

वसुदेवसुतं देवं कंसचाणूरमर्दनम् । देवकीपरमानन्दं कृष्णं वन्दे जगद्गुरुम् ॥

શ્રીમદ્ ભગવદ્‌ગીતા મૂળ મહાભારતમાં ભીષ્મપર્વના ૧૨૫ થી ૧૪૨ અધ્યાયોમાં કહેવાયેલી છે. સંસ્કૃત સાહિત્યમાં રામાયણ, મહાભારત, પુરાણો વગેરેમાં કાવ્યાત્મક ભાવ કે વર્ણનાત્મક કથા વગેરેના માધ્યમ તરીકે બહુધા અનુષ્ટુપ્ છંદ જ ખેડાયેલો છે. ગીતામાં પણ બહુધા અનુષ્ટુપ્ છંદ જ અર્થના વાહક તરીકે આવ્યો છે. વળી કોઈ ઉદાત્ત ભાવ કે ઓજસયુક્ત વર્ણન કરવું હોય તો બધે જેમ ઉપજાતિ છંદ વપરાય છે તેમ ગીતાકાર પણ એ છંદનો સમુચિત ઉપયોગ કરે છે. વિશ્વરૂપદર્શનનો મોટાભાગનો સમગ્ર અધ્યાય એના વિષયને અનુરૂપ ઉપજાતિમાં જ છે જે આ આધ્યાત્મિક કાવ્યને સાહિત્યક સ્વરૂપરૂપે પ્રતિષ્ઠા અર્પે છે. અલબત્ત સંસ્કૃત સાહિત્ય તો ગદ્યને પણ, **रसात्मकं वाक्यं**—ને કાવ્યની સંજ્ઞા આપે છે.

જાણીતા કાવ્યશાસ્ત્રજ્ઞ શ્રીમમ્મટાચાર્યે કાવ્યની વ્યાખ્યા આપતાં કહ્યું છે:—
तद् अदोषौ शब्दार्थौ सगुणौ अनलंकृती पुनः क्वापि—કાવ્ય દોષ વિનાનું, શબ્દ અને અર્થયુક્ત, ગુણવાળું, અને કવચિત્ અલંકારરહિત પણ હોય તેવું હોય છે.

ગીતાને આ પરિપ્રેક્ષ્યમાં જોતાં ગીતામાં એક પણ આચાર્યે, ભાષ્યકારે કે સાહિત્યકારે કોઈ દોષ બતાવ્યો નથી. ગીતામાં વપરાયા છે તેવા અર્થવાહક શબ્દો બહુ ઓછા મળે છે. એ અનેક ભાષ્યકારોને આકર્ષે છે અને વિદ્વાનો અવનવા અર્થોનો ખજાનો એ મહામૂલા ગ્રંથમાંથી કાઢી આપે છે. ભાષાની સરળતા એને અનેરો માધુર્ય ગુણ અર્પે છે તો એની ભાષાની પ્રવાહિતા એને પ્રાસાદિક બનાવે છે.

नायं हन्ति न हन्यते । अशान्तस्य कुतः सुखम् । न हन्यते हन्यमाने शरीरे । कूटस्थोऽक्षर उच्यते । न मे भक्तः पणश्यति । समत्वं योग उच्यते । एकं सांख्यं च योगं च यः पश्यति स पश्यति । तस्माद् योगी भवार्जुन । यो मद् भक्तः स मे प्रियः । स्वभावस्तु प्रवर्तते । यथेच्छेसि तथा कुरु । જેવાં શબ્દસંપુટયુક્ત વિચારમૌક્તિકો ઠેર ઠેર વિખરાયેલાં પડ્યાં છે.

ગીતાનો પ્રખ્યાત શ્લોક લઈએ :

> **पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।**
> **तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥** (ગીતા ૯–૨૬)

અહીં ક્રિયાપદ **अश्नामि** મૂક્યું છે. શબ્દાર્થ લઈએ તો '**ખાઉં છું**' એવો અર્થ થાય. ફલ ખવાય, પત્ર (જો તુલસીનું પાન કે એવું હોય તો) ખવાય પણ પુષ્પ અને તોય–પાણી કેવી રીતે

'સ્વાધ્યાય', પુ. ૩૦, અંક ૧–૨, દીપોત્સવી–વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૯૨–જાન્યુઆરી ૧૯૯૩, પૃ. ૫–૮.

\+ આકાશવાણીના સૌજન્યથી.

* ૩૦, સોનાલી સોસાયટી, પાણીની ટાંકીવાળો રસ્તો, કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખવાય ? એથી જ અહીં **अश्नामि**નો શબ્દાર્થ ન લેતાં લક્ષ્યાર્થ લેવો ઘટે. **अश्नामि** એટલે **गृहृणामि** । ભક્તિથી લવાયેલ કોઇ પણ ક્ષુલ્લક ચીજ પણ ભગવાન ગ્રહણ કરે છે. એ જ રીતે—

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥ (ગીતા ૨-૬૯)

એમાં '**निशा**' શબ્દનો શબ્દાર્થ નહીં પણ વ્યંગ્યાર્થ જ—જેમાં લોકો રસ લે છે અથવા રસ લેતા નથી તેમાં સંયમી ને સામાન્ય માણસની વૃત્તિ વિરોધી જ હોય છે એમ અર્થ લેતાં જ ગીતાનું સાહિત્યિક મૂલ્ય ધ્યાનમાં આવશે.

ગીતાનો આરંભ જ કેટલો નાટયાત્મક છે! ચારે બાજુ યુદ્ધની તૈયારી ચાલી રહી છે, શંખનાદો, ભેરીનાદો, પરસ્પરના લશ્કરી માણસોને ભય પમાડી તેમનાં હૃદયને વિદારે છે. પાંડવ-પક્ષના લશ્કરનો વડો અર્જુન વ્યૂહ જોવા નીકળે છે અને તે પોતે જ વ્યામોહમાં ફસાય છે. રથ ઉપર **विसृज्य सशरं चापं**—ધનુષ્યબાણ ત્યજીને શોકસંવિગ્ન માનસવાળો અર્જુન કૃષ્ણ સામે ઊભો હોય એ દૃશ્ય જ કેટલું રોચાંચક, કાવ્યાત્મક અને ચિત્રાત્મક છે!

શોકમગ્ન અર્જુનના આ ઉપક્રમ સાથે શરૂ થએલ ગીતાના ઉપસંહારમાં **नष्टो मोहः स्मृतिर्लब्धा** —શોકમોહરહિત અર્જુન લક્ષમાં લેવાથી ગીતાકારની કાવ્યાત્મક શક્તિનો ખ્યાલ આવશે.

ગીતામાં અલંકારોને ઝાઝો અવકાશ નથી. છતાં ગીતાકારની સાહિત્યિક દૃષ્ટિ જ્યાં જ્યાં તક મળે છે ત્યાં ત્યાં વિચારોને સ્પષ્ટ કરવા, વર્ણનને કાવ્યાત્મક બનાવવા અલંકારો વાપરી લે છે. અધ્યાય ૫માં શ્લોકો ૮-૯ જૂએ :—

नैव किञ्चित्करोमीति युक्तो मन्येत तत्त्ववित् ।
पश्यञ्शृण्वन्स्पृशञ्जिघ्रन्नश्नन् गच्छन्स्वपन् श्वसन् ॥
प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि
इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन् ॥ ९ ॥

અહીં મનુષ્યની મોટાભાગની થતી શારીરિક ક્રિયાઓને કૃદન્તવાચક મૂકીને ગીતાકારે અર્થસભર છતાં વર્ણોનો અલંકાર સાધ્યો છે. એવો જ શબ્દાર્થાલંકાર જૂએ :—

उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बन्धुरात्मैवरिपुरात्मनः ॥
बन्धुरात्मात्मनस्तस्य येनात्मैवात्मना जितः ।
अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ॥ (ગીતા ૬.૫-૬)

અહીં આત્મ-અનાત્મના શબ્દદ્વન્દ્વથી અનેરી અસર ઉપજાવી છે.

समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिरः ।
संप्रेक्ष्य नासिकाग्रं स्वं दिशश्चानवलोकयन् ॥ (ગીતા ૬.૧૩)

આજુબાજુ જોયા વિના નાકના અગ્ર ભાગે દૃષ્ટિ સ્થિર કરી પર્વત સમાન સ્થિર બની પોતાની સમગ્ર કાયા, મસ્તક અને ડોકને ટટાર રાખી બેઠેલા યોગીનું વર્ણન સ્વાભાવોક્તિ અલંકાર નથી તો શું છે? અને તે પણ એક જ અનુષ્ટુપ શ્લોકમાં!

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શબ્દોનું લાઘવપણું ગીતાની વિશેષતા છે. શ્લોકાર્ધમાં જ સાત નારીવાચક શબ્દો વાપર્યા છે તે નોંધપાત્ર છે :—

कीर्तिः श्रीर्वाक् च नारीणां स्मृतिर्मेधा धृतिः क्षमा ॥ (ગીતા અ. ૧૦.૩૪)

પ્રજ્ઞાપ્રતિષ્ઠિતને કાચબાની અંગ સમેટી લેવાની ક્રિયાની ઉપમા—**कूर्मोऽङ्गानीव सर्वशः**—દ્વારા આપે છે. આત્માની અમરતા દર્શાવવા મૃત્યુ એ જીર્ણવસ્ત્ર છોડી નવાં ધારણ કરવા જેવું છે એમ દૃષ્ટાંત આપે છે :

वासांसि जीर्णानि यथा विहाय
नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णा-
न्यन्यानि संयाति नवानि देही ॥ (ગીતા ૨.૨૨)

પરમાત્માની વ્યાપકતા માટે વાયુનું દૃષ્ટાંત આપે છે :—

यथाऽकाशस्थितो नित्यं वायुः सर्वत्रगो महान् ।
तथा सर्वाणि भूतानि मत्स्थानीत्युपधारय ॥ (ગીતા ૯.૬)

એ જ રીતે આકાશનું દૃષ્ટાંત આત્માની અલિપ્તતા માટે પણ ગીતાકાર આપે છે :—

यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते ।
सर्वत्रावस्थितो देहे तथात्मा नोपलिप्यते ॥ (ગીતા ૧૩.૩૩)

વિશ્વરૂપદર્શનયોગ (અ. ૧૧)માં તો ગીતાકારે ઠેર ઠેર કાવ્યને પ્રગટ કર્યું છે. સળગતા દીવા ઉપર જેમ પતંગિયાં બળી મરવા જાય, સમુદ્રમાં જેમ અનેક નદીઓ ધસમસતી ઠલવાવા જાય તેમ અનેક યોદ્ધાઓ સહ ઘણા વિશ્વરૂપ પરમાત્માની દાઢ નીચે કચડાવા જઈ રહ્યા છે. એ એટલું વિશાળ દર્શન છે કે અર્જુનને **दिशो न जाने न लभे च शर्म**—એમ કહીને દિશાઓને પેલે પાર પહોંચેલા પરમાત્માનું વર્ણન કરવું પડે છે. એના તેજનું વર્ણન કરતાં કહ્યું છે :—

दिवि सूर्यसहस्रस्य भवेद्युगपदुत्थिता ।
यदि भाः सदृशी सा स्याद्भासस्तस्य महात्मनः ॥ (ગીતા ૧૧.૧૨)

હજારો સૂર્ય એકી સાથે આકાશમાં ઊગે અને એ તેજ પ્રગટે તે કરતાં પણ વધુ તેજસ્વી એનું દર્શન હતું. આથી જ્યારે અર્જુન કહે છે :

तेनैव रूपेण चतुर्भुजेन
सहस्रबाहो भव विश्वमूर्ते ।

હે વિશ્વમૂર્તિ! હજાર હાથવાળા કૃષ્ણ! આપ આપના એ જ શંખ, ચક્ર, ગદા, પદ્મધારી ચતુર્ભુજ સ્વરૂપે પ્રગટ થાવ. અહીં અર્જુન જે જાણતો હતો તે અને તેણે જે જોયું તે બે વચ્ચેનો વિરોધ બતાવી ગીતાકારે ગજબની સાહિત્યક પરિભાષા વાપરી છે.

પુરુષોત્તમયોગમાં અશ્વત્થનું પૂર્ણ રૂપક વાપરી ગીતાકાર પોતાના દર્શનને સ્પષ્ટ કરે છે:—

ऊर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम् ।
छन्दांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित् ॥
अधश्चोर्ध्वं प्रसृतास्तस्य शाखा
गुणप्रवृद्धा विषयप्रवालाः ।

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अधश्च मूलान्यनुसंततानि
कर्मानुबन्धीनि मनुष्यलोके ॥ (ગીતા ૧૫–૧.૨)

ઉપરાંત ज्ञानप्लव, निवातदीप વગેરે અનેક રૂપકાત્મક શબ્દો દ્વારા ગીતાકારને જે કહેવું છે તેનું સ્પષ્ટ દર્શન કરાવે છે.

દીવાથી દીવો પ્રગટે એમ શબ્દોની કે વિચારોની શૃંખલા પ્રયોજવામાં પણ ગીતાકાર કુશળ છે. कुलक्षयकृतं दोषंથી શરૂ થયેલી શૃંખલા, કુલધર્મનો નાશ, ધર્મનાશથી અધર્મમય કુળ, અધર્મને કારણે કુલસ્ત્રીઓમાં આવતો દોષ, દોષવાળી સ્ત્રીઓને કારણે આવતી વર્ણસંકરતા અને તેથી નરકવાસ અને પિતૃઓની અધોગતિ વગેરે મહાપાતકોની શૃંખલાની કડીઓ ગીતાકાર ગોઠવે જ જાય છે. (ગીતા ૧.૩૯થી આગળ) સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો વર્ણવતાં આવી જ શૃંખલા છે :—

ध्यायतो विषयान्पुंसः सङ्गस्तेषूपजायते ।
सङ्गात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ॥
क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद्बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥ (ગીતા ૨–૬૨.૬૩)

એ જ રીતે આત્માની સમજણ માટે લખે છે :—

इन्द्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥ (ગીતા ૩.૪૨)

अन्नाद्भवन्ति भूतानिથી શરૂ થયેલ શૃંખલા तस्मात् सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम्માં પૂર્ણ થઈ એક યજ્ઞચક્રની શૃંખલા રચે છે.

અજ્ઞાનથી મોહિત આશાપાશથી બંધાયેલા અન્યાયથી અર્થસંચય કરતા મનુષ્યની વિચારસરણીને ગીતાકારે ખૂબ જ સ્પષ્ટ રીતે સાહિત્યિક સ્પર્શ સહ મૂકી આપી છે.

इदमद्य मया लब्धमिमं प्राप्स्ये मनोरथम् ।
इदमस्तीदमपि मे भविष्यति पुनर्धनम् ॥
असौ मया हतः शत्रुर्हनिष्ये चापरानपि ।
ईश्वरोऽहमहं भोगी सिद्धोऽहं बलवान्सुखी ॥
आढ्योऽभिजनवानस्मि कोऽन्योऽस्ति सदृशो मया ।
यक्ष्ये दास्यामि मोदिष्य इत्यज्ञानविमोहिताः ॥
अनेकचित्तविभ्रान्ता मोहजालसमावृताः ।
प्रसक्ताः कामभोगेषु पतन्ति नरकेऽशुचौ ॥ (ગીતા ૧૬–૧૩–૧૬)

અહીં મનુષ્યની ઘણી બધી ઉપલબ્ધિઓ વર્ણવ્યા પછી છેલ્લે पतन्ति नरकेऽशुचौ કહીને ગીતાકારે જે અભિમાનીના ફુગ્ગામાં ટાંકણી ખોસી આપી છે તે અનેરી ધારી અસર ઉપજાવનાર કાવ્ય બની રહે છે.

તેથી જ કહી શકાય કે જેમ આદ્ય શંકરાચાર્યે એમનાં સ્તોત્રોમાં ભક્તિ સાથે કાવ્યનો સુભગ સમન્વય કર્યો છે તેમ ગીતાકારે તત્ત્વજ્ઞાન અને કાવ્યનો, સાહિત્યનાં ઉત્કૃષ્ટ મૂલ્યોનો સમન્વય સાધ્યો છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાંખ્યદર્શનમાં પ્રકૃતિ અને પુરુષ

આર. સી. શાહ*

'દર્શન' શબ્દનો અર્થ :—શરૂઆતમાં સંસ્કૃત સાહિત્યમાં 'દર્શન' શબ્દના પ્રયોગને બદલે 'મીમાંસા' શબ્દનો પ્રયોગ થતો. મીમાંસા એટલે મનન—જ્ઞાનપ્રાપ્તિની ઇચ્છા; કોઈ તાત્ત્વિક વિષયની પરીક્ષા. આજે ઘણું કરીને 'દર્શન' શબ્દ યોજાય છે. દર્શન એટલે જોવું તે—તત્ત્વજ્ઞાનની એક પદ્ધતિ; સત્યને સમજવાનો એક પુરુષાર્થ. પ્રત્યેક દર્શન પછી તે પૌર્વાત્ય હોય કે પાશ્ચાત્ય, સત્યને પોતાના એક વિશિષ્ટ દૃષ્ટિકોણથી સમજવા પ્રયત્ન કરે છે. 'દર્શન' એટલે તત્ત્વનો સાક્ષાત્કાર એવો પણ એક અર્થ કરવામાં આવે છે. તે અર્થ યોગીઓ અને તત્ત્વદ્રષ્ટાઓની કુદરતી પ્રતિભા તરફ સંકેત કરે છે. દર્શન એટલે જોવાનું સાધન, એ અર્થમાં વિવિધ દર્શનો એ સત્યને જાણવાના જુદા જુદા માર્ગો છે. 'મીમાંસા' કરતાં 'દર્શન' શબ્દનો પ્રયોગ વધારે વ્યાજબી જણાય છે. અંગ્રેજી શબ્દ Philosophy (philo = love અને sophia = wisdom)નો અર્થ પણ જ્ઞાન માટે પ્રેમ એમ સૂચવે છે.

દર્શનવિદ્યા એ માણસને પોતાનું સ્વરૂપ વિચારવા અને તેને અનુભવવા પ્રેરે છે. આ પ્રેરણા મનુષ્યના વિશ્વ સાથેના તેમ જ બીજા પ્રાણીજગત સાથેના તેના સંબંધ વિષે વિચાર કરવામાં મદદરૂપ બને છે. પરિણામે માનવજીવન સ્થૂલલક્ષી મટી સૂક્ષ્મલક્ષી અને સર્વલક્ષી થવાની દિશામાં વળે છે. સર્વમાં આત્મૌપમ્યની અર્થાત્ અભેદની દૃષ્ટિ કેળવાય છે.[1]

દર્શનનું ધ્યેય :—જીવ, જગત અને ઇશ્વર આ ત્રણનાં સ્વરૂપનું અને પરસ્પર સંબંધનું નિરૂપણ દર્શનશાસ્ત્રનું પ્રધાન કર્તવ્ય છે. આ સંસાર શું છે? એના સર્જન પાછળ કાંઈ હેતુ હશે ખરો? આત્મા શું? જીવનનું ધ્યેય શું? આત્મસાક્ષાત્કાર કઈ રીતે શકય છે? તેની અનુભૂતિનું સ્વરૂપ વર્ણવી શકાય? વગેરે અનેક પ્રશ્નો માનવી ઉઠાવે છે અને પોતાની બુદ્ધિ અનુસાર તેના જવાબો શોધવા પરિશ્રમ કરે છે. આ બધા પ્રશ્નોનો તોડ જ્ઞાનીઓએ અને મુમુક્ષુઓ સાધના, ચિંતન, મનન, ધ્યાન વડે પ્રાપ્ત સ્વકીય જ્ઞાન વડે આપેલ છે અને તેને આપણે તત્ત્વજ્ઞાન એવું નામ આપીએ છીએ. તત્ત્વજ્ઞાન એટલે માનવી વડે થયેલ જીવનસત્યનું દર્શન. કોઈ એક વ્યક્તિનું એ તત્ત્વજ્ઞાન નથી પણ અનેક વિભિન્ન વિચારધારાઓમાં વહીને વિદ્વાન પુરુષો, ચિંતકો, જ્ઞાનીઓ અને દ્રષ્ટા મહર્ષિઓએ જીવનનાં પરમતત્ત્વોની જે ઝાંખી કરી છે તેનું જ્ઞાન એ જ તત્ત્વજ્ઞાન છે.

'સ્વાધ્યાય', પુ. ૩૦, અંક ૧–૨, દીપોત્સવી–વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૯૨–જાન્યુઆરી ૧૯૯૩, પૃ. ૯–૧૮

* સંસ્કૃત વિભાગ, એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી.

૧ પંડિત સુખલાલજી, ભારતીય તત્ત્વવિદ્યા, પ્ર. ભો. જે. સાંડેસરા, પ્રાચ્યવિદ્યા મન્દિર, વડોદરા, ૧૯૫૮, પૃ. ૯૨.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૌરસ્ત્ય તેમ જ પશ્ચિમી ખ્યાલ:—ભારતના પ્રાચીન ઋષિમુનિઓ માટે ધર્મ કે તત્ત્વજ્ઞાન એ કયારેય પણ વ્યાસંગ કે બૌદ્ધિક વિલાસનું માત્ર સાધન ન હતાં, પણ તત્ત્વજ્ઞાન એ એમને મન આત્મસાક્ષાત્કાર પામેલી વિચારધારા હતી.

સામાન્ય રીતે એમ કહી શકાય કે પૂર્વના તત્ત્વજ્ઞાનનું લક્ષણ એ છે કે તે આત્મજ્ઞાનને-દિવ્ય દર્શનને વિષે આગ્રહ ધરાવે છે, જ્યારે પાશ્ચમનું તત્ત્વજ્ઞાન તાર્કિક તેમ જ બૌદ્ધિક બાબતોને વધુ મહત્ત્વ આપે છે. ડૉ. રાધાકૃષ્ણનના મતે પશ્ચિમનું માનસ તર્કવાદી અને નીતિપરાયણ ગૂઢતાને વિષે અણગમો ધરાવનારું અને વ્યવહારકુશળ છે; જ્યારે પૂર્વનું માનસ આંતરજીવન અને ધ્યાનયોગ તરફ વધારે ઢળે છે.[૨]

આપણી આર્યસંસ્કૃતિ સાથે આપણાં પ્રાચીન શાસ્ત્રો અવિભાજ્ય સંબંધે જોડાયેલાં છે. આધ્યાત્મિક તેમજ લૌકિક જીવનની પ્રત્યેક સમસ્યા પર ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી દર્શનોએ ઊંડો વિચાર કર્યો છે. વૈદિક સત્યો જોવા તથા જાણવા માટે શાસ્ત્રકારોએ જે છ શાસ્ત્રો સૂત્ર આકારે રચેલાં છે તેને ષડ્દર્શન એવું નામ આપવામાં આવે છે. દર્શનોનું કાર્ય બ્રાહ્મણ તેમ જ ઉપનિષદ-ગ્રંથોમાં કર્મ, જ્ઞાન, વગેરેને લગતો જે ઉપદેશ હતો તેમાં એકવાક્યતા સાધવાનું છે. સૂત્રો કરતાં દર્શનોનું તત્ત્વજ્ઞાન વધુ પ્રાચીન છે. વૈદિક યુગ પછી (ઈ. સ. પૂ. ૬૦૦) એટલે બુદ્ધ અને મહાવીરના કાળ દરમ્યાન દર્શનોની ઉત્પત્તિ થઈ તેમ મનાય છે. જો કે કોઈ કોઈ દર્શનોનાં મૂળ તો એથી પણ પુરાણા સાહિત્યમાં મળી આવે છે.

દર્શનોનું વર્ગીકરણ:—આપણા ધર્મ અને તત્ત્વજ્ઞાનનો પ્રારંભ વેદમાંથી જ થાય છે. ભારતીય તત્ત્વજ્ઞાનના ઈતિહાસમાં વેદનો અભ્યાસ અનિવાર્ય છે. વેદના ઋષિઓ મંત્રોના કર્તા નહિ પણ દૃષ્ટા હતા. ભારતીય લોકો વેદોને આધ્યાત્મિક જ્ઞાનના અખૂટ ભંડાર માને છે. કોઈ વ્યક્તિઓ દ્વારા રચાયેલા ન હોઈ વેદોને અપૌરુષેય કહેવામાં આવે છે. વેદવાક્ય હમેશાં પ્રમાણ મનાતું આવ્યું છે. વેદો ચાર છે. તેમાં ઋગ્વેદ સૌથી જૂનો મનાય છે. મન્ત્ર, બ્રાહ્મણ, ઉપનિષદ, વગેરે વેદના વિવિધ સ્તર છે.

વેદનું પ્રામાણ્ય સ્વીકારનાર જે દર્શનો તે 'આસ્તિક' અને વેદનું પ્રામાણ્ય નહિ સ્વીકારનાર દર્શનો તે 'નાસ્તિક' આવું સામાન્યતઃ દર્શનોનું વર્ગીકરણ થતું આવ્યું છે. સાંખ્યદર્શન, યોગદર્શન, ન્યાયદર્શન, વૈશેષિકદર્શન, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા (વેદાંત) આ છ દર્શનોને 'આસ્તિક દર્શનો' કહેવાય છે; જ્યારે ચાર્વાક, બૌદ્ધ, અને જૈન–એ દર્શનો વેદનિરપેક્ષ વિચારસરણી ધરાવતાં હોઈ 'નાસ્તિક દર્શનો' કહેવાય છે, પરંતુ આ રીતે આસ્તિક તેમ જ નાસ્તિક એમ બે ભેદ ઊભા કરી વિભાજન કરવું કેટલાક વિદ્વાનોના મતે યોગ્ય નથી. તેઓ 'આસ્તિક' અને 'નાસ્તિક' શબ્દોનો અર્થ 'વેદને માનવાવાળા' અને 'વેદને નહિ માનવાવાળા' એમ કરતા નથી; પરંતુ તેમના મતે આસ્તિક એટલે પોતાનાં સારાં અને ખરાબ કર્મોનું અર્થાત્ ધર્મ અને અધર્મનું ફળ અવશ્ય મળશે જ એવી માન્યતા. આ અર્થ સ્વીકારીએ તો બૌદ્ધ તેમ જ જૈનદર્શનો કે જે પુનર્જન્મ તેમ જ કર્મફળ વગેરેમાં માને છે તેને આસ્તિક દર્શનો

---

૨ રાધાકૃષ્ણન્ (ડૉ.) ધર્મોનું મિલન, અનુવાદક–ચન્દ્રશંકર શુકલ, પ્ર. પ્રભાશંકર ભટ્ટ, ભારતીય વિદ્યા ભવન, મુંબઈ, આ. ૧, ૧૯૪૩, પૃ. ૧૭૩

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કહેવાં જોઈએ અને માત્ર ચાર્વાક દર્શન કે જે પુનર્જન્મ અને કર્મફળમાં શ્રદ્ધા ધરાવતું નથી તેમ જ ભૂતચૈતન્યવાદી છે તેને જ નાસ્તિક દર્શન કહી શકાય. ષડ્દર્શન-સમુચ્ચય અને એના ટીકાકાર ગુણરત્ને બૌદ્ધ તેમ જ જૈનદર્શનોને આસ્તિકદર્શન માનેલ છે અને કેવળ ચાર્વાકને નાસ્તિકદર્શન માનેલ છે.

ભારતીય દર્શનની કેટલીક વિશેષતાઓ:—ભારતીય સંસ્કૃતિની એક સામાન્ય છાપ આપણે ભારતીય દર્શનો પર અંકિત થયેલી જોઈએ છીએ. ચાર્વાક સિવાય બધાં દર્શનોમાં આપણને નૈતિક તેમ જ આધ્યાત્મિક દૃષ્ટિકોણની એકતા જોવા મળે છે. પ્રો. હિરિયન્ના કહે છે તેમ ભારતીય વિચારધારાની એક ધ્યાન ખેંચે તેવી વિશેષતા એ છે કે તેમાં વિસ્તાર અને વિવિધતા ઘણા મોટા પ્રમાણમાં છે. વિચાર કે ચિંતનની કોઈ શાખા એવી નથી કે જેનો સમાવેશ એમાં ન થયેલો હોય. ભારતીય તત્ત્વજ્ઞાનની અનેકતા છતાંયે તેમાં મધ્યવર્તી વિચારની એકતા રહેલી છે.

આધ્યાત્મિક સ્વરૂપ:—ભારતીય વિચારકો કેવળ નીતિધર્મ કે સદાચાર આગળ અટકી ન જતાં તેથી આગળ જવાનું ધ્યેય રાખે છે. માણસ ઇશ્વરનો અંશ છે અને તે અંશ પૂર્ણ બનવાની ઝંખના રાખે છે. બ્રહ્મ એ જગતનું મૂળતત્ત્વ છે અને જગત એ બ્રહ્મમાં પ્રતિષ્ઠિત છે. આમ ભારતીય તત્ત્વજ્ઞાનમાં સારભૂત વસ્તુ એ તેનો અધ્યાત્મવાદ છે.

સર્વદેશીયતા:—ભારતનું તત્ત્વદર્શન એ ભારતીય છે તે એટલા જ અર્થમાં કે તેને રચનારા માણસો ભારતવર્ષની ભૂમિ પર જન્મેલા હતા. એ તત્ત્વદર્શન અમુક કોમે રચેલું છે કે અમુક દેશ યા પ્રાંતમાં થયેલું છે એટલા માટે તે કીમતી છે એવું નથી; પણ આખા જગતને રુચે તેવા અંશો તેનામાં છે માટે જ તે કીમતી છે.

રોજિન્દા જીવન સાથે વણાઈ ગયેલ છે:—ભારતીય દર્શન એ માત્ર કલ્પનાપૂર્ણ ગગનગામી ઉડ્ડયન નથી, તેમાં માનવજીવનના ધબકાર વ્યક્ત થાય છે. ફિલસૂફી એ કેવળ એક વિચારધારા નથી, પણ એક જીવનપથ છે.

નીતિશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનનો સમન્વય:—ભારતીય લોકો હંમેશાં એમ માનતા આવ્યા છે કે નીતિમય જીવન એ ઇશ્વરપરાયણ જીવન છે. અહીં આત્મપરાયણ જીવન એ ધર્મમાત્રનું ધ્યેય રહ્યું છે.

ભારતીય દર્શન એ નીતિશાસ્ત્ર સાથે સંલગ્ન છે. કેટલાક વિદ્વાનોના મતે નીતિધર્મોની ચર્ચા પાછળ દાર્શનિક પ્રશ્નોની ચર્ચા હોવી જરૂરી નથી, પરંતુ આલ્ડસ હક્સલી જેવા પાશ્ચાત્ય વિચારક કહે છે તેમ "અંતિમ અથવા પારમાર્થિક સત્ય વિષેના આપણા વિચારો નીતિ અનીતિની ચર્ચામાં અસ્થાને નથી; એટલું જ નહિ પણ આપણાં સર્વ આચરણનો નિશ્ચય છેવટે આપણા એ વિચારોને આધારે જ થાય છે."[3]

---

૩ આલ્ડસ હક્સલી, એન્ડ્ઝ એન્ડ મીન્સ, અનુવાદ-સાધ્ય અને સાધન, અનુવાદક-નટવરલાલ મ. બુચ, પ્ર. ભાષાન્તરનિધિ, બળવંતભવન, ભાવનગર-૨, આ. ૧, ૧૯૬૯, પૃ. ૧૦

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આંતર દૃષ્ટિ—ભારતીય તત્ત્વજ્ઞાને હંમેશાં તર્કની સીમા વટાવી તેની પેલી પાર જવાનું ધ્યેય રાખ્યું છે. જેમ ગ્રીક ફિલસૂફ સોક્રેટીસ આત્માને ઓળખવાની શિખામણ આપતો તેમ ઉપનિષદ્-વાક્યો પણ આત્મસાક્ષાત્કારની વાત કરે છે. આત્મદર્શન, આત્મપ્રાપ્તિ એ જ જીવનનો પરમ પુરુષાર્થ મનાયો છે.

મોક્ષ એ જ પરમ લક્ષ્ય :—મુક્તિનો માર્ગ એ આત્મવિકાસનો માર્ગ મનાયો છે અને મોક્ષને અંતિમ આદર્શ માની તેની પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ કરવા માટે ભારતીય તત્ત્વજ્ઞાન આપણને શીખ આપે છે. મોક્ષ એ કાંઈ મનસ્વી દેવોએ આપેલી ભેટ નથી પણ કષ્ટપૂર્વક કરેલાં તપ, સંયમ વગેરેના સ્વપુરુષાર્થ દ્વારા તે પ્રાપ્ત કરવાનો છે.

બંધનનું કારણ—અજ્ઞાન :—ભારતીય વિચારકો એકી અવાજે કહે છે કે અવિદ્યા—અથવા અજ્ઞાન આપણાં દુઃખનું મૂળ છે અને વિદ્યા અથવા જ્ઞાન આપણને મુક્તિ અપાવે છે. સર્વ અનિષ્ટોનું મૂળ અજ્ઞાન છે. સામાન્ય જગત ભૌતિકતામાં જે સુખ માને છે તે સાચું સુખ નથી; તે એનું અજ્ઞાન છે અને એ અજ્ઞાન જ સંસારપાશમાં માનવીને બંધનકર્તા છે. એ અજ્ઞાન દૂર થતાં જ સાચું દર્શન કરાવવાનો ભારતીય તત્ત્વજ્ઞાનનો આશય છે.

મોક્ષપ્રાપ્તિ માટે અભ્યાસ અને વૈરાગ્યની આવશ્યકતા :—

બંધનનું કારણ અજ્ઞાન છે; તેમાંથી છૂટવા માટેનું સાધન સમ્યક્જ્ઞાન છે અને તે દ્વારા પરમધ્યેયની પ્રાપ્તિ શક્ય છે. મોક્ષની સિદ્ધિને માટે સાધનાની જરૂર રહે છે. એ સાધના-માર્ગમાં ત્યાગ અને વૈરાગ્યની ભાવના પાયારૂપે રહેલી છે. ત્યાગ એટલે કર્મત્યાગ અને વૈરાગ્ય એટલે નરી નિષ્ક્રિયતા નથી. ત્યાગનો સાચો અર્થ કર્મફળત્યાગ અને વૈરાગ્યનું સાચું લક્ષણ છે—મનની શાંતિ–ઈન્દ્રિયોનો નિગ્રહ.

ષડ્દર્શનો :– વેદનાં સત્યો સમજવા માટે શાસ્ત્રકારોએ છ જુદાં જુદાં શાસ્ત્રો સૂત્ર આકારે રચ્યાં છે, જે ષડ્દર્શન કહેવાય છે. ષડ્દર્શનો વેદાનુસારી છે. સત્યને સમજવાના એ વિવિધ દૃષ્ટિકોણો છે. ષડ્દર્શનોનાં નામ છે: (૧) ન્યાયદર્શન (૨) વૈશેષિકદર્શન (૩) સાંખ્ય-દર્શન (૪) યોગદર્શન (૫) પૂર્વમીમાંસા અથવા કર્મમીમાંસા (૬) ઉત્તરમીમાંસા અથવા વેદાન્ત.

ષડ્દર્શનોનો પરસ્પર સંબંધ :—આ ષડ્દર્શનો બબ્બેનું એક એવા ત્રણ ગુચ્છમાં વહેંચાયેલાં છે. જેમકે, (૧) ન્યાય–વૈશેષિક (૨) સાંખ્ય અને યોગ (૩) પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા. આ ષડ્દર્શનો એકબીજા સાથે સંકળાયેલાં છે અને એકબીજાનાં પૂરક છે.

આચાર્ય આનંદશંકર ધ્રુવ લખે છે કે, ઉપનિષદમાં એમ સિદ્ધાન્ત કર્યો કે ખરી વસ્તુ અજ્ઞાનને લીધે મનુષ્યને જણાતી નથી; માટે જ્ઞાન પ્રાપ્ત કરવું. હવે એ સંબંધી પ્રશ્ન એ થાય છે કે અજ્ઞાન જે ખરી વસ્તુને જાણવા દેતું નથી અને જે સર્વ અનર્થનું મૂળ છે તે કેવી રીતે ટાળવું ? એ પ્રશ્નનો ઉત્તર સાંખ્ય આપે છે કે પ્રકૃતિપુરુષનો વિવેક કરીને. હવે વિવેક કરવો એમ કહેવું તે સહેલું છે, પણ તે શી રીતે કરવો એની રીત બતાવવી જોઈએ. તે રીત યોગ બતાવે છે, પણ પ્રકૃતિ અને પુરુષ બે ભિન્ન પદાર્થો છે એવી ખાતરી શી રીતે થાય ? તે તે પદાર્થોના વિશેષ ધર્મો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાણવાથી. એ ધર્મો વૈશેષિક દર્શન બતાવે છે. એ ધર્મો જાણવા માટે અનુમાનનો ઉપયોગ કરવો જોઈએ. તે પદ્ધતિસર બતાવનાર દર્શન ન્યાય છે. વળી યોગદર્શન ઈશ્વરનું ધ્યાન કરવાનું કહે છે. તે પણ ઈશ્વર ન હોય તો ન બને. માટે ઈશ્વરનું અસ્તિત્વ અનુમાનથી બતાવવું જોઈએ. તે પણ ન્યાયદર્શન બતાવે છે. પણ આત્મા, પરમાત્મા, સ્વર્ગ, મોક્ષ એવા ગંભીર વિષયમાં અનુમાનનો પ્રયોગ સંતોષકારક ન લાગે, અને શ્રુતિ માટે આગ્રહ થાય એ સ્વાભાવિક છે. તે માટે ધર્મ (કર્મ) મીમાંસા બ્રાહ્મણભાગનું તાત્પર્ય શોધે છે અને બ્રાહ્મણભાગના કર્મથી અસંતોષ પામી બ્રહ્મમીમાંસા વિશ્વના પરમતત્ત્વ બ્રહ્મનું સ્વરૂપ સમજાવે છે.[૪]

સાંખ્ય દર્શનઃ—ભારતનાં પ્રસિદ્ધ ષડ્દર્શનોમાં સાંખ્યદર્શનનું સ્થાન ઘણું મહત્ત્વનું છે એટલું જ નહિ પણ બધાં જ દર્શનોમાં એ સૌથી પ્રાચીન છે એમ વિદ્વાનો માને છે.

'સાંખ્ય' શબ્દનો ચોક્કસ શો અર્થ છે એ વિષયમાં વિદ્વાનોએ જુદા જુદા વિચારો વ્યક્ત કર્યા છે. હાલ માને છે કે સાંખ્ય શબ્દ 'સંખ્યા' પરથી આવેલો છે. સંખ્યા શબ્દ એક, બે, વગેરે ગણિતની સંખ્યાના અર્થમાં પ્રસિદ્ધ હોવા ઉપરાંત 'નિર્ણય'ના અર્થમાં પણ જાણીતો છે. રોર (Roer)ને મતે સાંખ્યના બે અર્થો થાય છે–સંખ્યા અને તપાસ. સેન્ટ હીલેર માને છે કે અહીં સંખ્યા શબ્દ ગણિતની સંખ્યાના અર્થમાં જ છે. એ પછી એનો અર્થ ગણતરી, તર્ક, નિશ્ચય વગેરે થાય છે. આમ મોટા ભાગના અભિપ્રાયો અનુસાર સાંખ્ય શબ્દ સંખ્યા પરથી આવેલો છે. આ શાસ્ત્રમાં ૨૫ તત્ત્વોની ગણના કરવામાં આવી છે. આ ઉપરાંત બુદ્ધિનાં ૮રૂપો અને પ્રત્યેક સર્ગના ૫૦ પ્રભેદો ગણાવેલા છે. એટલે ગણતરીનું મહત્ત્વ આ શાસ્ત્રમાં ઘણું છે, પરંતુ એટલું જ માત્ર આ શબ્દના મૂળમાં હોય એમ લાગતું નથી. આથી જ વિદ્વાનો સંખ્યાનો અર્થ ચર્ચા, વિચારણા, ચિંતન વગેરે કરે છે.[૫]

સાંખ્ય સાહિત્ય :—સાંખ્ય સૂત્રોના મૂળ રચયિતા તરીકે કપિલ મુનિને માનવામાં આવે છે. સાંખ્યપ્રવચનસૂત્રનો રચનાકાળ ઈ. સ. પૂ. છઠ્ઠી સદીનો મનાય છે. ડૉ. રાધાકૃષ્ણનના મતે બુદ્ધ પહેલાં સો એક વર્ષ અગાઉ કપિલ થયા હશે. શ્વેતાશ્વતર ઉપનિષદ (૫–૨)માં પણ કપિલના નામનો ઉલ્લેખ જોવા મળે છે. કેટલાક વિદ્વાનોનો એવો મત છે કે કપિલે કાંઈ લખ્યું જ નથી. તેમણે તેમના શિષ્ય આસુરિને વિદ્યાદાન કર્યું અને આસુરિએ પંચશીખને વિદ્યાદાન કર્યું. એમ ઉત્તરોત્તર જ્ઞાનનું વિતરણ થતું રહ્યું. (સાં. કારિકા–૭૦) અને પરિણામે સાંખ્ય-સૂત્રો રચાયાં. આ સૂત્રો છ પ્રકરણોમાં વહેંચાયેલાં છે. ઈશ્વર કૃષ્ણ (લગભગ ચોથી સદી)ની સાંખ્યકારિકા (કુલ ૭૨ શ્લોક) સાંખ્ય પરનું એક પ્રાચીન અને વિદ્વત્તાપૂર્ણ વિવેચન છે. ૮મી સદીમાં થયેલ ગૌડપાદનું સાંખ્યકારિકા ભાષ્ય છે. ૯મી સદીમાં થયેલ વાચસ્પતિમિશ્રની 'સાંખ્ય-તત્ત્વકૌમુદી' પણ સાંખ્યદર્શન પરની અતિવિશ્વસનીય રચના મનાય છે. આ ઉપરાંત ઈ. સ.ની ૧૬મી સદીમાં થઈ ગયેલ વિજ્ઞાનભિક્ષુનું સાંખ્યપ્રવચનભાષ્ય અને સાંખ્યસાર વગેરે પણ ઉલ્લેખનીય છે.

---

૪ આચાર્ય ધ્રુવ આ. બા., હિન્દુ વેદધર્મ, પ્ર. ડૉ. ભો. જે. સાંડેસરા, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, ૧૯૬૦

૫ શાસ્ત્રી (ડૉ.) એ. ડી., સાંખ્યકારિકા, પ્ર. જયંત પાઠક, ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સૂરત, આ. ૧, ૧૯૬૯, પ્રસ્તાવના પૃ. ૨

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાંખ્યદર્શનનું સ્વરૂપ:—સાંખ્યદર્શન વાસ્તવવાદી, દ્વૈતવાદી અને બહુત્વવાદી છે. વસ્તુવાદી એ અર્થમાં કે તે પુરુષથી સ્વતંત્ર એવા વાસ્તવિક જગતની હસ્તીને સ્વીકારે છે. દ્વૈતવાદી એટલા માટે કે એકબીજાથી તદ્દન ભિન્ન, પૂર્ણસ્વતંત્ર, એવાં બે સતતત્ત્વો–પુરુષ અને પ્રકૃતિનો તે સ્વીકાર કરે છે અને બહુત્વવાદી એ અર્થમાં કે તે એક નહિ પણ અનેક પુરુષો છે એમ માને છે. સાંખ્યદર્શન એ આર્યોનું પ્રાચીનકાળનું પદાર્થશાસ્ત્ર, Phisyics છે. સ્વામી વિવેકાનંદના શબ્દોમાં, સાંખ્યદર્શનની વિચાર કરવાની પદ્ધતિ વ્યવહારુ દષ્ટિએ સાચી છે, એમ સ્વીકાર્યા વિના વેદાંતીને પણ ચાલતું નથી.

પ્રકૃતિનું સ્વરૂપ:—સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણની સામ્યાવસ્થા તે પ્રકૃતિ. જ્યારે ગુણોની એ અવસ્થામાં ક્ષોભ થાય અને વિષમ અવસ્થા પ્રાપ્ત થાય ત્યારે સર્ગનો આરંભ થાય છે. સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણો અનુક્રમે સુખ, દુઃખ અને મોહાત્મક છે. સત્ત્વ લઘુ અને પ્રકાશક છે, રજસ્ ચલ અને ઉપષ્ટંભક છે, તો તમસ્ ગુરુ અને વરણક છે. આમ પરસ્પર વિરોધી લક્ષણોવાળા આ ગુણોના ગુણપ્રધાનભાવને લઈને આખું સર્જન થાય છે. જેમ દીવામાં તેલ, વાટ અને જ્યોત પરસ્પર વિરોધી હોવા છતાં પરસ્પર સહકારથી કાર્ય કરે છે, અને દીવો પ્રકાશ આપે છે તે જ રીતે આ ગુણોનું કાર્ય પણ સમજવાનું છે.

પ્રધાન અને તેનાં પરિણામોનું સ્વરૂપ યોગ્ય રીતે સમજતા પહેલાં, સાંખ્યદર્શનમાં કાર્યકારણસંબંધ કઈ રીતે સમજવામાં આવ્યો છે તે જાણવું જરૂરી છે. સાંખ્ય સત્કાર્યવાદમાં માને છે. કાર્ય એની ઉત્પત્તિ પહેલાં પણ કારણમાં અસ્તિત્વ ધરાવે છે એવો મત તે સત્કાર્યવાદ. આને માટે જુદી જુદી દલીલો આપવામાં આવે છે. જો કાર્ય ઉત્પત્તિ પહેલાં અસ્તિત્વ જ ન ધરાવતું હોત તો એની ઉત્પત્તિ જ ન થઈ શકે. ગમે તે કારણમાંથી ગમે તે કાર્ય ઉત્પન્ન નથી થતું પણ ચોકકસ કારણ જ કાર્યને ઉત્પન્ન કરે છે. એ દર્શાવે છે કે કાર્ય કારણમાં પણ અસ્તિત્વ ધરાવે છે. આમ કારણ એટલે અનભિવ્યક્ત અવસ્થામાં રહેલું કાર્ય. અર્થાત્ કારણ અને કાર્ય વચ્ચે અવસ્થાભેદ જ છે. બીજી દષ્ટિએ જોતાં એને પરિણામવાદ કહેવાય છે. કારણ કાર્યને રૂપે પરિણમે છે, માટી ઘડાને રૂપે પરિણમે છે, તે એનું પ્રસિદ્ધ દષ્ટાંત છે. આ વાદનો સ્વીકાર કર્યા પછી પ્રકૃતિનું અસ્તિત્વ પુરવાર કરવું બહુ સરળ છે. આમ બધાં જ કાર્યો કારણમાં અનભિવ્યકત સ્વરૂપે રહેતાં હોવાથી બધાં જ તત્ત્વોનું એક મૂળ કારણ સ્વીકારવું જરૂરી છે, નહિ તો અનવસ્થાદોષ પ્રાપ્ત થાય. પ્રકૃતિનું અસ્તિત્વ સિદ્ધ કરવા માટે પાંચ દલીલો આપવામાં આવી છે. ભેદોનું પરિમાણ, સમન્વય, શક્તિને લીધે થતી પ્રવૃત્તિ, કારણકાર્યવિભાગ અને વૈશ્વરૂપ્યનો અવિભાગ.

પ્રકૃતિનાં પરિણામોમાં સૌથી પ્રથમ સ્થાન બુદ્ધિનું છે. એને માટે મહત્ શબ્દ વાપર્યો છે અને એનું લક્ષણ અધ્યવસાય છે. બુદ્ધિનાં સાત્ત્વિક અને તામસ એમ બે રૂપો છે. એનું સાત્ત્વિક રૂપ તે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય; જ્યારે તામસ રૂપ તે અધર્મ, અજ્ઞાન, રાગ અને અનૈશ્વર્ય.

બુદ્ધિ પછી આવે છે અહંકાર, જેને માટે 'અભિમાન' એવું લક્ષણ આપેલું છે. એનાં પરિણામો તે મનસ્, દસ ઈન્દ્રિયો અને પાંચ તન્માત્રા. પાંચ મહાભૂત તે પાંચ તન્માત્રાનાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરિણામો છે. મનસ્ સંકલ્પક છે અને એ રીતે ઇન્દ્રિય પણ છે તથા અંતઃકરણ પણ ગણવામાં આવ્યું છે. આમ બધું મળીને તેર કરણો છે. તેમાં પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો એ દશ બાહ્ય કરણો છે તો મન, અહંકાર અને બુદ્ધિ એ ત્રણ અંતઃકરણો છે. આ બધાનો વ્યાપાર આહરણ, ધારણ અને પ્રકાશનો છે. આમાં અંતઃકરણો એ બાહ્ય કરણો કરતાં વધારે મહત્ત્વનાં છે, કારણ કે બાહ્ય કરણો અંતઃકરણોના વિષયો છે. ઉપરાંત બાહ્ય કરણોને માત્ર વર્તમાનકાળ સાથે જ સંબંધ છે, તો અંતઃકરણોને ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણે સાથે સંબંધ છે. આ ત્રણમાં પણ બુદ્ધિ સર્વશ્રેષ્ઠ છે. એ જ બધા વિષયોને પુરુષ આગળ રજૂ કરે છે તથા એ દ્વારા જ પુરુષ વિવેકજ્ઞાન પણ મેળવે છે. આમ પુરુષના ભોગ અને અપવર્ગ બંને બુદ્ધિ જ સિદ્ધ કરે છે.

પુરુષ.—સાંખ્યમાં પુરુષનું અસ્તિત્વ સ્વતઃસિદ્ધ, સ્વયંપ્રકાશ માનવામાં આવેલ છે. પુરુષને દ્રષ્ટા, જ્ઞાતા અને વિષયી માનવામાં આવેલ છે. પુરુષ ન તો શરીર છે, ન મન છે, ન અહંકાર કે બુદ્ધિ છે. સાંખ્યના પુરુષને નિસ્ત્રૈગુણ્ય, ઉદાસીન, અકર્તા, કેવલ, મધ્યસ્થ, સાક્ષી, દ્રષ્ટા, સદાપ્રકાશસ્વરૂપ, વગેરે શબ્દો દ્વારા ઓળખવામાં આવે છે. તે ચૈતન્યનું આધારરૂપ દ્રવ્ય નથી પણ સ્વયં ચૈતન્યરૂપ છે. તે સમસ્ત જ્ઞાનનો આધાર તેમ જ પરમજ્ઞાન છે.

પુરુષનું અસ્તિત્વ સિદ્ધ કરવા માટે સાંખ્ય નીચેની દલીલો રજૂ કરે છે.

(૧) સાંખ્યદર્શનમાં વિશ્વનો ઉત્ક્રાંતિક્રમ એ નિર્હેતુક નહિ પણ સહેતુક માનેલ છે. પ્રકૃતિની ઉત્ક્રાંતિ થાય છે તે પુરુષના ધ્યેયને સિદ્ધ કરવા માટે છે. પ્રકૃતિ સ્વયં અચેતન, જડ છે, તેથી તેને પોતાનો કોઈ ઉદ્દેશ હોઈ શકે નહિ. પ્રકૃતિ તેના ત્રણ ગુણો, સૂક્ષ્મ શરીર વગેરે પુરુષના ધ્યેયને સિદ્ધ કરવા સતત પ્રયત્નશીલ રહે છે. આથી ચેતનપુરુષનું અસ્તિત્વ કબૂલવું પડે છે.

(૨) વિશ્વના બધા પદાર્થો સાવયવી છે અને જડ છે. બધા પદાર્થો સત્ત્વ, રજસ્ તેમ જ તમસ્‌ના બનેલા (પરિણામરૂપ) છે. આ ત્રણેય ગુણોનો ખ્યાલ આપણને ત્રણ ગુણોથી પર એવા નિસ્ત્રૈગુણ્ય કે ગુણાતીત પુરુષ તરફ દોરી જાય છે. માટે પુરુષનું અસ્તિત્વ સ્વીકારવું પડે છે.

(૩) આપણું સમસ્ત જ્ઞાન અનુભવના આધારે રચાયેલું જ્ઞાન છે. પરંતુ અનુભવનું કંઈક અધિષ્ઠાન તો જોઈએ જ, જે પુરુષ છે. જો આપણે જ્ઞાનને સ્વીકારીએ તો જ્ઞાતા તરીકેનું અસ્તિત્વ ધરાવનાર પુરુષને પણ સ્વીકારવો જ પડે છે. આથી પુરુષનું અસ્તિત્વ સિદ્ધ થાય છે.

(૪) સમસ્ત વિશ્વ સુખ, દુઃખ આદિ ભોગ્ય પદાર્થોથી ભરેલું છે. પ્રકૃતિ ભોગ્યા છે, માટે પદાર્થોને ભોગવનાર કોઈ ભોક્તાનું અસ્તિત્વ કલ્પવું પડે છે. પુરુષ એ ભોક્તા છે. આથી પુરુષનું અસ્તિત્વ સિદ્ધ થાય છે.

(૫) આ જગતનાં દુઃખોમાંથી નિવૃત્તિ મેળવવા અને મોક્ષ પ્રાપ્ત કરવા બધા જ ઇચ્છે છે અને તે માટે પ્રયત્ન પણ કરે છે. સાંસારિક વિષયો જડ તેમ જ નિષ્ક્રિય હોઈ, તે તેમના દુઃખ કે નિવૃત્તિનું કારણ ન બની શકે. માટે આ દુઃખભરપૂર એવા સંસારથી પર એવા અશરીરી આત્મા(પુરુષ)નું અસ્તિત્વ કબૂલવું પડે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુરુષબહુત્વ :—પુરુષ એક છે કે અનેક ? આ પ્રશ્નનો ઉત્તર પણ સાંખ્યદર્શન આપે છે. વેદાંતના મતે આત્મા એક છે અને બધા જીવોમાં વ્યાપ્ત છે; તે દેહભેદે ભિન્ન નથી. સાંખ્યને આ મત મંજૂર નથી. તેના મતે તો પ્રત્યેક જીવનો પૃથક્ પૃથક્ આત્મા છે. સંસારમાં અનેક પુરુષો છે. તેની સાબિતી સાંખ્ય નીચેની દલીલો દ્વારા આપે છે.

(૧) આપણે જોઈએ છીએ કે સંસારમાં જણાતા લોકોમાં વ્યક્તિગત ભેદો રહેલા છે. જેમકે, કોઈ જન્મે છે, કોઈનું મૃત્યુ થાય છે. જો એક જ પુરુષ હોત તો એકનો જન્મ અથવા એકનું મૃત્યુ એટલે બધાનો જન્મ કે બધાંનું મૃત્યુ એમ બનત; વળી એકનું સુખ કે દુઃખ બીજા બધાંનું સુખ કે દુઃખ બનત. પરંતુ આ પ્રમાણે બનતું નથી તે આપણો અનુભવ છે. આથી સિદ્ધ થાય છે કે પુરુષ એક નહિ પણ અનેક છે.

(૨) જો પુરુષ એક જ હોત તો એકનું બંધન એ બધાને માટે બંધન નીવડે અને એકનો મોક્ષ એ સર્વનો મોક્ષ કરે. એકની ક્રિયાશીલતા બધાને ક્રિયાશીલ બનાવે અને એકનો આરામ બધાને માટે આરામ નીવડે, પરંતુ આ પ્રમાણે બનતું નથી. આથી પુરુષબહુત્વ સ્વીકારવું પડે છે.

(૩) જો કે મુક્તાત્માઓ બધા ગુણાતીત હોઈ તત્ત્વતઃ સમાન હોય છે અને તેમાં જે તફાવત છે તે માત્ર સંખ્યાકીય તફાવત જ માલૂમ પડે છે. તો પણ જે બદ્ધ આત્માઓ છે તેમાં પારસ્પરિક ભિન્નતા જણાય છે. કારણ કે કોઈમાં સત્ત્વ અધિક છે, કોઈમાં રજસ્ તો કોઈમાં તમસ્ અધિક છે. આથી પુરુષબહુત્વ સિદ્ધ થાય છે.

(૪) પ્રાણીમાત્રમાં એક જ આત્મા રહેલ છે તેમ સ્વીકારીએ તો મનુષ્ય અને માનવેતર પશુપક્ષીઓ વગેરે વચ્ચેનો ભેદ કેમ પાડવો ? પશુ, પક્ષીઓ, મનુષ્યો, દેવતા વગેરેમાં એક જ આત્માનો નિવાસ નથી. આથી આત્માઓ અનેક માનવા પડે છે.

ટૂંકમાં પ્રકૃતિ એક છે, પુરુષો અનેક છે. સમસ્ત સંસારના મૂળ કારણરૂપે જડ પ્રકૃતિ છે. પુરુષ ચેતન દ્રષ્ટા છે. પ્રકૃતિ જ્ઞેય છે, પુરુષ જ્ઞાતા છે. પ્રત્યેક જીવનો પૃથક્ આત્મા છે. તત્ત્વ (ચૈતન્ય) રૂપે તે એક છે, પરંતુ તેની સંખ્યા અનેક છે. ડૉ. ઉમેશ મિશ્રને મતે સાંખ્યદર્શનમાં પુરુષબહુત્વનું નિરૂપણ નથી, પરંતુ નિર્લિપ્ત (જ્ઞપુરુષ), બદ્ધ પુરુષ અને મુક્ત પુરુષ એમ ત્રણ જ પ્રકારના પુરુષ છે.[૬]

પુરુષ અને પ્રકૃતિનો સંબંધ :—પુરુષ અને પ્રકૃતિનો સંબંધ દર્શાવવા માટે સાંખ્ય-કારિકાકારે જે જુદાં જુદાં દૃષ્ટાંતો આપ્યાં છે તે બધાંનો વિચાર કરવાની જરૂર છે. એ દૃષ્ટાંતો કારિકા નં ૨૧, ૫૭, ૫૮, ૫૯, ૬૦ અને ૬૧માં છે.

કારિકા–૨૧માં પંગુ–અંધના સંયોગ સાથે પુરુષ–પ્રકૃતિનો સંયોગ સરખાવેલો છે. કારિકા –૫૭માં વત્સવૃદ્ધિ માટે દૂધની પ્રવૃત્તિની સાથે પુરુષાર્થ માટે પ્રધાનની પ્રવૃત્તિ સરખાવી છે. કારિકા –૫૮માં જણાવ્યું છે કે, જેમ લોકો માત્ર ઔત્સુક્યના નિવારણ માટે પ્રવૃત્તિ કરે છે તેમ પ્રધાન

૬ મિશ્ર (ડૉ.) ઉમેશ, 'ભારતીય દર્શન', પ્ર. પ્રકાશન બ્યૂરો, સૂચના વિભાગ, ઉત્તર પ્રદેશ સરકાર, લખનઉ, ૧૯૫૭, આ. ૧, પૃ. ૨૯૭–૩૦૬.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુરુષના મોક્ષને માટે પ્રવૃત્તિ કરે છે. કારિકા ૫૯માં પ્રકૃતિને નર્તકીની તો ૬૦માં કામ કરનારીની ઉપમા આપી છે. ૬૧માં કુલવધૂનું દૃષ્ટાંત છે એમ કેટલાક ટીકાકારો માને છે. આ બધાં ઉદાહરણોમાંથી પંગ્વન્ધસંયોગ સર્ગને માટે છે, તો કારિકા-૫૭, ૫૮ માંનાં દૃષ્ટાંતો પ્રધાનની પ્રવૃત્તિનું પ્રયોજન સમજાવે છે. બાકીનાં ઉદાહરણો પ્રવૃત્તિ અને તેની ઉપરતિ બન્ને માટે છે. વિચિત્રતા એ છે કે આ બધાંમાંથી એક પણ દૃષ્ટાંત ઊંડો વિચાર કરતાં ટકી શકે એવું નથી. પંગુ અને અંધ બંને પરસ્પર ઉપકારક છે એટલું જ નહિ પણ પંગુ તો અંધનો માર્ગદર્શક છે. અહીં પુરુષ માત્ર દ્રષ્ટા છે અને તે પણ પ્રકૃતિનો. પુરુષ પ્રધાનની પ્રવૃત્તિને માર્ગદર્શન આપે છે એમ તો સાંખ્યો પણ સ્વીકારતા નથી. નર્તકીનું, કામવાળીનું તથા કુલવધૂનું—એ ત્રણ દૃષ્ટાંતોમાં એ ત્રણે ચેતન છે તો પ્રકૃતિ અચેતન છે. આ ઉપરાંત કુલવધૂના દૃષ્ટાંતમાં તો અનૌચિત્ય પણ છે. કુલવધૂ પોતાને પરપુરુષ જોઈ ન જાય એની કાળજી રાખે છે, જ્યારે પ્રકૃતિનાં પરિણામો જેણે એને જોઈ લીધી છે તેને માટે નથી પણ બીજા બધાને માટે જ છે. ઔત્સુક્યનિવૃત્તિના દૃષ્ટાંતમાં પણ પ્રકૃતિ અચેતન હોવાથી એને માટે ઔત્સુક્ય કઈ રીતે હોઈ શકે એ પ્રશ્નનો ઉત્તર આપી શકાતો નથી. અંતે માત્ર એક જ દૃષ્ટાંત રહે છે અને તે દૂધનું. દૂધ વત્સની વૃદ્ધિને માટે પ્રવૃત્તિ કરે છે તેમ પ્રધાન પુરુષાર્થને માટે પ્રવૃત્તિ કરે છે. એ ઉદાહરણમાં દૂધ અચેતન હોવાથી અચેતન પ્રકૃતિ માટે યોગ્ય સરખામણી બની શકે છે; પણ આ દૃષ્ટાંતમાં તેમ જ અન્યત્ર એમ કહેવામાં આવે છે કે પ્રકૃતિ પુરુષાર્થને માટે પ્રવૃત્તિ કરે છે એ મુદ્દો વિચારવા જેવો છે.

પ્રકૃતિ કેવી રીતે પુરુષાર્થ સિદ્ધ કરે છે એ વાત થોડા વખત માટે બાજુએ મૂકીએ, પણ વધારે મહત્ત્વનો પ્રશ્ન એ છે કે પુરુષનો એવો કોઈ અર્થ છે ખરો જે પ્રકૃતિ સિદ્ધ કરી શકે? પ્રકૃતિ પુરુષનો ભોગ અને મોક્ષ સિદ્ધ કરે છે. તેથી જ તો પુરુષને ભોક્તા કહ્યો છે અને એનાં લક્ષણોમાં કૈવલ્ય ગણાવેલું છે. કારિકા ૨૦માં જણાવ્યા મુજબ ખરેખર તો અધ્યાસ જ થાય છે. કારિકા-૬૨ પ્રમાણે બંધન, મોક્ષ અને સંસાર પ્રકૃતિનાં જ છે. કારિકા-૬૩માં પણ જણાવ્યું છે કે પ્રકૃતિ સાત રૂપથી પોતાને જ બાંધે છે અને એકથી પોતાને પુરુષને અર્થે મુક્ત કરે છે. તો તો ભોગ અને મોક્ષ પણ પ્રકૃતિના જ છે; એમાં પુરુષાર્થ જ ક્યાં આવ્યો? પુરુષ તો તટસ્થ છે, ઉદાસીન છે. એને ભોગ પણ નથી, મોક્ષ પણ નથી. આથી જ દૂધનું દૃષ્ટાંત પણ કેટલે અંશે ઉચિત છે એ વિચારવા જેવું છે.

સંદર્ભસાહિત્ય

(૧) હિરિયણ્ણા, ભારતીય તત્ત્વજ્ઞાનની રૂપરેખા, (ખંડ ૩ : દર્શનયુગ) અનુવાદક: પ્રો. ડૉ. કુ. ઈન્દુકલા ઝવેરી, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ૧૯૬૪

(૨) રાવળ સી. વી., 'ભારતીય દર્શન' અનડા બુક ડીપો, અમદાવાદ, ૧૯૬૫

(૩) શાસ્ત્રી અ. દે., 'ઈશ્વર કૃષ્ણ વિરચિત સાંખ્યકારિકા' ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સૂરત, ૧૯૬૯.

(૪) રાધાકૃષ્ણન્ એસ, વેદની વિચારધારા, અનુ. ચંદ્રશંકર પ્રાણશંકર શુકલ, પ્ર. વોરા એન્ડ કંપની, ૩ રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબઈ-૨, આ. ૧, ૧૯૪૪

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખકોને :

૧ પાનની એક જ બાજુએ, ટાઈપ કરેલા અને એ શકય ન હોય તો શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા. ટાઈપ નકલમાં ટાઈપકામની ભૂલોને સુધાર્યા પછી જ લેખ મોકલવો. ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણે જોડણી રાખવી આવશ્યક છે. લેખની મૂળ પ્રત જ મોકલવી. લેખની કાર્બન નકલ મોકલો ત્યારે તે અંગેનું સ્પષ્ટ કારણ જણાવવું.

૨ લેખમાં અવતરણો, અન્ય વિદ્વાનોનાં મંતવ્યો ટાંકવામાં આવે તો તે અંગેનો સંદર્ભ પૂરેપૂરી વિગત સાથે આપવો અનિવાર્ય છે. પાદટીપમાં એ સંદર્ભની વિગત આપતાં લેખક અથવા સંપાદક/સંશોધક (અટક પહેલી), ગ્રંથ, પ્રકાશક, પ્રકાશનવર્ષ, આવૃત્તિ પૃષ્ઠ, એ ક્રમ જાળવવો જરૂરી છે.

૩ 'સ્વાધ્યાય'માં છપાયેલ સર્વ લેખોનો કૉપીરાઈટ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા હસ્તક છે. લેખકે અથવા અન્ય કોઈએ લેખમાંનો કોઈ અંશ લેખિત પરવાનગી વગર પુનર્મુદ્રિત કરવો નહીં.

૪ સંક્ષેપશબ્દો પ્રયોજતા પહેલાં એ શબ્દો અન્ય સ્થાને પૂરેપૂરા પ્રયોજેલા હોવા જોઈએ.

૫ પાદટીપોનો ક્રમ સળંગ રાખી જે તે પૃષ્ઠ ઉપર તે તે પાદટીપોનો નિર્દેશ જરૂરી છે.

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક : **રામકૃષ્ણ તુ વ્યાસ**

વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

લવાજમ :

—ભારતમાં...રૂા. ૪૦=૦૦ પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં...યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે...૧૨=૦૦ ડૉલર (ટપાલખર્ચ સાથે)

—યુરોપ અને અન્ય દેશો માટે...પૌં. ૭=૦૦ (ટપાલખર્ચ સાથે)

આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા ગ્રંથ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમવર્ષ નવેમ્બરથી ઑક્ટોબર સુધીનું ગણાય છે, જે આ સરનામે મોકલવું—**નિયામકશ્રી, પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ, વડોદરા–૩૯૦ ૦૦૧.**

જાહેરાતો :

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મંદિર, રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ, **વડોદરા–૩૯૦ ૦૦૧.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ટોટુનાં અનુ ગુપ્તકાલીન સપ્તમાતૃકા શિલ્પો

મુ. હ. રાવલ×, મુનીન્દ્ર વી. જોશી*

સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકામાં બાયડથી પૂર્વમાં આશરે ૯ કી. મી.ના અંતરે ટોટુ ગામ આવેલ છે.

ટોટુ ગામે નીલકંઠ મહાદેવના મંદિર, કે જે મંદિર પણ પ્રાચીન ઈંટેરી બાંધકામના સ્તરો ધરાવતી આશરે ૨॥ મીટર ઊંચી જગ્યા પર બંધાયેલ છે. તેની બહાર પાછળના સમયમાં બનાવેલ લાંબી ઓટલી જેવી જગ્યા પર મૂકાયેલ અનેકવિધ શિલ્પ–શિલ્પખંડોમાં અત્રે ચર્ચિત ગણેશ તથા સપ્તમાતૃકાનાં શિલ્પો આવેલ છે. આ તમામ શિલ્પો પારેવા પથ્થરમાંથી કંડારેલ છે. જેના મસ્તક પાછળ પ્રભામંડળ છે. સપ્તમાતૃકા ઉપરાંત વિષ્ણુ, અર્ધનારીશ્વર, મહિસાસુર-મર્દિની, નંદી વગેરે ગુપ્ત)–અનુગુપ્તકાલીન શિલ્પો પણ છે. અત્રે માત્ર તે પૈકી સપ્તમાતૃકા શિલ્પોની ચર્ચા કરેલ છે.

(૧) માહેશ્વરી :—(ચિત્ર–૧) નૃત્યરત મહેશ્વરી માતૃકાનું શિલ્પ ૦.૬૩ × ૦.૨૮ × ૦. ૧૦ સે. મી. માપ ધરાવે છે. પ્રતિમાનો મુખભાગ ઘસાયેલ–ખંડિત છે. નૃત્યમુદ્રામાં કંડારેલ બન્ને હાથ તથા દક્ષિણ સ્તન પણ ખંડિત છે. કેશરચનામાં મસ્તિષ્કાભરણ ઉપરાંત ચોટલાની નીચેના ભાગે કેશગૂંફનથી નિષ્પન્ન અંબોડા જેવો ઘાટ વિશિષ્ટ ભાત પાડે છે. મુખભાગ ઘસાયેલ અને ખંડિત હોઈ સંપૂર્ણ વિગતો પ્રાપ્ત થતી નથી. વામ કર્ણમાં અસ્થિકુંડળ જ્યારે દક્ષિણ કર્ણમાં વલયકુંડળ જણાય છે. પાતળા કટિપ્રદેશ નીચે સાડીવસ્ત્ર ધારણ કરેલ છે. જેની ઉપર અલંકૃત કટિમેખલા છે. પારદર્શક સાડીવસ્ત્રની મધ્યની પાટીમાં પ્રાચીન પરિપાટીની સૂચક ગૌમૂત્રિક ભાત છે. જ્યારે બન્ને પગની ઉપરના ભાગે સાડીના નીચેના છેડાને અર્ધવૃત્તમાં રેખાઓ દ્વારા દર્શાવેલ છે. પગમાં પાદવલય ધારણ કરેલ છે. જમણી તરફ જમણા પગમાં ઘૂંટણની ઉપર ખંડિત સાડીવસ્ત્રના છેડાનો ગૌમૂત્રિક ભાતયુક્ત ભાગ જણાય છે. ઉપરાંત પગ પાસે બાળક ત્રિભંગમાં ઊભેલ દર્શાવેલ છે. જ્યારે દેવીના પૃષ્ઠભાગે ડાબી તરફ વાહન નંદીનું અંકન છે, જેના મુખ નીચે મોદકપાત્ર દર્શાવેલ છે. દેવીના મસ્તક પાછળનું પ્રભામંડળ ખંડિત હોવા છતાં ટોચના મધ્યભાગે તથા ડાબી તરફ તેનો કેટલોક ભાગ જળવાયેલ છે.

'સ્વાધ્યાય', પુ. ૩૦, અંક ૧–૨, દીપોત્સવી–વસંતપંચમી અંક, ઓક્ટોબર ૧૯૯૨–જાન્યુઆરી ૧૯૯૩, પૃ. ૧૯–૨૪.

× નિયામક, પુરાતત્વખાતું. ગુજરાત રાજ્ય.

* તકનીકી સહાયક, ઉત્તર વર્તુળ, પુરાતત્વખાતું, ગુજરાત રાજ્ય.

આ શિલ્પોના સમયાંકન તથા કલાશૈલી અંગે ચર્ચા દરમ્યાન જરૂરી માર્ગદર્શન આપવા બદલ લેખકો પ્રસિદ્ધ કલામર્મરી શ્રી મધુસુદન ઢાંકીના ઋણી છે.

ફોટોગ્રાફ્સ :–પુરાતત્વખાતું ગુજરાત રાજ્યનાં સૌજન્યથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨) બ્રાહ્મી :—(ચિત્ર ૨) નૃત્યરત બ્રાહ્મીદેવીની પ્રતિમા ૦.૬૮ × ૦.૨૪ × ૦.૧૨ સે. મીટર માપ ધરાવે છે. મસ્તિષ્કાભરણમંડિત ધમ્મિલ મુકુટમાં નીચેના ભાગે છૂટા વાળને અંબોડાની જેમ ગડબંધન કરેલ છે. અલંકૃત મસ્તિષ્કાભરણની મધ્યમાં ઝૂલતી સેરોની નીચે ત્રિસેરી મોતીમાળા છે. ડાબા કાનમાં સાદું કુંડળ તથા જમણા કાનમાં અસ્થિકુંડળ ધારણ કરેલ છે. મુખભાગ ઘસાયેલ છે. ગળામાં એકાવલિ ધારણ કરેલ છે. બન્ને હાથ ખંડિત છે. છતાં ડાબી તરફ ઉપરના ભાગે સનાલપદ્મ જણાય છે. મસ્તકના પાછળના ભાગે ખંડિત વૃત્તાકાર પ્રભામંડળ છે. પારદર્શક સાડીવસ્ત્રને કટિભાગે કટિમેખલા કંડારેલ છે. જેના મધ્યના ભાગે કટિબંધના છેડા લહેરાતા દર્શાવેલ છે. જમણી તરફ દર્શાવેલ વસ્ત્રના છેડે ગોમુત્રિક ઘાટ છે. પગમાં પાદવલય ધારણ કરેલ છે. જ્યારે બે પગની મધ્યના ભાગે ત્રિભંગસ્થિત બાળકના ડાબા હાથમાં સનાલપદ્મ દર્શાવેલ છે, જે હાથ ઉપર તરફ ઉઠાવેલ છે. દેવીની ડાબી તરફ નીચેના ભાગે વાહન હંસ દર્શાવેલ છે.

(૩) વૈષ્ણવી :—(ચિત્ર–૩) નૃત્યરત દેવીની વસ્ત્રાલંકરણપરિપાટી અન્ય માતૃકાઓ જેવી જ છે. આ પ્રતિમા ૦.૬૮ × ૦.૩૧ × ૦.૧૦ સે. મી. માપ ધરાવે છે. દેવીએ ડાબા કાનમાં અસ્થિકુંડળ ધારણ કરેલ છે. જ્યારે જમણા કાનનું કુંડળ સાદું છે. મસ્તક પાછળ પૂર્ણ પ્રભામંડળ જોવા મળે છે. દ્વિભુજ દેવીનો ડાબો હાથ ખંડિત છે, જ્યારે જમણો હાથ ગજદંડમુદ્રામાં છે, જેમાં બાજુબંધ, કંકણ ધારણ કરેલ છે. ડાબી તરફ નીચે ઉભેલા બાળકની આકૃતિ છે જેણે જમણા હાથમાં મોદક જેવી વસ્તુ ગ્રહેલ છે. બાળકના મસ્તકે ઉષ્ણીષ જેવી કેશરચનામાં ઉપરના મધ્ય ભાગે અંબોડી વાળેલ છે. કાનમાં વલયકુંડળ, કટિપર એકાવલિની મેખલા છે. દેવીની જમણી બાજુ ખંડિત ગરુડ પુરુષની આકૃતિ છે. જેના પગ તથા વસ્ત્રોનો ગોમૃત્રિક ભાગ જોવા મળે છે.

(૪) વારાહી : –(ચિત્ર–૪) નૃત્યરત ઊર્ધ્વમુખી ચતુર્ભુજા દેવીના ચારેય હાથ ખંડિત હોઈ આયુધ સ્પષ્ટ થતાં નથી. માપ ૦.૭૪ × ૦.૨૮ × ૦.૧૦ સે.મી. છે. કેશરચના, વસ્ત્રાલંકરણ પરિપાટી અન્ય માતૃકાઓ જેવી જ હોવા છતાં અન્ય પ્રતિમાઓ કરતાં કંઈક વધુ સ્પષ્ટ જણાય છે. જેમાં મસ્તિષ્કાભરણની મધ્યનું પદક, ગળામાં ધારણ કરેલ એકાવલિ, મોતી બાજુબંધ, ત્રિસેરી કટિમેખલા, પાદવલય, વનમાલની જેમ દર્શાવાયેલ ઉત્તરીય વસ્ત્ર જેના છેડામાં જમણી તરફ ગોમૃત્રિકભાત તથા ડાબી તરફ લહેરાતા છેડાની વલ્લીઓ સ્પષ્ટ જણાય છે. પ્રતિમાનું કટિભાગેથી બે ભાગમાં ખંડિત છે.

દેવી પ્રતિમાના પૃષ્ઠભાગે વાહન આદિવરાહનું અંકન વાસ્તવિક છે. જ્યારે દેવી અભિમુખ બાળકની કેશરચના, અલંકરણ, શરીરસૌષ્ઠવ પણ અન્ય પ્રતિમાઓ જેવું જ છે. બાળકના જમણા હાથમાં અસ્પષ્ટ વસ્તુ છે, જ્યારે ડાબો હાથ જંઘા પર ટેકવેલ છે. આ માતૃકાના જમણા કાનમાં અસ્થિકુંડળ તથા ડાબા કાનમાં સાદું કુંડળ છે.

(૫) કૌમારી (ચિત્ર–૫) :—કૌમારીમાતૃકાના કટિભાગથી ખંડિત આ શિલ્પ ઉપરના ભાગમાં પાછળના સમયમાં ચામુંડામાતૃકાનો શિલ્પખંડ સીમેન્ટથી સંધાન કરવામાં આવેલ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેથી કટિ નીચેનો શિલ્પભાગ જ મૂળ કૌમારી માતૃકાનો છે. જેમાં બન્ને પગ એક જ દિશામાં ગતિદર્શક મુદ્રામાં દર્શાવવાને કારણે સાડીવસ્ત્રની કિનાર વિરુદ્ધ દિશામાં લહેરાતી જોવા મળે છે. પગમાં પાદવલય ધારણ કરેલ છે. જ્યારે બન્ને જંઘા પરથી પસાર થતા ઉત્તરીય વસ્ત્રની વલીઓ સ્પષ્ટ જોવા મળે છે. પૃષ્ઠભાગે જમણી બાજુ મુખ રાખી ઊભેલ વાહન મયૂર આલેખન છે. જેનું કદ માતૃકાશિલ્પના ભાગ કરતાં પણ વધુ દર્શાવેલ હોઈ શિલ્પનો સમગ્ર, પૃષ્ઠભાગ આવરી લે છે. જ્યારે મયૂરની ગ્રીવા પાછળ દ્વિભુજ બાળકનો જમણો હાથ ખંડિત છે. જ્યારે વામહસ્તે છૂટાકેશનો ગુચ્છ ગ્રહેલ છે. કાનમાં કુંડળ, ગળામાં પદકયુક્ત માળા છે. શરીરસૌષ્ઠવ પર ગુપ્તકલાની અસર વર્તાય છે.

(૬) ચામુંડા :—(ચિત્ર-૬) ચામુંડામાતૃકાનો માત્ર ઉત્તરાંગ ભાગ જ મૂળ શિલ્પનો હોઈ તેમ જ કટિ નીચેનો ભાગ જોવા મળેલ હોઈ ઉત્તરાંગની વિગતો જોતાં દેવીએ રુંડ માળાનું મસ્તિષ્કકાભરણુ ધારણ કરે છે. જેની નીચે મધ્યમાં ખોપરીનું અંકન છે. ખુલ્લાં વિસ્ફારિત નેત્રો અને દંતાવલી દર્શાવતી મુખમુદ્રા મુખ પરના ભાવ સ્પષ્ટ કરે છે. ગળામાં સર્પ [?] માળા છે. કૃશસ્તની દેવીના હાથ ખંડિત હોવા છતાં ડાબા ઉપલા વાળેલા હાથની મધ્યમાં ખટ્વાંગ જણાય છે. કાનમાં વલયકુંડળ જણાય છે.

(૭) ઐન્દ્રી :—(ચિત્ર-૭) નૃત્યરત માતૃકાપ્રતિમાનો મસ્તક ભાગ, હાથ ખંડિત છે. પ્રતિમાનું માપ ૦. ૫૨ ×૦. ૩૧ ×૦. ૧૦ સે. મી. છે. મસ્તક વિહીન પ્રતિમા હોવા છતાં જમણા કાનનું અસ્થિકુંડળ બે રતન મધ્યે જોવા મળે છે. ગ્રીવામાં ધારણ કરેલ એકાવલિ, ત્રિસેરી કટિમેખલા. પારદર્શક સાડીવસ્ત્રની કિનારીઓ, મધ્યની પાતળી પટ્ટી જેના ગૌમૂત્રિક ઘાટ નૃત્યમુદ્રામાં દર્શાવેલ પગમાં પાદવલય, જમણી તરફ પણ વસ્ત્રની વલ્લીઓ સ્પષ્ટ જોઈ શકાય છે, બન્ને હાથ ખંડિત હોવા છતાં ડાબા હાથની નૃત્યમુદ્રા દર્શાવતી આંગળીઓ જોવા મળે છે. જમણી તરફ ઊભેલા દેવી અભિમુખ બાળકના બે હાથ પૈકી દેવી તરફ લંબાવેલ જમણો હાથ ખંડિત છે. જ્યારે વામકર ગુહ્યભાગ ઢાંકતો દર્શાવેલ છે. શરીરસૌષ્ઠવ અન્ય પ્રતિમાઓમાં દર્શાવેલ બાળક જેવું જ છે. જ્યારે દેવીના પૃષ્ઠભાગે આસનસ્થ વાહન ગજરાજ દર્શાવેલ છે. જેના ગંડસ્થળનું અંકન વાસ્તવિક સમયોચિત કલાના ઉચ્ચઅંશો અભિવ્યક્ત કરે છે. દંતૂશળ છે તથા સૂંઢ લાંબી હોઈ તેમજ ગજરાજ આસનસ્થ હોઈ વાળેલી દર્શાવેલ છે.

(૮) ગણેશ :—(ચિત્ર ૮)માતૃકાસમૂહ પૈકીની જ ગણેશપ્રતિમા પણ માતૃકાઓની માફક પારેવા પથ્થરમાંથી કંડારેલ છે. ચિત્તાકર્ષક પ્રતિમાનૃત્યરત હોવાથી હાથ ગજદંડહસ્ત મુદ્રામાં દર્શાવેલ છે. સમગ્ર સમૂહની પ્રતિમાઓમાં આ પ્રતિમા અખંડ જળવાયેલ છે. ત્રિસેરી મસ્તિષ્કાભરણ મધ્યે અર્ધરત્નપદક જોવા મળે છે. શૂર્પકર્ણમાં ઉપર ચમરી દર્શાવેલ છે. વાસ્તવિક ગજમુખના પૃષ્ઠભાગે વલયાકાર આભામંડળ છે. વામદંત ખંડિત દર્શાવેલ છે. સૂંઢ ડાબી તરફ વાળેલી છે. ચતુર્ભૂજ પ્રતિમાનો જમણો ઉપલો હાથ કોણીથી વળેલ છે જે નૃત્યમુદ્રા દર્શાવે છે, જેમાં દંત છે. જમણા નીચેના હાથમાં ફરશુ ધારણ કરેલ છે. ડાબો ઉપલો હાથ ગજદંડમુદ્રામાં છે. જ્યારે ડાબા નીચલા હાથમાં સમોદકપાત્ર ધારણ કરેલ છે. બાજુબંધ તથા એકાવલિની પહોંચી દર્શાવેલ છે. સર્પનો ઉદરબંધ દર્શાવેલ છે તાલપર ધીરકતા દેવના શરીરકંપથી પડી જવાની બીકે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાગરાજે પોતાનો પૂંછડીવાળો ભાગ સૂંઢમાં ભેરવીને પકડ રાખેલો દર્શાવેલ છે. જમણી તરફ ગતિસૂચક ઉત્તરીય વસ્ત્રની વલ્લીઓ લહેરાતી દર્શાવેલ છે. ધોતીવસ્ત્ર ઉપરાંત લંબોદરદેવની જંઘા પરથી પસાર થતા ઉત્તરીય વસ્ત્રને મધ્યભાગે ગઠબંધન આપી તેના છેડાઓમાં પુષ્પભાત ઘાટનાં અંકન કરેલ છે. પ્રતિમાનું માપ : ૦.૭૦×૦.૩૦×૦.૧૨ સે.મી. છે.

અન્ય વીરભદ્ર સિવાયની માતૃકા તથા ગણેશસહિતની પ્રતિમાઓ ગુજરાતની શિલ્પસમૃદ્ધિમાં એક સર્વોત્તમ કલાઅંશ ધરાવતી પ્રાચીન પશ્ચિમ ભારતીય કલાપરિપાટી અને તેમાં પણ વિશિષ્ઠ અંશો ધરાવતી શામળાજીસ્કૂલની દેન છે. હવે તેના સમયાંકન અંગે જોવા પ્રયત્ન કરીએ.

સમયાંકન :—ટીટુના માતૃકાસમૂહરહિતનાં અન્ય પારેવા પથ્થરનાં શિલ્પોના સમયાંકન અંગે તેની કલાશૈલીના આધારે વિચારીએ તે પહેલાં ટીટુગામ અંગે વિચારી તો ટીટું બાયડ તાલુકા મુખ્ય મથકથી આશરે દશ કિલોમીટર દૂર છે, જે શામળાજીથી આશરે ૧૨ માઈલ દૂર છે. વધુમાં જૂના ઇડર સ્ટેટમાં સમાવિષ્ટ હતું. બાયડ-ઐતિહાસિક અને ધાર્મિક દૃષ્ટિએ મહત્વના કેન્દ્ર પૈકીનું એક હોવાનું જાણવા મળે છે.[૧]

જ્યારે શિલ્પની કંડારકામશૈલી, વસ્ત્રાલંકરણ વગેરેની દૃષ્ટિએ જોતાં કેશરચના, મસ્તિષ્કાભરણની શૈલી કંઈક અંશે તથા બાજુબંધ, કટિમેખલા, અસ્થિકુંડળ વગેરે કોટ્યર્કમહુડીથી પ્રાપ્ત સ્કંદમાતા કે પાર્વતીના શિલ્પ સાથે મળે છે.[૨] પેઢુપ્રદેશ, મુખાકૃતિ, અસ્થિકુંડળ, પ્રભામંડળ, બાળક, વગેરે ઉદેપુર મ્યુઝિયમમાં સગૃહિત જગતથી પ્રાપ્ત માતૃકા ઐન્દ્રી સાથે મળે છે.[૩] ટીટુનો આ માતૃકાસમૂહ તેના દેહસૌષ્ઠવ, વસ્ત્રાલંકરણ, ખાસ કરીને કેશરચના તેના છેડે અંબોડાઘાટ ઉપરાંત અસ્થિકુંડળપ્રભાવલીની રચનામાં માતરિયાથી પ્રાપ્ત માતૃકાશિલ્પો સાથે ખૂબ જ નિકટનું સામ્ય ધરાવે છે. માતરિયાથી નોંધાયેલ માતૃકાઓ પૈકી વારાહી, વાયવી ને અસ્થિકુંડળ ધારણ કરાવેલ છે. પાતળી કટિ, ભરાવદાર પેઢુપ્રદેશ વગેરે પણ નિકટનું સામ્ય ધરાવે છે[૪] એકાવલિ બાજુબંધ, મસ્તિષ્કાભરણ, કાનની રચના ઘણા અંશે ગઢાથી નોંધાયેલ કૌમારી માતૃકા[૫] સાથે મળે છે. ડૉ. યુ. પી. શાહ નોંધે છે તેમ પ્રાચીન કાલથી માંડીને સોલંકી કાલના અંત સુધી ગુજરાત પ્રદેશ અને મરુ ભૂમિની સાંસ્કૃતિક એકતા ઘડાઈ ગઈ હતી.[૬] આ

---

1 'Shah (Dr.) U. P. Sculptures from shamalati and Roda' museum and Picture Gallery, Baroda, Bulletin Volume X11, Edited and Published by. V. L. Devkar for the Museum and Picture Gallory, Baroda, 1960, P. 2

૨ એજન, આ. ૩૧, પૃ. ૫૨

૩ એજન. આ. ૩૯, પૃ. ૫૭

૪ વધુ માટે જુઓ "માતરિયાનાં ગુપ્તકાલીન માતૃકા-શિલ્પો" વિશ્વાસ સોનાવણે, "સ્વાધ્યાય" પુ. ૧૮, અંક-૨ પૃ: ૧૯૨ થી ૧૯૭.

૫ વધુ માટે જુઓ 'ગુજરાતનું ગુપ્તકાલીન શિલ્પ-કેટલીક નવીન ઉપલબ્ધિ અને વિચારણા, ડૉ. શાહ યું. પી. 'સ્વાધ્યાય' પુ. ૧૧૩, પૃ. ૧૧૩, પૃ.૭૬ ૯૪ થી ૧૦૬ ચિત્ર-૧૩.

૬ શાસ્ત્રી ડૉ. હ. ગ. પરીખ ડૉ. ર. છો., સંપાદક ગુજરાતનો રાજકીય ચને સાંસ્કૃતિક ઇતિહાસ. ગ્રંથ-૨, પ્ર. હરિપ્રસાદ મં. શાસ્ત્રી અધ્યક્ષ, ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, ર. છો. માર્ગ, અમદાવાદ-૯ ૧૯૭૮, આ. ૧. પૃ. ૩૭૬:

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરિપાટી ગુપ્તકાલમાં પણ ચાલુ રહી અને અનુગુપ્ત કાલમાં પણ રાજસ્થાનમાં એક બાજુ જાલોર અને મડોર તરફ ગુર્જર પ્રતિહાર અને બીજી બાજુ મધ્ય ગુજરાતમાં નાંદીપુરના ગૂર્જરો હોઈ રાજસ્થાન ગુજરાતનો રાજકીય તેમ જ સંસ્કૃતિક સંબંધ ગાઢ રહ્યો તે જોઈ શકાય છે. અને ક્ષત્રપ-ગુપ્ત યુગની તેમ જ અનુગુપ્ત એટલે ઈ. સ. ૬ઠ્ઠા, સાતમા અને ૮મા સૈકાની ઈડર અને ડુંગરપુર પ્રદેશોની શિલ્પકલા એક જ કલાશૈલી–કલાવૃત્તિનું ફળ છે.[૭] આમ સમગ્ર વિચારણા કરતાં ટોટુનો આ માતૃકાસમૂહ મૈત્રકાળનું અનુગુપ્તકામ એટલે ઈ. સ. ની ૬ઠ્ઠી સદીમાં નિઃશંકપણે મૂકી શકાય.

---

૭ શાહ યુ. પી. " ગુજરાતનું ગુપ્તકાલીન શિલ્પ નવીન ઉપલબ્ધિમાં અને કેટલીક નવીન વિચારણા સ્વાધ્યાય પુસ્તક ૧૧, અંક, ૧ પૃ. ૯૫

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી સયાજી સાહિત્યમાળા

		રૂા પૈ.
૩૩૩	**કૈલાસ**—સ્વામી પ્રણુવતીર્થજી	૧૩=૦૦
૩૩૪	**અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—(સ્વ.) શ્રી. કનૈયાલાલ ભા. દવે	૫=૫૦
૩૩૫	**ઐતિહાસિક લેખસંગ્રહ**—(સ્વ.) શ્રી પંડિત લાલચંદ ભ. ગાંધી	૧૮=૦૦
૩૩૬	**હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા	૧૧=૦૦
૩૩૮	**ભવાઈના વેશની વાર્તાઓ**—(સ્વ) શ્રી. ભરતરામ ભા. મહેતા	૩=૦૦
૩૩૯	**શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ): ભાગ ૧, સ્કંધ ૧-૩**—(સ્વ.) શ્રી નાગરદાસ અમરજી પંડ્યા (૧૯૬૫)	૮=૦૦
૩૪૦	**ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા, ભાગ ૧** (૧૯૬૫)	૯=૦૦
૩૪૨	**કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પ્ર. પુરોહિત (૧૯૬૭)	૭=૫૦
૩૪૩	**ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય જ. સાંડેસરા (૧૯૬૭)	૧૫=૫૦
૩૪૪	**મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—શ્રી કરીમ મહંમદ માસ્તર	૧૭=૦૦
૩૪૬	**પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ (૧૯૭૦)	૧૩=૦૦
૩૪૭	**પંચદશી તાત્પર્ય**—સ્વામી પ્રણુવતીર્થજી (૧૯૭૧)	૬=૦૦
૩૪૮	**અખો અને મધ્યકાલીન સંતપરંપરા**—(સ્વ.) ડૉ. યો. જ. ત્રિપાઠી	૧૪=૫૦
૩૪૯	**શ્રીમદ્ ભાગવત: ભાગ ૨**—(સ્વ.) નાગરદાસ અ. પંડ્યા (૧૯૭૨)	૧૧=૫૦
૩૫૦	**ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૩)	૨૬=૦૦
૩૫૧	**ગુજરાતનો પોટરી ઉદ્યોગ**—શ્રી. શાંતિલાલ પી. પુરોહિત (૧૯૭૫)	૮=૭૫
૩૫૨	**ઊંડાણનો તાગ**—શ્રી છોટુભાઈ સુથાર (૧૯૭૫)	૧૫=૦૦
૩૫૩	**ભારતીય વીણા**—(સ્વ.) પ્રો. રસિકલાલ એમ. પંડ્યા (૧૯૭૮)	૩૧=૦૦
૩૫૪	**ચરકનો સ્વાધ્યાય, ભાગ ૨**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૯)	૯૬=૦૦
૩૫૫	**ચાંપાનેર: એક અધ્યયન**—ડૉ. રમણુલાલ ના. મહેતા (૧૯૮૦)	૩૬=૦૦
૩૫૬	**દ્વારકાના પ્રદેશનો સાંસ્કૃતિક ઇતિહાસ**—(સ્વ.) શ્રી ક. ન. જોષી	૪૪=૦૦
૩૫૭	**આધુનિક ગુજરાતના સંતો, ભાગ ૨**—ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૭૯)	૪૫=૦૦
૩૫૮	**સૂર્યશક્તિ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ (૧૯૮૧)	૫૨=૫૦
૩૫૯	**કવિ ગિરધર: જીવન અને કવન**—ડૉ. દેવદત્ત જોશી	૫૧=૦૦
૩૬૦	**વનૌષધિકોશ**—પ્રો. કે. કા. શાસ્ત્રી	૩૫=૭૫
૩૬૧	**સહસ્રલિંગ અને રુદ્રમહાલય**—(સ્વ.) શ્રી કનૈયાલાલ ભા. દવે	૭૯=૦૦
૩૬૨	**વૈષ્ણવતીર્થ ડાકોર**—(સ્વ.) ડૉ. મંજુલાલ ર. મજમુંદાર	૪૮=૦૦
૩૬૧	**વૃદ્ધત્રયી અને લઘુત્રયી**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય	૩૩=૦૦
૩૬૩	**વડોદરા એક અધ્યયન**—ડૉ. આર. એન. મહેતા	૪૪=૦૦
૩૬૪	**મહારાજા સયાજીરાવ ત્રીજા**—(સ્વ.) પ્રો. હસિત બૂચ	૪૯=૦૦
૩૬૫	**નાભાજીકૃત ભક્તમાલના ઐતિહાસિક ભક્તો-એક અધ્યયન**—શ્રી મૂળશંકર હિં. કેવલીયા	૪૪=૦૦
૩૬૬	**લેસર**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ	૪૮=૦૦
૩૬૭	**આહારવિજ્ઞાન**—(પુનઃ મુદ્રણ) ડૉ. જયશંકર ધ. પાઠક અને (સ્વ.) અનંતરાય મ. રાવળ (૧૯૯૧)	૬૦=૦૦

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
જનરલ એજ્યુકેશન સેન્ટર, પ્રતાપગંજ, વડોદરા-૩૯૦ ००૨.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"પ્રતિમાનાટકસ્યાસ્ય..............."*

—રમેશ બેટાઈ×

એક જ નાટકકારે એક નહીં, બે નહીં, પરન્તુ તેર તેર નાટકો લખ્યાં હોય તે વાત ન સ્વીકારીને કે તે બાબત આશ્ચર્ય પ્રગટ કરીને, કેટલાક વિદ્વાનો આ તેરેય નાટકો ભાસનાં રચેલાં નથી એવું પ્રતિપાદન કરવાનું વલણ ધરાવે છે. વળી કેટલાક વિદ્વાનોને એ બાબત પણ આશ્ચર્ય થાય છે કે 'દૂતવાક્ય', 'દૂતઘટોત્કચ' અને 'મધ્યમવ્યાયોગ' જેવાં તદ્દન સામાન્ય કક્ષાનાં અને ચમત્કૃતિવિહોણાં નાટકો લખનાર નાટકકારે 'ઊરુભંગ', 'પંચરાત્ર' 'સ્વપ્નવાસવદત્ત' અને ખાસ 'પ્રતિમાનાટક' જેવાં નાટકોની રચના કરી હોય તે શી રીતે માની શકાય? આ બન્ને મુદ્દાને અનેક દલીલો કર્યા સિવાય સહેલાઈથી નામંજૂર કરી શકાય તેમ છે.

એક બીજી વાત એ બની છે કે વિદ્વાનોએ ભાસ-નાટકકાર, ભાસ-સમસ્યા, આ નાટકોનું ગ્રંથકર્તૃત્વ, ભાસનો સમય વગેરે સમસ્યાઓને ભાસના અભ્યાસમાં એટલું બધું મહત્ત્વ આપી દીધું છે અને તેમાં એટલું પિષ્ટપેષણ થયું છે કે જે કારણોસર ભાસને કાલિદાસ "પ્રથિતયશસ્" નાટકકાર તરીકે ઓળખે છે તે કૃતિઓનાં રસાસ્વાદ, મીમાંસા, નાટ્યસિદ્ધિ વગેરે પર જાણે પ્રમાણમાં ઓછું ધ્યાન અપાયું છે. કોઈપણ કલાકારનો પરિચય તેની કૃતિઓનો આસ્વાદ અને અભ્યાસ જ આપી શકે. મહાકવિ કાલિદાસ કયા સમયમાં થઈ ગયા એ પ્રશ્નનો સૂક્ષ્મ, દીર્ઘ અભ્યાસ કરી અનેક વાદાવાદ ઊભા કરનારા વિદ્વાનો ઘણીયે વખત એટલું ઊંડું અન્વેષણ અને સંશોધન તેની કૃતિઓનું કરતા નથી એ ફરીયાદમાં થોડુંક તથ્ય તો છે જ. તો પછી ભાસની બાબતમાં એ જ સત્ય લાગુ પડે છે.

વળી ભારત પરંપરાનો પૂજક છે. વેદો પ્રાચીનકાળથી પરમ પ્રમાણ ગણાય છે તેથી આજે પણ તેને એ જ રીતે પરમ પ્રમાણ ગણવા એ વલણ આજે આપણે છોડી દઈએ તો તેમાં વેદોના મહત્ત્વનું આપણે અવમૂલ્યન કરતા નથી તેથી વર્તમાન યુગની વિજ્ઞાન અને ટેકનોલોજીની અપાર સિદ્ધિઓનો આધાર વેદોમાં શોધી કાઢવાના પ્રયત્નો એ તો વિદ્વત્તાની વિડંબના જ છે; માનવમનની પ્રચંડબલ, સતત વિકાસશીલ તાકાતમાંની અશ્રદ્ધા છે અને તેથી 'વેદમાં જે છે તે જ સાચું' એમ માન્યા કરવું અને 'વેદવિરોધી હોય તે બધું ખોટું' એવું પ્રતિપાદન કર્યા કરવું એ તો પોતાની બુદ્ધિનાં દ્વાર બંધ કરી, તેના પર તાળું મારી, ચાવી નદીમાં ફેંકી દેવા જેવી વાત છે.

'સ્વાધ્યાય', પુ. ૩૦, અંક ૧-૨, દીપોત્સવી-વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૯૨-જાન્યુઆરી ૧૯૯૩, પૃ. ૨૫-૩૪.

* સંસ્કૃત અધ્યાપક સંમેલન ૧૯૯૪, અંબાજીમાં વાંચેલો નિબંધ.

× ૧૦૭, સર્વોદય નગર-૩, રત્નાપાર્ક પાછળ, અમદાવાદ-૩૮૦ ૦૬૧.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાહિત્યના જગતમાં પણ એવાં અનેક વિધાનો ભૂતકાળમાં થયાં હોય તેને પરમ પ્રમાણરૂપ માની, અધિકૃત વિધાનો તરીકે સ્વીકારીને તે રીતે કૃતિઓનું મૂલ્યાંકન કરવું તે પણ આત્મવંચના જ છે અને તેમાં—

અગ્નિપુરાણોક્ત વિધાન,

अपारे काव्यसंसारे
कविरेव प्रजापतिः ।
यथाऽस्मै रोचते विश्वं
तथैव परिवर्तते ॥

આની અને એમાં રહેલા સત્યની અવગણના કરવા જેવું છે. ભાસનાં નાટકોની બાબતમાં થયેલા આવા એક વિધાનને ઘણા વિદ્વાનો જેમનું તેમ સ્વીકારી લેવાનું વલણ ધરાવે છે તેના પુનર્મૂલ્યાંકનનો અમે અહીં પ્રયત્ન કર્યો છે. વિધાન આ પ્રમાણે છે.

भासनाटकचक्रेऽपि
छेकैः क्षिप्ते परीक्षितुम् ।
स्वप्नवासवदत्तस्य
दाहकोऽभून्न पावकः ॥

અર્થાત્ 'વિદ્વાનોએ (સાહિત્યક ગુણવત્તાની) પરીક્ષા કરવા માટે (સમગ્ર) ભાસના-ટકચક્રને અગ્નિમાં નાખ્યું ત્યારે (આ તેર નાટકો પૈકી) અગ્નિએ 'સ્વપ્નવાસવદત્ત' બાળી નાખ્યું નહીં!'

અહીં દેખીતો ભાવ એ છે કે સહૃદય રસિકજનો અને વિદ્વાનોની કડક અગ્નિપરીક્ષામાંથી 'સ્વપ્નવાસવદત્ત' પાર ઉતર્યું, અન્ય નાટકો નહીં. બીજી રીતે કહીએ તો આ તેર નાટકો પૈકી શ્રેષ્ઠ અને અવિસ્મરણીય નાટક માત્ર તેનું 'સ્વપ્નવાસવદત્ત' છે, અન્ય કોઈ નહીં.

સહૃદય રસિકજનના રસાસ્વાદ અને વિદ્વાનોની સૂક્ષ્મ અને કડક ટીકામાંથી પાર ઉતરવાની આ નાટકની ક્ષમતા કેટલી અને અન્ય કોઈ નાટકની ગુણવત્તા આ નાટકના જેટલી કે તેનાથી ઉચ્ચતર છે કે કેમ, એ વિચાર્યા પછી જ પરંપરાગત આ વિધાન સ્વીકારને પાત્ર છે કે નહીં, કેટલા પ્રમાણમાં સ્વીકારવા જેવું છે તેનો નિર્ણય થઈ શકે.

આ દષ્ટિએ ભાસને નામે જાણીતાં આ તેર નાટકોનો અભ્યાસ કરીએ અને તેનું રસા-સ્વાદન કરીએ ત્યારે સમગ્ર દષ્ટિએ વિચારણા કરતાં આ તેર પૈકી ચાર નાટકો અગ્રગામી છે તે મોટાભાગના વિદ્વાનો આપણી સાથે માન્ય કરશે. આ નાટકો છે—'પંચરાત્ર', 'ઊરુભંગ', 'સ્વપ્નવાસવદત્ત' અને 'પ્રતિમાનાટક' અમારો પોતાનો મત એવો થાય છે કે—

(અ) આ ચાર, ભાસની નાટ્યકાર તરીકેની સિદ્ધિમાં ચાર ઉચ્ચતમ શિખરો છે. (આ) આ ચાર પૈકી પણ 'સ્વપ્નવાસવદત્ત' અને 'પ્રતિમાનાટક' અનુગામી છે અને તે ભાસને નાટકકાર તરીકે સંસ્કૃતના અગ્રગામી નાટકકારોની હરોળમાં બેસાડવા સમર્થ છે, પૂરતાં છે. (ઇ) આ બે નાટકો પૈકી પણ રસિકજનોની ઊંડી સહૃદયતા અને આસ્વાદનક્ષમતાને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'સ્વપ્નનાટક'ની તુલનાએ 'પ્રતિમાનાટક' વિશેષ હૃદયસ્પર્શી, આસ્વાદભર્યું, એકાગ્ર અને મુગ્ધ કરનારું, રસાસ્વાદસભર જણાય છે. આ બે નાટકોની નાટ્યાત્મક અને કાવ્યાત્મક સિદ્ધિની તુલના કરીએ તે પૂર્વે ભાસની એક વધુ વિલક્ષણતાની પ્રતીતિ મેળવી લઈએ એ જરૂરી છે.

કવિ કાલિદાસના અભિપ્રાય અનુસાર 'પ્રથિતયશઃ' ભાસ જેમ ૧૩ નાટકોના રચયિતા તરીકે વિખ્યાત છે, તે જ રીતે તે એક મૌલિક કલાકાર, દીર્ઘદૃષ્ટા નાટ્યકાર અને મહાસમર્થ કવિ તરીકે પણ વિખ્યાત છે. તેની મૌલિકતા વધુમાં વધુ ઇતિહાસપ્રસિદ્ધ વસ્તુઓની કાળજીભરી પસંદગી, તેમાં નાટ્ય અને કાવ્યદૃષ્ટ્યા સમુચિત પરિવર્તનો અને નવા પ્રસંગો કલ્પીને તેને સર્વથા સ્વાભાવિક રીતે જ મૂળ કથાપ્રવાહમાં ગૂંથીને એકરૂપ કરી દેવામાં અનેરી સિદ્ધિ દાખવે છે. ખાસ કરીને 'પ્રતિમાનાટક' 'સ્વપ્નવાસવદત્ત' 'ઊરુભંગ' અને 'પંચરાત્ર' એ નાટકોમાં કોઈ પણ મહાસમર્થ કલાકારને ગૌરવ અપાવે એવી સિદ્ધિ દાખવી છે. આ સિદ્ધિને એ સંદર્ભમાં મૂલવવાની છે કે તેનાં નાટકોના મૂળ પ્રેરણાસ્રોત 'રામાયણ' અને 'મહાભારત' પોતે જ એટલાં સમર્થ કાવ્યો છે કે તેમાંથી પસંદગી કરીને પોતાની મૌલિકતાની છાપ તેના પર પાડવી એ એક મોટું સાહસ છે અને આ સાહસ તેણે નિર્ભય રીતે, હિંમતપૂર્વક કર્યું છે. આવું સાહસ આપણને ભાસનાં મહાભારતમૂલક નાટકોમાં અને રામાયણમૂલક નાટકોમાં ખાસ જોવા મળતું હોય તો 'પ્રતિમાનાટક' અને 'પંચરાત્ર'માં.

આના પરથી એક સ્વાભાવિક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે ભાસનું ખરેખર શ્રેષ્ઠ નાટક કયું, રાજશેખર કહે છે તેમ 'સ્વપ્નવાસવદત્ત' કે 'પ્રતિમાનાટક'? બંનેનો રસાસ્વાદ માણતાં અમે એવો અભિપ્રાય અત્રે રજૂ કરવા માગીએ છીએ કે ખરેખર ભાસનું શ્રેષ્ઠ નાટક 'પ્રતિમાનાટક' છે; 'સ્વપ્નવાસવદત્ત' નહીં. અહીં અમે આ પ્રશ્નની ચર્ચા કરીએ છીએ ત્યારે સર્વપ્રથમ બંને નાટકોનાં રસાસ્વાદ કરાવીને તેને આધારે અમે બંને નાટકોની સિદ્ધિની તુલના કરી છે.

સ્વપ્નવાસવદત્ત આ નાટકનું વસ્તુ 'બૃહત્કથા'ના સમયથી ખ્યાત રાજા ઉદયન અને તેની પ્રિયતમા વાસવદત્તા સાથે સંકળાયેલું છે. નાટકનું શીર્ષક 'સ્વપ્નં અધિકૃત્ય કૃતં નાટકં સ્વપ્નનાટકં' અને 'સ્વપ્ને દૃષ્ટા વાસવદત્તા સ્વપ્નવાસવદત્તા, તાં અધિકૃત્ય કૃતં નાટકં સ્વપ્નવાસવદત્તં' એમ બે રીતે જાણીતું છે. દેખીતી રીતે જ ઉદયન રાજા સતત વાસવદત્તાને જ યાદ કરતો હોવાથી સ્વપ્નમાં વાસવદત્તાને જુએ છે એ પ્રસંગ આ નાટકમાં કેન્દ્રગત, સૌથી વધારે મહત્ત્વપૂર્ણ પ્રસંગ છે; તે કવિની કલ્પનાનું પ્રસૂન છે.

કથાવસ્તુ:—૭ અંકના આ નાટકમાં કથાનાયક ઉદયનને પહેલી વખત આપણે ચોથા અંકમાં જોઈએ છીએ. 'બૃહત્કથા'ના સમયથી જાણીતી ઉદયન–વાસવદત્તાના પ્રેમની કથા અહીં ગૂંથાય છે. ઉદયન તેની પ્રિયતમા વાસવદત્તાને પ્રદ્યોત મહાસેનની કેદમાં વીણાવાદન શીખવતો હતો. પ્રેમમાં પડ્યો, નસાડી લાવ્યો. તે તેના અતિપ્રેમને લીધે રાજ્યકારભાર તરફ બેદરકાર થયો અને આરુણિ નામના એક યુવાને તેનું રાજ્ય અર્ધું પચાવી પાડયું. આ પછીની કથા અહીં ગૂંથાય છે. યૌગન્ધરાયણ એક રાજકીય યોજના કરે છે. નજીકના રાજાની બેન પદ્માવતી સાથે ઉદયનનાં લગ્ન કરવાં અને તેની મદદ મેળવવી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂર્ણપણે વફાદાર એવા મંત્રીની યોજનામાં વાસવદત્તા જોડાય છે. પૂરી યોજનાની તેને ખબર નથી, પરંતુ તે વિશ્વાસથી જોડાય છે. તે બળી ગઈ છે તેવી જાહેરાત કરી તેને અદશ્ય કરી દેવામાં આવે છે અને આવંતિકા તરીકે યૌગન્ધરાયણ તેને પદ્માવતીના રક્ષણમાં મૂકે છે. તે પછીની ઘટનાઓ અહીં ગૂંથાય છે. પદ્માવતીની ઉદયન બાબતની ઝંખના, તેની સાથેના તેના વિવાહની જાહેરાત, વિવાહ, વિદૂષકની પાસે રાજાની કબૂલાત, પદ્માવતીનાં રૂપ, શીલ તથા માધુર્યને કારણે તેના પ્રત્યે ભારે બહુમાનનો ભાવ છે છતાં તેનું હૃદય તો મૃત વાસવદત્તામાં જ બંધાયેલું છે, ગૂંથાયેલું છે. આમ, રાજાનો પ્રેમ ગરવો, મૃત્યુંજય બને છે. આ પછી સમુદ્રગૃહકમાં અંધારામાં સ્વપ્નમાં ચડેલા રાજા અને વાસવદત્તાનું મિલન થાય છે. શય્યામાંથી લટકતો તેનો હાથ બિછાનામાં ગોઠવી તે ત્યાંથી નીકળી જાય છે. ત્યાં જ રાજા જાગી જાય છે, પાછળ દોડે છે. તેને વાસદવત્તાને બદલે વિદૂષક મળે છે. તેને તે કહે છે "ધરતે ખલુ વાસવદત્તા"! જવાબમાં વિદૂષક રાજાની વાતને ભ્રાન્તિ માની કહે છે "કુતઃ વાસવદત્તા? ચિરાત્ ખલુ ઉપરતા વાસવદત્તા!" પરંતુ રાજાના મનમાં વાસવદત્તા જીવિત હોવાની શંકા ઘર કરી ગઈ છે. આ પછી રાજકીય ભૂમિકા છતી થાય છે અને પદ્માવતીના સંતોષ વચ્ચે ઉદયન વાસવદત્તાનું પુનર્મિલન યોજાય છે. નાટકના કુલ છ અંકો છે.

રસદર્શન : વિદ્વજ્જગતની ચિંતનપરંપરાએ આ નાટકને ભાસનું શ્રેષ્ઠ નાટક ગણ્યું છે. 'કાવ્યમીમાંસા'માં રાજશેખર કહે છે :

"भासनाटकचक्र्येऽपि छेकैः क्षिप्ते परीक्षितुम् ।
स्वप्नवासवदत्तस्य दाहकोऽभून्न पावकः ॥"

નાટક અને કાવ્યનિષ્ણાત વિદ્વાનોની કડક પરીક્ષારૂપી અગ્નિમાંથી ભાસનું આ નાટક પાર ઊતર્યું એવો અને એટલો જ અર્થ આ શ્લોકવિધાનનો લઈએ અને ઐતિહાસિક દષ્ટિએ તેનો ઉપયોગ ન કરીએ તો તેમાં કાંઈ ખોટું નથી. આ કૃતિની ગુણવત્તા ઘણી ઊંચી છે, કાવ્ય તથા નાટ્ય બન્ને રીતે આ નાટકની કક્ષા ઊંચી છે એટલું રાજશેખર કહેવા માગતા જણાય છે, અને તે યોગ્ય પણ છે.

નાટકનું કથાવસ્તુ રાજકીય ભૂમિકા ઉપર ગૂંથાયેલી પ્રણયકલાનું છે. ઉદયન ઉજ્જયિનીથી વાસવદત્તાને નસાડી લાવ્યો એ કથા અત્યંત રોમાંચક અને મનભર હતી. આ પછી પરસ્પર પ્રેમનાં ઊંડાણ વધ્યાં છે અને રાજ્યના હિત તથા પ્રિયતમ-પતિના ગૌરવને ખાતર વાસવદત્તા અત્યંત વફાદાર અને વિશ્વાસુ મંત્રી યૌગન્ધરાયણની યોજનામાં જોડાય છે. સમય વીતે છે; રાજા અને વાસવદત્તાનો પરસ્પર પ્રેમ મૃત્યુ પર પણ વિજયી બને છે. રાજકીય જરૂરિયાતને લીધે ઉદયન પદ્માવતી સાથે લગ્ન કરે છે. પરંતુ તેનું હૈયું તો મૃત વાસવદત્તામાં જ છે. નાટકના અંતે રાજકીય ભૂમિકા તેમ જ પ્રણયજગત બંનેમાં ઉદયનનો વિજય થાય છે. કથા રોમાંચક તો છે જ, સાથે ધીરગંભીર અને ગરવી છે; દામ્પત્યપ્રેમનું એક અતિ તેજસ્વી, વિરલ ચિત્ર આ કથા આપણને આપે છે.

ચરિત્રચિત્રણની દષ્ટિએ પણ આ નાટકની સિદ્ધિ નાનીસૂની નથી. એક અતિ સંસ્કારી, શિષ્ટ જગતનાં અત્યંત ગુણવાન અને ગરવાં પાત્રો-ઉદયન, વાસવદત્તા, પદ્માવતી, વિદૂષક, ધાત્રી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તમામને નાટકમાં તેમના દરજ્જા અનુસાર લેખકે પૂરો ન્યાય આપ્યો છે. પાત્રોની સંખ્યા સીમિત છે, પરંતુ પ્રભાવશાળી ઉદયન રાજા અને સરલ, ઋજુ સ્વભાવની પદ્માવતી અને વાસવદત્તાનું ચિત્રણ પણ સર્વથા સફળ છે. ચરિત્રચિત્રણની કલા આમ નાટકકારને હસ્તગત છે.

આ નાટક કાવ્યકૃતિ તથા નાટ્યકૃતિ બંને રીતે સરખું સફળ છે. તેના પ્રમાણરૂપે આ ઘટનાઓનું નિરૂપણ ગણી શકાય. કાવ્યકૃતિ તરીકેની સફળતાના પ્રમાણરૂપ ઘટનાઓ છે આવન્તિકાને એટલે કે વાસવદત્તાને પદ્માવતીના વિવાહની કૌતુકમાળિકા ગૂંથવાની આવે છે. તેમાં યોગ્ય રીતે જ તે કહે છે "एतदपि मया कर्तव्यम् आसीत् ? अहो अकरुणाः खलु ईश्वराः मे ।" અને છતાં તે ઉદયન પ્રત્યે કોઈપણ નારાજગીના ભાવ વિના અને પદ્માવતી પ્રત્યે પૂર્ણ પ્રીતના ભાવ સાથે માળા ગૂંથે છે. બીજા કાવ્યમય અને હૃદયસ્પર્શી પ્રસંગ છે. વિદૂષક રાજા પાસે હઠપૂર્વક તેના પ્રેમની કબૂલાત માગે છે. તે કબૂલાત સાંભળી વાસવદત્તા મનથી ખુશખુશ થઈ જાય છે અને પદ્માવતી પણ ગરવી રીતે વર્તે છે. આ બંને પ્રસંગો મૂળભૂત અત્યંત કાવ્યમય છે, સાથે તેમનો નાટ્યાત્મક પ્રભાવ તો છે જ. અત્યંત રોમાંચક અને નાટ્યાત્મક પ્રસંગ છે, સમુદ્રગૃહકમાં સ્વપ્નદશામાં ઉદયન અને વાસવદત્તાના મિલનનો, જે ઉદયનના મનમાં વાસવદત્તા જીવતી હોવાની શંકા મૂકી દે છે. છઠ્ઠા અંકનું નાટક-નાયિકાના ગરવા, સુખદ મિલનનું ચિત્રણ મનોહર છે. આ નાટકનો નાયક આપણને પ્રથમ ત્રણ અંકોમાં જોવા મળતો નથી. છતાં આ ત્રણ અંકોની કથા પણ જાણે ઉદયનની આસપાસ ગૂંથાય છે અને ચોથા અંકમાં આપણે જોઈએ તે પૂર્વે તેનું સુદૃઢ, પ્રભાવશાળી ચિત્ર આપણા મન પર અંકિત થઈ ચૂક્યું છે. આ પણ ભાસની નાટ્યકલા-કાવ્યકલાની એક સિદ્ધિ છે.

સરળ, કાવ્યાનુકૂલ ભાવસભર ભાષા, વૈદર્ભીરીતિનાં સૌન્દર્ય, પ્રકૃતિનાં અતિ પ્રભાવશાળી ચિત્રો-આકાશમાં ઊડતાં પંખીઓનું ચિત્રણ આનું એક સુંદર ઉદાહરણ-છે. આ બધાં લક્ષણો પણ આ નાટકને નાટક તરીકે તેમ જ કાવ્ય તરીકે સરખી સફળતા અર્પે છે.

આ નાટકને આ નાટકકારની તેર કૃતિઓ પૈકી પ્રભાવશાળી ચાર કૃતિઓમાંની એક આપણે યોગ્ય રીતે જ ગણીએ છીએ.

પ્રતિમાનાટક :—

બંને નાટકોમાંથી ઉપલબ્ધ થતો રસાસ્વાદ તથા નાટકોની નાટ્ય તથા કાવ્યસિદ્ધિની પૂર્વે આપણે 'પ્રતિમાનાટક'ના કથાનકનો પરિચય મેળવીએ અને એક સ્વતંત્ર નાટક તરીકે તેનું રસદર્શન કરીએ એ યોગ્ય થશે.

રામાયણમૂલક 'અભિષેક' નાટક છ અંકનું છે અને કેટલેક અંશે રામાયણકથાના અતિશય અગત્યના ભાગો તેમાં ગૂંથાયા છે. અલબત્ત તેનો આરંભ વાલીવધ અને સુગ્રીવના રાજ્યાભિષેકથી થાય છે. ત્યારથી શરૂ કરીને અન્ત સુધીની ઘટનાઓ ભાસ આ નાટકમાં આવરી લે છે. છતાં કથની સાથે આ નાટકને પણ આપણે રામાયણકથાનો સાર કહી શકીએ, એમ નથી. મૂળ કથામાં કેટલાંક પરિવર્તનો કરવા ઉપરાન્ત ભીષણ કામવાસનાથી પીડાતા રાવણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને તેની સામે મક્કમ ચિત્તે ઝીંક ઝીલતી સીતાના નિરૂપણમાં ભાસની કળા ખીલી ઊઠે છે. વળી પાત્રાલેખન તેમજ વર્ણનકલામાં પણ ઘણી સારી એવી નિપુણતા દાખવીને ભાસે સારી જમાવટ કરી છે. .

'પ્રતિમાનાટક'નો આરંભ થાય છે રામના રાજ્યાભિષેકમાં આવેલા અણચિન્તવ્યા અવરોધ અને રામના લક્ષ્મણ તથા સીતા સાથેના વનગમનથી. યુદ્ધકથાનો ઉલ્લેખ માત્ર કરીને સીતાની શુદ્ધિ પ્રમાણિત થયાની વાત એકજ વાક્યમાં નિર્દેશીને અને રાવણની અશોકવાટિકામાંની સીતાની દુર્દશા વર્ણવ્યા સિવાય જ રામનો રાજ્યાભિષેક અને લંકાથી અયોધ્યાગમન તથા ભરત સાથેના મિલાપ અને પુનઃ રાજ્યારોહણના નિર્દેશ સુધીની કથા ભાસ આવરી લે છે. આ છતાં ભાસની નાટ્યકલાની સૂક્ષ્મતા, કાવ્યકલા, મનોવૈજ્ઞાનિક ચિત્રણનો પ્રભાવ વગેરે, 'પ્રતિમાનાટક' રામાયણકથાના વિશેષ વિસ્તારને આવરી લે છે તે છતાં તેને રામાયણસાર બનવા દેતાં નથી. આ હકીકતની પ્રતીતિ આપણને કથાવસ્તુ તથા તેની રસમીમાંસા પરથી થશે. પરિણામે આ બે નાટકો પૈકી કયું પ્રતિભાસમ્પન્ન, સહૃદય રસાસ્વાદકને સવિશેષ હૃદયસ્પર્શી બને છે તેનો નિર્ણય કરવો આપણા માટે સરળ થશે.

કથાવસ્તુ : 'રામાયણમૂલક' આ નાટક રામના રાજ્યાભિષેકની તૈયારીથી શરૂ થાય છે. પિતાની આજ્ઞા માથે ચડાવીને રામ નમ્રતાપૂર્વક રાજ્યનો સ્વીકાર કરે છે. પરંતુ તેમાં કૈકેયી મંથરાના ચડાવવાથી વિક્ષેપ ઊભો કરે છે. ભારે વેદના, આઘાત, હતાશામાં દશરથ કૈકેયીને વિનવે છે. પરંતુ દશરથે પૂર્વે આપેલાં વરદાન મેળવવામાં તે મક્કમ છે. આથી રામને બાર વર્ષનો વનવાસ તથા ભરતને રાજા બનાવવાનો નિર્ણય રાજા દશરથ કરે છે. રામની સાથે પ્રેમ-પૂર્ણ આગ્રહ અને મક્કમતાપૂર્વક સીતા જાય છે, લક્ષ્મણ પણ. આથી દશરથનો આઘાત એકદમ વધી જાય છે. અત્યન્ત વિલાપ કરતાં દશરથનું મૃત્યુ થાય છે. બીજી બાજુ મોસાળથી તરત પાછા ફરવાનો સંદેશ ભરતને મોકલવામાં આવે છે. તે આવે છે અને અયોધ્યાને સીમાડે રઘુવંશના રાજાઓની પ્રતિમાઓનું પ્રતિમાગૃહ છે, તેમાં દશરથની પ્રતિમા પણ તે જુએ છે અને તેને ખ્યાલ આપી દેવામાં આવે છે કે દશરથનું અવસાન થયું છે. આ પછી અહીં જ આપણને ખ્યાલ આવે છે કે કૈકેયીએ રામના રક્ષણ અને સલામતી માટે જ રામને વનમાં મોકલ્યા અને ભરતને માટે રાજ્ય માગી લીધું. આની પૂરી સ્પષ્ટતા તો છેક છઠ્ઠા અંકમાં થાય છે, અને ભરત તથા તેની માતા વચ્ચેની ગેરસમજ દૂર થાય છે. ભરત અને રામના મિલાપનો સુભગ, ધન્ય, હૃદયસ્પર્શી પ્રસંગ ચોથા અંકમાં કવિ આવરી લે છે. પ્રતિમાગૃહનો પ્રસંગ જેમ ભાસનાં પ્રતિભા, કલ્પનાશક્તિ અને નાટ્યકલા તથા નાટ્યસિદ્ધિનું અનુપમ પ્રસૂન છે, તેમ રામ–લક્ષ્મણના મિલનનો ધન્ય પ્રસંગ મૂળ કથા કરતાં પણ વધુ ભાવાવેશભર્યો, વધુ પ્રસન્નકર અને મુગ્ધકર ભાસે બનાવ્યો છે. આ પછીના શેષ અંકોમાં, રામનો વનવાસ, સીતાનું અપહરણ, સીતાની શોધ, રાવણવધ, રામનું અયોધ્યામાં પુનરાગમન, તેમનો રાજ્યાભિષેક વગેરે ઘટનાઓ ત્વરિત ગતિએ લેખક આવરી લે છે. યુદ્ધવર્ણન તેમણે જતું કર્યું છે, અને સીતાનાં શુદ્ધિ અને પવિત્રતા પ્રમાણિત થયાં છે એનો ઉલ્લેખમાત્ર કર્યો છે. વિશાળ કથામાંથી અમુક જ પ્રસંગો પૂરી કાળજી અને કલાત્મકતા સાથે પસંદ કરીને નિરૂપવાનું તેને વધારે યોગ્ય લાગ્યું છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભરતે અયોધ્યાને સીમાડે પ્રતિમાગૃહમાં દશરથની પ્રતિમા જોઈ અને તેને દશરથના મરણની માહિતી મળી ગઈ. આને માટે જવાબદાર તેની માતાનો રાજ્યલોભ છે અને સાથે પોતે પણ ખૂબ ખૂબ બદનામ થયો છે એવી તેની માનસિક પ્રતીતિ તેને જાણે કે ભાંગી નાખે છે. આ ત્રીજા અંકમાં અત્યંત હૃદયસ્પર્શી અને સ્વયં કવિકલ્પિત પ્રસંગને આધારે નાટકનું શીર્ષક આપવામાં આવ્યું છે. કવિકલ્પિત આ પ્રસંગ એ આ નાટકનો સૌથી વધુ નાટ્યાત્મક અને કાવ્યાત્મક અને તેથી ચિત્તાકર્ષક અને હૃદયસ્પર્શી પ્રસંગ છે. ભરત-રામના મિલનનો પ્રસંગ એ તો ભ્રાતૃપ્રેમની જાહ્નવી જેવો છે. આ અભૂતપૂર્વ પ્રસંગ અત્યન્ત પ્રસન્નકર છે. એક કુટુંબનો મેળો અહીં બની રહે છે. આ ઉપરાન્ત નાટકના આરંભે અને અન્તે રામ-સીતાના પ્રસન્નમુગ્ધ, રસિક છતાં સ્વસ્થ-સ્થિર આત્મીય પ્રેમનું અનોખું ચિત્રણ જાણે એક અનુપમ અને અવિસ્મરણીય પ્રણયનો આદર્શ આપણી સમક્ષ ખડો કરી દે છે. રામના સીતા સાથેના સાદ્યન્ત અદ્વૈત સાથે સર્વ સ્થિતિમાં રામની મુગ્ધકર સ્વસ્થતા અને સ્થિરતા તથા દીર્ઘદર્શિતા એ પણ આ નાટકનું એક અનુપમ તત્ત્વ છે. મૂળના લીધેલા દશરથના મરણ, રામવનવાસ વગેરે પ્રસંગોને પણ જાણે તેની કલાકારની દૃષ્ટિએ રમ્યતર અને રમ્યતમ બનાવી દીધા છે.

મૂળમાં લેખકે ઘણા ફેરફાર કર્યા છે અને પ્રસંગોની કાળજીભરી, ચુસ્ત, સંવાદી પસંદગી કરી છે. સીતાને ઉપાડી જવા ઋષિવેશે આવેલા રાવણનું હૃદય ડંખે છે, તેવું મનોવૈજ્ઞાનિક ચરિત્ર-ચિત્રણ પણ મનોરમ છે, ખરેખર તો રસની સાચી જમાવટ, કરુણની ઉત્કટ જમાવટ સતત ધ્યાન ખેંચે છે. સહૃદય રસિકજન એવા સામાજિક અને વાચકને એકાગ્ર, મુગ્ધ, વિગલિતવેદ્યાન્તર આનંદમાં મગ્ન કરી દે એવું ઘણું બધું આ નાટકમાં છે. આ નાટક જ ભાવપ્રધાન છે અને જે ઘટના અને ભાવને તે સ્પર્શે છે તે નાટકમાં જાણે કે સો ટચનું સોનું બની જાય છે.

નાટકનાં તમામ પાત્રોને ચરિત્રચિત્રણમાં ભાસે પૂરો ન્યાય આપ્યો છે. ઘટનાચિત્રણ અને પાત્રાલેખન બંને મોટે ભાગે મનોવૈજ્ઞાનિક, સૂક્ષ્મ, વ્યંજનાત્મક છે. લેખક દરેક પાત્રના સ્વભાવનાં મનોગત, અન્તર્ગતને આવરી લે છે. રામ, ભરત, સીતા, રાવણ જાણે વિશેષ પ્રભાવશાળી બનીને અહીં રજૂ થાય છે. મૂળ કથા અને તેનાં પાત્રોનું ગૌરવ ઝાંખું પાડ્યા સિવાય ઘણી બધી મૌલિકતા અને કલાત્મકતા સાથે તે ચરિત્રો રજૂ કરે છે.

લેખકની સંવાદકલા પણ પૂરી ભાવાનુસારી, પાત્રાનુસારી અને તેથી સચોટ છે. ક્યાંય પણ રસક્ષતિ ન થાય તેની લેખકે પૂરી કાળજી રાખી છે. વર્ણનો છે, પરંતુ સુંદર અને પ્રભાવશાળી અને સાથે જરૂરિયાત પૂરતાં જ. ભાષા, અલંકાર વગેરેના પ્રયોગો પણ નિરાડંબર છે. કાવ્ય અને નાટક બન્ને રીતે આ કૃતિ ઉચ્ચકક્ષાની છે.

તુલનાત્મક સિદ્ધિ :—

આટલી ચર્ચા પછી આપણે આ બે નાટકોની નાટ્યસિદ્ધિનો તુલનાત્મક અભ્યાસ કરીએ. માન્ય વિવેચનના સિદ્ધાન્તો ઉપરાન્ત વિશેષ તો સામાજિક અને વાચકની ચેતનાને થતી રસ અને તજ્જનિત આનંદાનુભૂતિની સહેજે આપણે તુલના કરીશું અને કથા નાટકનો પ્રભાવ આપણી ચેતના પર વધારે ઉત્કટ પડે છે; કયું નાટક તન્મયીભવનની આપણને સવિશેષ અનુભૂતિ કરાવે છે તે આપણે ખાસ ખાસ જોવાનું રહે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સામાન્ય રીતે આપણે કોઈ પણ નાટ્યકૃતિનું મૂલ્યાંકન કે સમીક્ષા કરીએ ત્યારે એ કૃતિનું કથાવસ્તુ, તેનો મૂળ પ્રેરણાસ્રોત અને તેમાં કવિએ કરેલાં પરિવર્તનો તથા તેનું ઔચિત્ય, પાત્રનિરૂપણ, નાટ્યાત્મકતા, રસાસ્વાદન, સંવાદકલા, અલંકારનિરૂપણ વગેરેની મીમાંસા કરીએ છીએ અને મૂલ્યાંકન પૂરું થયાનો સંતોષ માનીએ છીએ. સામાન્ય રીતે સહૃદય સામાજિક કે સહૃદય વાચક એ કૃતિમાંથી શું અનુભવે છે, તેના હૃદયના તાર કેટલા પ્રમાણમાં ઝણઝણી ઊઠે છે અને તેના હૃદયગત ભાવોની એકરૂપતાનો અનુભવ કેટલા પ્રમાણમાં જામે છે, તેનો વિશેષ વિચાર કરતા નથી. સામાજિક કૃતિમાં તન્મય બન્યો, કે કેમ, કેટલા પ્રમાણમાં બન્યો, ન બન્યો તો શા માટે–આ અને આવા પ્રશ્ન પણ વિચારણા માગી લે છે. મુખ્ય વસ્તુ છે પોતાની સમર્થ નાટ્યકલા અને કાવ્યકલાથી કવિ સહૃદય વાચકને ભાવવિભોર બનાવી શકે છે કે કેમ એની વિચારણાની. મહત્ત્વ છે કાવ્યના કે નાટકના વાચકની ચેતના પર, ચિત્તંત્ર પર પડતા સમગ્ર અનુભવનું. **रसो वै सः रसं ह्येवायं लब्ध्वा आनन्दी भवति** એવો અનુભવ અપેક્ષિત છે. સહૃદય વાચકની ચેતના નાટ્યનો રસાસ્વાદ કરતાં આ અનુભૂતિની એકરૂપતાની જેટલો નજીક જાય અને નાટ્યાસ્વાદન દરમ્યાન જાણે સ્વનું વિસ્મરણ અનુભવે ' વિગલિતવેદ્યાન્તર ' બને, તેટલા પ્રમાણમાં નાટ્યકૃતિની ગુણવત્તા ઊંચી ગણાય.

ઘણા જૂના સમયથી એક માન્યતા ચાલી આવે છે, દરેક યુગના વિદ્વાનો તેને ટાંકે છે; કેટલાક તેને પરમ અધિકૃત માનીને ચાલે છે. આપણે પણ સહૃદય રસિકજનો છીએ, આપણને સ્વપ્નનાટક વાંચતાં ખરેખર એમ થાય છે ખરું કે—**स्वप्नवासवदत्तस्य दाहकोऽभून्न पावकः ?** એવી પ્રતીતિ નાટકના આસ્વાદનમાં ખરેખર આપણને થાય છે ખરી ? નાટકનું વસ્તુ ખૂબ રસ પડે તેવું બનાવવાનો અવકાશ છે, બની શક્યું નથી. વાસવદત્તાનો ઉદયન પ્રત્યે અને ઉદયનનો વાસવદત્તા પ્રત્યેનો પ્રેમ મૃત્યુંજય અને તેથી મર્મસ્પર્શી છે. છતાં સતત એમ લાગે છે કે તેને વિશેષ મૃદુ, ભાવાત્મક સંઘર્ષમય બનાવી શકાત, જે દુર્ભાગ્યે થયું નથી. ભાવની અભિવ્યક્તિ અત્યન્ત મૃદુ ઘટનાઓ સર્જી શકત, જે શક્યતા દુર્ભાગ્યે એક સમુદ્રગૃહકના સુંદર છતાં ટૂંકા પ્રસંગના અપવાદ સિવાય પૂરી ખીલી ઉઠી નથી. ઉદયનનો વાસવદત્તા પ્રત્યે વિશેષ પ્રેમ છે તે જાણ્યા પછી પદ્માવતીની સ્ત્રીસહજ ઈર્ષ્યા, વેદના, વ્યથા, નારાજગી કશું જ વર્ણવવામાં આવ્યું નથી. રાજાના મનની વાત જાણીને પદ્માવતીને માથું દુઃખી આવ્યું એવો બચાવ કરવામાં આવ્યો છે. પરંતુ સ્વભાવગત ગરવી, સંસ્કારસંપન્ન, યુવાન, સુકુમાર ભાવોવાળી અને ઉમળકાભરી પદમાવતીના પાત્રને લેખક પૂરો ન્યાય આપી શકયા નથી. કથા પર, રસ પર, નાટકગત સંઘર્ષ પર કોઈ ઊંડો પ્રભાવ નથી પડતો ઉદયનનો કે નથી પડતો પદમાવતી અથવા વાસવદત્તાનો. ત્રણેય જાણે વિધિના હાથનાં રમકડાંમાત્ર છે. સતત એમ લાગ્યા કરે છે કે અતિઉદાત્ત, હૃદયસ્પર્શી, સંઘર્ષમય રસ અને તે જન્માવનાર પ્રસંગો નિરૂપવાની અનેક તકો નાટકકારને સાંપડી છે અને તેણે તેનો લાભ લીધો નથી. ઉચ્ચકોટિનું, અનુપમ રસાસ્વાદ અને આનંદ જન્માવે એવું મૃદુતાભર્યું ભાવનિરૂપણ કરવાની તકો મેળવીને લેખકે જાણે જતી કરી છે. આ જ રીતે એકપણ પાત્ર એવું જામતું નથી કે જેમાં સામાજિક કે સહૃદય વાચક પોતાની ભાવાત્મક છબી નિહાળી શકે. ઉદાત્ત કલ્પનાસમૃદ્ધિ અને સિદ્ધિ, કલાત્મકતાથી આ ગુમાવેલું બધું મેળવી લેવાનો લેખકને અવકાશ હતો. મનોવૈજ્ઞાનિક ચારિત્ર્યચિત્રણની, પ્રસંગનિરૂપણની પોતાની સિદ્ધ કલા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ અહીં લેખકે પર્યાપ્ત માત્રામાં ખીલવી નથી, સિવાય કે સમુદ્રગૃહકની ઘટનામાં અને એ રીતે નાટકને તે શિરમોર ચડાવી શક્યો નથી. તે અવકાશ તેણે ઝડપી લીધો હોત તો જુદા જ અને અનુપમ રસાસ્વાદથી સભર નાટક સર્જાયું હોત; કદાચ પરંપરાગત અક્ષમ્ય અતિશયોક્તિભરી ઉક્તિને સાર્થક કરત. બાકી પરંપરાગત ઉક્તિ છે માટે તેને માની લેવી, સ્વીકારી લેવી એ કોઈ-પણ રીતે ઉચિત નથી. આખી વાત પુનર્વિચારણા માગી લે છે.

અહીં આપણી સમક્ષ આવે છે ભાસને જ નામે જાણીતું 'પ્રતિમાનાટક', તેમાં પ્રથમ ચાર અંકોમાં રામનો રાજ્યાભિષેક અટકી ગયો અને રામ વનમાં ગયા ત્યાંથી શરૂ કરીને રામને વનમાં વીનવવા ભરત જાય છે અને ભ્રાતૃમિલનની મંગલયમ, પવિત્ર જાહ્નવીમાં આપણે જાણે સ્નાન કરીએ છીએ ત્યાં સુધીના પ્રસંગો વણાયા છે. તે પછીના ત્રણ અંકોમાં માત્ર પસંદ કરેલા અને કાળજીપૂર્વક પસંદ કરેલા અસરકારક પ્રસંગો નિરૂપાય છે અને રામના પુનરાગમન અને રાજ્યાભિષેક સુધી આપણને લઈ જાય છે. " આ નાટક માત્ર રામાયણનો સાર સમો છે " એ કીથ અને બીજાઓનાં વિધાન ઉતાવળાં અવિચારી અને બેહૂદાં છે. અહીં કવિએ ત્રણ સ્નેહચિત્રણો ઊભાં કર્યાં છે; પ્રણયનિરૂપણ અને અથડામણ પણ નિરૂપ્યાં છે અને ત્રણેયમાં છેલ્લે ધન્ય આનંદાનુભૂતિ, સુખાનુભૂતિ અપ્રયત્ન સિદ્ધ કરી છે. (૧) સીતા અને રામનો સ્વસ્થ, સ્થિર અને રસિક પ્રેમ જે શરૂઆતમાં હતો તે જ અન્તે પણ આત્મિક પ્રેમ બનીને ઉભરે છે, વિલસે છે. (૨) ભરત અને તેની માતા કૈકેયી વચ્ચે લગભગ ઉગ્ર કહી શકાય તેવા સંઘર્ષ જાગે છે, અને તેની વચ્ચે કૈકેયી આશ્ચર્યકારક સ્વસ્થતા જાળવે છે અને છેવટે પોતાના હૃદયની સાચી વાત, રામને વિધિના હાથમાંથી બચાવી લેવાની તત્પરતા, સાથે છેલ્લે સમાધાન સિદ્ધ થાય છે. (૩) અને બે ભાઈઓ—ભરત અને રામ—નો પરસ્પર નિર્વ્યાજ, ઊંડા હૃદયનો આત્મીય પ્રેમ ચિત્રિત થાય છે. પ્રેમ રામની માફક જ ભરતને પણ તપ કરાવે છે અને છેવટ રામને તેમના સાચા અધિકારના સ્થાને સ્થાપીને જ અનુપમ સંતોષ, પરિતુષ્ટિ ભરત અનુભવે છે—આ બધું સમગ્ર વાતાવરણને ધન્ય ધન્ય બનાવી દે છે.

ભાસની એક બીજી સિદ્ધિ પણ અહીં અનેરા સાફલ્ય સાથે વિલસે છે. મૂળ સ્વયંસુંદર, ઉદાત્ત કથામાં પણ દશરથના મરણની ઘટના અતિશય કરુણ, હૃદયસ્પર્શી, મર્મસ્પર્શી બની રહે છે; મૂળ ઘટના કરતાં અનેકગણી વિશેષ કલાત્મક અને સુંદર બની રહે છે.

સમર્થ કલાકારોને પ્રિય મનોવૈજ્ઞાનિક ઘટનાનિરૂપણ અને ચરિત્રચિત્રણ અહીં ભરત, ઓછાબોલાં સીતા, સર્વથા સ્વસ્થ રામનાં થયાં છે અને આસન્નમરણ દશરથની મનોદશાના નિરૂપણમાં કવિ ખૂબ સરસ રીતે ખીલે છે. નાટકના નામના મૂળ આધારરૂપ પ્રતિમાગૃહની ઘટના એ તો ભાસની પોતાની જ કલ્પના અને કલાનું અનેરી રીતે રંગીન, કરુણામય અને હૃદયસ્પર્શી ચિત્રણ છે; સંસ્કૃતના શ્રેષ્ઠ ચિત્રણોમાંનું એક છે. ભાસની કલા અને કલ્પનાનું સાચું સામર્થ્ય, બળ અહીં પ્રગટ થાય છે.

કેટલાક વધારે પડતા શ્લોકો નિવારી શકાયા હોત તેમ લાગે; કૈકેયી થકી ભરતના મનનું થયેલું સમાધાન થોડું ઉતાવળું લાગે છતાં વાચકના ચિત્તતંત્રને સતત એકાગ્ર કરી, પકડી

સ્વા ૫

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાખવાનું, લગભગ આત્મવિસ્મરણમાં મૂકી દેવાનું સામર્થ્ય અહીં ભાસે દાખવ્યું છે. આરંભથી અંત લગી—

"છે માનવીજીવનની ઘટમાળ એવી
દુઃખપ્રધાન સુખ અલ્પ થકી ભરેલી"

પૂર્ણ વાસ્તવિક્તા સાથે, ઉત્કટ અનુભૂતિ સાથે નિરૂપાય છે અને તેના અંતે જાણે જીવનની આ ઘટમાળ પરમ સુખ અને વિપુલ આનંદમાં આપણને નિમગ્ન કરી દે છે.

આથી પેલું પ્રસિદ્ધ વચન સુધારીને અમે કહીએ છીએ કે—

प्रतिमानाटकस्यास्य दाहकोऽभून्न पावकः ॥

પરન્તુ ત્યારે આપણે એટલું જ કહેવાનું છે કે "પ્રતિમાનાટક" એ ભાસનું શ્રેષ્ઠ નાટક છે; બીજાં બધાં નાટકો વિદ્વાનોનાં મૂલ્યાંકનની કઠોર અગ્નિપરીક્ષામાં તમામ બળી જવા લાયક નથી. ભાસનાં તેર નાટકો પૈકી ઉત્તમ નાટકો છે–પ્રતિમાનાટક; ઊરુભંગ અને સ્વપ્નનાટક.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાસ્ત્રપરાવર્તક કવિ બાણભટ્ટ*

વસન્તકુમાર મ. ભટ્ટ ×

ભૂમિકા : મહાકવિ કાલિદાસ, બાણ, ભવભૂતિ વગેરેનાં કાવ્યોને અવલોકીને જ આલંકારિકોએ શક્તિ (= પ્રતિભા) ; લોક, શાસ્ત્રો અને કાવ્ય વગેરેના પરીક્ષણથી પ્રાપ્ત થતી નિપુણતા અને કાવ્યજ્ઞોની પાસેથી લીધેલી શિક્ષા—એને કાવ્યના એક ઉદ્ભવ-હેતુ તરીકે વર્ણવેલ છે.[1] આના અનુસન્ધાનમાં 'હર્ષચરિત' (પ્રથમ ઉચ્છ્વાસ)માં બાણભટ્ટે આપેલા આત્મ-કથાવાળા અંશને ધ્યાનથી તપાસવા જેવો છે.

૦.૧ બાણભટ્ટે 'હર્ષચરિત'ના આરંભે જણાવ્યું છે કે જન્મતાંની સાથે માતાને, અને ચૌદેક વર્ષની ઉંમરે પિતાને ગુમાવ્યા પછી, બાણ શરૂઆતમાં તો શોકગ્રસ્ત થઈ ગયા. પછી શૈશવને ઉચિત એવાં અનેક તોફાનો કરતાં કરતાં તે ઇત્વર—ભ્રમણશીલ, રખડુસ્વભાવના બની ગયા.[2] પરિણામે બાણને સમાજના વિવિધ ધંધાવાળા, સ્વભાવવાળા માણસોનો સીધો પરિચય થયો હતો. વળી, દેશદેશાન્તરમાં પરિભ્રમણ કરવાને કારણે તેમને નદી, પર્વત, વન, ઉપવન, કુટિર, આશ્રમ, રાજમહેલ વગેરે જોવા મળ્યાં હતાં તથા બધા પ્રકારના સામાજિક રીતરિવાજો અને માન્યતા-ઓનો પણ પ્રત્યક્ષ અનુભવ મળ્યો હતો. આમ સાહિત્યશાસ્ત્રીઓ કવિ પાસે જે લોકવૃત્તનું અવલોકન કર્યું હોવાની અપેક્ષા રાખે છે તેને બાણભટ્ટે જીવનના આરંભે જ આત્મસાત્ કરેલ છે. તેમનામાં જન્મત: કવિપ્રતિભા તો હશે જ, પણ લોકવૃત્તને જાણવું એ પણ જે જરૂરી ગણાયું છે તે એક ગુજરાતી કહેવત મુજબ "જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ, અને જ્યાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે અનુભવી" બાણભટ્ટને માટે કદાચ સૌથી વધુ યથાર્થ ઠરે છે.

"સ્વાધ્યાય", પુસ્તક ૩૦, અંક ૧–૨, દીપોત્સવી–વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૯૨–જાન્યુઆરી ૧૯૯૩, પૃ. ૩૫–૪૬.

* સંસ્કૃત વિભાગ, ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત "સંસ્કૃત ગદ્યસાહિત્ય" વિષયક રાજ્યકક્ષાના પરિસંવાદ (૮, ૯ ફેબ્રુ. ૧૯૯૪)માં રજૂ કરેલો સંશોધનલેખ.

× સંસ્કૃત વિભાગ, ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

૧ મમ્મટે 'કાવ્યપ્રકાશ' (૧–૩)માં જણાવ્યું છે કે—

शक्तिर्निपुणता लोकशास्त्रकाव्याद्यवेक्षणात् ।
काव्यज्ञशिक्षयाभ्यास इति हेतुस्तदुद्भवे ॥

लोकस्य स्थावरजङ्गमात्मकस्य लोकवृत्तस्य, शास्त्राणां छन्दोव्याकरणाभिधानकोशकला-चतुर्वर्गगजतुरगखड्गादिलक्षणग्रन्थानाम्, काव्यानाञ्च महाकविसम्बन्धिनाम्, आदिग्रहणादितिहासा-दीनाञ्च विमर्शनाद् व्युत्पत्तिः ॥ (काव्यप्रकाशः, व्याख्याकारः आचार्य विश्वेश्वर, ज्ञानमण्डल लिमिटेड., वाराणसी, १९८६, पृ. १६–१७).

२ शैशवोचितान्यनेकानि चापलान्याचरन्नित्वरो बभूव ॥ (हर्षचरितम्, सं. पी. वी. काणे, मोतीलाल बनारसीदास, दिल्ली, १९८६, पृ. १९)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૦.૨ એ જ પ્રમાણે, દેશાટન કરીને પ્રીતિકૂટમાં પાછા ફર્યા પછી, સ્વજનો સાથેના આરામદાયક દિવસોનું જ્યાં વર્ણન છે ત્યાં એક પંક્તિમાં કહ્યું છે કે બાણભટ્ટ 'સુદૃષ્ટિ' નામના વાચક પાસે વાયુપુરાણની હસ્તલિખિત પ્રત વંચાવીને સાંભળી રહ્યા છે.[3] તેમણે દેશાટન દરમ્યાન ઉજ્જયિની વગેરે તીર્થસ્થાનોએ જુદા જુદા પર્વે વંચાતી 'મહાભારત'ની કથાઓ પણ સાંભળી હશે.[4] આથી એવું સૂચવાય છે કે આપણા કવિ બાણભટ્ટે રામાયણ–મહાભારત જેવાં આર્ષ-કાવ્યો અને પુરાણસાહિત્યનું પણ શ્રવણ/અવલોકન કરેલું છે.

૦.૩ પરંતુ આપણને પ્રશ્ન થઈ શકે કે–મમ્મટોક્ત **लोकशास्त्रकाव्याद्यवेक्षणात्**–એ અંશમાં પરિગણિત શાસ્ત્રજ્ઞાનના વિષયમાં બાણભટ્ટની સ્થિતિ કેવી હતી ? કેમકે અગાઉ જણાવ્યું છે તેમ ઘરમાં જ અવિચ્છિન્ન વિદ્યાપ્રાપ્તિનો પ્રસંગ સુલભ હતો છતાંય દેશ–દેશાન્તર જોવાના કૌતુકથી પ્રેરાઈને તેઓ તો નીકળી પડ્યા હતા. આ સ્થિતિમાં એમણે શાસ્ત્રજ્ઞાન સંપાદિત કર્યું હતું કે નહીં ? એવો પ્રશ્ન સંભવી શકે છે. તો પ્રથમોચ્છ્વાસમાં જ્યાં એમ કહેવાયું છે કે તે પોતાની જન્મભૂમિરૂપ બ્રાહ્મણાધિવાસમાં પાછા ફર્યા, ત્યાં એવું સ્પષ્ટ જણાવ્યું છે કે તે વિદ્વાનોની મંડળીમાં ગળાડૂબ રહેનારા પોતાના વંશને ઉચિત એવી વિદ્વત્તાપૂર્ણ પ્રકૃતિને પામ્યા.[5] આથી નક્કી થાય છે કે તેમણે દેશાટન દરમ્યાન ઘણે સ્થળેથી શાસ્ત્રજ્ઞાન પણ સંપાદિત કર્યું હતું જ.

૧.૧ હવે જ્યારે આપણે 'કાદમ્બરી'માં, કે 'હર્ષચરિત'માં સન્ધ્યાવર્ણન, સરોવર-વર્ણન, સૈન્યોની કૂચ કે રાજદરબારોનાં વર્ણન વાંચીએ છીએ, અથવા તો જ્યારે મન્ત્રી શુકનાસનો ઉપદેશ, કે મિત્ર કપિંજલનો ઉપદેશ વાંચીએ છીએ ત્યારે બાણભટ્ટનું 'લોકવૃત્ત'-વિષયક સૂક્ષ્માવલોકન પ્રકટ થતું જોવા મળે છે.

૧.૨ બીજી તરફ સમ્રાટ હર્ષનું ચઢિયાતાપણું વર્ણવવા તે કહે છે કે નહુષ પારકી સ્ત્રીનો અભિલાષી હોવાથી મહાભુજંગ હતો; યયાતિ રાજા બ્રાહ્મણી સાથે પાણિગ્રહણ કરવાથી પડ્યો... ગુરુ દ્રોણના ભયથી ગભરાઈ ગયેલા હૃદયવાળા યુધિષ્ઠિરે યુદ્ધભૂમિ ઉપર સત્ય છોડી દીધું. આ રીતે દેવોના દેવ અને બધા દ્વીપોને ભોગવનાર હર્ષ રાજા સિવાય બીજું એકેય રાજત્વ અપકલંક વિનાનું નથી.[6] આવાં વાક્યોથી બાણભટ્ટનું કાવ્ય અને પુરાણાદિ વિષયક જ્ઞાન ઉદ્ઘાટિત થાય છે.

---

३ अत्रान्तरे...पुस्तकवाचकः सुदृष्टिराजगाम ।...गीत्या पवमानप्रोक्तं पुराण पपाठ ॥ (**हर्षचरितम्**, सं. पी. वी. काणे, पृ. ३९)

४ अद्य तु चतुर्दशीति भगवन्तं महाकालमर्चितुमितो गतया तत्र महाभारते वाच्यमाने श्रुतम-पुत्राणां किल न सन्ति लोकाः । (**कादम्बरी**, Ed. by Peter Peterson Part I, Bombay, 1885, p. 61)

५ विदग्धमण्डलानि च गाहमानः, पुनरपि तामेव वैपश्चितीमात्मवंशोचितां प्रकृतिमभजत ॥ (**हर्षचरितम्**, प्रथमोच्छ्वासः, सं. पी. वी. काणे, पृ. १९–२०)

६ युधिष्ठिरो गुरुभयविषण्णहृदयः समरशिरसि सत्यमुत्सृष्टवान् । इत्थं नास्ति राजत्वम-पकलङ्कमृते देवदेवामुतः सर्वद्वीपभुजो हर्षात् ॥ (**हर्षचरितम्**, तृतीयोच्छ्वासः, सं. पी. वी. काणे, पृ. ४०)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧.૩ પરંતુ કાવ્યસર્જનમાં 'શાસ્ત્રજ્ઞાન'નો જ્યાં સંસ્પર્શ થયો હોય તેવા સન્દર્ભો પણ એકત્રિત કરીને એનું સમીક્ષાત્મક અધ્યયન કરવું જોઈએ. આમ તો જો કે બાણભટ્ટ જે વૈવિધ્ય-સભર અને સુદીર્ઘ વાક્યરચનાઓ કરી શકે છે, અથવા તો પ્રલમ્બ સમાસોની સંઘટના કરી શકે છે અને ઉપમા, પરિસંખ્યા, રૂપક, શ્લેષ અને ઉત્પ્રેક્ષાદિ-અલંકારપ્રચૂર શબ્દાવલી ગૂંથી શકે છે તે તેમના શાસ્ત્રજ્ઞાનના પ્રથમદર્શી પુરાવાઓ છે. એ જ પ્રમાણે **कामण्डलवेन** (पृ. ३), **ढुढौके** (पृ. १३), **यायजूकजने** (पृ. ३७), **पस्कायिरे** (पृ. ८२), **जिघृक्षुः** (पृ. ९६) ઇત્યાદિ[7] શબ્દોનો પ્રયોગ, કે જે પ્રાયઃ વૈયાકરણગોષ્ઠિમાં જ બાહુલ્યેન વપરાતા સંભળાય છે, તે તેમની વિદ્વત્તાના પરિચાયક છે જ.

૨.૦ પરંતુ ઉપર્યુક્ત (૧-૩) પ્રકારના ભાષાપ્રયોગ ઉપરાંત 'હર્ષચરિત' જેવી કૃતિની સંરચનામાં જ્યાં બાણભટ્ટનું પાણિનીય વ્યાકરણશાસ્ત્રવિષયક જ્ઞાન કામ કરી રહ્યું છે તેનું રહસ્યોદ્ઘાટન કરવું એ પ્રસ્તુત લેખનું અપૂર્વ ઇપ્સિતતમ કર્મ છે.

૨.૧ પાણિનિકૃત 'અષ્ટાધ્યાયી'નું **संख्या वंश्येन । २-१-१९** સૂત્ર જણાવે છે કે—વંશ્યવાચક સુબન્ત શબ્દની સાથે સંખ્યાવાચક શબ્દનો સમાસ થાય છે; અને તે 'અવ્યયીભાવ' સમાસ કહેવાય છે. જેમ કે, **द्वौ मुनी व्याकरणस्य वंश्यौ इति द्विमुनि व्याकरणस्य ।** આ સૂત્ર ઉપરની 'કાશિકાવૃત્તિ'માં 'વંશ' અને 'વંશ્ય' શબ્દને સમજાવતાં લખ્યું છે કે—**विद्यया जन्मना वा प्राणिनामेकलक्षणसंतानो वंश इत्यभिधीयते । तत्र भवो वंश्यः ।**[8] અર્થાત્ પ્રાણીઓનો વિદ્યા થકી કે જન્મ થકી એકલક્ષણ સંતાનપ્રવાહ (= એક સ્વભાવવાળી સંતતિ) તેને 'વંશ' કહે છે. (દા.ત. વિદ્યાવંશ-**वैयाकरणवंशः ।** તથા જન્મવંશ-**ब्राह्मणवंशः**); અને આવા વંશમાં (ક્રમશઃ) આવતી/જન્મતી વ્યક્તિને 'વંશ્ય' કહેવાય છે.

પાણિનિનું બીજું એક સૂત્ર છે: **विद्यायोनिसम्बन्धेभ्यो वुञ् ।** ૪-૩-૭૭ આ સૂત્ર જણાવે છે કે વિદ્યાકૃત અને યોનિકૃત સમ્બન્ધને કારણે જે સમ્બન્ધ ઊભો થતો હોય છે; તદ્વાચક શબ્દોની પરમાં, "તેમાંથી આવેલ-પ્રાપ્ત થયેલ" એ અર્થમાં, **वुञ्** (**अक**) પ્રત્યય લાગે છે. દા. ત. **उपाध्यायादागतमिति औपाध्यायकम्** (**ज्ञानम्**)। એ વિદ્યાસમ્બન્ધનું ઉદાહરણ છે. તે જ રીતે **मातामहादागत इति मातामहकः ।** એ યોનિસમ્બન્ધનું ઉદાહરણ છે.[9] (ભાષ્યકારે આ જન્મવંશના ૧. માતૃવંશ અને ૨. પિતૃવંશ-એવા બીજા બે પેટાભેદ પણ દર્શાવ્યા છે. જુઓ-૪-૧-૧૪૭ સૂત્રભાષ્ય).

---

૭ પાદટીપ-૨માં દર્શાવેલી શ્રી. પી. વી. કાણેએ સંપાદિત કરેલી 'હર્ષચરિત'ની આવૃત્તિના આ પૃષ્ઠાંક છે.

૮ જુઓ: **काशिकावृत्तिः** (**द्वितीयो भागः**), सं. द्वारिकादास शास्त्री एवं कालिकाप्रसाद शुक्लश्च । प्राच्यभारती प्रकाशन, वाराणसी, १९६५, (पृ. ३६)

९ જુઓ: **काशिकावृत्तिः** (**चतुर्थो भागः**), सं. द्वारिकादास शास्त्री एवं कालिकाप्रसाद शुक्लश्च । तारा पब्लीकेशन, वाराणसी, १९६६, पृ. ६७०.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાણિનિએ **ऋतो विद्यायोनिसम्बन्धेभ्य:** । ૬–૩–૨૩ એવા ત્રીજા એક સૂત્રમાં જણાવ્યું છે કે ઋકારાન્ત વિદ્યાસમ્બન્ધવાચી અને યોનિસમ્બન્ધવાચી શબ્દની પરમાં આવેલી ષષ્ઠી વિભક્તિનો અલુક્ (સમાસ) થાય છે. દા. ત. **होतुरन्तेवासी** । અને **होतुः पुत्रः** ॥ અહીં હરદત્તે ‘પદમંજરી’ ટીકામાં જણાવ્યું છે કે ‘વિદ્યા’ અને ‘યોનિ’ એ બેમાંથી વિદ્યા વધુ અભ્યર્હિત–પૂજનીય–હોવાથી સૂત્રકારે તે શબ્દનો પૂર્વનિપાત કર્યો છે.[10]

આમ બે પ્રકારના વંશો પાણિનિના સમયથી ચાલતા હોય એવું આ સૂત્રો દ્વારા જાણવા મળે છે. આ સૂત્રોના પ્રભાવ હેઠળ જ બાણભટ્ટ ‘હર્ષચરિત’નો પ્રારંભ કરતા હોય એવું સ્પષ્ટપણે જોવા મળે છે.

૨. ૨ કવિ બાણભટ્ટ ‘હર્ષચરિત’ આખ્યાયિકાના આરંભે વંશ–વર્ણન કરવાના આશયથી, બ્રહ્મલોકથી વાત શરૂ કરે છે. બ્રહ્માની હાજરીમાં શાસ્ત્રગોષ્ઠિ કરતાં કરતાં સુલભકોપ દુર્વાસા મન્દપાલ નામના મુનિ જોડે કલહ કરી બેસે છે. તેમણે ક્રોધાન્ધ થઈ જવાતાં સામમન્ત્રનો વિસ્વર પાઠ કર્યો. આથી બ્રહ્માની બાજુમાં બિરાજમાન સરસ્વતી મશ્કરીમાં હસી પડી. પરિણામ સ્પષ્ટ હતું. દુર્વાસાએ સરસ્વતીનો વિદ્યામદ ઉતારવા માટે શાપ આપ્યો કે ‘તું જા પૃથિવી ઉપર’. શાપ પામેલી સરસ્વતી, પોતાની સખી સાવિત્રીને સાથે લઈ ને પૃથિવીલોક ઉપર ઉતરી આવે છે (બ્રહ્માની કૃપાથી તે શાપ સરસ્વતીના પુત્રનું મુખદર્શન કરવા સુધીની અવધિવાળો જ હતો). ત્યાં ચ્યવનના પુત્ર દધીચ જોડે તે સમાગમમાં આવે છે. સરસ્વતી અને દધીચથી ‘સારસ્વત’ નામના પુત્રનો જન્મ થાય છે. સરસ્વતી સ્વર્ગમાં પાછી ફરે છે. દધીચે પણ પુત્ર સારસ્વતને પોતાના એક પિતરાઈ બ્રાહ્મણ ભાઈની પત્ની અક્ષમાલાને સોંપી દીધો; અને પોતે તપ કરવા વનમાં જતો રહ્યો. આ સમયે અક્ષમાલાએ પોતે પણ એક ‘વત્સ’ નામના પુત્રને જન્મ આપ્યો હતો. આ વત્સની સાથે સાથે સારસ્વતનું સંવર્ધન થયું. સરસ્વતીદેવીની કૃપાથી સારસ્વતને વેદ–વેદાંગ સહિત સર્વશાસ્ત્ર, કલા વગેરેનું જ્ઞાન સહજ પ્રાદુર્ભૂત થયું હતું. તે સઘળું જ્ઞાન તેણે સહોદર સમા ભ્રાતા વત્સમાં સંક્રાન્ત કર્યું. આ વત્સથી જે વાત્સ્યાયન વંશનો આરંભ થયો તેમાં કાલક્રમે કુબેરથી પાશુપત, પાશુપતથી અર્થપતિ, અર્થપતિથી ચિત્રભાનુ અને ચિત્રભાનુથી બાણનો જન્મ થયો. આમ કવિ બાણભટ્ટ વિદ્યાવંશની દૃષ્ટિએ ‘સારસ્વત’ છે અને પિતૃવંશ પરંપરાની દૃષ્ટિએ ‘વાત્સ્યાયન’ છે એમ જણાવીને પ્રથમ ઉચ્છ્વાસમાં પોતાના દ્વિવિધ વંશનું વર્ણન કરે છે.

વળી, **ऋतो विद्यायोनिसम्बन्धेभ्यः** । ૬-૩-૨૩ સૂત્રને સમજાવતાં ટીકાકાર હરદત્તે જે કહ્યું છે કે દ્વિવિધ વંશમાંથી વધુ પ્રશસ્ત વંશ તો વિદ્યાવંશ જ છે; તેથી સૂત્રકારે ‘વિદ્યા’ શબ્દનો જ પૂર્વમાં નિર્દેશ કર્યો છે. આ સ્પષ્ટતા મુજબ કવિ બાણભટ્ટે પણ પોતાના દ્વિવિધ વંશમાંથી

---

૧૦ **विद्या च योनिश्च विद्यायोनी । अभ्यर्हितत्वाद्विद्यायाः पूर्वनिपातः । तत्कृतसम्बन्धो येषां ते विद्यायोनिसम्बन्धाः ।** (पदमञ्जरीतः)—**काशिकावृत्तिः (पञ्चमो** भागः), तारा पब्लीकेशन, **वाराणसी,** १९६७ पृ. २११ અન્યથા **द्वन्द्वे घि** । ૨–૨–૩૨ સૂત્રથી દ્વન્દ્વ સમાસમાં ઘિ સંજ્ઞાવાળા योनि શબ્દનો પૂર્વનિપાત કરીને, योनिविद्ये એમ કરવું જોઈએ. પરંતુ अभ्यर्हितञ्च (पूर्वम्) । એવા વાર્તિકથી અભ્યર્હિત-પૂજનીય અર્થવાળા શબ્દનો પૂર્વનિપાત કરવામાં આવ્યો છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સૌથી પહેલા, વિદ્યાવંશને જ વર્ણવવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે; અને એ રીતે બ્રહ્મલોકમાંથી સરસ્વતી કેવી રીતે પૃથિવી ઉપર આવી વગેરેની વાત પહેલાં શરૂ કરી છે તથા પોતે વિદ્યાવંશમાં સારસ્વત છે એ વાત વિસ્તારથી કહ્યા પછી જ, તેમણે બીજા ક્રમે પોતે પિતૃવંશમાં 'વાત્સ્યાયન' છે એમ જણાવ્યું છે.[11]

બીજું 'હર્ષચરિત'ના આરંભે વર્ણવાયેલો કવિનો દ્વિવિધ વંશ સમજ્યા પછી, **बाणी बाणो बभूव ।** એ **પ્રસિદ્ધ ઉક્તિનું** સ્વારસ્ય પણ હસ્તામલકવત્ સ્પષ્ટ થઈ જશે !

સાહિત્યરસિકોને અને વિદ્વાનોને એમ લાગ્યું છે કે બાણભટ્ટને પ્રથમોચ્છ્વાસમાં મુખ્યત્વે પિતૃવંશવર્ણન કરવાનો આશય છે, અને તેનો આરંભ કરતાં પહેલાં 'હર્ષચરિત'નો આરંભ પૌરાણિક ઢબે કરવો છે માટે કવિએ બ્રહ્મલોકમાં સરસ્વતીને દુર્વાસાનો શાપ મળ્યાની અને દધીચ–સરસ્વતીના પ્રણયાદિની વાત કરી છે, જેમ કે, શ્રી વાસુદેવશરણ અગ્રવાલે લખ્યું છે કે— हर्षचरित का आरम्भ पुराण की कथा के ढंग पर होता है। અને यहाँ तक बाणभट्ट न अपने पूर्वजों का पौराणिक वर्णन किया है, जिसमें लगभग पूरा पहला उच्छ्वास समाप्त हो जाता है।[12]

પરંતુ આપણે ઉપર જોયું તેમ આ મત ગ્રાહ્ય જણાતો નથી. વાસ્તવમાં કવિ પોતાના પ્રશસ્તતર વિદ્યાવંશને પ્રથમ વર્ણવીને પછી પિતૃવંશને કહેવાના આશયથી જ અમુક રીતના પ્રથમ ઉચ્છ્વાસની સહેતુક રચના કરી રહ્યા છે. આમ વ્યાકરણશાસ્ત્રના જ્ઞાને બાણભટ્ટના કાવ્યસર્જનને પ્રત્યક્ષ રીતે પ્રભાવિત કર્યું છે એમ જોઈ શકાય છે. બીજા શબ્દોમાં કહીએ તો અહીં શાસ્ત્ર–વિધાનનું કાવ્યમાં પરાવર્તન કરવામાં આવ્યું છે.

૩.૦ પાણિનિએ 'અષ્ટાધ્યાયી'માં જ્યાં સમાસવિધાયક સૂત્રો મૂકયાં છે ત્યાં જણાવ્યું છે કે **अव्ययं विभक्तिसमीपसमृद्धिव्यृद्धयर्थाभावात्ययासम्प्रतिशब्दप्रादुर्भावपश्चाद्यथानुपूर्व्ययौगपद्यसादृश्य-सम्पत्ति-साकल्यान्तवचनेषु ॥ २–१–६** અર્થાત્ "વિભક્તિ, સમીપ, સમૃદ્ધિ, વ્યૃદ્ધિ, અર્થાભાવ, અત્યય, અસમ્પ્રતિ, **શબ્દપ્રાદુર્ભાવ,** પશ્ચાદ્, યથા, આનુપૂર્વ્ય, યૌગપદ્ય, સાદૃશ્ય, સમ્પત્તિ, સાકલ્ય અને અન્તવચન–એ અર્થોને વ્યક્ત કરનાર જે અવ્યય, તેનો સમર્થ સુબન્ત પદની સાથે સમાસ થાય છે; અને તેને 'અવ્યયીભાવ' સમાસ કહે છે. "દા. ત. **कुम्भस्य समीपम् इति, उपकुम्भम् ।** અહીં 'સમીપ' અર્થને વ્યક્ત કરનાર उप અવ્યયનો + **कुम्भम्** એવા સુબન્તની સાથે સમાસ થઈને **उपकुम्भम् ॥** બને છે. આ સૂત્રમાં ગણાવેલા 'શબ્દપ્રાદુર્ભાવ' રૂપી અર્થને વ્યક્ત કરતા અવ્યયીભાવ સમાસનું ઉદાહરણ આપતાં કાશિકાકારે નોંધ્યું છે કે —**शब्दप्रादुर्भावः —शब्दस्य प्रकाशता । इतिपाणिनि । तत्पाणिनि । पाणिनिशब्दो लोके प्रकाशत**

---

૧૧ તુલનીય : प्रजानां विनयाधानाद् रक्षणाद् भरणादपि ।
स पिता, पितरस्तासां केवलं जन्महेतवः ॥ (रघुवंशः, १.२४)

१२ हर्षचरित : एक सांस्कृतिक अध्ययन, डॉ. वासुदेवशरण अग्रवाल, बिहार राष्ट्रभाषा परिषद, राजेन्द्रनगर, पटना—४, द्वितीय संस्करण, १९६४, (पृ. १२ एवं २५)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

इत्यर्थः ॥[१३] અર્થાત્ કોઈ શબ્દ પ્રકાશિત થયો, એટલે કે અમુક શબ્દનો ફેલાવો–પ્રચાર થયો–એને 'શબ્દપ્રાદુર્ભાવ' કહેવાય છે. દા. ત. 'પાણિનિ' એવો શબ્દ પ્રકાશમાં આવ્યો–એ અર્થમાં इतिपाणिनि । એવો અવ્યયીભાવ સમાસ થાય છે. જેનો વિગ્રહ–વાક્યાર્થ આવો થશે :—'પાણિનિ' એવો શબ્દ લોકમાં પ્રકાશે છે.

અહીં કાશિકાકારે 'શબ્દપ્રાદુર્ભાવ'નું જે ઉદાહરણ આપ્યું છે તે યથાર્થ હોવા છતાંય પાણિનિ પ્રત્યેના અહોભાવથી પ્રેરાયેલું છે, અને પરિણામે વૈયાકરણ–ગોષ્ઠિ પૂરતું સીમિત છે. આ સ્થળે તેમણે લોકમાંથી કે સાહિત્યમાંથી બીજું કોઈ ઉદાહરણ આપ્યું નથી.

૩.૧ હવે બાણભટ્ટ જ્યારે હર્ષવર્ધનના જન્મથી માંડીને, એનું 'દ્વિતીય મહાભારત' જેવું ચરિત કહેવાનું શરૂ કરે છે ત્યારે ચતુર્થ ઉચ્છ્વાસમાં એક તબક્કે કહે છે કે..........ધાત્રીના હાથની આંગળીએ વળગેલો હર્ષ પાંચ–છ ડગલાં ભરતો થયો ત્યારે, તથા રાજ્યવર્ધન છઠ્ઠા વર્ષમાં પહોંચ્યો ત્યારે દેવી યશોમતીએ પુત્રી રાજ્યશ્રીને જન્મ આપ્યો. ત્યાર પછી કવિ બાણભટ્ટ એવું કહેતા નથી કે—'રાજ્યવર્ધન અને હર્ષ એ બે રાજકુમારોની કીર્તિ સમસ્ત ભૂમણ્ડલમાં વ્યાપી વળી,' પણ એવું કહે છે કે—"ચમકતી ચાંદની અને યશઃરૂપી પ્રતાપથી સમગ્ર ભુવન પર આક્રમણ કરનાર અભિરામ ચન્દ્ર અને દુર્નિરીક્ષ્ય સૂર્ય જેવા; જેમણે તેજ અને બળને અભિવ્યક્ત કર્યું છે એવા અગ્નિ અને મારુત જેવા એક બનીને ઊભા રહેલા; શિલાઓથી રચાયેલી કઠિન કાયાવાળા હિમાલય અને વિન્ધ્યાચળ જેવા અચલ.........'રાજ્યવર્ધન' અને 'હર્ષ' એવા આવિર્ભૂત થયેલા બે **શબ્દપ્રાદુર્ભાવો** અત્યંત ટૂંક સમયમાં જ દ્વીપાન્તરોમાં પણ પ્રકાશને પામ્યા.[૧૪]

અહીં કવિએ "'રાજ્યવર્ધન' અને 'હર્ષ' એવા બે શબ્દપ્રાદુર્ભાવો, અર્થાત્ એવાં બે નામો—એવી બે ધ્વનિશ્રેણીઓ—પ્રકાશમાં આવ્યાં. એમ જે કહ્યું છે તેમાં સ્પષ્ટપણે પાણિનિના अव्ययं विभक्तिसमीपसमृद्धि...शब्दप्रादुर्भाव...अन्तवचनेषु । ૨–૧–૬ સૂત્રમાંના જ "શબ્દપ્રાદુર્ભાવ" શબ્દને ગૂંથી લેવાનો ઉપક્રમ છે. વળી, કાશિકાકારે इतिपाणिनि । એવા સમાસના વિગ્રહ–વાક્ય તરીકે पाणिनि शब्दो लोके प्रकाशते । એવું જે કહ્યું છે તેમાંથી 'પ્રકાશ' શબ્દને સ્વીકારીને, બાણભટ્ટે પણ प्रकाशतां जग्मतुः । એમ ઉમેર્યું છે! આમ પાણિનિપ્રોક્ત આ 'શબ્દપ્રાદુર્ભાવ' શબ્દને સાહિત્યમાં એક ઉદાહરણ તરીકે ચરિતાર્થ કરી બતાવવાનો તેમનો સભાન પ્રયત્ન છે એ નિર્વિવાદ છે.

---

१३ काशिकावृत्तिः (द्वितीयो भागः), सं. शास्त्री शुक्लश्च, तारा पब्लीकेशन, वाराणसी, १९६५, पृ. २२.

१४ अथ चन्द्रसूर्याविव स्फुरज्ज्योत्स्नायशः प्रतापाक्रान्तभुवनावभिरामदुर्निरीक्ष्यौ, अग्निमारुताविव समभिव्यक्ततेजोबलावेकीभूतौ, शिलाकठिनकायबान्धौ हिमवद्विन्ध्याविवाचलौ... राज्यवर्धन इति हर्ष इति सर्वस्यामेव पृथिव्याम् आविर्भूतशब्दप्रादुर्भावौ, स्वल्पीयसैव कालेन द्वीपान्तरेष्वपि प्रकाशतां जग्मतुः ॥—हर्षचरितम्, चतुर्थोच्छ्वासः, सं. पी. वी. काणे, मोतीलाल बनारसीदास दिल्ली, १९८६, पृ. ६५–६६.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩. ૨ આ 'સભાન પ્રયત્ન' છે એમ જ્યારે કહીએ છીએ ત્યારે તેના સમર્થનમાં અમે આ જ ચતુર્થ ઉચ્છ્વાસના આરંભે મૂકેલા શ્લોકો તરફ અંગુલિનિર્દેશ કરીએ છીએ. જેમકે, ત્યાં જણાવ્યું છે કે --

योगं स्वप्नेऽपि नेच्छन्ति, कुर्वते न करग्रहम् ।
महान्तो नाममात्रेण भवन्ति पतयो भुवः ।।

અર્થાત્–"(શત્રુ રાજાને જાસૂસો મોકલી વિષપાન કરાવવું વગેરે પ્રકારનો) 'યોગ' કરવાનું જે સ્વપ્નમાં પણ ઈચ્છતા નથી; જેઓ પાણિગ્રહણ પણ કરતા નથી અને પ્રજા પાસેથી કર પણ ઉઘરાવતા નથી તેવા મહાપુરુષો–રાજ્યવર્ધન અને હર્ષ–નામમાત્રથી (જ) પૃથ્વીના પતિઓ બની જાય છે," અહીં પણ રાજ્યવર્ધન કે હર્ષવર્ધનને તેમના નામ થકી જ—શબ્દ-પ્રાદુર્ભાવથી જ–પૃથિવીપતિ બની જતા કહ્યા છે. આમ સ્પષ્ટપણે કહી શકાય કે મહાકવિ બાણભટ્ટે પોતાના વ્યાકરણશાસ્ત્રીય જ્ઞાનને કાવ્યદેહ આપ્યો છે–અર્થાત્ શાસ્ત્રને કાવ્યમાં પરાવર્તિત કર્યું છે.

૩. ૩ બાણભટ્ટ કાવ્યની સંરચનામાં વ્યાકરણશાસ્ત્રનો આવો સીધો ઉપયોગ કર્યો હોવા પાછળનું પ્રેરક પરિબળ પણ 'હર્ષચરિત'ના ત્રીજા ઉચ્છ્વાસમાં શબ્દબદ્ધ થયેલું જોવા મળે છે. જેમકે, બાણભટ્ટ જ્યારે હર્ષવર્ધનને મળીને શરદૃઋતુમાં ઘરે પાછા ફરે છે ત્યારે તેમને ગણપતિ, અધિપતિ, તારાપતિ અને શ્યામલ–એ નામના ચાર પિતૃવ્યપુત્રો(કાકાના દીકરા ભાઈઓ)એ હર્ષચરિત સંભળાવવાની વિનંતી કરી છે. અર્થાત્ બાણભટ્ટના 'હર્ષચરિત'નો પ્રથમ શ્રોતૃવર્ગ તે મુખ્યત્વે આ ચાર વ્યક્તિઓનો બનેલો છે. આ ચારેયની ઓળખાણ આપતાં કવિએ પોતે જ શ્લિષ્ટપદાવલીમાં કહ્યું છે કે—

"ગણપતિ, અધિપતિ, તારાપતિ અને શ્યામલ એવા ચાર કાકાના પુત્રો–ભાઈઓ કે જેમને વ્યાકરણમાં જેમ (કાશિકા)–વૃત્તિ સુબોધ છે, જેમણે વાક્ય અર્થાત્ વાર્તિકોનું ગ્રહણ કર્યું છે, ગુરુપદ અર્થાત્ દુર્બોધ શબ્દના વિષયમાં જેમણે 'ન્યાસ'નો અભ્યાસ કર્યો છે, જેઓ (પરિભાષાઓરૂપી) ન્યાયને જાણનારા છે, સારી રીતે (વ્યાડિકૃત) 'સંગ્રહ' ગ્રન્થનો અભ્યાસ કરીને જે ગુરુ બન્યા છે અને જેમને 'સાધુ'(વ્યાકરણસમ્મત) શબ્દોનું જ્ઞાન થયેલું છે તેવા; તેમની લોકમાં પણ (ચિત્ત) વૃત્તિઓ પ્રસન્ન છે, જેઓ વાક્યનું ગ્રહણ કરનારા છે, 'ગુરુ' પદે જેમને સ્થાપવામાં આવ્યા છે, જેઓ ન્યાય (સત્યાસત્યનો વિવેક)ને જાણનારા છે, જેઓ સત્કર્મોનો સંગ્રહ કરવાની ટેવથી મહાન બનેલા છે અને જેમને 'સાધુ' સજ્જન—એવો શબ્દ (આબરુ) પ્રાપ્ત થયેલ છે તેવા તે મહાવિદ્વાન ભાઈઓ, કે જેમણે પહેલેથી જ (બાણ પાસે 'હર્ષચરિત' કહેવડાવવાનો) સંકેત નક્કી કરી રાખ્યો હતો તેઓ જાણે કે વિવક્ષુ (બાણને કંઈક કહેવાની ઇચ્છાવાળા) હોય એમ પરસ્પરનાં મુખો જોવા લાગ્યા."[૧૫]

---

૧૫ गणपतिरधिपतिस्तारापतिः श्यामल इति पितृव्यपुत्रा भ्रातरः, प्रसन्नवृत्तयो गृहीतवाक्याः कृतगुरुपदन्यासाः न्यायवेदिनः सुकृतसंग्रहाभ्यासगुरवो लब्धसाधुशब्दा लोक इव व्याकरणेऽपि...... महाविद्वांसः...पूर्वमेवकृतसङ्केताः विवक्षवः...परस्परस्य मुखानि व्यलोकयन् ॥ (**हर्षचरितम्**, सं. काणे, पृ. ३९–४०)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ પંક્તિઓ એવું સૂચવે છે કે અહીં બેઠેલો શ્રોતૃવર્ગ આરૂઢ વૈયાકરણોનો જ છે. આથી તેમને પ્રસન્ન કરે એવી કૃતિની સંરચના હોવી જોઈએ એ વિષે બાણ પોતે સભાન છે.

૪. ૦ પ્રસ્તુત લેખના શીર્ષકમાં કવિ બાણભટ્ટને 'શાસ્ત્રપરાવર્તક' કહ્યા છે. કેમકે આ કવિ જેમ શાસ્ત્રને કાવ્યમાં પરિવર્તિત કરે છે તેમ કાવ્ય દ્વારા શાસ્ત્રને પ્રત્યાવર્ત્તિત પણ કરે છે. એટલે કે, બાણને માટે 'શાસ્ત્રપરાવર્તક' શબ્દ શ્લિષ્ટ પ્રયોજવો અભીષ્ટ છે. પરંતુ, જ્યાં કવિ બાણભટ્ટે કાવ્ય દ્વારા શાસ્ત્રાજ્ઞાને પાછી વાળી હોય એનું પણ ઉદાહરણ આપવું જોઈએ.

૪.૧ પાણિનિએ **षष्ठ्या आक्रोशे । ६–३–२१** સૂત્ર દ્વારા કહ્યું છે કે "આક્રોશ-નિન્દા-ગમ્યમાન હોય ત્યારે (સમાસમાં) ષષ્ઠી વિભક્તિનો અલુક્ થાય છે." આ સૂત્ર ઉપરના ભાષ્યમાં (ઈ. સ. પૂ. ૧૫૦) પતંજલિએ એક વાર્તિક મૂક્યું છે: * **देवानां प्रिय इति च** * ॥ **देवानां प्रिय इति चोपसंख्यानं कर्तव्यम् । देवानां प्रियः ॥ (व्याकरण–महाभाष्यम्)**. એ જ પ્રમાણે, પતંજલિએ **अजेर्व्यघञपोः । २–४–५६** સૂત્ર ઉપરના ભાષ્યમાં પણ આ શબ્દનો પ્રયોગ કર્યો છે. ત્યાં એક સૂત (સારથિ) અને વૈયાકરણ વચ્ચે સંવાદ થાય છે. રથકાર સૂતને માટે એક વૈયાકરણ **प्रवेता** શબ્દનો પ્રયોગ કરે છે. ત્યારે સૂત વૈયાકરણની ભૂલ કાઢતાં કહે છે કે રથકારને **प्रवेता** નહીં, **प्राजिता** કહેવો જોઈએ. પણ વૈયાકરણ એ '**प्राजिता**'ને અપશબ્દ જાહેર કરે છે. ત્યારે સૂત કહે છે કે—**प्राप्तिज्ञो देवानां प्रियः, न त्विष्टिज्ञः, इष्यते एतद्रूपमिति ॥** "આપ દેવાનાં-પ્રિય તો પાણિનિનાં સૂત્રોથી કયું રૂપ પ્રાપ્ત થાય છે–સિદ્ધ થાય છે એટલું જ જાણનારા છો; અહીં ખરેખર કયું રૂપ ઇષ્ટ છે? એની તમને ખબર જ નથી. એટલે કે **प्रवेता** રૂપ ભલે સૂત્રોક્ત પ્રક્રિયાથી પ્રાપ્ત થતું હોય, પણ ભાષ્યકારને તો **प्राजिता** રૂપ ઇષ્ટ છે. અને તે જ પ્રયોગાર્હ છે.[૧૬] અહીં સ્પષ્ટપણે કટાક્ષોક્તિમાં **देवानां प्रियः** શબ્દનો પ્રયોગ થયો છે.

ત્યાર પછી, કાશિકાકારે(ઈ. સ. ૪૦૦–૫૦૦) પણ વાર્તિક મૂક્યું છે કે ***देवानां प्रिय इत्यत्र च षष्ठ्या अलुग् वक्तव्यः ।** (**वा.**); તથા ભટ્ટોજિ દીક્ષિતે (ઇ. સ. ૧૬૫૦) 'વૈયાકરણસિદ્ધાન્ત॰ કૌમુદી'માં ***देवानां प्रिय इति च मूर्खे ।** એવું વાર્તિક રજૂ કર્યું છે; અને તેમાં આ અલુક્ સમાસના અર્થને શબ્દબદ્ધ કર્યો છે. આ જ રીતે શંકરાચાર્યે (ઈ. સ. ૮૦૦–૯૦૦) અને મમ્મટે (ઈ. સ. ૯૦૦–૧૦૦૦) પણ મૂર્ખ અર્થમાં, પૂર્વપક્ષીને માટે આ **देवानांप्रियः** શબ્દનો પ્રયોગ કર્યો છે.[૧૭]

---

१६ इदमपि सिद्धं भवति–प्राजितेति । किं च भो इष्यत एतद्रूपम् ? । बाढमिष्यते । एवं हि कश्चिद्वैयाकरण आह—कोऽस्य रथस्य प्रवेतेति ॥ सूत आह—अहमायुष्मन्नस्य रथस्य प्राजितेति ॥ वैयाकरण आह—अपशब्द इति ॥ सूत आह—प्राप्तिज्ञो देवानां प्रियः, न त्विष्टिज्ञः, इष्यत एतद्रूपमिति ॥ (व्याकरण–महाभाष्यम्, अजेर्व्यघञपोः । २–४–५६, प्रथम खण्ड, प्रदीपोद्द्योतसहितम्, मोतीलाल बनारसीदास, दिल्ली, १९६७, पृ. ५५७)

१७ संभोगप्राप्तिरिति चेन्न वैशेष्यात् । १–२–८ સૂત્ર ઉપરના શાંકરભાષ્યમાં લખ્યું છે કે अत्र वदामः—इदं तावद्देवानांप्रियः प्रष्टव्यः । कथमयं त्वयात्मान्तरभावोऽध्यवसित इति ॥ (ब्रह्मसूत्र-शाङ्करभाष्यम्, सं. हनुमानदासजी षट्शास्त्री, चोखम्बा, विद्याभवन, वाराणसी, १९८८, पृ. १५५) તથા 'કાવ્યપ્રકાશ' પાંચમા ઉલ્લાસમાં લખ્યું છે કે—तेऽप्यतात्पर्यज्ञास्तात्पर्यवाचोयुक्तर्देवानां प्रियाः । काव्यप्रकाशः, सं. आचार्य विश्वेश्वरः, ज्ञानमण्डल लिमिटेड, वाराणसी, १९८६, पृ २३०.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હવે આ देवानांप्रिय શબ્દનો પ્રયોગ ભાષ્યકારની પૂર્વે ક્યાં થયો છે? એની તપાસ કરીએ તો જણાય છે કે ઈ. સ. પૂર્વે ૨૫૦માં સમ્રાટ અશોકના શિલાલેખોમાં આ શબ્દ પહેલવહેલો વપરાયો છે : इयं धर्मलिपि देवानां प्रियेण प्रियदर्शिना राज्ञा लिखापिता ।[१८] અહીં બૌદ્ધધર્મનો અંગીકાર કરીને બૌદ્ધ ધર્મને રાજ્યાશ્રય આપનારા સમ્રાટ અશોક તરફ આક્રોશ બતાવવા માટે બ્રાહ્મણસંસ્કૃતિના વૈયાકરણોએ षष्ठ्या आक्रोशे । ६–३–२१ સૂત્ર ઉપર देवानांप्रिय इति च । એવું વાર્ત્તિક ઉમેરી દીધું જણાય છે.[१९] (અને કાલાન્તરે ભટ્ટોજિ દીક્ષિતે देवानां प्रिय इति च मूर्खे । * (वा.) એવો એક શબ્દનો પ્રક્ષેપ કરીને એનો અર્થ પણ શબ્દબદ્ધ કરી દીધો.)[२०]

૪.૨ બાણભટ્ટે 'હર્ષચરિત'માં આ શબ્દનો બે વાર પ્રયોગ કર્યો છે. તે બન્નેનો પૂર્વાપર સન્દર્ભમાં અભ્યાસ કરતાં જણાય છે કે તેમણે તો देवानां प्रियः । ને એના મૂળ સારા અર્થમાં જ, એટલે કે દેવોને પ્રિય અર્થમાં જ પ્રયોજ્યો છે. જેમકે,

(क) सौजन्यपरतन्त्रा चेयं देवानां प्रियस्यातिभद्रता कारयति कथां, न तु युवतिजने सहोत्था तरलता ॥ (हर्षचरितम्, प्रथमोच्छ्वासः, पृ. ११) અર્થાત્

"દેવોને (પણ) પ્રિય (એવા પુરુષ)ની સૌજન્યને વશ વર્તનારી આ અતિશય ભદ્રતા જ (તમારી સાથે) વાતચીત કરાવે છે, યુવતિજનોમાં ઊઠતી ચંચળતા નહીં."

અહીં સરસ્વતી અને સાવિત્રીને જોવા–મળવા આવી પહોંચેલા દધીચ અને તેના સાથીદાર વિકુક્ષિ વચ્ચેનો સંવાદ રજૂ થયો છે. તેમાં સાવિત્રી દધીચના વંશ, નામ અને નિવાસ સ્થાનાદિની વિગત મેળવવા માટે જે પ્રશ્નો પૂછવા માગે છે તેનો ઉપક્રમ રચતાં ઉપર્યુક્ત વાક્ય

---

૧૮ ગિરનાર ઉપરના અશોકના શિલાલેખમાં આવું વાંચવા મળે છે :—
इय (°) धंम—लिपी देवानं पि[प्रि]येन पि[प्रि]यदसिना राञा लेख (ा) पि(ता) (।) ॥ (જુઓ : प्राचीन भारतीय अभिलेखों का अध्ययन, श्री वासुदेव उपाध्याय, मोतीलाल बनारसीदास, दिल्ली, १९६१, पृ. २४७.

૧૯ આ શબ્દપ્રયોગ વિષે આચાર્ય વિશ્વેશ્વરે લખ્યું છે કે—
यद्यपि संस्कृत साहित्य में यह शब्द मूर्ख अर्थ में रूढ़ हो गया है, परंतु वह सदा से इस गर्हित अर्थ का बोधक नहीं रहा है, उसके पीछे एक इतिहास है । 'देवानांप्रियः' का सीधा अर्थ 'देवताओं का प्रिय' है, इसी सुन्दर अर्थ के कारक बौद्धमतानुयायी सम्राट अशोकने अपने नाम के आगे उपाधि-रूपसे उसका प्रयोग प्रारम्भ किया था । पर बाद में धार्मिक विद्वेशवश इस शब्द का प्रयोग मूर्ख अर्थमें किया जाने लगा । "देवानांप्रिय इति च मूर्खे" लिखकर वार्तिककारने उस शब्द को मूर्ख अर्थमें रूढ़ कर दिया है । अशोक का समय विक्रमपूर्व चतुर्थ शताब्दीमें है और वार्तिककार और वार्तिककार कात्यायन का समय विक्रमपूर्व तृतीय शताब्दीमें पड़ता है ।। (काव्यप्रकाशः, सं. आचार्य विश्वेश्वर, ज्ञानमण्डल लिमिटेड, वाराणसी, १९८६, पृ. २३१).

२० જુઓ : वैयाकरणसिद्धान्तकौमुदी, द्वितीयो भागः, (बालमनोरमातत्त्वबोधिनीसमेता), सं. गिरिधर शर्मा, चतुर्वेदी मोतीलाल बनारसीदास, दिल्ली, १९७१, पृ. २३७

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બોલવામાં આવ્યું છે. તે પ્રત્યક્ષપણે વિકુક્ષિને, અને પરોક્ષ રીતે દધીચને પણ ઉદ્દેશીને બોલાયું જણાય છે. પરંતુ તે 'દેવોને (પણ) પ્રિય' એવા અનિન્દ્ય-પ્રશંસનીય અર્થમાં જ વપરાયો છે એમાં કોઇ શંકા નથી. 'હર્ષચરિત' ઉપરની 'સંકેત' ટીકામાં પણ જણાવ્યું છે કે 'દેવાનાંપ્રિય' શબ્દ 'પૂજાવચન' છે; અર્થાત્ માનાર્થે વપરાયેલો છે.[21]

(ख) इहापि जन्मनि दत्तमेवास्माकममुना तपःक्लेशेन फलमसुलभदर्शनं दर्शयता देवानां प्रियम् । आ तृप्तेः पीतममृतमीक्षणाभ्याम् ॥ (हर्षचरितम्, अष्टमोच्छ्वासः, सं. श्री पी. वी. काणे, पृ. १२९).

અહીં ભદન્ત દિવાકરમિત્ર સમ્રાટ્ હર્ષવર્ધનને ઉદ્દેશીને આ વાક્ય બોલ્યા છે: "દેવોને પણ પ્રિય એવા અસુલભ દર્શનવાળા તમોને બતાવતાં અમારા આ તપના કલેશે આ જન્મમાં પણ ફળ આપી દીધું છે. બે આંખો વડે તૃપ્તિ થાય ત્યાં સુધી અમે અમૃતનું પાન કર્યું છે."

આ સન્દર્ભમાં પણ બાણભટ્ટે સ્પષ્ટપણે હર્ષવર્ધનને માટે પ્રશંસાપરક અર્થમાં જ **देवानां प्रियः** શબ્દનો પ્રયોગ કર્યો છે. પણ તેનું રહસ્ય સમજવા જેવું છે. સમ્રાટ્ અશોકે બૌદ્ધ ધર્મનો અંગીકાર કરીને, પોતાના ઉપનામ તરીકે આ શબ્દને ધારણ કર્યો હતો. તેની પ્રતિક્રિયા રૂપે બ્રાહ્મણસંસ્કૃતિના વૈયાકરણોએ આ શબ્દને 'મૂર્ખ' અર્થમાં-નિન્દનીય વ્યક્તિની તરફ આક્રોશ વ્યક્ત કરવા માટે-પ્રયોજવો એવી શાસ્ત્રાજ્ઞા ફરમાવી છે. પરંતુ બાણભટ્ટને જેમણે આશ્રય આપ્યો હતો તે સમ્રાટ્ હર્ષવર્ધને પણ બૌદ્ધધર્મને રાજ્યાશ્રય આપ્યો હતો; અને દિવાકરમિત્ર જેવો ભદન્ત તો હર્ષની બહેન રાજ્યશ્રીને જંગલમાંથી શોધી આપવામાં નિમિત્ત બન્યો હતો. આથી બાણભટ્ટે તે શબ્દને અનિન્દનીય અર્થમાં અને પ્રશંસાપરક અર્થમાં વાપરી બતાવીને શાસ્ત્રાજ્ઞાનું પ્રત્યાખ્યાન કરવાનો પ્રયાસ કર્યો છે. સાહિત્યસર્જકના શબ્દમાં એ શક્તિ રહેલી છે કે શાસ્ત્રને-લક્ષણગ્રન્થોને પણ કયારેક પરાવર્તિત કરે છે.

૪. ૩ ઉપર દર્શાવ્યું છે તેમ બાણનો **देवानां प्रियः** એ શબ્દપ્રયોગ તે પ્રતિક્રિયાની પ્રતિક્રિયા છે એ જેમને સમજાયું નથી, તેમણે કયારેક 'હર્ષચરિત'ના પાઠને પરિવર્તિત કરીને દૂષિત કરવા પણ પ્રયત્ન કર્યો છે. જેમકે-શ્રી જીવાનન્દ ભટ્ટાચાર્યે, કલકત્તાથી પ્રકાશિત કરેલી 'હર્ષચરિત'ની આવૃત્તિમાં ઉપર્યુક્ત (क) સન્દર્ભમાં નીચે મુજબનો પાઠ મળે છે:

सौजन्यपरतन्त्रा चेयं देवानां बुधस्यातिभद्रता कारयति कथां, न तु युवतीजनसहोत्था तरलता । એની ઉપરની સંસ્કૃત ટીકામાં તેમણે લખ્યું છે કે—**देवानां पूज्यानां युष्माकमित्यर्थः, अतिभद्रतातिशयेन शिष्टाचारः, बुधस्य विद्वज्जनस्य, भवतः इत्यर्थः । समीपे इति शेषः, [बुधस्य इत्यत्र प्रियस्य इति पाठे प्रियस्य-प्रियजनस्य समीपे इति भावः] कथां कारयति...** ।[22]

---

२१ देवानां प्रियस्येति पूजावचनम् । षष्ठ्या अलुग् ॥ (हर्षचरितम्, शङ्करप्रणीतेन सङ्केतेन सहितम्, Ed. by A. A. Führer, Bombay Sanskrit & Prakrit Series, No. LXVI, Bombay, 1909, page 40.)

२२ **हर्षचरितम्**, सम्पादकः टीकाकारश्च श्रीजीवानन्द विद्यासागर भट्टाचार्य, कलकत्ता, १९३९, पृ. ६४.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અહીં બાણભટ્ટે આ શબ્દનો પ્રશંસાપરક અર્થમાં પ્રયોગ કર્યો છે. એ વાત નહીં સમજાતાં, **प्रियस्य** ને બદલે **बुधस्य** એવું પાઠાન્તર દાખલ કરવામાં આવ્યું છે.

એ જ રીતે ઉપર્યુક્ત (ख) સન્દર્ભમાં કરેલા **देवानांप्रियः**, શબ્દપ્રયોગ બાબતે 'બાલબોધિની' ટીકામાં શ્રી ગજેન્દ્રગડકર લખે છે કે–**अजेर्व्यघञपोः। २-४-५६** સૂત્ર–ભાષ્યમાં સૂત અને વૈયાકરણ વચ્ચેના જે સંવાદ છે, તે ભાષ્યોક્ત ચર્ચાને આધારે એટલું તો નિર્વિવાદ છે કે **देवानांप्रियः।** શબ્દ નિન્દાઅર્થમાં જ પ્રયોજાય છે. તથાપિ અશોક વગેરે ચક્રવર્તી રાજાઓએ પોતાની બિરુદાવલીમાં એ શબ્દને કેમ ઉમેર્યો હશે? એ ભારે ગૂઢ વાત છે. એ જ પ્રમાણે બાણભટ્ટ જેવા જે સર્વશાસ્ત્રોમાં પારંગત છે તેમણે પણ પોતાના કાવ્યમાં એ શબ્દને કેમ પ્રયોજ્યો હશે? તે અમે (ટીકાકાર) જાણતા નથી.[૨૩] આમ આ બન્ને વ્યાખ્યાકારોને **देवानांप्रियः।** એવો શબ્દપ્રયોગ બાણભટ્ટે પ્રતિક્રિયાની પ્રતિક્રિયા રૂપે—શાસ્ત્રવચનમાં સુધારો કરવાના આશયથી–કર્યો છે એ સમજાયું નથી.

૪.૪ અહીં એ નોંધપાત્ર છે કે પ્રોફે. શ્રી વાસુદેવશરણ અગ્રવાલે "**पाणिनिकालीन भारतवर्ष**" (**प्रका. मोतीलाल बनारसीदास, बनारस, वि. सं. २०१२, प्रथम संस्करण**)માં, અને "**हर्षचरित एक सांस्कृतिक अध्ययन**" (**बिहार राष्ट्रभाषा परिषद्, पटना, १९६४**)[૨૪]માં આ **देवानांप्रियः** શબ્દ વિશે કશી જ ચર્ચા–વિચારણા કરી નથી.

૫.૦ ઉપસંહાર : શ્રી વાસુદેવશરણ અગ્રવાલે લખ્યું છે કે પાણિનીય સૂત્રો ઉપરની 'કાશિકાવૃત્તિ' ગુપ્તકાળ (૪થી–૫મી સદી)માં અને 'ન્યાસ' ટીકા ઉત્તરગુપ્તકાળ (૬ઠ્ઠી–૭મી સદી)ની રચના હોય એમ જણાય છે; અને તો જ બાણે (ત્રીજા ઉચ્છ્વાસમાં) કરેલો (કાશિકા-ન્યાસ વગેરેનો) ઉલ્લેખ ચરિતાર્થ થઈ શકે. ['સ્ટ્રક્ચર ઓફ ધ અષ્ટાધ્યાયી'ની ભૂમિકામાં (પૃ. ૧૨–૧૩ ઉપર) શ્રી આઈ. એસ. પાવતેએ જણાવ્યું છે કે જૈનેન્દ્રવ્યાકરણ અને 'ન્યાસ'ના કર્તા–લગભગ ૪૫૦ ઇ.સ.—એક જ વ્યક્તિ છે.] માઘ કવિ, કે જેમનો સમય ૭મી સદીનો મધ્યકાળ છે. તેમણે પણ વ્યાકરણની 'વૃત્તિ' અને 'ન્યાસ'નો ઉલ્લેખ (શિશુપાલવધ ૨–૧૧૨) કર્યો છે.[૨૫]

---

२३ अस्माच्च (२-४/५६) भाष्याद् देवानां प्रियशब्दस्य निन्दात्वे न विवादः। कथमयं शब्दोऽशोकप्रभृतिभिश्चक्रवर्तिभिः स्वबिरुदावलौ निवेशित इति महागूढं बाणसदृशेन सर्वशास्त्रपारंगतेन च स्वकाव्ये उपयोजित इति न जानीमः॥ (हर्षचरितम् ४–८ उच्छ्वासात्मको भागः) सेतुमाधवगजेन्द्रगडकरेण विरचितया बालबोधिन्याख्यया टीकया समलंकृतम्। प्रका. ए. पी. बापट, पूणे, पृ. २२५).

२४ हर्षचरित : एक सांस्कृतिक अध्ययन, श्री वा. श. अग्रवाल, (पृ. २३ एवं पृ. १९९ दृष्टव्य)

२५ એજન; पृ. ५३, ५४ दृष्टव्य।

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આથી એવું સ્પષ્ટ થાય છે કે બાણભટ્ટના સમય (૬૦૦–૬૫૦ ઇ. સ.) પૂર્વે 'કાશિકાવૃત્તિ'નો પ્રચાર થઈ ચૂકયો હશે. વળી, બાણે દેશદેશાન્તર જોવા માટે જે પર્યટન કર્યું હતું તે દરમ્યાન તેમણે દોષરહિતની વિદ્યાઓથી ચમકતાં ગુરુકુળોને સેવ્યાં હતાં; અને કાળક્રમે પોતાના (વિદ્યા) વંશને ઉચિત એવી વૈપશ્ચિતી–વિદ્વત્તા–પણ તેમણે હાંસલ કરી હતી. વળી, ત્રીજા ઉચ્છ્વાસમાં કહ્યું છે એ મુજબ તો એમના શ્રોતૃવર્ગમાં પણ વૈયાકરણો જ બેઠા છે. આ સન્દર્ભમાં તેમણે વ્યાકરણશાસ્ત્રમાં ઉલ્લેખાયેલા અમુક વિશિષ્ટ સાંસ્કૃતિક–સામાજિક સન્દર્ભો (દ્વિધા વંશ); અને ખાસ સંભાષણ સન્દર્ભ (શબ્દપ્રાદુર્ભાવ)ને અનુલક્ષીને પણ કૃતિની સંરચના કરી છે એ નિર્વિવાદ છે તથા કાવ્યસર્જન દરમ્યાન તેમણે જેમ વ્યાકરણશાસ્ત્રને કાવ્યમાં પરિવર્તિત કર્યું છે, તેમ શાસ્ત્રવચનને પરાવર્તિત પણ કર્યું છે. આમ શાસ્ત્રપરાવર્તક કવિ તરીકેનો બાણભટ્ટનો આ અભિનવ પરિચય સહૃદયહૃદયાહ્લાદકારી બની રહેશે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉત્તરરામચરિત : વિપ્રલંભની વિડંબના

અરુણા કે. પટેલ*

"ઉત્તરરામચરિત" રચીને ભવભૂતિ પોતાનું કરુણરસનિરૂપણકૌશલ સિદ્ધ કરે છે, તેમાં સંશય નથી. વિષય ધારારૂઢ વિપ્રલંભનો એટલે કે વર્ષો સુધી દામ્પત્યસ્નેહ માણ્યા પછીની વિરહવ્યથાનો છે, અને તેથી સહૃદય ભાવકને અહીં વિપ્રલંભશૃંગારની અનુભૂતિ રખે થઈ જાય ! તે બાબતે કવિ સચિંત છે. સમગ્ર નાટકમાં કરુણરસ છે, અને ભાવકે તે આસ્વાદવાનો છે, તેવો કવિનો આગ્રહ તેણે વારંવાર પ્રયોજેલો.

'**रामस्य करुणो रसः**' (ઉ. ચ. ૨.૧) અથવા '**एको रसः करुण एव** ......' (ઉ.ચ. ૨.૪૭) જેવા શબ્દોથી સ્પષ્ટ થાય છે. પરંતુ પાત્રોને વારંવાર રડાવી, મૂર્છા પમાડી, હા...હા...કાર કરાવી, '**हा हा देवि स्फुटति हृदयं**......' (ઉ. ચ. ૩. ૩૮) જેવા પ્રલાપો દ્વારા કરુણનું વાતાવરણ સર્જીને પ્રયત્નપૂર્વક કવિ કરુણની જમાવટ કરે છે, ત્યારે અજાણપણે કવિની કલમમાંથી વિપ્રલંભશૃંગાર નીતરી રહ્યો હોવાની મેધાવી ભાવકને અનુભૂતિ થઈ આવે છે. આ સંદર્ભમાં :

'**उत्तरे रामचरिते भवभूतिर्विशिष्यते।**'

એ ઉક્તિ સાર્થક થતી લાગે છે. કારણ, કવિનો વિવક્ષિત રસ કરુણ છે, પરંતુ કવિની કલમમાંથી વિપ્રલંભ નીતર્યો છે. વિરહવ્યથાના નિબિડ અંધકારમાં આછા આછા વિપ્રલંભના તેજલિસોટાથી સમગ્ર કૃતિ શોભાયમાન છે.

અન્ય સાહિત્યવિદોની ચર્ચા જતી કરીએ, તો પણ રસસિદ્ધાંતના આદ્ય ઉદ્ભાવક ભરતમુનિના મતનો ઉલ્લેખ જરૂરી લાગે છે. ભરતમુનિએ "નાટ્યશાસ્ત્ર"ના છઠ્ઠા અધ્યાયમાં કરુણ અને વિપ્રલંભ શૃંગારનું પાર્થક્ય દર્શાવતાં જણાવ્યું છે કે,—

"**करुणस्तु शापक्लेशविनिपतितेष्टजनविभवनाश–वध–बन्धसमुत्थो निरपेक्षभावः।**"
"**औत्सुक्यचिन्तासमुत्थः सापेक्षभावो विप्रलम्भकृतः। एवमन्यः करुणोऽन्यश्च विप्रलम्भ इति।**"[१]

"ઉત્તરરામચરિત"માં પ્રિયજનનો વધ કે શાપ, ક્લેશ આદિથી મૃત્યુ થયું નથી. વિશ્વનાથ વર્ણવે છે તેમ મૃત્યુ પામ્યા પછી પ્રિયજનની પુનઃ પ્રાપ્તિજન્ય કરુણ વિપ્રલંભ અહીં નથી. બીજા અંકથી છઠ્ઠા અંક સુધી રામ, સીતા મૃત્યુ પામી હશે, તેવા તર્ક સાથે વ્યથિત થાય છે. તેથી કરુણમાં સરી પડતી વિરહવેદનાનું આલેખન છે. વાસ્તવમાં સીતા મૃત્યુ પામી હોવાનું રામ પાસે કોઈ જ પ્રમાણ નથી. તેથી 'અજવિલાપ' કે 'રતિવિલાપ' જેવો તો પ્રસંગ જ નથી. તેથી શોકની ઘેરી છાયાને બદલે વિરહવ્યથાની છાયા દૃશ્યમાન છે. અહીં રામના

'**સ્વાધ્યાય**', પુ. ૩૦, અંક ૧-૨, દીપોત્સવી-વસંતપંચમી અંક, ઑક્ટોબર **૧૯૯૨**-જાન્યુઆરી **૧૯૯૩**, પૃ. ૪૭-૫૦

* બી-૧૨, નંદનવન સોસાયટી, એસ. પી હૉસ્ટેલ પાસે, વલ્લભવિદ્યાનગર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉદ્‌ગારોને વિલાપ કહેવા, તેના કરતાં વિયોગના પ્રલાપો કહેવાનું વધારે યોગ્ય જણાય છે. જે અસહ્ય વિરહવ્યથાના પરિણામે 'વિક્રમોર્વશીય'નો પુરુરવા ઉન્મત્ત અવસ્થાને પામ્યો હતો, તેવી જ, બલ્કે તેનાથી થોડી ભિન્ન પ્રકારની, વિરહવ્યથા રામના ધૈર્યની વિધ્વંસક બની છે. પુરુરવા કરતાં રામનો વિરહ દારુણ વ્યથાપૂર્ણ લાગે છે, કારણ કે સ્વયં રામે જ આ દુઃસહ વિરહ સ્વેચ્છાએ વહોરી લીધો છે, સીતાના ત્યાગ દ્વારા. આથી પ્રથમ અંકમાં રામ સ્વયં નાયક (રાજધર્મની બાબતમાં) અને પ્રતિનાયક (સીતાત્યાગ દ્વારા) એમ ઉભય પ્રકારની ભૂમિકા એક સાથે ભજવે છે.

સમગ્ર નાયકનું વિહંગાવલોકન કરીએ, તો પ્રથમ અંકમાં ચિત્રવીથિના પ્રસંગે અતીતને વાગોળતાં, રામસીતાને પરસ્પરનું સામીપ્ય હોવા છતાં વિયોગની અનુભૂતિ થાય છે. 'અશિથિલ પરિરંભમાં ક્રમવિણ વાતોમાં રાતોની રાતો ય વહી ગઈ' એવાં રામનાં સંસ્મરણોમાં, થાકેલી સીતાને આલંબન આપીને ચાલતાં રામને સીતાના સ્પર્શથી થયેલ આહ્લાદની અનુભૂતિના વર્ણનમાં અને રામબાહુનું ઉશીકું કરીને રામના વક્ષઃસ્થળ પર જ ઊંઘી ગયેલી સીતાને રંગમંચ પર દર્શાવાય છે. ત્યારે પ્રેક્ષકોને શૃંગારની અનુભૂતિ થાય છે. ત્રીજા અંકમાં રતિસાપેક્ષ વિપ્રલંભ-શૃંગારનું પ્રચ્છન્ન સામ્રાજ્ય છવાયેલું અનુભવાય છે. બે-ત્રણ ઉદાહરણો જ લઈએ.: બાર બાર વર્ષના વિરહ પછી સીતાના મૃતઃપ્રાય કર્ણવિવરો પર રામના '**विमानराज अत्रैव स्थीयताम्**', એવા શબ્દો કાને પડતાં સીતા મૂર્છામાંથી જાગૃત થાય છે. ક્ષોભ સાથે ઉલ્લાસ અનુભવે છે. અહીં કંપ અને ઉલ્લાસ એ શૃંગારના સાત્ત્વિક ભાવો છે. રામનો મેઘગર્જના જેવો ચિરપરિચિત સ્વર તેના હૃદયને ઉત્કંઠિત કરે છે. સીતાની સ્થિતિનું તમસામુખે આ પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું છે:—

"स्तनयित्नोर्मयूरीव चकितोत्कण्ठितं स्थिता ॥" (ઉ. ચ. ૩.૭).

ઉત્કંઠા આદિ વિપ્રલંભના વ્યભિચારી ભાવો છે. ત્રીજા અંકમાં રામની મૂર્છાના ઉપાય તરીકે સીતાના કરસ્પર્શનું આયોજન થયેલું છે. રામ તેને જોઈ શકતા નથી, પરંતુ કરસ્પર્શનો આહ્લાદ અનુભવે છે. પ્રથમ અંકમાં ગળે વીંટળાયેલ સીતાના બાહુસ્પર્શથી રામનું સમગ્ર ચૈતન્ય જડતા અનુભવે છે, તેવી જ અનુભૂતિ આ પ્રસંગે થાય છે. સ્પર્શના પરિણામે થયેલા હર્ષાતિરેકનું રામમુખે વર્ણન રામની સીતા પ્રત્યેની રતિને જ વ્યક્ત કરે છે. સીતાને પણ રામના મુખચંદ્રને નિહાળ્યા કરવાની લિપ્સા રહ્યા કરે છે. વિરહિણી સીતાની ઉત્કંઠાને વાચા આપીને કવિ વિરમ્યા નથી.

રામની બીજી વખતની મૂર્છાનો પ્રસંગ જોઈએ. મૂર્છા પામેલા રામને ભાનમાં લાવવા સીતા રામના હૃદયે લલાટે સ્પર્શે છે. રામ ભાનમાં આવી ગયા છતાં સીતા પોતાનો હાથ પાછો ખેંચી લેતી નથી, બલ્કે રામના સ્પર્શસુખને માણે છે. રામ સીતાના કરસ્પર્શને અમૃતમય પ્રલેપ સમો, આનંદને કારણે મોહ જગાડતો વર્ણવે છે. (ઉ. ચ. ૩.૩૯) ને જ રીતે સીતા પણ તે આનંદને આ પ્રમાણે વર્ણવે છે:

"एष पुनः चिरप्रणयसंभारसौम्यशीतलेन आर्यपुत्रस्पर्शेन दीर्घदारुणमपि झटिति संतापं उल्लाघयता वज्रलेपोपनद्ध इव स्विद्यन्निःसहविपर्यस्तो वेपनशीलोऽवश इव मेऽग्रहस्तः।"

સીતાની આ દશાને તમસા આ પ્રમાણે વર્ણવે છે:

"सस्वेदरोमाञ्चितकम्पिताङ्गी जाता प्रियस्पर्शसुखेन बाला ।
मरुन्नवाम्भःपरिधूतसिक्ता कदम्बयष्टिः स्फुटकोरकेव ।" (ઉ.ચ. ૩.૪૨)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આમ, સીતાના સ્વેદ, કંપ અને રોમાંચને વર્ણવવામાં આવ્યા છે, તે શૃંગારના અનુભાવો છે. સીતાની ઉત્સુકતા, પરવશતા વગેરે શૃંગારના ભાવો તેમ જ રામના પ્રલાપોમાંથી દષ્ટિગોચર થતા શૃંગારના ભાવો સમગ્ર ત્રીજા અંકમાં છવાયેલા છે. આમ, ત્રીજા અંકમાં રામ-સીતાની પરસ્પરની રતિનો આસ્વાદ ભાવકવર્ગને થાય છે. વળી સીતા જીવંત છે. તેને જીવંતરૂપે રંગમંચ પર પ્રેક્ષકો નિહાળે છે. તેથી સહૃદય ભાવકને શૃંગારની જ પ્રતીતિ થાય, તે સ્વભાવિક છે.

વિશેષતઃ નાટક ભજવાતું હોય, ત્યારે પ્રેક્ષકોને રામના પ્રલાપો દ્વારા સર્જાતી કરુણતા કરતાંયે રામ-સીતાના પરસ્પરના શૃંગારના અનુભાવો દશ્યમાન થાય છે. વ્યભિચારી ભાવો પ્રતીતિ-યોગ્ય બને છે. પરિણામે નાટયની શ્રાવ્યતા કરતાં દશ્યમાન સ્વરૂપ વધારે ચોટદાર બને છે. રામ-સીતા પરસ્પરના આલંબન વિભાવોની ઉપસ્થિતિને કારણે પ્રેક્ષકોને રતિસાપેક્ષ શૃંગારની જ અનુભૂતિ થાય છે. તેથાસ્તો કવિ કહે, તે જ નાટકનો મુખ્યરસ નહિ, પ્રેક્ષકોને જે રસની પ્રતીતિ થાય, તે નાટયનો મુખ્ય રસ, એમ કબૂલ કરવું પડે.

ચોથો-પાંચમો-છઠ્ઠો અંક લવ-કુશના પાત્ર દ્વારા રામસહિત બધાં જ પાત્રોને સીતા જીવિત હોવાની આશંકા પ્રેરે છે. બધાંને આ બાળકોમાં સીતાની પ્રતિકૃતિ દેખાય છે. સાતમા અંકમાં રામ-સીતાનું પુનર્મિલન યોજાયું છે. વાલ્મીકિ-નિરૂપિત સીતા વિલયની વાત કવિને કઠી છે. તેથીસ્તો, સાતમા અંકમાં લક્ષ્મણમુખે વાલ્મીકિને ઉપાલંભ અપાયો છે.

भगवन्वाल्मीके परित्रायस्व परित्रायस्व एष ते काव्यार्थः ! (ઉ. ચ. ૭)

આ સંદર્ભને વિચારીએ તો કવિની '**एको रसः करुण एव......**' ઉક્તિ પોકળ લાગે છે. કવિને કરુણનો જ મહિમા ગાવો હતો, તો રામ-સીતાનાનું પુનર્મિલન શા માટે? નિર્વહણમાં કરુણતા શા માટે? રામ-સીતાના પુનર્મિલનને સર્વત્ર આવકાર અને વધામણી પછી તો આનંદ-મંગળ છે. કરુણતા ક્યાંયે દષ્ટિગોચર થતી નથી. સર્વત્ર હર્ષોલ્લાસ છે. નાટકમાં જે કરુણતારૂપે અનુભવાયું છે, તે પણ વિપ્રલંભની અતિશય ઉત્કટતાના પરિણામરૂપે છે. પાત્રો વધારે પડતાં ઊર્મિલ છે તેના કારણે છે, ભવભૂતિની અભિધાશક્તિના કારણે છે. અહીં પ્રથમ વિરહમાં સીતાની પુનઃપ્રાપ્તિની શ્રદ્ધા હોવા છતાં રામે પથ્થરોને રડાવ્યા હતા. બીજા વિરહમાં રામ પોતે જ જવાબદાર હોવાથી થોડી કરુણતા ખરી, પરંતુ એ કરુણતા પાછળ વિપ્રલંભ શૃંગાર છુપાયો છે. સમગ્ર નાટકમાં આરંભથી અંત પર્યન્ત કરુણતાના વાતાવરણમાં ડૂબકાં ખાતો વિપ્રલંભ શૃંગાર પરિપોષ પામ્યો છે, આભાસ કરુણનો થયો છે. તે જોતાં બોલી પડાય છેઃ '**अहो विप्रलम्भः विप्रलब्धः ।**' **અર્થાત** ખુદ વિપ્રલંભનીયે વિડંબના થઈ છે.

આધારગ્રંથો :—

1 **Bharata–Nātyaśāstra—Vol. I, Gaekwad's Oriental Series, Oriental Institute, Baroda–1950, 6.45.**

૨ **ભવભૂતિ :**—ઉત્તરરામચરિત, અનુવાદક : ઉમાશંકર જોશી, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-૧૯૭૮. સમગ્ર લેખમાં જ્યાં જ્યાં અવતરણો રજૂ કર્યા છે, ત્યાં આ પુસ્તકનો આધાર લીધો છે.

For Private and Personal Use Only

પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

		રૂ. પૈ.
૧	**પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ	૧૦=૫૦
	વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ	૬=૫૦
૨	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં. : ડૉ. ભો. જ. સાંડેસરા	૯=૫૦
૩	**ભાલણકૃત નલાખ્યાન** (ત્રીજી આવૃત્તિ)—સં. : પ્રો. કે. કા. શાસ્ત્રી	૧૧=૫૦
૪	**ઉદયભાનુકૃતવિક્રમચરિત્રરાસ**—સંપાદક : સ્વ. પ્રૉ. બ. ક. ઠાકોર	૨=૫૦
૫	**ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી (૧૯૭૧)	૮=૦૦
૬	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા	૧૦=૫૦
૭	**પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ	૨૪=૦૦
૮	**સિંહાસનબત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ	૧૫=૫૦
૯	**હમ્મીરપ્રબન્ધ**—સં. : ડૉ. ભો. જ. સાંડેસરા અને ડૉ. સો. પારેખ	૬=૦૦
૧૦	**પંચદંડની વાર્તા**—સં. ડૉ. સોમાભાઈ ધૂ. પારેખ (૧૯૭૪)	૩૧=૦૦
૧૧	**વાગ્ભટાલંકાર બાલાવબોધ**—સં. ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા	૧૨=૦૦

સ્વ. પ્રૉ. બ. ક. ઠાકોર ગ્રન્થમાળા

૧	**વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧**	૨=૫૦
૨	,, ,, ,, ૨	૨=૫૦
૩	,, ,, ,, ૩	૬=૫૦
૪	**નિરુત્તમા**	૨=૫૦
૫	**વિક્રમોર્વશી**—(અનુવાદ : મનનિકા સહિત)	૨=૫૦
૬	**પ્રવેશકો, ગુચ્છ પહેલો**	૪=૫૦
૭	**પ્રવેશકો, ગુચ્છ બીજો**	૩=૦૦
૮	**અંબડ વિદ્યાધર રાસ**	૪=૦૦
૯	**મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ : બીજું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૦	**આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૧	**નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૨	**પ્રો. બ. ક. ઠાકોર ડાયરી, ભાગ ૧**—સંપાદક : ડૉ. હર્ષદ મ. ત્રિવેદી	૨=૦૦
૧૩	**પ્રો. બ. ક. ઠાકોર અધ્યયનગ્રન્થ**	૧૫=૫૦
૧૪	**પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૨**—સંપાદક : ડૉ. હર્ષદ ત્રિવેદી	૬=૭૫
૧૫	**વિવેચક**—પ્રો. બલવન્તરાય ઠાકોર	૨૫=૦૦

પ્રાપ્તિસ્થાન : **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
જનરલ ઍજ્યુકેશન સેન્ટર, પ્રતાપગંજ, વડોદરા-૩૯૦ ૦૦૨.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'किरातार्जुनीयम्'માં પાઠભેદ

એ. એમ. પ્રજાપતિ*

કાલિદાસના અનુયાયીઓમાં મહાકાવ્યની રચના કરનારા મહાકવિઓમાં ભારવિ કદાચ સૌથી પહેલો અને નિશ્ચિતપણે સૌથી મહત્ત્વનો છે.[1] ભારવિના મહાકાવ્ય પર પ્રકાશવર્ષ, જોનરાજ, એકનાથ, ધર્મવિજય, વિનયસુંદર, નરહર, મલ્લિનાથ વગેરેએ લખેલી આઠ જેટલી ટીકાઓ પ્રાપ્ત થાય છે. ટીકાકારોમાં પ્રકાશવર્ષ અને જોનરાજ કાશ્મીરી, ધર્મવિજય અને વિનયસુંદર જૈન અને એકનાથ, નરહરિ અને મલ્લિનાથ દક્ષિણના છે. તેમની ટીકાઓમાં મલ્લિનાથની 'घंटापथ' નામની ટીકા સર્વગુણસંપન્ન અને સર્વત્ર પ્રચાર પામેલી છે.[2] દેવવિજયના શિષ્ય ધર્મવિજયે પ્રસ્તુત મહાકાવ્ય પર 'प्रदीपिका' નામની ટીકા લખેલી છે[3] જેની બે હસ્તપ્રતો—એલ. ડી. ઇન્સ્ટીટ્યુટ ઑફ ઇન્ડોલોજી—અમદાવાદ અને બી. ઓ. આર. આઈ—પુના ખાતે પ્રાપ્ત છે. આ બે હસ્તપ્રતોને આધારે પ્રસ્તુત લેખના કર્તાએ ડૉ. તપસ્વી નાન્દીના માર્ગદર્શન નીચે 'प्रदीपिका'ની એક સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરેલ છે.[4] પ્રસ્તુત લેખમાં જે પાઠભેદોની યાદી આપવામાં આવી છે તે મલ્લિનાથની ટીકાયુક્ત કિરાતાર્જુનીય મહાકાવ્યની નિર્ણયસાગર પ્રેસની ૧૯૫૪ મુંબઈ–૨ની આવૃત્તિ અને એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટમાંથી પ્રાપ્ત ધર્મવિજયગણિની 'प्रदीपिका' ટીકાની હસ્તપ્રત પર આધારિત છે.

'સ્વાધ્યાય', પુ. ૩૦, અંક ૧–૨, દીપોત્સવી–વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૯૨–જાન્યુઆરી ૧૯૯૩, પૃ. ૫૧–૬૦.

* આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પિલવાઈ (ઉ. ગુ.)

1 "Of the composers of the Mahākāvyas who succeeded Kālidāsa, Bhāravi is perhaps the earliest and certainly the foremost." S. N. Dasgupta and S. K. De—History of Sanskrit Literature, V. I, P. 177, University of Calcutta, 1947.

२ किरातार्जुनीयस्य तु प्रकाशवर्ष-जोनराज-धर्मविजय-विनयसुन्दर–नरहर–मल्लिनाथादिभिः प्रणीताष्टीकास्तत्तद्देशेषु समुपलभ्यन्ते किरातार्जुनीयम् (भूमिका)—नि. सा. प्रेस, मुंबई–२, चतुर्दशम् संस्करणम्-१९५४.

३ "इति महोपाध्यायश्रीदेवविजयगणिपादपयोजचंचरिकपंडितधर्मविजयगणिविरचितायां भट्टश्रीभारविकृतस्य किरातार्जुनीयनाम्नो महाकाव्यस्य प्रदीपिकाभिधानायां वृत्तौ व्यवसायदीपनो नाम प्रथमः सर्गोऽगमत ।" 'प्रदीपिका'—धर्मविजयगणि—સર્ગને અંતે આપેલી પુષ્પિકા.

૪ જુઓ "Critical edition of Pradīpikā, a commentary by Dharmvijayagaṇi on Kirātārjunīya of Bhāravi."
—Dr. A. M. Prajapati (પીએચ.ડી.નો શોધપ્રબંધ)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કિરાતાર્જુનીય મહાકાવ્યની કોઈ સમીક્ષિત આવૃત્તિ તૈયાર થઈ નથી. ભવિષ્યમાં કોઈ પ્રસ્તુત મહાકાવ્યની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરે તો લેખમાં આપવામાં આવેલી પાઠભેદોની યાદી શુદ્ધપાઠ તૈયાર કરવામાં અવશ્ય મદદરૂપ થઈ પડશે એ હેતુને લક્ષમાં લઈને પ્રસ્તુત લેખ તૈયાર કર્યો છે. યાદીમાં મલ્લિનાથ અને ધર્મવિજયમાં મળતા પાઠભેદોની જ નોંધ લેવામાં આવી છે. પ્રસ્તારના ભયને લીધે એવા કેટલાયે પાઠભેદ છે જે માત્ર ધર્મવિજયમાં જ મળે છે અને એવા પણ પાઠભેદ છે કે જે મલ્લિનાથ કે ધર્મવિજય બેમાંથી કોઈમાં પણ મળતા નથી. આ બધા પાઠભેદો યાદીમાં સમાવ્યા નથી પણ સર્ગશઃ તેમની સંખ્યાની નોંધ લેવામાં આવી છે.

ધર્મવિજય અને મલ્લિનાથમાં મળતા પાઠભેદ :—

સર્ગ ૧

શ્લોક ક્રમ	ધર્મવિજય	મલ્લિનાથ
१	पालिनीं	पालनी
१९	न भेदवृत्तयः	न भिन्नवृत्तयः
२१	उघृत	उद्यतं
२४	स दुःसहान्	सुदुसहान्
२५	धियः	गिरः
२९	स्वहस्तेन	आत्महस्तेन
३३	च	न

સર્ગ ૨

२	यदवोचदवेक्ष्य	यदवोचत वीक्ष्य
१६	आसाद्य	आस्वाद्य
२३	आयतान्	आयतः
२५	क्रोधपरीत	कोपपरीत
३५	विहितक्रोधजया	विजितक्रोधरया
४२	तापिनी	तापनी
४६	क्षतावधेः	कृतावधेः
५६	एनसां	आपदां
५९	मृगांकमूर्तेः	शशांकमूर्तेः

સર્ગ ૩

२९	सुदुष्कराणि	सुदुश्चराणि
३०	नरेंद्रसूनुं	महेन्द्रसूनुं

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

	ધર્મવિજય	મલ્લિનાથ
३०	सद्यः	साक्षात्
४४	वक्तुम्	स्मर्तुम्
४६	क्षयात्	क्षय
४८	अपि	यदि
५०	धर्मरश्मिम्	तिग्मरश्मिम्
५६	संततिः	संहृतिः

સર્ગ ૪

५	सहृति	संतति
९	विलोक्य	निरीक्ष्य
१५	प्रबद्ध	निबद्ध
१८	पृथुकृतान्	पृथक्कृतान्
२०	अनोदितोऽपि	अचोदितोऽपि
२२	परिणामरम्यता	परिणामरम्यताम्
३२	पाविनी	पावनी

સર્ગ ૫

५	पुष्पलता	पुष्पवना
८	निहित	विहित
१३	अविरलं	१२ अविचलं
२८	जितश्च	नुदश्च
२९	भुजम्	करम्
३२	कंपितेषु	कंपितानि
३८	प्रथम	हरित
४०	लेखा	रेखा
४४	धवलयति	अमलयति
५०	प्रवृत्तिम्	प्रसक्तिम्

સર્ગ ૬

५	विवृद्धिकरी	समृद्धिकरीं
६	विबभूव	प्रबभूव
१०	विधूय	विधूत
१४	हृतं	धृतं
२४	गुरुभिः	शुचिभिः

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

	ધર્મવિજય	મલ્લિનાથ
२८	हि हन्ति	निहन्ति
३१	वपुः	तनुः
३५	गुरु	उरु
३६	भूमिभूजाम्	भूमिधृताम्
३८	अवगम्य	अधिगम्य
४३	विजितिः	वजितिः
४४	विषयातिशयम्	विषयाभिरतिम्
४६	पत्युः	भर्तुः

સર્ગ ૭

३	विहितां	जनितां
१०	स्खलन	स्खलित
१८	आनदन्ती	आपतन्ती
२५	घूतं	नुन्नं
३१	निलीनं	विलीनं
३४	अतिरोषात्	अपि रोषात्
३६	कौसंभम्	माञ्जिष्ठं
३७	विसृत	निसृत
३८	पुष्पगन्धम्	पुष्पगन्धो

સર્ગ ૮

११	विसर्पिभिः	विसारिभिः
२०	भूरुहः	भूरुहान्
२६	परिखेदं	गुरुखेद
३०	पुरोऽवगाढाः	पुरो विगाढाः
३३	तटांतनीतेन	३२ तटाभिनीतेन
३४	लोडित अवलुप्त	३३ लोलित प्रविलुप्त
४६	परिलीन विशाल	३५ विलीन विलोल
४७	विकचं नु	३६ विकसन्नु
४९	विकम्पिताधरः	४९ विकम्पितस्तनः
५५	उत्संगितोर्मि	५५ उत्सर्पितोर्मि
५६	तीरांतरेषु	५६ तीरान्तराणि

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધર્મવિજય		મલ્લિનાથ
	સર્ગ ૯	
११	शनकैरवि	शनकैरथ
१८	अथ	आशु
२२	कनकभङ्ग	कनकटङ्क
२९	पुष्प	शुक्ल
३३	तेजसा	ओजसा
	सत्सहायम्	असहायम्
	अभियानि	उपयाति
४१	भूषणं	मंडनं
६२	आर्द्रं	कान्त
	लंभित	संभृत
६६	स्फुटमदो	मधुमदो
	हृदयेभ्य:	हृदयेषु
७४	सुरसखा	हरिसखा
७७	मदावशेष:	मदस्य शेष:
७९	बिंबाधरोष्ठया:	बिम्बाधराणां
	अंगनाया:	अङ्गनानां
	સર્ગ ૧૦	
१२	वसन्	११ दधन्
१९	विहृतम्	विवृत्तिम्
२९	विदधति	जनयति
३१	नूपुरं	नूपुरा
३२	वहंतीं	हसन्तीं
३३	पल्लवाधरोष्टी	३४ पल्लवाधरोष्ठे
३९	कुंद	गुच्छ
४०	ताभ्यो	तासां
४१	अभिससार	अनुससार
४६	अविरूषित	अधिरूषित
५१	उपनतम्	उपगतम्
५३	सकुसुमम्	कुसुमित
५४	संयत	संदित
५६	स	असौ
६०	स्तनाभिभारात्	स्थलातिभारात्
६१	वा	च
६३	संराध्येशं	संराध्यैव

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધર્મવિજય		મલ્લિનાથ

સર્ગ ૧૧

२	परिश्रान्तः		परिक्लान्तः
६	मंडलछन्नमंडलः		पटलछन्नविग्रहः
७	लक्ष्मीकम्		लक्ष्मीकः
३३	नीचैः वृत्तिः		नीचवृत्तिः
५२	निरीक्षितैः		तवेक्षितैः
५७	दुर्विभाव्यं	५६	दुर्विभावं
६८	गतं	६७	कृतम्
७५	जलांजलि	७४	जलांजलेः
८१	तस्मै भवाराधनम्	८०	भवोद्भवाराधनम्

સર્ગ ૧૨

	ધર્મવિજય	મલ્લિનાથ
३	अविचिन्त्य	अविभाज्य
५	न विस्मयेन	नहि विसिस्मये
६	न तदस्ति	किमिवास्ति
	मनीषिभिः	मनस्विभिः
१४	पुरः	पुरीः
१५	रथ	रुत
१८	निरीक्षितुम्	निचायितुम्
२२	अभिवेष्टितं	अधिवेष्टितम्
२४	धवलायितैः	प्रबलायतैः
२५	मुप	(क्षेपक) मव
	पयसः	पयसां
	विकाशि	विसारि
३०	यन्न बत तेन दुष्करम्	यन्न तपसामदुष्करम्
४६	चकिताभिः	क्षुभिताभिः
५४	अति सौकरम्	५३ अथ सौकरम्

સર્ગ 13

१	विलोकयां बभूव	विलोकयांचकार
४	असौ	अयं
१०	आशिश्रयत्	आशिश्रियत्
११	उद्धतेन	अश्वसेन
	कृतवैरः	कृतमन्युः

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધર્મવિજય		મલ્લિનાથ
१९	आतत	१८ आयत
२४	वनस्थैः	नभस्थैः
२५	मुखः	नखः
३०	दीर्घंतरं	दीर्घंतमं
३३	अवाङ्मुखः	अधोमुखः
३५	मकरकेतु	कुसुमचाप
४२	आचरणम्	आचरितम्
५२	असुरक्ष	असुरक्ष्य
५३	उद्धता	उन्नता
५४	प्राप्यते	प्राप्स्यते
	महीभृतः	महीभृता
५६	प्रार्थितः	अर्थितः
५९	याचसे	नाथसे
६८	प्राप्नुहि	आप्नुहि

સર્ગ १४

१	रुषितोऽपि	कुपितोऽपि
	सूरयः	साधवः
२	इदं	अयं
९	विमर्शनम्	विमार्गणम्
१०	आयुधे	आशुगे
११	अदोषेऽपि	अदोषेण
१२	रोपणैः	रोपणात्
२२	अवकृष्टैः	अपकृष्टैः
२३	प्रतीत	समान
२८	जेतुः	जैत्र
	केतुसंहतिः	केतुसंततिः
३०	रश्मिवतो	रश्मिमतो
३५	विद्विषां	भूभृतां
४२	महाचलम्	तपात्यये
४३	प्रभावात्	प्रभाव
	दीनताम्	मूढताम्
	प्रणिहंति	प्रतिहंति
४४	महोदयेभ्योऽपि	महोदयानामपि
४६	उन्मदितेषु	उन्मदितेन

સ્વા. ८

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

	ધર્મવિજય	મલ્લિનાથ
५१	मुनिर्जंघानं	स निर्जंघान
५३	इव	उत
६४	आददे	दधे

સર્ગ ૧૫

१०	सहासक्तं	समासक्तं
१९	वांछती	इच्छती
२४	निर्भिन्न	विभिन्न
३९	पिंगल	पिशङ्ग
४४	पंक्ति:	पंक्तिम्
४६	धनुष:	धन्वन:
५१	हरेषून्	महेषून्

સર્ગ ૧૬

१८	यथा पुरेव	यथा पुरा मे
२२	स्थिर	स्थित
२६	संरुन्धति	निरुन्धति
	निशातमिस्रा	महातमिस्रा
२८	गुणानतानि	गुणान्वितानि
३१	कूटादिव	शृंगादिव
३६	भुजङ्गमास्रम्	भुजङ्गपाशान्
	निबन्धनाय	प्रबन्धनाय
३७	असक्तम्	अजस्रम्
	निरस्ताम्	निरस्ता
३९	जाल:	जालं
४२	अस्त्रेण	मस्त्रेण
४८	क्षयम्	शमम्
५१	भीमम्	धीरम्
५४	रोहिताश्वे	लोहिताश्वे
	पुर:	पुन:
५८	विनील	नील

સર્ગ ૧૭

३	प्रभावं	स्वभावं
४	सुप्रियताम्	संप्रियताम्
९	भ्रूमंगलेखा:	भ्रूभेदरेखा:
	धर्मरश्मि:	तिग्मरश्मि:
१०	सध्वानयनं	स प्रध्वनय्य

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

	ધર્મવિજય	મલ્લિનાથ
१२	मध्यस्थितस्य	अभ्युत्थितस्य
२२	भर्तुः	कर्तुः
२३	रजो वा	विकारः
२५	वैषम्य	पर्यायः
२६	प्रध्वंसनं	विध्वंसनं
३१	शंकाकुलाया	समाकुलाया
३८	उन्मुखस्य	उत्सुकस्य
४२	विफलीकृतायां	अधरीकृतायां
४३	विचारमार्गे	विचारमध्ये
४४	हेमलेखं	हैमलेखं
४६	लेभे	भेजे
४९	अगणिताहितेषोः	अगणितेषुराशेः
५०	लिप्तदेहः	दिग्धदेहः
५१	शशांकलेखा	शशांकखण्ड
	स्तंभम्	स्तंबम्
५३	शाच्यपूज्यः	शोचनीयः
५४	महोपवासैः	जपोपवासैः
५६	लीलं	दीप्तः
५७	वनस्थलीषु	रणस्थलीषु
५९	उत्सारितो	उत्सादितो
६०	खंडनाम्	खंडनम्
	जवेन मेघः	द्रवेतरेषां
६९	नीरन्ध्रे परिगमिते	नीरध्रं परिगमित

સર્ગ ૧૮

२	महीभृतः	दरीभृतः
७	उत्थितः	उदितः
	करयुगलेन	भुजयुगलेन
१०	प्रचलेन चलितं	प्रचलिते चलित
	विनमने	विनमिते
२०	वितानाकृतीः	वितानीकृताः
२९	मुक्ताः	युक्ताः

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

	ધર્મવિજય	મલ્લિનાથ
	सुदुस्तराणि	दुरुस्तराणि
३०	अद्भुताकृतिमयीमतियाय	अद्भुताकृतिमिमामतियाय
३१	विधत्ते	दृश्यते
३६	पावन्याः	पाविन्याः
३८	संहृतिम्	संततिम्

આ ઉપરાંત પ્રસ્તુત લેખમાં આપણે આગળ નોંધ્યું છે તે પ્રમાણે માત્ર ધર્મવિજયમાં મળતા પાઠભેદ અને ધર્મવિજય કે મલ્લિનાથ બેમાંથી કોઈમાં પણ ન મળતા પાઠભેદની સર્ગશઃ સંખ્યા નીચે પ્રમાણે છે. (સંદર્ભ, નિર્ણયસાગર પ્રેસની ૧૯૫૪ની આવૃત્તિ, મુંબઈ–૨)

(અ) માત્ર ધર્મવિજયમાં મળતા પાઠભેદ[5] સંપૂર્ણ 'किरात'માં બધા મળીને કુલ ૯૪ પાઠભેદ એવા છે જે માત્ર ધર્મવિજયમાં જ મળે છે.

(બ) ધર્મવિજય કે મલ્લિનાથમાં ન મળતા પાઠભેદ[6] સર્ગ–૧માં ૧૧, સર્ગ–૨માં ૧૭, સર્ગ–૩માં ૧૬, સર્ગ–૪માં ૧૨, સર્ગ–૫માં ૧૪, સર્ગ–૬માં ૧૪, સર્ગ–૭માં ૫, સર્ગ–૮માં ૮, સર્ગ–૯માં ૧૭, સર્ગ–૧૦માં ૧૧, સર્ગ–૧૧માં ૧૮, સર્ગ–૧૨માં ૨૨, સર્ગ–૧૩માં ૨૩, સર્ગ–૧૪માં ૨૫, સર્ગ–૧૫માં ૨૦, સર્ગ–૧૬માં ૨૮, સર્ગ–૧૭માં ૫૧, અને સર્ગ–૧૮માં ૨૬. આવા પાઠભેદોની કુલ સંખ્યા ૩૧૮ છે.

---

૫ નિર્ણયસાગરની ૧૯૫૪, મુંબઈ–૨ની આવૃત્તિની પાદટીપમાં જેનો સમાવેશ થયો છે અને ધર્મવિજયે જેનો સ્વીકાર કરેલો છે તે પાઠભેદને અહીં દર્શાવ્યા છે.

૬ નિર્ણયસાગર ૧૯૫૪, મુંબઈ–૨નીઆવૃત્તિમાં જેની નોંધ લેવામાં આવી છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાચી મુક્તિ એટલે શું?–મશરૂવાળાની દૃષ્ટિ+

હરસિદ્ધ મ. જોશી*

વીસમા સદીના ભારતીય ચિંતનમાં ગુજરાતના મૌલિક અને સમર્થ ચિંતક તરીકે મશરૂવાળાનું નિશ્ચિત સ્થાન છે. અહીં ચિંતન અને મૌલિકતાના સંદર્ભ–અર્થ ભારતીય દાર્શનિક પરંપરાની પશ્ચાદ્ભૂમાં સમજવાના છે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. જો તત્ત્વજ્ઞાન અને ચિંતનની લાક્ષણિકતા ચીલાચાલુ બાબતો અને કહેવાતી વાસ્તવિકતા અને સંશય (Doubt) કરવાની હોય તો ખરેખર આ પદ્ધતિ અને આદર્શ મશરૂવાળાએ અપનાવ્યા છે એમ કહી શકાય. તત્ત્વજ્ઞાનની પદાવલી તેમણે પરંપરા દ્વારા સ્વીકારી છે પરંતુ તેનો તાત્ત્વિક સ્વીકારવા યોગ્ય અર્થ પોતાની આગવી રીતે સૂચવ્યો છે. ભાષા–અર્થશાસ્ત્રની દૃષ્ટિએ મશરૂવાળાએ નવીન માર્ગ સૂચવ્યો છે.

તત્ત્વજ્ઞાન જેવું રૂઢિગત પદ વાપરવાને બદલે તેમણે 'શ્રેયાર્થી'નું પદ વાપર્યું છે. એ માટે 'જીવનશોધન' ગ્રંથમાં તેની 'સાધનસંપત્તિ'નું આલેખન કર્યું છે. સત્યાગ્રહ, વ્યાકુળતા, પ્રેમ, શિષ્યતા, નિર્મત્સરતા, વૈરાગ્ય, સાવધાનતા અને નિરોગિતા એ શ્રેયાર્થીની સાધન-સંપત્તિ છે. જેમ બ્રહ્મતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવા અમુક સાધનોની આવશ્યકતા છે તેમ 'શ્રેય'ની સાધના કરવા આ શરતો આવશ્યક છે. આ પરિપ્રેક્ષ્યમાં મશરૂવાળા 'મુક્તિ'ની સાંગોપાંગ વિચારણા કરવા પ્રેરાય છે. તેમના મતાનુસાર તત્ત્વજ્ઞાન કે ચિંતન કેવળ બૌદ્ધિક વિશ્લેષણ, તર્ક કે વૈચારિક વિષય કે પ્રવૃત્તિ નથી પરંતુ એ જીવન–શૈલી, યોગ અને અનુભૂતિનો સંકેત દર્શાવે છે. વિચારકે તેને સમજીને જીવનમાં ક્રિયાન્વિત કરવાનું છે. "માણસે જિજ્ઞાસુ હોવું જોઈએ, શ્રેયાર્થી હોવું જોઈએ; શુશુત્સુ (શોધનની અને શુદ્ધિની ઈચ્છાવાળા) હોવું જોઈએ. એને પરિણામે એને અનેક વહેમો, અજ્ઞાન, અધૂરું જ્ઞાન, અનિશ્ચિતતા–ટૂંકામાં અબુદ્ધિમાંથી મોક્ષ મળશે..." જિજ્ઞાસાથી, સત્યશોધન બુદ્ધિથી અને શુદ્ધ થવાની આકાંક્ષાથી એ ચોથા પુરુષાર્થમાં પ્રેરાશે" (પા. ૧૯).

'મોક્ષ' શબ્દ અને પુરુષાર્થ અંગે મશરૂવાળાને ઠીકઠીક કહેવાનું છે. ભારતીય પરંપરામાં કેટલીક ગેરસમજૂતીઓ થઈ છે તેથી જ્યાં સુધી તેનું યોગ્ય વિવરણ ન થવા પામે ત્યાં સુધી તે શબ્દને ચીલાચાલુ કે પરંપરાગત રીતે વાપરવો તે યોગ્ય નથી. "ચોથા પુરુષાર્થની

'સ્વાધ્યાય', પુ. ૩૦, અંક ૧–૨, દીપોત્સવી–વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૯૨–જાન્યુઆરી ૧૯૯૩, પૃ. ૬૧–૬૮.

* તત્ત્વજ્ઞાન વિભાગ, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા.

+ તા. ૧૮ થી ૨૦ ફેબ્રુઆરી, ૧૯૯૨માં ભદ્રેશ્વર (કચ્છ) મુકામે યોજાયેલ ૧૧મા ગુજરાત તત્ત્વજ્ઞાન અધિવેશનમાં વંચાયેલ લેખ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સિદ્ધિ માટે કર્મમાત્રથી બળાત્કારે નિવૃત્ત થવું જ જોઈએ એવી કલ્પના 'મોક્ષ' શબ્દે નિર્માણ કરી છે તથા આચાર અને વિચારમાં અનેક ગોટાળા અને અસ્પષ્ટતા નિર્માણ કર્યાં છે......આ રીતે 'મોક્ષ' શબ્દ અનેક રીતે ભ્રામક થયો છે. વસ્તુતઃ ચોથો પુરુષાર્થ મોક્ષ નહિ પણ જ્ઞાન અથવા શોધ છે, એને માટેના પ્રયત્નથી મનુષ્ય ધર્મ, અર્થ અને કામને શોધે છે એટલે ખોળે છે. તથા તે માટેની પ્રવૃત્તિઓને શુદ્ધ કરે છે......જ્ઞાની ધર્મ કે નીતિના અંકુશમાંથી મુક્તિ નથી મેળવતો, પણ ધર્મને બરાબર સમજે છે. વિવિધ કર્મોની પોતાના કામને યોગ્ય મર્યાદાઓને જાણે છે, અને અંકુશ અને મર્યાદા જ્ઞાનપૂર્વક સ્વીકારે છે. અને અર્થ તથા કામને એ અંકુશમાં રહીને ભોગવે છે. (પા. ૧૮)

મુક્તિને મનુષ્યના ધર્મમય જીવન સાથે અંતર્ગત સંબંધ રહ્યો છે. ધર્મમય જીવનને મશરૂવાળા મુલ્યવાન માને છે. 'ધર્મમય' એટલે શું ? કોઈ વિચારસરણી આપણી આગળ રજૂ કરવામાં આવે તો તે તાત્ત્વિક છે કે તત્ત્વાભાસી છે એ જાણવાની કૂંચી શી ? જે માર્ગ એક સ્વીકારે કોઈ પણ કાળે સ્વીકારે, તોયે વ્યક્તિ અને સમાજ બંનેના ધારણ, પોષણ અને સત્ત્વસંશુદ્ધિમાં બાધા ન આવે એટલું જ નહિ, પણ જેમ જેમ તેનો સ્વીકાર વધતો જાય તેમ તેમ વ્યક્તિ અને સમાજનાં ધારણ, પોષણ વધારે સરળ અને સંતોષકારક થાય. તે માર્ગની પાછળ વિશેષ સત્ય રહ્યું છે એમ કહી શકાય.

ધારણપોષણ એટલે કેવળ પ્રાણ શરીરમાં ટકી જ રહે એમ નહિ, પણ ધારણ એટલે સુરક્ષિત અને આત્મરક્ષિત જીવન. એ જીવનમાં આપણી ભાવનાઓનો અને બુદ્ધિનો વિકાસ એવી રીતે થયો હોય કે આપણું જીવન આપણા પોતામાં જ સમાયલું–આત્મપર્યાપ્ત જ ન હોય, સ્વસુખને જ શોધનારું ન હોય, પણ કુટુંબને, ગામને, દેશને, માનવસમાજને, આપણા સંબંધમાં આવતાં પ્રાણીઓને, જેના સંબંધમાં જેટલા જેટલા આવીએ તેટલે અંશે તેને ન્યાયમાર્ગે, સંબંધીઓની સપ્રમાણતા અને પરિસ્થિતિ પ્રમાણે ઉત્પન્ન થતી મહત્તા જાળવીને ઉપયોગી, શાંતિપૂર્ણ, સંતોષપૂર્ણ, પ્રેમપૂર્ણ હોય, એમાં કોઈ વ્યક્તિ કે વર્ગને અન્યાય ન થયો હોય, વિપત્તિમાં આવી પડેલાને પગભર થઈ શકે એટલી અને અપંગ થયેલાને ઘટતી મદદ મળી રહેતી હોય; અને આપણી બુદ્ધિ બને તેટલી જીવનના તત્ત્વને સમજનારી, સારગ્રાહી, કોઈ પણ વિષયના મૂળને, મહત્ત્વને તેમ જ મર્યાદાને વિચારી શકનારી, આપણે જ નિર્માણ કરેલા પૂર્વાગ્રહોના બંધનોથી બને તેટલી મુક્ત અને મરણની ઇચ્છા કરનારીયે ન હોય અને તેથી ડરનારીયે ન હોય.

આવી સ્થિતિ આખા સમાજની કદી થશે કે કેમ એ મહત્વનું નથી પણ આખો જીવનમાર્ગ આખો સમાજ એને સ્વીકારે તો સમાજને અને નહિ તો–આપણને પોતાને આ સ્થિતિ પ્રત્યે વાળનારો હોવો જોઈએ.

"આને હું જીવનનું ધ્યેય સમજું છું. મનુષ્યનો અભ્યુદય સમજું છું. જેટલાં વિદ્યા, કળા, વિજ્ઞાન અને જીવનના રસો કે ભાવનાઓ આ ધ્યેય પ્રત્યે લઈ જાય તેટલાં હું આવશ્યક સમજું છું. જે પ્રાપ્તિઓને આ ધ્યેય સાથે આવશ્યક સંબંધ નથી, છતાં જો તેઓ આ ધ્યેયને વિરોધી ન હોય, અથવા તો ઉપકારક થઈ શકે એવી રીતે તેમને ખીલવી શકાતાં હોય તો, તેમની તે ખરી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખીલવણી યોગ્ય માનું છું. બીજી બધી પ્રવૃત્તિઓ આવશ્યક અને પરિણામે નુકસાનકારક ગણાય. જે પ્રવૃત્તિ આ ધ્યેયને છોડે નહિ, ભૂલે નહિ તે ધર્મમાર્ગ. (પૃ. ૨૬).

જેમ સૂર્ય ક્ષણેક્ષણે પોતાનું આકર્ષણ ન વાપરે તો ગ્રહોને ક્ષણેક્ષણે સીધી લીટીમાં દૂર નાસી જવાની ધાસ્તી રહે છે, તેમ આપણી કોઈ પણ પ્રવૃત્તિ જો ધ્યેયનું વિસ્મરણ કરે તો ક્ષણે ક્ષણે જીવન ધ્યેયથી દૂર ખસી જાય એમ ધાસ્તી રહે છે.

મશરૂવાળા ફરજ અને ધર્મને સમાનાર્થી સમજે છે. યોગ્ય ફરજ તેને કહેવાય જે સમાજ સાથેના સુસંગત ધર્મને અનુરૂપ હોય. સાત્ત્વિક લાગણી, વિચાર અને કાર્ય સાથે ધાર્મિક ભાવાર્થને વધુ નિસ્બત છે એમ તેમના ચિત્તશુદ્ધિના આગ્રહથી સમજી શકાય છે. "જેમ પૃથ્વીની સઘનતા (Specific Gravity)ની રક્ષા અને શુદ્ધિવૃદ્ધિ પર આપણી અને જગત વચ્ચેનો સંબંધ અવલંબી રહ્યો છે; એના પર આપણી અને જગતની શાંતિ, પ્રસન્નતા અને જીવનના મેળ (harmony)નો આધાર છે. એના પર ' સર્વગ્રન્થિના વિપ્રમોક્ષ :—સર્વ બંધનોમાંથી છુટકારો, પરમ આત્મવિશ્વાસ, પરમ આત્મશ્રદ્ધાનો આધાર છે. આ પરિણામ ઉપજાવી શકે એવી રીતે સત્ત્વની રક્ષા, શુદ્ધિ અને વૃદ્ધિને હું સત્ત્વસંશુદ્ધિ કહું છું. (પા. ૩૦)

કર્મ અંગે મશરૂવાળા સ્વતંત્ર વિશ્લેષણ કરે છે. ભારતીય પરંપરામાં જે કર્મનો સિદ્ધાંત છે તે વિશે થોડો સંશય વ્યક્ત કરી સામાજિક કલ્યાણ અને પ્રગતિને એ વધુ મહત્ત્વ આપે છે. સામાન્ય રીતે જે કોઈ બાબત શાસ્ત્રોક્ત હોય છતાં આધુનિક સમયમાં લાંબેગાળે હાનિકારક છે, સમાજને દુર્ગતિએ લઈ જાય છે તેને મશરૂવાળા અસ્વીકાર્ય લેખે છે. ' કર્મવાદ 'ના પ્રકરણમાં એ કહે છે કે ' પૂર્વકર્મ ' શબ્દ બધા પ્રકારનું અજ્ઞાન, આળસ અને ખંધાઈ છુપાવવાને સગવડભર્યો થઈ પડચો છે. વાસ્તવિક રીતે ' પૂર્વકર્મ 'નો અર્થ એટલો જ છે કે કોઈ પણ વર્તમાન સ્થિતિ, કોઈ લાડથી બગડી ગયેલા મનસ્વી બાળકના જેવા ઈશ્વરના આપખુદી તોરનું પરિણામ નથી. પણ ઘણે અંશે સમાજે જ કરેલા કોઈ પૂર્વદોષનું પરિણામ છે. આજની સ્થિતિ ભૂતકાળના આવરણનું પરિણામ છે. પરંતુ આગળ જતાં મશરૂવાળા આ પ્રવૃત્તિને ભૂતકાળને કે પૂર્વજન્મના કર્મને આરોપી દેવાની પ્રવૃત્તિ સાથે સાંકળે છે. જીવનના બધા અનુભવોને પૂર્વજન્મના કર્મ સાથે જ ઝટ લઈને જોડી દેવાની આવશ્યકતા નથી. અનુભવોનાં મોટા ભાગનાં કારણો આપણે આ જન્મનાં જ કર્મો કે સંકલ્પોને તપાસીને શોધી શકીએ એમ છીએ. અને આ જન્મનાં જ કર્મો અને સંકલ્પોના સંશોધન વિના એકદમ પૂર્વજન્મના અનુમાન ઉપર આવી જવું એ ભૂલભરેલું છે. આ સિદ્ધાંતના અર્થઘટન અંગે મશરૂવાળા ઠીકઠીક પ્રકાશ ફેંકે છે. અહીં કર્મને ' પાપ ' સમજવામાં આવે છે અને પરિણામે દુઃખ ભોગવવું પડે છે તે સમજૂતી સામે પણ તેમને વાંધો છે તેમ જણાય છે. આ ઉપરાંત અન્યના કર્મ કે કહેવાતા ' પાપ 'ને લીધે તેમના સંબંધી, પડોશી, સગાંવ્હાલાંને દુઃખ ભોગવવું પડે છે તે પણ વિસ્મયકારક છે, તે મશરૂવાળાને સ્વીકાર્ય હોય તેમ જણાતું નથી. "જગતમાં પાપ વધી જવાથી આવી શિક્ષા થઈ છે, આવું માનવાની અને માનતા ન હોઈએ તો યે બોલવાની આપણને ટેવ પડી છે," (પા. ૨૧૬) "કારણ ઉત્પાત થવા એ સૃષ્ટિના સ્વભાવ કે નિયમની વિરૂદ્ધ નથી. નાના જંતુઓના ભયંકર સંહારનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેમ વારો આવે છે, તેમ મોટાં પ્રાણીઓને યે કોઈ વાર વારો આવે છે એમાં દૈવની ખાસ શિક્ષા છે એમ કહેવાની જરૂર નથી. પુણ્યશાળી જગત થાય તો યે આવા પ્રસંગો આવી શકે. તે વખતે એવો પ્રસંગ જેમના પર આવે તે પોતાના કર્મનું ફળ ભોગવે છે માટે ભોગવવા દેવું એમ કહેવું એ શુષ્ક જ્ઞાન છે." "દરેક જગ્યાએ પૂર્વકર્મ, અને તેમાંયે પૂર્વજન્મનું કર્મ આગળ કરવું એ ભૂલ છે."

ઉપર્યુક્ત પુરુષાર્થની સમજૂતી સાથે પુરૂષાર્થના વિષયોમાં મુક્તિની માન્યતા ઈશ્વર, શ્રદ્ધા, ઉપાસના, વૈરાગ્ય, સંન્યાસ, અપરિગ્રહ અને યોગ વિશે મશરૂવાળાએ પોતાના આગવા ખ્યાલો આપ્યા છે. જેમ 'સમૂળી ક્રાંતિ'માં તેમણે કેટલાક મૂળભૂત પ્રશ્નો પૂછ્યા છે અને ભારતીય પરંપરાના કેન્દ્રીય વિચાર અંગે શંકા સેવી છે તેમ 'વિવેક અને સાધના'ની પ્રસ્તાવનામાં ભારતીય પ્રજાની વાસ્તવિક કંગાલિયત વિશે આશ્ચર્ય વ્યક્ત કર્યું છે.

જ્યારે આપણે 'માન્યતા' વિષે કહીએ છીએ ત્યારે મશરૂવાળા 'વાદ' અને 'સિદ્ધાંત' વચ્ચેનો મહત્ત્વનો ભેદ દર્શાવે છે તે ધ્યાનમાં લેવું જરૂરી છે. દેખીતાં પરિણામો તથા અનુભવોનાં અગોચર કારણો વિશે અથવા પ્રત્યક્ષ કર્મોનાં અગોચર ફળો વિશે સયુક્તિક જણાતી કલ્પના તે 'વાદ' છે. સિદ્ધાંત એ અનુભવથી કે પ્રયોગથી શોધાયેલો અચળ નિયમ છે. વાદને સિદ્ધાંત માનવાની ભૂલ ન કરવી જોઈએ. એ ગમે તેટલો સયુક્તિક અને સંતોષકારક લાગે તો પણ બીજો માણસ એ જ વિષય સમજાવવા બીજો વાદ રજૂ કરે છે તો તે માટે એક રીતે તકરાર કરવાની જરૂર ન હોય, પરંતુ એ વાદને સ્વીકારનારનાં મન ઉપર એથી જે સંસ્કારો દૃઢ થાય, તે સંસ્કારોના ગુણદોષની દૃષ્ટિએ એ વાદની સમાલોચના અને શુદ્ધિ આવશ્યક થાય. આથી વિશેષ, વાદના ખંડનમંડન માટે કે તેને પકડી રાખવા માટે આગ્રહ ન રાખવો જોઈએ. આ ઉપરાંત સમાલોચના કરતાં મશરૂવાળા એક બાબતને સ્પષ્ટ કરે છે કે શાસ્ત્રો માટે કોઈ આસક્તિ ન હોવી જોઈએ. વિશેષ કરીને તેના અર્થઘટનની બાબતમાં એકવાકયતા ઉપજાવવા માટે કોઈ 'એષણા' ન હોવી જોઈએ. એ સત્યશોધનમાં બાધક છે. શોધનનો વિષય શાસ્ત્રો નથી, પણ આત્મા કે ચિત્ત છે; અને તે શાસ્ત્રમાં નથી, પણ પોતામાં છે. આત્મશોધનનો વિષય અને તેનું સાધન ચિત્ત, સદ્‌ગુરુ તથા સત્પુરુષનો ભક્તિપૂર્વક સમાગમ છે.

આલંબન, શ્રદ્ધા અને માન્યતા અંગે ચર્ચા કરતાં મશરૂવાળા મહત્ત્વના નિરાકરણ પર પહોંચે છે અને કહે છે કે શ્રેયાર્થી મનુષ્ય અદૃશ્ય શક્તિઓ કે નિયમોનું વત્તુંઓછું આલંબન સ્વીકારે છે જેમ કે પરમાત્મા પર નિષ્ઠા તથા પુનર્જન્મની કે કયામતની માન્યતા, સ્વયંસિદ્ધ બાબત અને કાર્ય કારણના વિચારો બન્ને તેમાં ભાગ ભજવે છે. પરંતુ મશરૂવાળા એક બાબત વિશે નિશ્ચિત છે કે પરમાત્મા એ ચેતનસ્વરૂપ છે. તેમાં શબ્દપ્રમાણ પર ક્રિયાશીલ છે. અહીં મશરૂવાળા વૈચારિક શોધને પ્રોત્સાહન આપે છે અને પરમાત્માના સ્વરૂપ વિશે શ્રેયાર્થીએ પૂરેપૂરો વિચાર કરી લેવો જોઈએ એમ સૂચવે છે. તેનાથી શ્રદ્ધા ઘટતી નથી પરંતુ તેને બલવત્તર ટેકો મળે છે. અહીં પરમાત્માના ગુણ અને વિધેય વિશે વિચાર કરતા શ્રેયાર્થીએ ચેતવા જેવું છે એમ મશરૂવાળા કહે છે. અશુભ, અવિચારી અને અયોગ્ય ગુણો પરમાત્માને વિધેયિત ન કરી શકે તેવું સૂચન કરે છે. "શ્રેયાર્થીને માટે પરમાત્માની સર્વ વિભૂતિઓ કે શક્તિઓ ચિંતન કરવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યોગ્ય કે મેળવવા યોગ્ય નથી. પણ એમાંની શુદ્ધ અને શુદ્ધિકારક વિભૂતિઓ અને શક્તિઓ જ ચિંતન કરવા કે મેળવવા યોગ્ય છે. (પા. ૬૧)

પરમાત્માના ચિંતનનો વિપર્યાસ થાય છે. પરમાત્મા શુભાશુભ સર્વ ગુણો, વિભૂતિઓ, શક્તિઓનો ભંડાર કે બીજ છે એ સાચું; છતાં તેમાંનાં શ્રેયાર્થીની સત્ત્વસંશુદ્ધિને ઉપયોગી ગુણ, વિભૂતિ અને શક્તિઓ જ ચિંતન કરવા યોગ્ય સમજવાં જોઈએ. આ સાથે મુક્તિ માટે જ્ઞાન ઉપરાંત ભક્તિ તથા ઉપાસના પણ એટલાં જ મહત્ત્વનાં છે એમ મશરૂવાળા સમજે છે તેથી પરમાત્માના સગુણ પાસા પર એ ભાર મૂકે છે. ભક્તિતત્ત્વમાં અનાસક્તપણું, નિષ્પ્રયોજનતા અને પરિશુદ્ધિને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. જ્યારે ભક્તિ, કર્મ અને જ્ઞાનના 'માર્ગ' તરીકે એક કે સમગ્ર સાધનનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે ત્યારે મશરૂવાળા તેની વિશદ ચર્ચા કરે છે. તેના વિવિધ પક્ષોને ગણનામાં લે છે. એ કહે છે કે આ વાદોનો ક્યારેય નિર્ણયકારક અંત આવી શકશે કે નહિ એ કહેવું કઠણ છે. અહીં કર્તવ્ય, કર્મ, કાર્ય, જ્ઞાન, લાગણી, ભાવ અને નિર્ણયશક્તિનું વિશદ પૃથક્કરણ કરવામાં આવ્યું છે, પરંતુ મશરૂવાળા અમુક ચિત્તઅવસ્થાઓને વિશેષ ગુણકારી સમજે છે જેમ કે પ્રેમથી કદાપિ દુઃખ થાય તો તે પણ આવકારદાયક છે અને તે દુઃખની સ્મૃતિ સુખકર થઈ શકે છે. આથી સરવાળે વધુ સુખ પણ પ્રેમ તથા સમભાવની ગુણાત્મક લાગણીની ખીલવણીમાં છે. આ ભક્તિમાર્ગનો મૂળ પાયો છે. જ્ઞાનમાર્ગ આવી અવસ્થા વિશે શંકાશીલ છે. એ એમ માને છે કે આમાં છેતરપિંડી છે. વધુમાં આવી અવસ્થા અસ્થિર છે. તેથી દુઃખરૂપ છે. સાત્ત્વિક, રાજસિક અને તામસિક દૃષ્ટિએ જ્ઞાન, કર્મ અને ભક્તિના સમાગમ થતા રહે છે. સિદ્ધાંતમાં કોઈ વ્યક્તિ જ્ઞાનમાર્ગી હોય પણ પ્રકૃતિએ કર્મમાર્ગી બને છે. ત્યારે કોઈ વ્યક્તિ કર્મમાર્ગની હિમાયત કરે પરંતુ પ્રકૃતિથી જ્ઞાનમાર્ગી રહે તેવું બનવા પામે.

મશરૂવાળા કહે છે કે જ્ઞાન, ભક્તિ કે કર્મ પૈકી કોઈ એક જ માર્ગ નથી, અથવા ત્રણ સ્વતંત્ર માર્ગોયે નથી અથવા બબ્બેનો કે ત્રણેનો સમુચ્ચય કરવાનો છે એમ કહેવુંય કઠણ છે, પણ (૧) જ્ઞાનપ્રાપ્તિ, ત્યાર બાદ ભાવનાનું અનુશીલન, અને ત્યારબાદ કર્મયોગની પૂર્ણતા, એવો વિકાસનો ક્રમ જણાય છે. પણ (૨) જે માણસ જે ભૂમિકાએ પહોંચતો હોય છે, તેને માટે તે જ ભૂમિકા જ તાત્કાલિક ધ્યેય બને છે. સ્થૂળ દૃષ્ટિએ સમાજમાંયે ભૂમિકાના એવા યુગો હોય છે; અને (૩) જે બાબતનો કર્મયોગ પૂર્ણ થાય છે, તેને પૂર્વગામી જ્ઞાન અને ભાવના સ્વભાવસિદ્ધ થયેલાં હોય જ, એટલે એક રીતે કર્મયોગની પૂર્ણતામાં જ્ઞાન અને ભાવનાનો સમાસ થઈ જાય છે, જો કે એનું ભાન ન હોય એમ બને છે.

આ ઉપરાંત પરમાત્માની સાધનામાં તે પ્રત્યે સ્થૂળ પ્રકારની ઉપાસના અને ભક્તિ મશરૂવાળા આવકારે છે, તેનું ક્રમવાર વર્ણન કરે છે. 'શ્રદ્ધાળુ વાસ્તિકતા'ના શીર્ષક હેઠળ મશરૂવાળા એકેશ્વરવાદ, અનેક દેવવાદ અને ચિત્તની અનિચ્છનીય વૃત્તિઓની ચર્ચા કરે છે. વ્યક્તિ કેટલીક વખત અન્યની શ્રદ્ધાને હાનિ પહોંચાડે છે એ બાબતને મશરૂવાળા અનિચ્છનીય લેખે છે. અહીં એક બાબત મશરૂવાળા રજૂ કરે છે તે બુદ્ધિ અને જીવન વચ્ચેની ખાઈ છે. બૌદ્ધિક નિર્ણયો અને સંકલ્પને તાદૃશ રીતે જીવનમાં ઉતારી શકાતા નથી. કર્તૃત્વશક્તિ કરતાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બુદ્ધિ વધારે વ્યાપક ક્ષેત્રમાં વિહાર કરી શકે છે. સ્તવન ઉપાસના અને કર્મયોગીની ઉપાસના દ્વારા તેનું ધ્યેય પ્રાપ્ત થઈ જ જાય છે તેમ માનવું બરાબર નથી અહીં મશરૂવાળા 'કર્મયોગ'ની મહત્તાને દર્શાવે છે. સ્તવન–ઉપાસના કર્મયોગને વિરોધી કે વિસંગત ન હોવી જોઈએ. પણ કર્મયોગને શુદ્ધ કરનારી અને તેમાં રહી જતી ઊણપને પૂરવાવાળી હોવી જઈએ.

ઉપર્યુક્ત વિશ્લેષણ અને શ્રેયાર્થીની સાધના અંગેની માન્યતા તેમ જ જીવનના શુદ્ધિકરણના આલેખનથી એટલું સ્પષ્ટ થાય છે કે મશરૂવાળા જ્ઞાન અને શ્રદ્ધાનાં દ્વાર ખુલ્લાં રાખવા ઇચ્છે છે. તેમની વિચારસરણી મર્યાદિત નથી. એ આરંભમાં કહે છે તેમ જે જાણું છે તેને બધું અંતઃ-વિસ્તારથી શોધવું તે સાચા જ્ઞાનનો મર્મ છે. બુદ્ધિને મર્યાદા હોય તોયે તે શોધવી જ જોઈએ અને શ્રદ્ધાને મર્યાદા હોય તો તેયે આંકવી જ જોઈએ. (પા. ૧૨૬) એટલું સ્પષ્ટ જણાય છે કે એ 'માનવમૂલ્યો' અને 'માનવજાતિના સમગ્ર ઉદ્ધાર'ને ખ્યાલમાં રાખીને તાત્ત્વિક વિચારણાની સુસંગતિને કલ્પે છે. "જન્મમરણથી છૂટવું એ જીવનનું યોગ્ય ધ્યેય નથી. જન્મમરણનો ભય છોડીને આપણી માનવતા વધારવી એ માટે પુરુષાર્થ હોવો જોઈએ." (પા. ૧૨૬)

માનવહિતવાદ અને માનવતાના મૂલ્યની બાબત 'વિવેક અને સાધના'ની તેમની પ્રસ્તાવનામાં તેમણે રજૂ કરી છે તે પરથી આ બાબત વધુ સ્પષ્ટ થશે. એમણે (કેદારનાથજીએ) અમને જે નવું ધ્યેય આપ્યું તે આ–ઈશ્વરનો કે આત્માનો સાક્ષાત્કાર કરવો, આનંદમાં નિમગ્ન થઈ જવું. ગંગાતીરે હિમગિરિશિલા પર પદ્માસન વાળી નિર્વિકલ્પ સમાધિમાં ડૂબી જવું વગેરે ધ્યેયોમાં રમખાણ ન રહો. ઈશ્વર અને આત્માનો નિશ્ચય કરી લઈ તેમાં નિષ્ઠા રાખો. ઈશ્વરનિષ્ઠા તથા આત્મનિષ્ઠાનું જે મહત્ત્વ છે તે જગતને સુખી કરવા, સમાજને ઉન્નત કરવા અને તમારી મનુષ્યતાનો વિકાસ કરવા માટે છે. સર્વ જીવોનું સુખ, સમાજની ઉન્નતિ, મનુષ્યમાં માણસાઈનો વિકાસ–એનું જીવન માટે મહત્ત્વ છે. સાક્ષાત્કાર, મુક્તિ, નિર્વિકલ્પ સમાધિ એ જીવનનાં ધ્યેય નથી. તેમાં તો સ્વચ્છંદ પણ હોય અને તે દંભનાં સાધન પણ થઈ શકે.

ફરીને 'માનવતાનું ગૌરવ' એ શીર્ષક હેઠળ કેદારનાથજી કહે છે કે આ બધી બાબતો સ્પષ્ટ હોવા છતાં માણસ ભ્રાંતિથી જાતજાતના મોહમાં ફસાય છે. અને તેથી તેને પોતાનો આદર્શ સમજાતો નથી. માનવતાનું ગૌરવ અને માનવતાની વિડંબના એ બે વચ્ચેનો ભેદ તેને સમજાતો નથી. માનવની દુર્દમ્ય ઇચ્છાઓ કદી દાનવ બનીને તો કદી દેવપણાના મોહમાં ફસાઈને બહાર પડે છે. તે બન્ને માર્ગો રાખીને માનવતાનો સરળ માર્ગ ધારણ કરવા માટે શુદ્ધ વિવેક ન હોય તો માણસ વિલાસને જ વિકાસ સમજે છે. ઈશ્વરભક્તિથી, ધાર્મિક આચરણથી માણસમાં નમ્રતા, નિરહંકારીપણું, કૃતજ્ઞતા વગેરે ગુણો આવે છે, તેમ છતાં ભક્તિને માર્ગે લાગેલો સાધક થોડા જ દિવસોમાં પોતાનું મનુષ્યત્વ વિસરી જઈને દેવપણામાં સંતોષ માનવા લાગે છે. આ જાતની અકાંક્ષા અને ઇચ્છામાં માનવતાની વિડંબના છે. જે જે આશા, તૃષ્ણા અને કામનાઓને લીધે માણસ પોતાનું મનુષ્યત્વ ભૂલી જાય છે તે તે બધી મનુષ્યત્વની હાનિ કરનારી છે, એ ઓળખીને માણસે સાવધાનતાથી અને સંયમથી, ધૈર્યથી અને પુરુષાર્થથી, વિવેકથી અને નિરહંકારીપણાથી વર્તીને પોતાની માનવતાનો માર્ગ સ્પષ્ટ અને સરળ કરવો જોઈએ. ધર્મ, કર્મ, આનંદ, લાભ, ઇચ્છા, કામના, ભાવના, પ્રતિષ્ઠા વગેરે બધા પ્રસંગોમાં તેણે પોતાની માનવતાનું સ્મરણ રાખીને ચાલવું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોઈએ. વિશ્વશક્તિમાંથી, ઇશ્વરશક્તિમાંથી પ્રગટ થઈને પોતા સુધી આવી પહોંચેલું આ માનવતાનું દાન અધિક શુદ્ધ અને માનવીય સદ્‌ગુણોથી અધિક સમૃદ્ધ કરીને ભવિષ્યની પ્રજાના કલ્યાણ માટે માનવજાતિને સમર્પણ કરવું જોઈએ. આમાં જ માનવતાનું અને માનવજાતિનું ગૌરવ છે. આ જ બધા ધર્મનો સાર છે. ભક્તિની અને તત્ત્વજ્ઞાનની પરિસીમા આમાં જ છે. (વિ. અને સા. કેદારનાથ પા. ૩૩)

સંદર્ભગ્રંથો

૧ જીવનશોધન, કિશોરલાલ ઘ. મશરૂવાળા, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, સંશોધિત પાંચમી આવૃત્તિ, ડિસે. '૫૨.

૨ વિવેક અને સાધના, કેદારનાથજી, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૫૫.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

OUR NEW RELEASES

	Rs.	
Discipline : The Canonical Buddhism of the Vinayapitaka—John C. Holt	50	
Encyclopedia of Indian Philosophies—Karl H. Potter		
Vol. I : Bibliography 2nd rev. edn.	250	
Vol. II : Introduction to the Philosophy of Nyaya Vaisesika	150	
Vol III : Advaita Vedanta. Part I	175	
Fragments from Dinnaga—H. N. Randle	40	
Fullness of the Void—Rohit Mehta	85	(Cloth)
	60	(Paper)
Global History of Philosophy 3 Vols—John C Plott.	195	
Hindu Philosophy—Theos Bernard	50	(Cloth)
	30	(Paper)
History and the Doctrines of the Ajivikas—A. L. Basham	75	
History of the Dvaita School of Vedanta—B. N. K. Sharma	200	
History of Indian Literature Vol. I—M. Winternitz	100	
History of Pre-Buddhistic Indian Philosophy—B. Barua	125	
Indian Sculpture—Stella Kramrisch	60	
J. Krishnamurti and the Nameless Experience—Rohit Mehta	55	(Cloth)
	45	(Paper)
Language and Society–Michael C. Shapiro and Harold F. Schiffman	130	
Life of Eknath—Justin E. Abbott.	50	(Cloth)
	35	(Paper)
Madhyamaka Buddhism: A Comparative Study—Mark Macdowell	50	
Nyaya Sutras of Gotama—Tr. by Nand Lal Sinha	80	
Peacock Throne : The Drama of Mogul India—Waldemar Hansen	120	
Philosophy of Nagarjuna—K. D. Prithipaul	65	
Prapancasara Tantra—Ed. by Arthur Avalon	100	(Cloth)
	75	(Paper)
Select Inscriptions. Vol. II—D. C. Sircar	200	
Serindia 5 Vols—Sir Aurel Stein	3000	
Sexual Metaphors and Animal Symbols in Indian Mythology—Wendy Doniger O'Flaherty	100	
Siksha Samuccaya : A Compendium of Buddhist Doctrine—Cecil Bendall & W.H.D. Rouse	60	
Suresvara on Yajnavalkya—Maitreyi Dialogue (Brhadaranyakopanisad 2 : 4 and 4 : 5)—Shoun Hino	125	
Tantraraja Tantra—Ed. by Arthur Avalon & Lakshaman Shastri	120	(Cloth)
	100	(Paper)
Vedic Mythology, 2 Vols—Alfred Hillebrandt; tr. by Sreeramula Rajeswara Sarma	220	

For Detailed Catalogue, please write to :—

MOTILAL BANARSIDASS

Bungalow Road, Jawahar Nagar, Delhi-110007 (India)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાટ્યકાર દિઙ્નાગ

આર. પી. મહેતા*

નાટક 'કુન્દમાલા'માં[1] લેખક પોતાને વિષે કોઈ પ્રકારની વિગત આપતા નથી. નિર્ણયાત્મક વિગતોને અભાવે તેમના વિષે વિસંવાદ પ્રગટે છે.

તેમનાં નામ આ પ્રમાણે મળે છે[2] :—(૧) દિઙ્નાગ–નાટકની મૈસૂર હસ્તપ્રતમાં 'પ્રસ્તાવના'માં છે–**कवेर्विङ्नागस्य कृतिः।** (૨) ધીરનાગ–તાંજોર હસ્તપ્રતની પુષ્પિકામાં છે–**कवेर्धीरनागस्य (कृतिः)।** (૩) વીરનાગ–નાટકમાંથી અવતરણ આપતાં, 'નાટ્યદર્પણ' લખે છે–**वीरनागनिबद्धायां कुन्दमालायाम्।** (૪) નાગય્ય–બર્નેલને અનુસરીને, ઑફ્રેટ આ નામ (સી. સી. ૧–૧૦૯) આપે છે. (૫) રવિનાગ–શ્રીધરદાસના 'સદુક્તિકર્ણામૃત'માં પદ્ય સાથે કવિનું નામ રવિ આપ્યું છે. આ બધાંમાંથી 'દિઙ્નાગ' નામ વધુ યોગ્ય છે. આ નામ પ્રચલિત છે. આમ પણ, નાટકની 'પ્રસ્તાવના'માંથી પ્રાપ્ત લેખક નામ વધુ યોગ્ય હોય છે. ઑફ્રેટ નાટકની અંકસંખ્યા પાંચ જણાવે છે; પરંતુ નાટક ૭ અંકનું છે, તે સુનિશ્ચિત છે.

તાંજોર હસ્તપ્રતમાં દિઙ્નાગનું નિવાસસ્થાન 'અનૂપરાધ' છે; મૈસૂર હસ્તપ્રતમાં 'અરારાલપુર'. અરારાલપુરની ઓળખ થઈ શકી નથી. કાશ્મીરમાં 'અરવાલ' નામે કોઈ સરોવર હતું; તેનો નિર્દેશ[3] મળે છે. અનૂપરાધ અનુરાધાપુરનો ભ્રષ્ટ પાઠ હોય તે સંભવ છે. અનુરાધાપુર શ્રીલંકાનું પાટનગર ઈસવીસનના પ્રારંભમાં[4] હતું. દિઙ્નાગ દાક્ષિણાત્ય હોય, તેમ જણાય છે.

'**સ્વાધ્યાય**', પુસ્તક ૩૦, અંક ૧–૨, દીપોત્સવી–વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૯૨–જાન્યુઆરી ૧૯૯૩, પૃ. ૬૯–૭૨.

* ૮–૩–ગ–૧, સેક્ટર ૨૦, ગાંધીનગર–૩૮૨ ૦૨૦.

તા. ૨૫ થી ૨૭ ડિસેમ્બર ૧૯૯૨ દરમ્યાન અતુલ (જિ. વલસાડ) ખાતે યોજાયેલ ગુજરાત રાજ્ય સંસ્કૃત અધ્યાપક મંડળના ૧૮મા અધિવેશનમાં વંચાયેલ લેખ.

१ **धवन कृष्णकुमार— कुन्दमाला; भारतीय संस्कृत भवन, जालन्धर; १९५५; प्रथम संस्करण** આધાર સ્થાન.

२ अग्रवाल **हंसराज—संस्कृतसाहित्येतिहासः, द्वितीय खण्डः, शक्ति प्रकाशन, लुध्याना; १९५१; प्रथमावृत्तिः; पृ. ८७**

नाट्यदर्पणम्—१–३३, वृत्ति; परिमल पब्लिकेशन्स, दिल्ली; १९८६,

Krishnamachariar M.–History of Classical Sanskrit Literature, Motilal Banarsidass, Delhi 7; 1970; first reprint; p. 601, fn. 1

નાન્દી (ડૉ.) તપસ્વી–સંસ્કૃત નાટકોનો પરિચય, યુનિવર્સિટી ગ્રન્થનિર્માણ બૉર્ડ, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ; પૃ. ૨૧૨–૨૧૩

3–4 Warder A.K.–Indian kāvya Literature, vol. 2, Motilal Banarsidass, Delhi, 1974, first edition, p. 359

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગ્રીષ્મનાં તાદૃશ વર્ણનો, પ્રાકૃતની બહુલતા, આરણ્યક માટે ખુલ્લે પગે ચાલવાની સામાજિક-પ્રથા, દક્ષિણનાં નાટકો સાથે સ્વરૂપસામ્ય-'કુન્દમાલા'ની આ વિશેષતાઓ આના પુરાવા છે.

સાગરનન્દી 'નાટકલક્ષણરત્નકોશ'માં આમાંથી ચાર વાર અવતરણ[5] આવે છે. સાગરનન્દીનો સમય ઈ. ૧૦મી સદીના પૂર્વાર્ધથી ઈ. ૧૨મી સદીના પૂર્વાર્ધ પહેલાંનો[6] છે. દિઙ્નાગ આ પહેલાં થયા છે, તે નિશ્ચિત છે. પરંતુ આ સમય પહેલાં ક્યારે થયા છે, તે અંગે નિશ્ચિતતા નથી.

કાલિદાસના 'મેઘદૂત'માં પદ્યાંશ છે[7]-'दिङ्नागानां पथि परिहरन् स्थूलहस्तावलेपान्।' અહીં પુરોગામી વ્યાખ્યાકાર દક્ષિણાવર્તનાથને અનુસરીને મલ્લીનાથ કાલિદાસના પ્રતિપક્ષી દિઙ્નાગનું સૂચન જૂએ છે. જનશ્રુતિ મુજબ, આ દિઙ્નાગ બૌદ્ધ નૈયાયિક હતા એવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.[8] હિન્દુપરંપરામાં ઉછરેલા નાટ્યકારે ઉત્તરાવસ્થામાં બૌદ્ધ ધર્મ અપનાવ્યો હોય. પરન્તુ આમ માનવાની જરૂર નથી. 'મેઘદૂત'માં કોઈ વ્યક્તિવિશેષનું સૂચન નથી. પ્રાચીન વ્યાખ્યાકાર વલ્લભદેવ (ઈ. ૧૦મી સદી)[9] આવું કોઈ સૂચન જોતા નથી. નાટ્યકારના બૌદ્ધધર્મઅંગીકાર વિષે કોઈ પુરાવા ઉપલબ્ધ નથી; આથી આ સંભાવના સ્વીકાર્ય નથી.

'ઉત્તરરામચરિત' અને 'કુન્દમાલા'માં પ્રગાઢ સામ્ય છે. પરંતુ માત્ર આને આધારે, અન્ય કોઈ પ્રમાણોને અભાવે, ભવભૂતિ અને દિઙ્નાગનું પૌર્વાપર્ય નિશ્ચિત કરવું અતાર્કિક છે. આ બંનેમાંથી[10] સુશીલકુમાર દે, વૂલ્નર વગેરે ભવભૂતિને પુરોગામી માને છે; જ્યારે કૃષ્ણમાચારિયર, વૉર્ડર વગેરે દિઙ્નાગને પુરોગામી માને છે.

નાટકમાંનું પ્રાકૃત ઈ. ૬ઠી-૭મી સદીનું છે.[11]

દિઙ્નાગના નામ સાથેના બે શ્લોક 'સુભાષિતાવલી' (સં. પિટર્સન. ૩૮૮-૩૮૯)માં મળે છે[12]-समाश्लिष्यत्युच्चैः-॥ सुधौतं कौशेयं-॥ પરંતુ આ પદ્ય 'કુન્દમાલા'માં નથી. એમ

---

૫ नाटकलक्षणरत्नकोश:-२३, ५१, १७४, ३६९; चौखम्बा संस्कृत सीरीज आफिस, वाराणसी; १९७२.

6 De Sushil Kumar-History of Sanskrit Poetics, Firma K. L. Mukhopadhyay, Calcutta; 1960, Second edition, P. 310

૭ मेघदूत-१-१४; पी. एस. रेगे, बोम्बे; १९२६.

૮ उपाध्याय (डॉ.) रामजी-संस्कृत साहित्यका आलोचनात्मक इतिहास, द्वितीय भाग; रामनारायणलाल विजयकुमार, इलाहाबाद, १९७३; प्रथम संस्करण; पृ १३९.

9 De S. K.—A history of Sanskrit Literature, Vol. 1; University of Calcutta, Calcutta; 1962; Second edition; P. 132, fn. 3.

10 Ibid, p. 464, उपाध्याय-इतिहास, पृ. १४०. Krishnamachariar-History; p. 601 Warder-Kāvya; p. 358.

૧૧ નાન્દી-નાટકો; પૃ. ૨૧૭.

12 Krishnamachariar-History; P. 604, fn. 2.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાગે છે કે દિઙ્નાગની આ નાટક સિવાય અન્ય રચના હશે; જેમાં આ પદ્ય હોય અને જેને કાળ-દેવ ગ્રસી ગયા હોય.

નાટક 'કુન્દમાલા'ના છ અંકો છે. સીતાત્યાગથી કથાવસ્તુ શરૂ થાય છે. રામ–સીતાના પુનર્મિલન પછીના કુશના અભિષેક સાથે સમાપ્ત થાય છે.

નાટક માટે કથાવસ્તુનો પ્રેરણાસ્રોત વાલ્મીકી રામાયણનો 'ઉત્તરકાંડ' છે. દિઙ્નાગે તેમાં પરિવર્તનો કર્યાં છે. આમાં મુખ્ય પરિવર્તન નાટ્યાન્તે છે. અહીં સીતા ધરતીમાં સમાઈ જતી નથી. પરંતુ દેવીના રૂપમાં પ્રગટ થઈને પૃથ્વી શુદ્ધિઘોષણા કરે છે પછી રામ સીતાને સ્વીકારી લે છે. જો કે કાલીકુમાર દત્તનું[13] અનુમાન છે કે દિઙ્નાગ પાસે વાલ્મીકિ રામાયણનું પ્રાચીનતર સંસ્કરણ હશે; જેના પરથી કથાવસ્તુનું ગ્રથન કર્યું હશે; સીતાનું ધરિત્રી–સમાવેશન નાટ્યકારને જ્ઞાત નથી.

નાટ્યકાર પર પુરોગામીઓનો પ્રભાવ કોઈકવાર જોઈ શકાય છે. 'બૃહત્કથા'ના ઉદયન-વૃત્તાન્તમાં, પદ્માવતીની માળા જોઈને ઉદયનને લાગે છે કે આ વાસવદત્તાગુંફિત છે. અહીં ગંગામાં વહેતી કુન્દમાળાને જોઈને રામને લાગે છે કે આ સીતાગુંફિત છે. 'શાકુન્તલ'માં કન્યાવિદાય વખતે શોકથી હરિણીઓ દર્ભગ્રાસ અને મયૂરો નૃત્ય છોડે છે; અહીં સીતાત્યાગના શોકથી હરિણી અને મયૂરની આવી જ ચેષ્ટા છે. 'સ્વપ્નવાસવદત્ત'માં સ્વપ્નદશ્ય પછી ઉદયન વિદૂષક પાસે દ્વિધાગ્રસ્ત છે–વાસવદત્તા જીવિત છે કે નહિ? અહીં પ્રતિબિમ્બિત સીતાના દર્શન પછી રામ આવી રીતે વિદૂષક પાસે દ્વિધાગ્રસ્ત છે.

માત્ર એટલું જ કહેવું પર્યાપ્ત લેખાશે–'કુન્દમાલા'ને 'ઉત્તરરામચરિત' સાથે પ્રગાઢ સામ્ય છે. 'કુ.'માં રામને માટે છે–'सजलजलधरस्तनितगम्भीर० ।' 'ઉ.'માં રામને માટે–'जलभरितस्तनितमांसलः ।' 'કુ.', 'ઉ.'થી ભિન્નતા પણ ધરાવે છે. 'ઉ.'માં–રામ જુમ્ભકાસ્ત્રને આધારે પુત્ર અભિજ્ઞાન પામે છે. 'કુ.'માં–રઘુકુળ સિંહાસન પર બેસવા છતાં પુત્ર મરી જતો નથી, એને આધારે રામ પુત્ર અભિજ્ઞાન પામે છે.

કેટલાય પ્રસંગો લેખકની મૌલિકતાથી ચિહ્નિત છે. વાલ્મીકિ કઠોર શબ્દોમાં રામને ઠપકો આપે છે–'हे राजन्, घृतसौहार्द, महाकुलीन, समीक्ष्यकारिन्, किं युक्तं तव प्रतिपादितां जनकेन, गृहीतां दशरथेन, कृतमङ्गलामरुन्धत्या विशुद्धचरितां वाल्मीकिना, भावितशुद्धि विभावसुना, मातरं कुशलवयोः, दुहितरं भगवत्याः विश्वम्भराया देवीं सीतां जनापवादमात्रश्रवणेन निराकर्तुम् ।

નાટક મહદંશે નાટ્યશાસ્ત્રીય નિયમો પાળે છે—ખ્યાતવૃત્ત, રાજર્ષિનાયક, સંધિગ્રથિત વસ્તુ, છ અંક, સુખાન્ત વગેરે કોઈક નિયમ નથી પણ જળવાયા. સીતા મૂર્છિત રામને આલિંગ-નથી સચેત કરે–તે રંગમંચ માટે નિષિદ્ધ દશ્ય છે. છતાં એકંદરે નાટક રંગમંચીય પ્રદર્શન માટે અનુકૂળ છે,—ઘટનાઓની જટિલતાનો અભાવ, મહદંશે વર્ણનથી અનિરુદ્ધ કથાવેગ, મર્યાદિત પાત્રસંખ્યા, મર્મસ્પર્શી ભાવનિરૂપણ, મર્યાદિત શ્લોકસંખ્યા, વૈદર્ભી શૈલી, અતિપ્રાકૃતિક તત્ત્વનો મહદંશે અભાવ, વગેરે.

---

૧૩ उपाध्याय—इतिहास; पृ १५०

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાટકમાંનાં ચૌદ પાત્રોમા પાંચ સ્ત્રીપાત્રો છે. અહીં રામનાટકોમાં ભાગ્યે જ જોવા મળતો વિદુષક છે; પરંતુ તે હાસ્યપ્રેરક ન પણ હોય. અહીં તો તે પોતાના દ્વારા ગ્રાત અને રામથી વિયુક્ત એવા કુશલવને મળીને રડી પડે છે. નાટકમાં કરુણનું વાતાવરણ છે. લક્ષ્મણ પાસેથી પોતાના ત્યાગ વિષે જાણીને સીતા વનમાં બોલી ઊઠે છે—**हा तात, आर्य कोसलाधिप, अद्योपरतोऽसि ।** સીતાનું સમગ્ર આયુષ્ય કરુણતાને ખોળે વીતે છે. રામ કહે છે—

पूर्वं वनप्रवासः पश्चाल्लंका ततः प्रवासोऽयम् ।
आसाद्य मामधन्यं दुःखाद् दुःखं गता सीता ॥ ३–१३

પરંતુ નાટકનો મુખ્યરસ વિપ્રલંભ શૃંગાર ગણવો જોઈએ. નાટકમાં કયાંય એવું પ્રકટ નથી કે રામને મન સીતા મૃત હોય એ કહે છે—

कदा बाहूपधानेन पटान्तशयने पुनः ।
गमयेयं त्वया सार्धं पूर्णचन्द्रां विभावरीम् ॥ ४.१७

મહદંશે પ્રકૃતિના સૌમ્ય સ્વરૂપને સ્પર્શતાં વર્ણનો હૃદયંગમ અને વાસ્તવિક છે; જેમ કે સૂર્યાસ્તવર્ણન. ભાવસભર ધ્વન્યાત્મક સૂક્તિઓ આકર્ષક છે. જેમ કે **लोको निरंकुशः ।** પાત્રો માનવીય વધુ છે; દૈવી ઓછાં. રામની સીતાને મળવાની અધીરતા પ્રગલ્ભ છે. અલંકારોમાં ઉપમા વધુ સરસ છે. જેમ કે, **असितपक्षचन्द्रलेखेव दिने दिने परिहीयसे ।** ૧૫ છંદોના પ્રયોગ છે; તેમાં અનુષ્ટુપ્ સર્વાધિક ૪૯ પદ્યમાં છે; સ્રગ્ધરા સૌથી ઓછામાં—ચાર પદ્યમાં—છે.

નાટ્યકાર દિઙ્નાગનું નાટક ‘કુન્દમાલા’ સંસ્કૃત નાટ્ય સાહિત્યમાં વિલક્ષણ છે; તેમાં શંકા નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બ. ક. ઠાકોરના અપ્રગટ પત્રોમાં પ્રતિબિંબિત વિચારસૃષ્ટિ

ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ)*

વિજયરાય વૈદ્ય કહે છે તેમ 'પત્રલેખનને સાહિત્યનું કદાચ સૌથી સુરમ્ય ને મનોહર રૂપ કહી શકાય. બીજાં રૂપો સરજતાં કરવી પડતી જ્ઞાન કે અભ્યાસની અસાધારણ તૈયારી કે ખાસ દીર્ઘ ચિંતનને પત્રમાં અવકાશ નથી. પત્રમાં લેખકહૃદયના કેવળ સ્વયંભૂ છતાં નિગૂઢ અનુભવો આવિર્ભાવ પામે છે. તેવા અનુભવને આવશ્યક જીવન અને વાતાવરણ આપણે ત્યાં દુર્લભ છે.'[1] એટલે આપણે ત્યાં પત્રસાહિત્ય વિપુલ નથી. સાહિત્યકારનું કલામય આંતર-જીવન એમાં મૂર્ત થાય છે.

પત્રો એટલે હૃદયના ઝરણામાંથી ફૂટી નીકળતી અનુભવવાણી. લેખકના આંતરજીવનનું સૌથી વધુ પ્રમાણમાં દર્શન પત્રસાહિત્યમાં જ થાય છે. એ રીતે એ આત્મલક્ષી પ્રકારનું સાહિત્ય ગણાય. પત્ર એટલે જ પત્રલેખકનું હૃદયદર્શન. પત્રસાહિત્ય એ મહત્ત્વનો સાહિત્યપ્રકાર છે, કેમ કે સારા કાગળો એ સાહિત્ય ને જીવનચરિતને સાંધનારો સજીવન મૂલ્યવાન અંકોડો છે. જીવનના પ્રસંગો અને લખનાર વાંચનારના શોખ, ખાસિયતો આદિને નિકટ રહેતા કાગળો નિખાલસ હોય અને વિગતોની ગૂલવણીમાં અંગત ખાસિયતોનાં પ્રતિબિંબ હોવાની સાથે છેક મનસ્વી ના હોય, તેટલે દરજ્જે આકર્ષણ પણ બની જાય છે.[2]

પત્રલેખકના જીવનને સમજવા માટે તેના પત્રો ચાવીરૂપ હોય છે. એ વિશે બ. ક. ઠાકોર કહે છે—'ઝમાને ઝમાને કેટલીક સમર્થ બુદ્ધિ અને સુકોમળ હૃદયની વ્યક્તિઓ મહામંથનમાં પડી જાય છે અને આપણા તુચ્છ ત્રાજવાં માપી ન શકે એટલું વેઠે છે. તેમનો લગભગ આખો જીવન-સ્રોત તીવ્ર દર્દમય જ વહે છે. પછીના ઝમાનાઓના કોઈ અનિર્વાચ્ય મહાર્હ હિતને માટે આમ બનતું હશે કે એનો શો ભેદ હશે તે તો આ મનુષ્યજીવનને હસ્તામલકવત્ જોવા જાણવાનો દાવો કરનારા સર્વજ્ઞ જેવા ફિલસૂફો કદાચ જાણતા હોય તો જાણતા હોય![3] પત્રોમાં પત્રલેખકની

'સ્વાધ્યાય', પુ. ૩૦, અંક ૧-૨, દીપોત્સવી-વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૯૨-જાન્યુઆરી ૧૯૯૩, પૃ. ૭૩-૯૨.

* D 1/1 બજાજ કોલોની, પો. એમ.આઈ.ડી.સી., વાળુજ (૪૩૧૧૩૬) વાયા-ઔરંગાબાદ (મહારાષ્ટ્ર).

૧ વૈદ્ય વિજયરાય ક.—'જૂઈ અને કેતકી', પ્રકાશક—લેખક પોતે, ૧૫૮૨, કૃષ્ણનગર, ભાવનગર, આ. ૧, ૧૯૩૯, પૃ. ૯૫.

૨ ઠાકોર, બ. ક.—'કાન્તમાલા', પ્રકાશક—રા. બ. હરગોવિંદદાસ કાંટાવાલા વગેરે, રાયખડ, અમદાવાદ, આ. ૧, ૧૯૨૪, પૃ. ૩૧૯.

૩ એજન, પૃ. ૩૨૦.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રકૃતિની અજ્ઞાત અને મહત્ત્વની ભાત પાડે તેવી રેખાઓ વ્યક્ત થાય છે, તેનું અજ્ઞાત માનસ પ્રગટ થાય છે, કેટલીક બાબતોમાં પત્રોદ્વારા અપ્રકટતાનો પડદો દૂર થાય છે, અને કોઈ કોઈ નાજુક યા ગંભીર બાબતોમાં લેખક વિશે ફેલાયેલી ગેરસમજ અને બંધાયેલ પૂર્વગ્રહો દૂર થઈ સાચી ન્યાયપૂર્વકની શુદ્ધ સમજણ વ્યાપે છે. પત્રલેખકના જીવન પર, તેના ગૂઢ માનસ પર તથા જો તે સાહિત્યકાર હોય તો તેના સાહિત્યસર્જનની પ્રક્રિયા કે ગતિવિધિ પર તેના પત્રો પ્રકાશ પાડે છે. આમ, પત્રોનું ત્રિવિધ દૃષ્ટિએ મહત્ત્વ રહેલું છે.

પત્રલેખન માટે જ્ઞાન ને મહાવરાની જરૂર રહે છે. એ બેને પાયાની જરૂરિયાતો તરીકે ગ્રેહામ થોમસન જણાવે છે. પત્રોનું કામ પત્ર લખનારના અભિપ્રાયનું વહન કરવાનું છે અને તે પ્રસંગ મુજબ ચોકસાઈથી, સંક્ષિપ્તતાથી, સ્પષ્ટતાથી અને બની શકે તેટલું રસદાયક ને અસરકારક રીતે ને સાચા દિલથી થયેલું હોય તો પત્રો કલાનું રૂપ ધારણ કરે છે. એમાં સહૃદયતા હોય, સ્વાભાવિકતા હોય, આડંબર ને અક્કડપણાનો અભાવ હોય અને નિકટતા હોય તો તે સારો ઉઠાવ પામે છે. જ્યોર્જ સેન્ટ્સબરીના મત મુજબ તો 'પત્રો એ વાર્તાલાપ પછી તરત આવનાર અને ગેરહાજરીની ખોટ પૂરી પાડનાર એક વ્યક્તિનું વિચાર કે હકીકતનું, બીજી વ્યક્તિને નિવેદન છે.' આમ, પત્રલેખનનો પ્રદેશ મર્યાદિત છે, પણ વ્યક્તિત્વની વિશિષ્ટતાથી, કલાત્મકતાથી અને વેધકતાથી પત્રો સાહિત્યના ઉત્તમ નમૂના બને છે.

અંગત ખાનગી પત્રો, જાહેર પ્રગટ પત્રો, ધંધાદારીને સત્તાવાર (official) પત્રો–એમ વિવિધ પ્રકારના પત્રો હોય છે. નિજાનંદ માટે પત્રો લખવા એ શિક્ષિત અંગ્રેજોના નાનકડા વર્ગની સત્તરમીથી ઓગણીસમી સદીના અરસામાં મુખ્ય પ્રવૃત્તિ હતી. એની સર્વોચ્ચ કક્ષાએ તે અઢારમી સદીમાં પહોંચેલી. આજે વીસમી સદીના આ ધમાલિયા યુગમાં એ એક વિલુપ્ત કલા બની છે. કુટુંબના સમાચારો ને સમકાલીન બનાવો વિશેના અભિપ્રાયોથી ભરેલા લાંબા કાગળોની આપલે એ જાણે કે એક વીતેલા જમાનાની બીના બની ગઈ છે.[૪]

આપણે ત્યાં નર્મદયુગમાં પત્રલેખનનું સુઘડ સ્વરૂપ મળે છે અને પંડિતયુગમાં કંઈક વિપુલતા–વિવિધતા ધારણ કરી ગાંધી–મુનશીયુગમાં સમૃદ્ધ ને વ્યાપક બને છે. 'કાન્ત' ને 'કલાપી'ના પત્રોમાં તેમનું 'પરમ રસિક ને દર્દભર્યું જીવન' ગુણવત્તા ને કલાત્મકતા સમેત પ્રગટ થાય છે. પણ આપણા સમગ્ર પત્રસાહિત્ય પર દૃષ્ટિપાત કરીએ તો વિજયરાય વૈદ્યનું કથન સાચું લાગે છે કે પ્રબળ વ્યક્તિત્વ, સાચદિલ પ્રીતિ, ભાવનાત્મક અને વ્યવહારવિષયક દૃષ્ટિબિંદુ તથા ઊંડી સાહિત્યપ્રીતિનાં લક્ષણો બ. ક. ઠાકોરના પત્રોમાં એટલાં માતબર ને કલાત્મક પ્રકારનાં છે કે પત્રકલાના શિરોમણિનું સ્થાન તો તેમને જ આપી શકાય તેમ છે.[૫] જો કે બ. ક. ઠાકોરના મત મુજબ આપણે ત્યાં ૧૮૮૦–૯૦ની આસપાસથી તો સારા ગુજરાતી કાગળો સંખ્યાબંધ થયા

---

૪ ગ્રેહામ થોમસન, Penbook of letter writing, પ્રકાશક–પોતે, લંડન, આ. ૧, ૧૯૩૧, પૃ. ૧૯૦

૫ વૈદ્ય, વિજયરાય ક., 'ગત શતકનું સાહિત્ય' પ્રકાશક—પોતે, કૃષ્ણનગર, ભાવનગર, આ. ૧, ૧૯૪૫, પૃ. ૧૮૨.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને હવે તેમાંથી ઉત્તમના સંગ્રહો પણ બહાર પડવા જોઈએ![6] એ મુજબ જ 'કલાપી'ના પત્રો ને 'કાન્તની પત્રધારા' પુસ્તક પ્રગટ થવા પામ્યાં હતાં.

શું જીવનમાં કે શું કવનમાં, ઠાકોર એટલે જ વિલક્ષણતા. વિલક્ષણતા જ તેમના જીવનકવનનું વ્યાવર્તક લક્ષણ દર્શાવવા માટે પર્યાપ્ત એવો એકમાત્ર શબ્દ છે. તેમના જે વિવિધ-વ્યક્તિઓ-પર ને વિવિધ સ્થળોએથી અંગ્રેજી ને ગુજરાતીમાં ઇ.સ. ૧૯૨૮ થી ૧૯૪૬ના સમય-વ્યાપમાં લખાયેલ અપ્રગટ ૫૧ જેટલા પત્રો પર દૃષ્ટિપાત કરીએ તો તેની લખાવટમાં ય આ અંશ નજરે પડે છે. આ પત્રો પૈકી ૩૦ ગુજરાતીમાં અને ૨૧ અંગ્રેજીમાં લખાયા છે અને વડોદરાથી ૨૧, ભરૂચથી ૫, મુંબઈથી ૩ અને સ્થળના નામનિર્દેશ વગરના ૧૩ જેટલા પત્રો છે. એમાં એમના નાના દોહિત્ર શ્રી. ગજુભાઈ હી. ઠાકોર પરના ૪૨, મોટા દોહિત્ર સદ્. શ્રી. રાજુભાઈ ઠાકોર પરનો ૧, એમના જમાઈ સદ્. શ્રી. નાનુભાઈ ઊર્ફે હીરાલાલ ડાહ્યાભાઈ ઠાકોર પરના ૪ અને આ લખનાર પરના ૪ જેટલા પત્રો પ્રાપ્ત છે.

સામાન્ય રીતે પત્રની શરૂઆતમાં જ સરનામું અને તારીખ લખવાનો આપણે ત્યાં જે શિરસ્તો વર્ષો જૂનો છે તેને બદલે આ પત્રોમાં પત્રની આખરે પોતાની સહીની બીજી બાજુએ સરનામું અને તારીખ લખાયેલ છે. આ છે પહેલી વિલક્ષણતા. બીજું લક્ષણ છે ઝીણવટ ને વિગતપ્રચુરતા. વિવેચક તરીકે ઠાકોર વિવેચ્ય મુદ્દાની જે તલસ્પર્શી છણાવટ વિગતવાર અને ઝીણવટપૂર્વક કરે છે તે જ લક્ષણ એમના આ પત્રોમાં દેખાય છે. એમાં પછી હિસાબ, નિવૃત્તિ-શોખ, વ્યવસાય, જાહેર પ્રસંગ કે ઘટનાની વાત ભલે હોય, પત્રમાં તદનુલક્ષી સદૃષ્ટાંત સરસ ને સુગમ થઈને ગળે ઉતરી શકે તેવી સાંગોપાંગ ચર્ચા થયેલી હોય છે. આખાબોલાપણું ને નિખાલસતા એમના પત્રોનું ત્રીજું લક્ષણ છે. એમાં જરૂર પડયે એ સોનેરી સલાહ પણ આપતા હોય છે. કયારેક તા.ક. કરીને આખરી ભાગમાં અનુભવગમ્ય ને ડહાપણવાળું વ્યવહારુ સત્ય પણ સ્પષ્ટ રીતે સમજા-વાયેલું છે. પત્રી તરફનો સદ્‌ભાવ ને પ્રેમ તો એમાં પ્રગટ થાય જ છે, પણ કયારેક નીડર ટકોર પણ તડ ને ફડ રીતે કરેલી હોય છે. જરીપુરાણા રૂઢિચુસ્ત સંકુચિત માનસ તરફની એમની સૂગ, પત્રી તરફની હિતકારક મનોવૃત્તિ ને વત્સલતા, ને અપ્રોચટતાવાળી દૃઢ અડીખમ મનોવૃત્તિ એમના પત્રોમાં અત્રતત્ર દૃષ્ટિગોચર થાય છે. સમગ્રતયા જોઈએ તો તેમના આ ૫૧ પત્રોમાં ઝીણવટ અને વિગત-પ્રચુર નિખાલસતા, સદૃષ્ટાંત સાંગોપાંગ સરસ સુગમ નિરૂપણ, શેહશરમ વિનાનું આખાબોલાવાળું સ્પષ્ટ વકતૃત્વ, કુટુંબપ્રેમ, સમભાવભરી હિતેચ્છુક વ્યવહારુ દૃષ્ટિ, આધુનિક સુધારક માનસ, અપોચટ નિર્ભીકતા, વ્યવસ્થિતતા અને ન્યાયપરાયણ દૃષ્ટિનાં લક્ષણો જોવા મળે છે. કયાંક કયાંક ચાલતી કલમે નાનાં ટૂંકાં પણ કંઈક હૂબહૂ થાય તેવાં શબ્દચિત્રો તાદૃશ કરવાની પત્રલેખકની સરસ શક્તિનો અણસાર પણ મળી આવે છે. જરુર પ્રમાણે મોટા, ચોથિયા કે નાના કાગળ પર થોડો હાંસિયો રાખીને વ્યવસ્થિત રીતે આ પત્રો મરોડદાર, ઠરેલ ને સુઘડ તથા સુવાચ્ય અક્ષરે સારી કાળી શાહીથી લખાયેલા છે. પ્રતીતિ થાય છે કે આ પત્રો કોઈ સામાન્ય વ્યક્તિની કલમથી નહિ, પણ અસાધારણ સર્જકશક્તિ ધરાવનાર કોઈ વિલક્ષણ વ્યક્તિની કલમથી નીપજેલા છે. કયારેક

---

૬ ઠાકોર, બ. ક.—'સાહિત્ય' માસિક, સંપાદક-તંત્રી-મટુભાઈ હ. કાંટાવાલા, વડોદરા, નવેમ્બર, ૧૯૩૧નો અંક, પૃ. ૧૫.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાતચીતિયા બોલચાલની શૈલી તો ક્યારેક જટિલ વાક્યશૈલી એમાં પ્રત્યક્ષ થાય છે. પણ સમાજ, સાહિત્ય, રાજકારણ, અર્થશાસ્ત્ર, જીવન, ઇતિહાસ, આરોગ્ય, જ્ઞાતિવ્યવસ્થા, શિક્ષણ, પરીક્ષા, પત્રકારત્વ, ગુજરાત, રમતગમત, ચલચિત્રો–નાટકો, વિદેશજીવન, વિદ્યાર્થીજીવન, આઝાદીલડતો, સ્ત્રીમાનસ, ધર્મ, રીતરિવાજો, ઘડપણ, નિવૃત્તિશોખ આદિ જુદા જુદા વિષયો પરનાં એમનાં વિચાર–વલણો સમેત લેખકનું સમગ્ર મનોજગત એમાં પ્રગટ થતું હોવાથી દસ્તાવેજી મૂલ્યવાળા આ પત્રો એમના જીવનકવનને સમજવાની સરસ ચાવી પૂરી પાડે છે અને તે દૃષ્ટિએ એમનું મહત્ત્વ નાનુંસૂનું ન ગણાય. અઢાર વર્ષના સમયગાળાના આ પત્રોમાં એમનું વિશિષ્ટ માનસ, જીવન–કલાદૃષ્ટિ અને શક્તિ પ્રગટ થાય છે અને વિવિધ વિષય–ક્ષેત્ર-મુદ્દા પરના વિચારો પણ જોઈ શકાય છે.

જીવનસૂત્ર–જીવનમંત્ર–જીવનરહસ્ય–માન્યતાઓ : એમણે એમના એક પત્રમાં "Look ahead"–ને પોતાનું જીવનસૂત્ર ગણાવ્યું છે,[૭] તો બીજા એક એવા પત્રમાં Do not borrow, do not lendની એમના એ દૌહિત્રને આપેલી શિખામણને એમનો જીવન-મંત્ર ગણી શકાય.[૮] અન્ય પત્રમાં એમણે લેખન–મુદ્રામંત્ર દર્શાવતાં લખ્યું છે–'અંગત દેખ અને જાત અનુભવ થાય તે ઉપરથી જ લખવું. માત્ર સાંભળેલી વાતો ને કુથળીઓની કશી કીંમત નથી.' એમનું દીર્ઘાયુ નિરામય જીવનરહસ્ય એક પત્રમાં વ્યક્ત થયું છે–'નિયમિત ટેવો, સમતોલ ખોરાક, ખુલ્લી હવાની પુષ્કળતા, સખ્ત પરિશ્રમ, રોજિંદી થોડી કસરત અને રાતે ગાઢ નિદ્રા–એ આનંદી ને આશાસભર સારા જીવનનું રહસ્ય છે.[૯] અન્ય પત્રમાં 'સારા સુદૃઢ શરીરનું રહસ્ય નિયમિત કસરત કરવામાં રહેલું' જણાવી કહે છે: "હું નૈસર્ગિક શક્તિઓમાં નહિ, પણ ચારિત્ર્ય, મનોબળ અને મુશ્કેલીઓ જીરવવા સ્થિર, સખ્ત પરિશ્રમમાં વિશ્વાસ રાખું છું.'[૧૦] એક પત્રમાં તેઓ 'Learning for its sake'ની હિમાયત કરે છે.[૧૧] એક પત્રમાં પોતાની જીવનમહેચ્છા કે તરંગ વિશે લખે છે–[૧૨] 'જો હું પૂરતો શ્રીમંત હોત તો ઉનાળો ખંભાતમાં, વર્ષાઋતુ પૂનામાં ને વર્ષનો બાકીનો સમય પાટણમાં ગાળું–જેથી સારી તબિયત સાથે લાંબુ જીવી વધુ સારું અને વધારે કામ મૃત્યુ આવે ત્યાં સુધી કરી શકું. પણ આપણું ગજું ન હોય તેવા તરંગોમાં રાખવાનો શો અર્થ? મારું પુસ્તકાલય વર્ષમાં ત્રણ વાર દર વર્ષે ફેરવવું પડે તો તકલીફનો પાર ન રહે–સિવાય કે મારું પુસ્તકાલય હેરફેર કરવા માટે મારી પોતાની ટ્રક–લોરી રાખવા જેટલો હું ધનિક હોઉં. એમ કરતાં બુક–કેસ દર પાંચ વર્ષે નવા લાવવા પડે. કેવી સુંદર કલ્પના! પણ મારા ગજા બહારની વાત હોવાથી એ સદંતર મૂર્ખતા છે. સાચા આરામની વ્યાખ્યા આપતા એક પત્રમાં લખે છે—True rest is (a) sleep or (b) change of mental interest. It is never mere idleness.[૧૩] એક અંગ્રેજી પત્રમાં તેઓ

૭ એમના દૌહિત્ર ગજેન્દ્ર ઠાકોર પરનો તા. ૨૭–૭ ૧૯૩૬નો અપ્રગટ પત્ર.

૮ તા. ૧૯–૮–૧૯૩૧ નો પત્ર.

૯ તા. ૮–૧–૧૯૩૨નો પત્ર.

૧૦ તા. ૧૧–૧૧–૧૯૨૯ નો પત્ર.

૧૧ તા. ૧૨–૧૦– ૩૩નો પત્ર.

૧૨ તા. ૮–૭–૧૯૩૨ નો પત્ર.

૧૩ તા. ૧૯–૮–૧૯૩૧નો પત્ર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવનને મહાન કલા કહી દેવાદાર ન હોય તેવા ને માનભર્યું સુખમય-મુક્ત ને ચિંતા તથા ડર વગરનું જીવન જીવનાર ને ફિકર વિનાની ગાઢ નિદ્રા પામી સદા હસતો ને અનુકૂળ સોબતમાં રહેવા તૈયાર હોય તેવા માણસને સુખી માણસ કહે છે. ઉછીનું ન લેનાર ને દેવા વગરના માણસને તેઓ સૌથી સુખી કહી જણાવે છે: 'આપણા ગરીબ દેશમાં મોટી બહુમતિના લોકો ઘણી ઓછી આવકમાં મોટા પરિવાર નભાવે છે ને સામાજિક જવાબદારી—કેટલીક તો બિનજરૂરી ને મૂર્ખ-નભાવી મુંબઈમાં માનભેર જીવે છે.'[૧૪] સમયના સદુપયોગ વિશે એક પત્રમાં તે લખે છે—' ઉનાળાની લાંબી રજા—કેમ ગાળવી એ અંગે સુધરેલા માણસ આવા સર્વ વિચાર આગળથી ખૂબ તસ્દી લઈને કરે છે. ગમ્મત સાથે જ્ઞાન પણ મળે અને રસવૃત્તિ જુદીજુદી દિશાઓમાં કેળવાય એવા જુદાજુદા સ્થાન એક પછી એક—કેટલો ખર્ચ થશે વગેરે તમામ વિગત ધ્યાનમાં લઈને--પસંદ કરે છે અને જ્યાં જાય છે ત્યાંના વિશિષ્ટ ઉપભોગ પૂરેપૂરી મજાથી ભોગવે છે. ગઈ કાલ લગી દક્ષિણ દિશાનું નક્કી હોય અને આજ સવારે આગગાડીમાં બેસી જવાનું ઉત્તર દિશાની—એવી અંધ અવિચારી જરા ય યોજના વિનાની દોડાદોડી આપણુ જંગલી હિંદીઓને જ મુબારક !'[૧૫] આમ, અહીં તેઓ હિંદીઓની આયોજન વગર પ્રવાસ કરવાની કુટેવ પર કડક રીતે ટકોર કરે છે, વળી તેઓ અવલોકે છે: "કેટલાકને બધું તકે મળી આવે છે, કેટલાક ચીપી ચીપીને પાસો નાખે છે તે પણ એકે દાવ જીતને ન પડે તેવી ખુશનસીબી પણ ભોગવે છે."[૧૬] વળી 'કેટલાક લોકો નિરુપવાદ અને અનપેક્ષિત રીતે ભાગ્યશાળી હોય છે.'[૧૭]

ઇતિહાસ વિશે-ઇતિહાસના આ સંશોધક-અભ્યાસી માનતા હતા કે અશોક, અકબર, શિવાજીનું સ્થાન પાશવી બળથી, સમશેરના જોરે વિજય મેળવનાર ને છેવટે પોતે ય નાશ પામનાર નાદિરશાહ ને હિટલર મુસોલિની આદિ જેવા વિજેતાઓ કરતાં ઘણું ઉચ્ચ છે. વળી U.S.S.R.ના અર્થઘટન વિશે તેઓ એક પત્રમાં અંગ્રેજીમાં લખે છે : મેં વેલ્સ કે કોબ યા એવા કોઈ લેખક પાસેથી U. S. S. R. નો અર્થ ઘટાવ્યો હોવાનું માનું છું. સાઈબેરિયાના દક્ષિણ પશ્ચિમ પ્રદેશો જેને આપણે મધ્યએશિયા કહીએ છીએ, જે કાસ્પિયન સમુદ્રની પૂર્વમાં સાઈબેરિયાની દક્ષિણે ને પર્શિયાની ઉત્તરે ને અફઘાનિસ્તાન-ભૌગોલિક દૃષ્ટિએ ઓગણીસમી સદીના તુર્કસ્તાન—ના ભાગ તરફ સોવિયટ લોકો જવા નીકળ્યા હશે—એ બધાના નામના અક્ષરોના આધારે Union of Social Soviet Republics નામથી એની ઓળખ થઈ હશે, પણ ત્યાં ક્રાંતિ સફળ થયા પછી તેને નવું નામ મળ્યું હશે, પરંતુ અર્થ તો મારો ઘટાવ્યો તે જ હોવાનું મારું મંતવ્ય છે.[૧૮] એક બીજા પત્રમાં દર્શાવે છે-' જંગીઝખાન, નાદીરશાહ, હૈદરો, બયા જિલાની અને અટિલાસ જેવા કેવળ પાશવી બળના વિજયી પુરસ્કર્તાઓની જેમ રશિયન લોહિયાળી ક્રાંતિ પણ શરૂ થયેલી.'[૧૯]

વિશ્વયુદ્ધ અંગે-બીજા વિશ્વયુદ્ધની શકયાશકયતા વિશે તેમણે એક પત્રમાં લખ્યું છે—" મહાન સત્તાઓ હજુ બીજા વિશ્વયુદ્ધ માટે તૈયાર નથી. પણ ' લીગ '—રાષ્ટ્રસંઘ—ને ત્રીજો ઘાતક

---

૧૪ તા. ૨૭-૭-૧૯૩૬નો પત્ર.
૧૫ તા. ૧૩-૫-૧૯૩૨નો પત્ર.
૧૬ તા. ૧૬-૧૦-૧૯૩૧નો પત્ર.
૧૭ તા. ૧૯-૮-૧૯૩૨નો પત્ર.
૧૮ તા. ૧૬-૧૦-૧૯૩૫નો પત્ર.
૧૯ તા. ૨૬-૭-૧૯૩૬નો પત્ર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફટકો પડ્યો. પહેલો ફટકો જાપાને આપ્યો. આંગ્લ–ભારતીય લોર્ડ લિટનને એ આભારી. બીજો ફટકો હીટલરે અને ત્રીજો પહેલી વારકો ડયુસ બીજાએ આપ્યો. મુત્સદ્દીગીરી વર્ષોનાં વર્ષો સુધી મરણપથારી પર્યંત ચાલે છે ને તેથી તેનું વિઘટન લાંબા કાળે થવા સંભવ, છતાં ત્રીજા ફટકાથી એ સંઘ કાયમ માટે મરણપથારી સેવશે."[20] અન્યત્ર લખે છે–'આખી દુનિયાને દેવાળું આવે એવું જણાય છે. તેથી મને કોઈ કોઈ વાર તો એમ થાય છે કે આ આખું ગણિત જ કયાંક જબરી ભૂલ ખાતું હોવું જોઈએ! નહીં તો અમેરિકાથી ચીન અને આઈસલેંડથી ન્યુઝીલાંડ–બધાં જ દેવાળાની અણી ઉપર. એક માત્ર આપણા આર્યાવર્તના સૂર્યવંશી, ચંદ્રવંશી અને કોરૈશી બહાદુરો એટલે આપણા મહારાજાઓ અને નિઝામનવાબોની જ તિજોરીઓ તાતી. એ તો શી બલા! જે સાળા સાત પેઢીના દેવાળિયા છે તેમની તિજોરીઓમાં લાખો અને જે રાજ્યસત્તાઓ લાયક પ્રજા અને જવાબદારીવાળી, તેમને ત્યાં દેવાળા. એનાથી ઊંધું ગણિત બીજું હોઈ જ ના શકે ખરું ને?........જુવાનિયા હવે દુનિયાના ગણિતમાં ય તે ક્રાંતિ આણવાના ને?[21] વળી હાલ ચોતર્ફ માણસોને અને પગારોને કમી કરવાની ચળ ચાલે છે. અહીં એમનો અર્થશાસ્ત્રીય અભ્યાસી જીવ સળવળી ઊઠયો છે.

અર્થશાસ્ત્ર––અર્થશાસ્ત્રના અઠંગ અભ્યાસી એવા તેઓ એક પત્રમાં પોતાનું વલણ દર્શાવે છે–" હું સ્વદેશીમાં માનું છું. ઊંચું સ્વદેશી મરતું જાય છે. કેમકે આપણી રુચિ (Taste) દેખાદેખી ખૂબ થઈ ગઈ છે. તે રુચિ ફેરવવાને મથવું અને કીંમતી અને સુંદર કારીગરીનું સ્વદેશી જીવતું રાખવું–એટલા પૂરતું. બાકી Necessaries માટે સૌથી સુગમ પડે Comfortable એવી ટકાઉ ચીજમાં, કયાં બને છે તે જોવા કરતાં ભાવ કેટલો છે, તે વિશેષ જોઉં છું. Necessariesમાં ગરીબ માણસે Cheapest good article ખરીદવો જ પડે. આપણા દેશનો પૂરતો Cheap ના હોય તો પડે ખાડામાં. એ Productionને આપણે ચાલતું રાખ્યે દેશને શો લાભ થાર? એ મારી દૃષ્ટિ. કેમ કે હું રહ્યો અર્થશાસ્ત્રી અને વળી Humanitarian. સબી ભૂમિ ગોપાલકી. માણસ જાત આખી મારા બંધુ, સ્થાનિક દેશભક્ત તે સદ્વૃત્તિ ન યે હોય, દુર્વૃત્તિ પણ હોય એમ માનનારો."[22] અન્યત્ર જીવનધોરણ વિશે દર્શાવે છે–'જીવનધોરણ એ બહુ ચોક્કસ ચીજ છે. તે નિર્યાત યા મત્યુની જેમ Irrevocable છે. જે પાછું ફરતું નથી. તેને ઉચ્ચ કરવું એ કઠિન નથી, પણ આકર્ષક ને લોભામણું છે. આનંદપ્રદ પણ. પણ તમારી અપેક્ષા પ્રમાણે આવક ન વધે તો એને નીચે લઈ જવું અશકય બને.'[23]

'ઠાકોર' અટક વિશે–પોતાની અટકની બાબતમાં એક પત્રમાં તે જણાવે છે–'ઠાકોર અટકમાં એક ખામી આ છે કે પહેલો વર્ણ ઠા. બીજા વર્ણો સાથે સુશ્રાવ્ય ઝુમખામાં ભળી શક્તો નથી.'[24] આમ, તેમનો સંશોધન–ભાષાકીય રસ ને અભ્યાસ તેમની અટક સુધી પણ પહોંચ્યો છે.

---

૨૦ તા. ૧૬–૧૦–૧૯૩૫નો પત્ર.

૨૧ તા. ૬–૬–૧૯૩૧નો પત્ર.

૨૨ તા. ૧૩–૫–૧૯૩૨નો પત્ર-

૨૩ તા. ૧૪–૧–૧૯૩૩નો પત્ર.

૨૪ તા. ૮–૭–૧૯૩૨નો પત્ર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માંદગી-ઉપવાસ અંગે જીવનનીચોડ—આ પ્રયોગપરાયણ સાક્ષર તેમના એક પત્રમાં લાક્ષણિક ભરૂચી હિંદી ભાષામાં લખે છે : "દુઃખી જીવન જીનેકા હમારે લિયે પ્રયોજન જ નહી હૈ. બાસઠ વર્ષ તો જીવન ભોગ લીયા. સંસારકા, પ્રતિષ્ઠાકા, વિદ્યાકા, સાહિત્યકા, મિત્રતાકા, ઓર ઝઘડાઓકા સબ ભોગ. તમામ સુખદુઃખ અનુભવમેં આ ચુકે. રાજાઓ પીછાન લીએ, અંગ્રેજો, અમલદારો પીછાન લીએ; યોગી, મહાત્મા, પાખંડી પીછાન લીએ–પૂજ્ય પવિત્ર સ્ત્રીયાં, વિલાસિની લેકીન નિર્દોષ સ્ત્રીયાં, દુષ્ટ શંખણી સ્ત્રીયાં, અનુભવમેં આ ગઈ. હાથી પર બેઠે, હરામખોરોંકો ગરદન પર બીઠવાયે, સંસારકી સબકુચ લીલીસુકી દેખ લી, અબ હમારે જીના રહેનેકા કવા પ્રયોજન? એસા સોચ કે સત્યાગ્રહ કર દીયા–રોગ ભાઈ હૈ–શરીરકા શોધન કરનેકે લીએ આયા હૈ–જહાંતક જીતના શોધન કરેગા ઉતના કાફી હૈ, બસ દવા છોડ દીઆ. અન્ન છોડ દીઆ."[૨૫] અહીં, માંદગી નિમિત્તે કરેલ ઉપવાસની વાત રમૂજ ને પોતાની જીવન-ફિલસૂફીના નિચોડ સાથે કરવામાં આવી છે.

આંગ્લ જીવન-સમાજ અને સાહિત્ય : એમના નાના દોહિત્રને ઇંગ્લેંડ અભ્યાસ માટે જવાનું થયાથી ત્યાંના જીવનસાહિત્યનો ખ્યાલ તેઓ પત્રો દ્વારા આપતા હતા. એક પત્રમાં તેમણે સલાહ આપતાં લખેલું : "એ સમાજમાં ઉચ્ચનીય તમામ પુરુષો દારૂ પીએ છે અને માફકસર પીવામાં જરાપણ નુકસાન, દોષ કે પાપ ગણતા નથી. એ પીણું ન્હાનપણથી એમને કોઠે પડી ગયું હોય છે એટલે એઓ છાકટાપણાને નિંદે છે અને ધિક્કારે છે. અને એ પીણા ઉપર એટલો કાબુ રાખવો એમને મુશ્કેલ પડતો નથી. જો કે એમનામાં કેટલાક છાકટા પણ થઈ જાય છે. આ એમના રીતરિવાજ અને ખ્યાલ અને નીતિ અને સંયમ ભલે એમને મુબારક–એથી આપણે સૂગાવું નહીં–સૂગાઈએ છે એમ જણાવા ય ન દેવું. પરંતુ આપણે જાતે–એ કશાનું એક ટીપું પણ કદાપિ પીવું નહિ...કહી દેવું, અમારો social code આ બાબતમાં strict અને intolerent છે. એક ટીપું જન્મારામાં એક વાર પણ પીએ તેને drunkard ગણે છે. We are total obstainers extreme prohibitionists every one of us in the higher castes in Giujarat.[૨૬] અન્ય પત્રમાં એ લખે છે–' ઇંગ્લેંડ ગયાથી ખોરાકના ફેરફારને લઈને અને નિયમિત જીવનને લઈ ને, દારૂને નથીં અડકતા એવા ઘણા હિંદીઓના શરીર સુધરે છે. પણ જેના બાંધા ઠીક હોય તેના જ. કેમકે ત્યાંની weather બહુ uncertain છે. જરા જરામાં શરદી થાય. અને શરદીને અહીં neglect કરીએ છીએ તેમ ત્યાં ન ચાલે–ત્યાં તો એને રોગ ગણીને તત્કાલ ઉપાય લેવા જ જોઈએ અને કપડાં વગેરેમાં પણ શરદી ના જ થાય એ પ્રથમ સાચવવાનું હોય છે.[૨૭] એક પત્રમાં ત્યાંની ચૂંટણીના વાતાવરણ વિશે લખે છે–" ચૂંટણીનાં તોફાન, કોલાહલ, મારામારી, દોડધામ વગેરે......અત્યંત ઉશ્કેરણી અને રસાકસીના સમયમાં પણ જેન બુલ સુવ્યવસ્થા કેટલી જાળવે છે અને હલકામાં હલકા વર્ગમાં પણ લોકોને સિદ્ધાંતો પક્ષ અને ઉમેદવારોના ગુણદોષ માટે અમુક અમુક મત હોય છે જ. તથા તેઓમાં એને વળગી રહીને

---

૨૫ તા. ૬-૧૧-૧૯૩૧નો પત્ર.
૨૬ તા. ૧૯-૮-૧૯૩૧નો પત્ર.
૨૭ તા. ૨૯-૫-૧૯૩૧ નો પત્ર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રમાણિકપણે મત આપવાનો સદ્‌ગુણ ઘણામાં હોય."[૨૮] ત્યાંના નાટક-ઓપેરા વિશે લખે છે–'નાટકો અને ઓપેરા એક નથી અને યુરોપીયન સંગીત એટલું તો જુદું છે કે તેના થોડા જ્ઞાન વગર ઓપેરા જોવા નકામા છે. પડદા, વીજળીના પ્રકાશ આદિ વ્યવસ્થા તો ત્યાં દરેક જાતના નાટક કે ખેલ કે દશ્યમાં ઉત્તમોત્તમ હોય છે જ–સાદી તાદશતામાં તેમ અત્યંત શોભાવેલી ભભકમાં બંને રીતે એ લોક ખૂબ ખર્ચ કરે છે. વિજ્ઞાનની પૂરેપૂરી મદદ લઈ બુદ્ધિ પણ ખૂબ યોજે છે અને અદ્‌ભુત સંયોજનાઓ ઉપજાવે છે. મ્હને સાદી તાદશતા તર્ફ પક્ષપાત છે......હું જે નાટકો જોવા ખાસ ભલામણ કરું છું તે સામાજિક નાટકો, ઐતિહાસિક નાટકો જૂનાં યા નવાં પ્રતિષ્ઠિત થયેલાં શેકસપિયરથી શૉ લગીનાં મેઝફીલ્ડ અને ગેલ્સવર્ધી અને બેરી અને એમનાથી ન્હાની ઉમરના નાટકકારોનાં નાટકો.'[૨૯] ત્યાંના લોકમાનસ વિશે તેઓ લખે છે–' આપણે જેમ આપણા ભૂતકાળ, આપણી જાત, આપણા રાષ્ટ્ર તથા તેણે માનવજાતની સંસ્કૃતિમાં કરેલ અર્પણ બાબત ગૌરવ અનુભવીએ છીએ તેમ અંગ્રેજ લોકો પણ અનુભવે છે. જેમ આપણે તેમને તેમ તેઓ આપણને તિરસ્કારે છે ને તેઓ આપણને તુર્ક, ચીની, જાપાનીસ કરતાંય નીચા ગણે છે.[૩૦] ગાંધીજી પ્રત્યે ગોળમેજી પરિષદ ટાણે સદ્‌ભાવ દાખવનાર ત્યાંના સમાજ વિશે તેઓ જણાવે છે–There are black sheep everywhere. Corruption wobbling, deceipt, personal feelings, local feelings, sectional or sectarion loyalties, misleading Judgement wiil be found there also—but the decisive factor is the average and enmassed behaviour on a question of this magnitude and complexity. Look at their Courtesy and sense of fair play towards MKG.[૩૧] અહીં MKG દ્વારા ગાંધીજીના નામના પ્રથમાક્ષરોથી ગાંધીજી નામ સૂચવેલ છે. ' વિલાયતના જીવનની દરેકે દરેક વિગતમાં મને રસ છે'[૩૨] એમ એક પત્રમાં કહી અન્ય પત્રમાં તે જણાવે છે–Betting is another great differentia of English Society, Every one bets. It is not only not thought a vice or an *unmorality* or even a defeat, it is even thought sporting to bet......'[૩૩] 'કોઈ અંગ્રેજ યુવતી કોઈ હિંદી યુવાન ઉપર મોહી પડે છે એ હું તો માનતો જ નથી. એવા બનાવ બનતા હોય તો પણ લાખે એક, ત્યાંના રીતરિવાજ અત્યંત જુદા છે. ત્યાં બૈરાંને ઘણી છૂટ છે અને યુવાનો અને યુવતીઓનો પરસ્પર વ્યવહાર છેક જૂદી તરેહનો છે. કોઈ સારી યુવતીની સાથે કુદરતી રીતે દોસ્તી સંબંધ કે વધારે નિકટ સંબંધ થઈ જાય, એ કુદરતી રીતે હિંદીના તર્ફ આકર્ષાતી આવે એમ જોજે માનતો ! ત્યાં Middle Class ની ગરીબી આપણા કરતાં ઘણી વધારે અને ઘણી ભયંકર છે. કુલીન Middle Class માં ઉછરેલી ઘણી છોકરીઓ પણ છેક

---

૨૮ તા. ૧૯-૧૦-૧૯૩૧ નો પત્ર.

૨૯ તા. ૩૦-૧૨-૧૯૩૧ નો પત્ર.

૩૦ તા. ૨૩-૯-૧૯૩૨ નો પત્ર.

૩૧ તા. ૧૯-૧૦-૧૯૩૧ નો પત્ર. અહીં MKG એ ગાંધીજીના પૂરક નામ મોહનલાલ કરમચંદ ગાંધીના પ્રથમાક્ષરો લખ્યા છે. પત્રલેખક ને ગાંધીજી એક જ સાલમાં ને માસમાં જન્મેલા. લગભગ સમવયસ્ક.

૩૨ તા. ૪-૯-૧૯૩૧નો પત્ર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચારિત્ર્યહીન થઈ જાય છે. Chastity અને loyalty લગ્નના સોગંદ લઉં તે પછી જ પાળવાના એવા ખ્યાલોવાળી વળી ઘણી યુવતીઓ હોય છે. કોઈને લગ્નનું વચન આપું નહીં ત્યાં લગી હું મારે છૂટી એમ માનનારી અને એમ વર્તનારી ઘણી હોય છે. લંડનમાં વેશ્યાઓ અને mistresses પણ અગણિત અને જાપાનથી માંડી પેરૂ લગીના તમામ દેશની–વળી એટલી હદ સુધી છે કે ઔરીઓ જુવાનને નોંતરે છે, લલચાવે છે, સપડાવે છે. પાર્કસ વગેરે વગેરે સ્થળોમાં ઘણી બદી ચાલી રહે છે, અને દિવસના પણ વધારે quiet કલાકોમાં કંઈક કિસ્સા બને છે.[33] આમ કહી એ જ પત્રમાં સલાહ આપે છે–'Never take beef in any shape or form. Do not bet. તબિયત વિશે બેપરવા ન રહેવું. તનદુરસ્તી મારેના (ત્યાંના) નિયમો બરોબર પાળવા. પૂરેપૂરો હિસાબ લખવો. કાગળપત્ર લખવામાં પણ નિયમિત રહેવું. અભ્યાસ ઉપરાંત દેશ જોવો. ત્યાંના રીતરિવાજ જોવા જાણવા. સંસ્થાઓ અનુકૂળતા પ્રમાણે જોવી સમજવી. નાટકો જોવાં, કરન્ટ લિટરેચર વાંચવી વગેરે વગેરે. માત્ર બુકવર્મ કે ગાણિતિક યંત્ર થઈ ન જવું. Innocent intellectual pleasures પણ ત્યાં ઘણી અને નાના પ્રકારની હોય છે તથા એ સુધરેલી વ્યવસ્થાભક્ત પ્રજાએ તેમાં પણ સુંદર વ્યવસ્થાઓ રચી છે. Enrich your life, cultivate your tastes, deepen and widen your joys by a variety of such relaxations from your principal books. પરંતુ આ સર્વ ખરચાળ બાબતો છે–આપણાં ગજા પ્રમાણે જ ભોગવાય. એક અન્ય પત્રમાં સૂચવે છે–' તબિયત સાચવજે. દારૂને અડકવું જ નહિ. દરેક ટંકે થોડું ખાવું, એક પણ ટંક પડે નહિ; શરદી થવા જ ન દેવી. થાય તો તુર્ત જ જાણે જીવ લેવા આવેલો યમદૂત છે, એમ એની સામે દાક્તરને ઊભો કરી જ દેવો અને એને પાછો કહાઢવી.[34] વળી એક પત્રમાં લખે છે–' જુદી જુદી રજાઓમાં ઈંગ્લાંડ, વેલ્સ, સ્કૅાટલાંડ, આયર્લાંડ, આઈલ ઑફ માન, ચેનલ આઈલાન્ડ્સ વગેરેના ભાગ જોવાનું રાખવુ–ફ્રેંન્ચ માટે ચેનલ આઈલેન્ડ્સ બહુ ઠીક પડશે.'..' ડૅન્સિંગ ખર્ચાળ છે. વળી ઘણું ખરું રાતે જ. વળી યુવતીઓની ઓળખાણપિછાન જેવો ખૂબ ખર્ચ કરાવે. વળી વખત પણ બહુ ખાઈ જાય અને પીણાંની લત લાગે તો જિંદગી બરબાદ થાય. તથાપિ જેમ માત્ર Gymnastics કે ડ્રિલ કરીએ તેમ ડાન્સિંગ થઈ શકતું હોય તો એ કસરતથી શરીરને ઘણો લાભ થશે.'[35] આવી આવી સોનેરી સલાહ પણ તેઓ નાના દોહિત્રને પત્રમાં આપતા.

વિદ્યાર્થીજીવન અને શિક્ષણદૃષ્ટિ : એક પત્રમાં તેઓ લખે છે–' વિદ્યાર્થીએ મુખ્ય સેવન વિદ્યાનું જ કરવું અને બ્રહ્મચર્ય પાળવું એ જ ઉત્તમ નીતિ છે. સોબતની અસર ગમે તેવા દૃઢ માણસ ઉપર પણ થયા વગર રહેતી નથી.' વળી એ જ પત્રમાં વિદ્યાર્થીજીવન ગાળતા એમના નાના દોહિત્રને સલાહરૂપે સૂચવે છે–' Neglect, deliberately be inattentive to politics. We are passing through a period during which political emotions are strong and militant and waves of excitement, anger,

૩૩ તા. ૧૬-૮-૧૯૩૧ને પત્ર.

૩૪ તા. ૪-૯-૧૯૩૧ ને પત્ર.

૩૫ તા. ૩૦-૧૨-૧૯૩૧ને પત્ર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

panic, enthusiasm run high affecting all and each within their sweep. Avoid associates ...keen policition '.[36] આ સાથે તેઓ દૌહિત્રને ફ્રેંચ, જર્મન અને સંસ્કૃત ભાષાનું જ્ઞાન મેળવવા ભલામણ કરતાં કહે છે–' વર્તમાન સમયમાં એનું જ્ઞાન અનિવાર્ય છે. અહીં તેઓ આપણા બુદ્ધિશાળી અને અનુભવી ભારતીયો ઘણી અનિવાર્ય હકીકતોથી અજાણ હોવાથી તેમને ચામાચીડિયા જેવા અંધ કહે છે.[37] એક બીજા પત્રમાં એ દૌહિત્રને લખે છે–' તું ફ્રેન્ચ જર્મન શીખે અને સંસ્કૃત ભૂલી જાય એ તો કંઈ ચોકખી પ્રગતિ ન કહેવાય. બે પગથિયાં ચઢવામાં દોઢ પાછું નીચે ધસી પડાય એવી એ પ્રગતિ થઈ. સંસ્કૃત તો આપણી સંસ્કૃતિની ચાવી છે માટે બીજી ભાષાઓને એક પગથિયાનું તો એને દોઢ પગથિયાનું માપ ઘટે. મને આપણી સંસ્કૃતિનો મોહ છે, એમ ન ભ્રમાતો. એ મધ્યકાલીન આચાર-વિચાર જૂથ મ્હને તો બેડીઓની જેમ અકળાવે છે. પણ એ બેડીઓમાંથી છૂટવાનો રસ્તો પણ એક જઃ એ બેડીઓની કરામત, તેમના આશય અને ઉદ્દેશ, તેમની ભાવનાઓ અને મૂળિયાં, આટલાં સૈકાં એમણે આપણી જનતાને ટકાવી રાખી અને આટલી નિકૃષ્ટ દશામાં જ રાખી તે બંનેનાં કારણ અને એ કારણોનાં શક્તિઅશક્તિ બંને સમઝાય તેટલે દરજ્જે જ આપણે એ બેડીઓમાંથી છૂટી શકીએ; ન અન્યથા.' આવી સ્પષ્ટતા બાદ એ જ પત્રમાં સંસ્કૃત-જ્ઞાન સતેજ કરવાનો ઉપાય તેઓ સૂચવે છે–' સંસ્કૃતજ્ઞાન સતેજ રાખવાનો અને વધારવાનો એક ઉત્તમ ઉપાય કરાંચીમાં એક વિદ્વાન કરે છે. 'સિદ્ધાંતકૌમુદી' ગોખે છે. તું 'ભગવદ્-ગીતા'થી જ શરૂ કર. માત્ર ૭૦૦ શ્લોક. રોજ દશ શ્લોક નિત્યનિયમે ગોખવા. ૧૨૨ દિવસ–એક વર્ષના તૃતીય ભાગમાં આખી ચોપડી મોંએ થઈ જવી જોઈએ. તથા પછી એ મોંએ સદાને માટે રહે તે સારુ જ્યારે જ્યારે જરા એકલા પડાય અને બીજું કર્તવ્ય ના હોય ત્યારે એનો મુખપાઠ કરી જવો. મણિલાલ નભુભાઈ તો રોજ આખી ગીતાનો એક પાઠ કરતા. મણિલાલ...રોજ એક અધ્યાયનો પાઠ કરતા. પણ એ બુદ્ધિશાળી પુરુષ ગીતા સમઝતા તે નહોતા તે હું જાણું છું. હોય.[38] વળી એક પત્રમાં એ દૌહિત્રને અભ્યાસમાં નિયમિત રહેવાની ટકોર કરી ઇતર વાંચનમાં અંગ્રેજી સાહિત્યના ભાગરૂપ અંગ્રેજી નાટકો ને તેમાં ય બર્નાર્ડ શૉ તથા ગાલ્સવર્ધીનાં નાટકો પદ્ધતિસર વાંચવાની ભલામણ એટલા માટે કરે છે કે અંગ્રેજી સાહિત્યની બીજી શાખા કરતાં આ નાટકો તેમના મતે તત્કાલીન અર્વાચીન યુરોપીય વિશ્વનું દર્શન સુપેરે કરાવતા હોય છે. આની સાથે સાથે તેઓ શરીર કસવા માટે ટેનીસ, ક્રિકેટ, પીંગપોંગ આદિ રમવા તથા મગદળ, સિંગલ બાર આદિની કસરતો કરવાનું સૂચન પણ ભારપૂર્વક કરે છે અને છાપાં ય વાંચવા જણાવે છે. શૂટીંગ શીખવા ય જણાવે છે.[39] વળી તેઓ માને છે–' ગણિત, અંગ્રેજી ને સંસ્કૃતનું અધ્યયન જરૂરી છે. પરીક્ષામાં ઉચ્ચ વર્ગ મેળવવા માટે જ નહિ પણ એ વિષયોની સાચી પ્રીતિ માટે ને એમાં નિપુણતા મેળવવા માટે અધ્યયન કરવું જોઈએ. ઉચ્ચ કુળમાં જન્મની ઉચ્ચતા કરતાં ય બુદ્ધિની ઉદ્દાત્તતાની ઉચ્ચતા વધુ રહેલી છે. કેવળ પરીક્ષા માટે કેવળ જીવનમાં ઠરીઠામ થવા માટે

---

૩૬ તા. ૧૬–૮–૧૯૩૧નો પત્ર.

૩૭ તા. ૧૪–૧૦–૧૯૩૨ નો પત્ર.

૩૮ તા. ૧૧–૯–૧૯૩૧નો પત્ર.

૩૯ તા. ૨૭–૮–૧૯૨૮નો પત્ર, તથા તા. ૮–૭–૧૯૩૨નો પત્ર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કે કેવળ વિષયના પ્રેમ-શોખ માટે જ નહિ, પણ વ્યક્તિગત શક્તિઓ ખિલવવા ને તેમાં નિપુણતા મેળવવા, શૈલી, પ્રવીણતા ને ચીવટ-ચોકસાઈની શક્તિ વિકસાવવા ને સર્જન શક્તિ, વ્યક્તિત્વ ને નિજી શૈલી કેળવવા માટે નિયમિત ને સતત સખ્ત અધ્યયન કરવું આવશ્યક છે.' આમ, Learning for the sake of learningમાં એમની શ્રદ્ધા છે.[૪૦]

I. C. S. પરીક્ષા વિશે : એમના નાના દૌહિત્રને લખેલા પત્રોમાં એમણે તત્કાલીન I. C. S. પરીક્ષા અને તેના અભ્યાસક્રમ વિશે વ્યાપક વિચાર કર્યો છે ને ઉદ્‌ગારો પોતાના અભિપ્રાયરૂપે કાઢ્યા છે. એક પત્રમાં તેઓ લખે છે-' સિવિલ સર્વિસ માટે મોહ શાને વારુ ? ૧૯૧૦ લગી સિવિલ સર્વિસ હતી તે આજ નથી. આજ છે તે પણ બીજા દશ જ વર્ષમાં છેક ફરી જશે. પગાર ઘટી જવાના–Power નામે ઊડી જવાની. સિવિલ સર્વિસ માટેનો મોહ તો નથી સમજાતો, એ મોહવાળા uptodate નથી–ભૂતકાળના ચશ્માંમાંથી જ હાલની દુનિયાને જોઈ રહ્યા છે. વકીલાતમાં, હવે વળી સિવિલ સર્વિસ માટેના hot house crammingથી સાચું normal natural mental, development બિલકુલ થાય નહીં. ઊલટું અટકી પડે-મગજ થાકી જાય તે પાછું કયારે active થાય, કોણ જાણે ફરી active ન થાય એવા દાખલા પણ બને છે. I. C. S.ના કપ અને પ્રતિષ્ઠા છેક ઊઠી જવામાં છે. What is the use of entering a cadre where the status, pay and power are certain to fall rapidly.[૪૧] વળી બીજા પત્રમાં લખે છે–' અંગ્રેજ પ્રેમી અને અંગ્રેજ ઉપર વિશ્વાસ વાળો અને અંગ્રેજ તથા ઈંગ્લાંડ માટે માનવૃત્તિવાળો જુવાન ના હોય તેણે ICSનો વિચાર કરવો એ hypocrisy છે. . .એ પરીક્ષા પરીક્ષા નથી, શરત છે. થોડા મહિના ખૂબ ગોખી નાંખવું. પાંચ સાત વિષયોના સવાલપત્રકોમાં ખૂબ માર્ક મળી જાય એમ પોપટીયા તૈયારી ટયૂટરો દ્વારા કરી લેવી અને પરીક્ષામાં ખૂબ ઉપર નંબર આણવો એવું Crammingનું મગજ હોય તેવા છોકરાઓને આ પરીક્ષા સૌથી વધુ ફાવે છે. ICSમાં કે કોઈ પણ પરીક્ષામાં બહુ જ ઉપર આવે તે બધા સૌ ઉમેદવારોમાં સૌથી વધારે સંગીન જ્ઞાનવાળા કે સૌથી વધારે બુદ્ધિશાળી નથી હોતા. ICS માટેનો મહિનાઓ લગી hot house Crammingના રૂપનો અભ્યાસ એ મગજના કુદરતી વિકાસને પોષે એવો ઉદ્યોગ નથી. એટલું જ નહીં પણ તેને ઘણો વિરુદ્ધ પડી જાય એવો ઉદ્યોગ છે.......ICSવાળા આજ લગી દેશના રાજકર્તા જેવા હતા. તેમાંથી આપણે ઝડપથી એમને માત્ર નોકરી અને કારકૂનોની હલકી-ઘણી હલકી–પદવીએ ઢોળી પાડવા માંગીએ છીએ. ચાલીસ-પાંત્રીશ ટકા આપણે આ ફેરફાર છેલ્લાં દશ વર્ષમાં કરી પણ નાંખ્યો છે અને પૂરેપૂરો સિદ્ધ કરીશું. હવેના ત્રીશ વર્ષોમાં......Financeની પરીક્ષા પણ શરત જેવી છે.[૪૨] વળી સ્પષ્ટ લખે છે—' કોંગ્રેસ પક્ષને સરકાર વિરોધી ન ગણે તે સિવિલ સર્વિસ માટે લાયક જ નથી. તેણે સિવિલ સર્વિસમાં પેસવા મથવું એ અનીતિ છે.'[૪૩]

---

૪૦ તા. ૧૧-૧૧-૧૯૨૯ નો પત્ર. તથા તા. ૧૨ ઓક્ટો. ૧૯૩૩નો પત્ર.
૪૧ તા. ૨૯-૫-૧૯૩૧ નો પત્ર.
૪૨ તા. ૧૩-૫-૧૯૩૨ નો પત્ર
૪૩ તા. ૮-૧-૧૯૩૨ નો પત્ર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજકારણ-ભારતીય સ્વાતંત્ર્યલડતો : રાજનીતિના પ્રવાહને તેઓ ઊંડા અને અગમ્ય, ડહોળા અને કુટિલ તેમ જ રાજદ્વારી કાયદાને, જેની શક્તિની આપણને જાણ નથી તેવી ત્રણ અજાણી બાબતો ધરાવતા ગણિતના કાયદા સાથે સરખાવે[૪૪] છે અને માને છે કે ગોળમેજી પરિષદમાં ગયા ત્યારે ઇંગ્લેન્ડના સંસ્કારી મધ્યમવર્ગીય અંગ્રેજ લોકોની જેમ મોહનલાલ (ગાંધીજી) પૂરતા જુવાન, મુક્ત અને elastic હોત ને અહીંની આબોહવાની માફક પોશાક પહેરત તો સાચું.[૪૫] સ્વરાજ્યઆંદોલન માટે એક પત્રમાં તેઓ લખે છે— ' આપણા દેશનો સ્વરાજ્ય મેળવવા માટેનો પ્રયાસ થોડા જ સમયમાં યશસ્વી થશે એમ કોઈ અનુભવી માણસ માની જ ન શકે. છાપાઓમાં ભાષણોમાં આ લોકોના ઉત્સાહને ટકાવી રાખવાને માટે ઘણું કહેવામાં આવે છે તે સાચું નથા હોતું એમ બોલનાર લખનાર સારી પેઠે સમજતા પણ હ્રદે છે અને લખે છે—સત્ય કરતાં પ્રચારકામનાને જ વશ થઈને—આપણા લોક કેટલા અપાત્ર છે, હાથવેંતમાં મોટું ફલ નહીં બતાવીએ તો એ પ્રમાદી લોક કશું કરવાના જ નથા એવી ખાતરીથી જ આ પ્રમાણે બોલવા લખવામાં આવે છે, તેથી ભોળવાવું નહીં. અંગ્રેજદ્વેષ અને અંગ્રેજ સામે અણવિશ્વાસ અને આપણા દેશની દરેક ખામી, દેશના દરેક કમનસીબ માટે અંગ્રેજોને જ જવાબદાર ગણી તેના ઉપર ગાળો વરસાવવાનું આપણું વલણ છે.[૪૬]

એક પત્રમાં તત્કાલીન ઊંઘતી ને લાંચખાઉ પોલીસ પર ટકોર કરી[૪૭] બીજા પત્રમાં મુંબઈના CID પોલીસ ખાતાને સાવ નકામું ને રૂશ્વતખોર હોવાનું જણાવે છે. અને અવલોકે છે— ' અત્યારે મુંબઈ અમદાવાદમાં ખરી કોંગ્રેસસેવા સ્વયંસેવકો નથી કરતા. સાચા સ્વયંસેવકો તો અત્યંત જૂજ છે. આ ચળવળનું ગમે તે થાય, ગાંધી જેલમાં મરો કે ઘર આંગણે ; એક વાત ચોક્કસ છે, ગુજરાત, મુંબઈ અને ગુજરાત મુંબઈના વેપાર રોજગાર છુંદાઈ, કચરાઈ ધૂળ ભેગા મળે છે. ગુજરાત, મુંબઈને હાલ આ જે ધક્કો લાગે છે અને ખાડે પાડે છે તેનાથી એ બેવડું વળી જવાનું છે, તંમર ખાઈને જમીનદોસ્ત થવાનું છે; તેમાંથી પાછું ત્રીશ વર્ષે પણ ભાગ્યે ઊભું થવા પામે. '[૪૮] વળી અન્ય પત્રમાં જણાવે છે—' કોંગ્રેસ પક્ષ માને છે કે આ નવી પોલિસી ચાર રાતનું ચાંદરણું જ છે. મહિનો માસ ચાલશે, બહુ તો છ માસ, એથી વધારે નહીં જ. મોડામાં મોડા આગસ્ટમાં બ્રિટીશ સરકારને અમે નમાવી શકીશું, પૂરેપૂરી, અને આખરી ફેંસલો આવી જશે. પરંતુ આ સર્વ શ્રદ્ધા શા પાયા પર ભલા ? તે સવાલ જ એમનામાંના કોઈને સ્ફુરતો નથી, આ શ્રદ્ધાને પાયો જ નથી. બ્રિટીશસત્તાનાં મૂળ વધારે ઊંડાં છે, હાલ શરૂ થયેલી પોલિસી આ કૉન્ઝરવેટીવ પાર્લામેન્ટ જ્યાં લગી ટકી રહે ત્યાં લગી તો આવવાની જ, એ કશું એમના મગજમાં પેસે એમ નથી... આજે રાજકીય મહાખેલ કે મહાનાટક માંડ્યું છે તેના ત્રણ રબર કે ત્રણ અંક, જેમાંથી હજી પહેલો જ પૂરો થયો છે, એ પહેલામાં મુસ્લિમોએ હિંદુઓને સજ્જડ હાર આપી છે, બીજા બે અંક કે રબર જેવા થાય તેવા ખરા, જેટલા ચાલે

૪૪ તા. ૨૮-૧૨-૧૯૩૪ તથા ડીસેમ્બર ૧૯૩૧ ના પત્ર

૪૫ તા. ૨૯-૫-૧૯૩૧ નો પત્ર

૪૬ તા. ૨૦-૫-૧૯૩૧ નો પત્ર

૪૭ તા. ૧૩-૫-૧૯૩૨ નો પત્ર.

૪૮ એજન તથા શુક્રવાર-૧૨-૧૯૩૨નો પત્ર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેટલા ખરા; આ પ્હેલો અંક કે નંબર જ અગિયાર વર્ષ ચાલ્યો—૧૯૨૦ થી આજ લગી. બીજા બન્ને કે જેમાંથી એક વધારે લંબાય પણ, હાલ જે નેતાઓ છે તેમની જે પોલિસીઓ છે, તેમના જે વિચારશ્મિનારા છે, તેમાંનું કશું આખા ખેલ કે નાટકની સમાપ્તિ વિશે હયાત ના પણ હોય, તદ્દન નવા જ નેતાઓ નવા જ વિચારો અને વલણોની વચ્ચે અને તેમની રૂએ આ ખેલ કે નાટકની સમાપ્તિ થવાની—એ કશું જ કોંગ્રેસ પક્ષના માનસમાં અત્યારે પેસે એમ નથી.'[૪૯]

ધર્મ, સમાજ ને લોકમાનસ—પત્રોમાં એમણે ધર્મ, સમાજ ને લોકમાનસ વિશે પોતાનો અભિગમ દર્શાવતા ઉદ્દગારો પણ અત્રતત્ર કાઢ્યા છે. એક પત્રમાં તેઓ કહે છે[૫૦]—In India there nowhere is the religious humanism, nor the medical and psychological science' બીજા એક પત્રમાં લખે છે–'આપણા લોક ચીઠ્ઠી- ચપાટીમાં બહુ માને છે તે ભૂલ છે. વળી જેની પાસે સર્ટિફિકેટ મેળવવાનો હક્ક છે તેની કને જ માગવું.'[૫૧] અન્યત્ર એ જણાવે છે–' આપણાં લોક Proventionમાં સમજતાં જ નથી. અને આનું મુખ્ય કારણ પણ એ લાગે છે કે પૂર્વજોએ આવા બધા નિયમો 'ધર્મ'માં નાંખી દીધાં છે. ચોમાસામાં ઓછું ખાવું, ફળ જ ખાવાં, અપવાસ કરવા, એક ટંક જમવું વગેરે 'ધર્મિષ્ઠતા' ગણાય છે. National religion કહો તો ખોટું પણ નથી. પરંતુ far better to call a spade a spade તન્દુરસ્તી વૈદ્યકીય અગર શારીરિક જ ગણવા ગણાવવા જોઈએ. હાલના સમયમાં તો એમ કહીશું તો જ વધારે લોક વધારે સમઝદારી અને ચીવટથી પાળશે.'[૫૨] વળી લખે છે–' બહુ લાંબુ આયુષ્ય કશાં સુખ કે લાભ આપે એમ નથી માનતો. યુરોપ અમેરિકામાં ઘરડો ઘરડીઓને પરણે છે, માત્ર સહવાસ સુખ માટે તેવો હિંદમાં હજી સંભવ છે નહીં.'[૫૩] અન્ય એક પત્રમાં જણાવે છે–' સાહેબ લોક! ફી ના મળે ત્યાં કામ કેવું કરે વળી! અને ગાંઠનું ગોપીચંદન કરીને સેવા કરવી એ તો ભૂખે મરવાનો જ ધોરી રસ્તો! એ તમારા આજકાલના અધૂરિયા 'સાહેબલોક' થોડું જ જાણે છે કે સાહેબ લોકોના મુલકમાં ગરીબગુરબાં માટે જેટલો વ્યવસ્થિત દાનધર્મ છે, તેનો સોમો હિસ્સો પણ આ પ્રાચીન સંસ્કૃતિ ઉપર મૂછે તાલ દેતા આર્યધર્મમાં છે નહીં. કયાંથી હોય? ઢોર દાનધર્મમાં જેટલું સમજે તેટલું આપણે સમજીએ, આપણને તો એક જ વસ્તુ આવડે; આભડછેટ. આદિ રીતરિવાજો દાખલ કરી માનવતાનું ક્ષેત્ર જેમ બને તેમ ટૂંકું કરી નાખવું તે આપણી ખાસ કલા. બાર પૂરબિયા અને તેર ચોકા આપણા દેશની જ કહેવત, સસરો છોકરાની વહુના હાથની રસોઈથી અભડાય એવી શુદ્ધવિશુદ્ધ બ્રાહ્મણ નાતો આપણા દેશમાં જ હજારો વર્ષથી ચાલે છે અને હજીયે જીવે છે. માણસની છાયા પડે છ ફૂટ લગી તો તેની આભડછેટ નડે ચોવીશ ફૂટ લગી, એ પણ આપણા ચોકખાઈમાં નમૂનેદાર દેશનું શાસ્ત્ર!'[૫૪] વળી તે એક પત્રમાં ઉચ્ચારે છે–"શક્તિ, ઉદારમન અને તાદાત્મ્યભાવ ત્રણે ભેળાં હોય તેવા માણુસ જ હાથ દઈ શકે.'[૫૫] એટલે કે મદદ કરી શકે.

---

૪૯ તા. ૮-૧-૧૯૩૨ નો પત્ર.
૫૦ તા. ૧૩-૫-૧૯૩૨ નો પત્ર.
૫૧ તા. ૨૯–૫–૧૯૩૧ નો પત્ર.
૫૨ તા. ૧૮–૯–૧૯૩૧ નો પત્ર.
૫૩ તા. ૧૧–૯–૧૯૩૧ નો પત્ર.
૫૪ તા. ૧૨–૨–૧૯૩૨ નો પત્ર.
૫૫ તા. ૨૬–૭–૧૯૩૬ નો પત્ર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક પત્રમાં પૂનાના ગણેશોત્સવ અંગે લખે છે—"રૂઢિચુસ્ત ને ધર્મમય સમાજ ધરગથ્થુને આકર્ષક કલાને કેવું ઉત્તેજન આપે છે તે ગણપતિની પ્રતિમાઓ દ્વારા જણાય છે. દક્ષિણી બ્રાહ્મણ બહુ જ રૂઢિચુસ્ત હોવા છતાં પોતાના નૈસર્ગિક આનંદ ને રુચિ માટે ઘણી બાબતો કરતા હોય છે."[૫૬] તત્કાલીન સમાજના યુવાધન વિશેનું એમનું નિરીક્ષણ એક પત્રમાં વ્યક્ત થયું છે—'છોકરાં છોકરીઓનાં શરીર પહેલે ઘાએ જ નખાઈ જાય છે. ઘણા જુવાનીમાં જ અકાળ રીસાઈ જાય છે. તેનું મુખ્ય કારણ wrong feeding અને wrong living. આ બાબતો પર મા બાપ ધ્યાન જ નથી આપતા. એમના પોતાના diet અને living વિનાશક થઈ ગયા છે તે જોઈ જોઈને છોકરા પણ તેવું જ શીખે તે તદ્દન કુદરતી છે.'[૫૭]

સ્રીમાનસ—સ્રીમાનસ વિશે એમનું અવલોકન છે.—"All women are boru match-makers : that is their iife, the centre of their hopes and fears, their ખટપટ and their competitions."[૫૮]

ગુજરાત અને ગુજરાતીઓ—એક પત્રમાં એ લખે છે—'ગુજરાતમાં ખાનગી સંસ્થા સારી ચલાવવાની શક્તિ જ હજી નથી આવી. લાયક માણસને યોગ્ય શરતોથી અને પૂરતી સત્તા આપીને તેનું કામ કરવા દે એવી કમિટીઓ ગુજરાતીઓની તો મ્હેં એક પણ નથી જોઈ. લોક કેટલા અદેખા, નકામી લઢાઈ અને ખટરાગ ઊભો કરનારા, અને આપણી નાતથી કેટલું વેઠવું પડ્યું છે, ગુજરાતીઓથી કેટલું વેઠવું પડ્યું છે, તે ત્હમે કોઈ જાણતા નથી; જાણવાના પણ નથી. ગુજરાતનિવાસથી ત્હમે કોઈ સુખી થાવ એ હું માનતો જ નથી.'[૫૯] અન્યત્ર તે અવલોકે છે—'ગુજરાતીઓને પોતાના લાયક ઉમેદવારોને મદદ શી રીતે કરવી તે આવડતું જ નથી.'[૬૦]

વતન ભરૂચ ને ભરૂચીઓ—એક પત્રમાં તેઓ લખે છે—'ભરૂચી લોકો લાગણી ઊભરારૂપે જ દર્શાવી શકે, વિશિષ્ટ વ્યવસ્થિત શાંત રીતે નહીં', શાંત રીતથી એમને સંતોષ ન જ થાય. ઊણપ લાગ્યા કરે, તે એમનું ગામઠીપણું (Provinicialism) જ છે.'[૬૧] ભરૂચના એમના એક કુટુંબી-જ્ઞાતિજન બચુભાઈ ઠાકોર કોઈ ઠગ-સાધુથી છેતરાયાની ઘટના જાણી એક પત્રમાં તેઓ લખે છે—'એ ત્હમારા સાંઈઓ અને મહારાજો અને બાવાઓ અને સાધુઓમાંથી સંખ્યાબંધ વિચિત્ર પ્રાણીઓ હોય જ છે. એ medieval mentality વાળા અત્યંત ખારીલા હોય છે. ઝેર આપતા પણ એમને જરા વાર નહીં, Slowly acting poison so that no suspicion would be attached to them ?[૬૨]

---

૫૬ તા. ૨૭-૮-૧૯૨૮નો પત્ર.
૫૭ તા. ૩૦-૧૨-૩૧નો પત્ર.
૫૮ તા. ૮-૧-૧૯૩૨નો પત્ર.
૫૯ તા. ૨૮-૯-૧૯૩૧નો પત્ર.
૬૦ તા. ૮-૭-૧૯૩૨નો પત્ર.
૬૧ તા. ૧૮-૯-૧૯૩૧નો પત્ર.
૬૨ મોટા હોહિત્ર સદ્‌ શ્રીમદ્ રાજુભાઈ ઠાકોર પરનો તારીખ વગરનો ૧૯૫૦ નો પત્ર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એમના કુટુંબમાં મુકુંદ પરીક્ષામાં નાપાસ થયે એક પત્રમાં તેઓ લખે છે–' બે પાંચ માર્ક વધારીને નપાસ થતાને પાસ કરી દેનારા પરીક્ષકો વધતા જાય છે, પણ ખાર રાખીને પાસ થતો હોય તેને નાપાસ કરવાનું પાપ વ્હોરનારા હજી લગી તો મ્હારા જોવામાં નથી આવ્યા. પછી ઈશ્વર જાણે, એવી મૂર્તિઓ પણ હોય કદાચ.'[૬૩] ભરૂચમાં જ્યારે કોલેજ નહોતી ત્યારે તે સ્થાપવા માટે થયેલી હિલચાલ ટાણે મદદ ને માર્ગદર્શન માટે લખાયેલા પત્રના જવાબમાં તેમણે આ લખનારને પત્રમાં જણાવ્યું હતું. " હું જાહેર પ્રવૃત્તિઓમાં નથી. હવે પડવા વૃત્તિ નથી. બહાર જાહેર હોય તે સૌ કંઈ જાહેરપ્રવૃત્તિઓમાં હોતા નથી. જાહેરપ્રવૃત્તિઓમાં ભાગ લેતા ભરૂચના હિદુવતનીઓ જાણીતા છે......ગરીબ બિચારાં જમાનાના વધતા જતા ધાંધલ અને સડાના ભોગ થઈ પડતા યુવકયુવતીઓ ![૬૪]

એ જ રીતે ભરૂચમાં સ્થપાયેલ લેખકમિલને એમને સન્માનવાને કરેલા ઠરાવના ઉત્તરરૂપે આ લખનાર પરના પત્રમાં એમણે લખ્યું હતું. ' સંસ્થા લાંબુ ચાલે અને પોતાના ઈષ્ટક્ષેત્રોમાં સારું કામ બતાવે એવો આશીર્વાદ આપું છું. જો કે મ્હારા જન્મારા દરમિયાન સાહિત્ય અને વિદ્યાના વિષયોને લગતી ભરૂચમાં અનેકાનેક સંસ્થાઓ ઊભી થતી મેં જોઈ છે તેમાંની ઘણી ખરી તો ટૂંકી મુદતમાં જ પાછી લય પામી જતી મેં જોઈ છે. લેખકમિલન ભરૂચની કંઈ પ્રવૃત્તિ થાય તો તે જણાવતા રહેવા કૃપા કરશો.[૬૫]

સાહિત્ય અને નિજી શોખ—વડોદરાથી એક પત્રમાં તેઓ લખે છે–' ગયે અઠવાડિયે અહીં ૩-૪ દિવસ ખૂબ ધમાલ રહી. Oriental Conference ની સાતમી All India બેઠક ૨૭–૨૮–૨૯મીએ થઈ ગઈ છે. ૩૦૦ વિદ્વાનો, જેમાંથી ૩૦ ઉપર જુદી જુદી શાખાઓના ધુરંધર અને યુરોપીય નામનાવાળા આવેલાઃ સામાન્યથી ઊંચી કોટિના પંડિતો, શાસ્ત્રીઓ, પ્રોફેસરો આદિ પણ સારા પ્રમાણમાં આવેલા. આ નિમિત્તે વડોદરે પધારેલા મહેમાનોની કુલ સંખ્યા તો ૫૦૦ ઉપર જાય. આ વિદ્વાનોના મનોરંજનાર્થે વડોદરા કોલેજના વિદ્યાર્થીઓએ કાલિદાસનું 'માલવિકાગ્નિમિત્ર' નાટક સંસ્કૃતમાં ભજવ્યું. પાત્રોને તૈયાર કરવા અને નાટકને લગતી બધી વ્યવસ્થા માટે નીમેલી સબકમિટીનો પ્રમુખ હું હતો. મંત્રી પ્રો. ગોવિંદલાલ હ. ભટ્ટ હતા. કોન્ફરન્સમાં પણ મેં Kalidas's Malvikagnimitra–A study વિષય ૭૫ પાનાં ટાઈપ કરેલ વૈદિક અને સંસ્કૃત સાહિત્ય વિભાગમાં રજૂ કરેલો. એ વિભાગના પ્રમુખ ડૉ. વૂલર (લાહોર યુનિ.)ને આખી કોન્ફરન્સના પ્રમુખ બિહારના કે. પી. જયસ્વાલ, અહીંના ડૉ. ભટ્ટાચાર્ય, પૂનાના ભાંડારકર રિચર્સ ઇન્સ્ટિટયૂટની મહાભારત આવૃત્તિના તંત્રી ડૉ. એસ. કે. બેલ્વેલકર અને બીજા ઘણા વિદ્વાનોને મારો એ નિબંધ ઘણો ગમ્યો. એમાંના મુદ્દા વિગતોની સંપૂર્ણ અધિકૃતતા અને એના તારણોની નવીન તાર્કિકતાને લીધે. ૧૯૧૮માં પૂનાની ઓરિએન્ટલ ઇન્સ્ટિ-ટયૂટમાં Text of Shakuntala ઉપરનો મારો નિબંધ વખણાયેલો તેવો જ પછી પંદરમે વર્ષે લખેલો આ વખણાયેલો છે.[૬૬]

---

૬૩ તા. ૧૦–૭ ૧૯૨૭ નો ન્હાના દોહિત્ર શ્રી. ગજુભાઈ ઠાકોર પરનો પત્ર.

૬૪ તા. ૮–૮–૧૯૧૬ નો આ લખનાર પરનો પત્ર.

૬૫ તા. ૪–૭–૧૯૧૬ નો આ લખનાર પરનો પત્ર

૬૬ તા. ૩૧–૧૨–૧૯૩૩ નો નાના દોહિત્ર પરનો પત્ર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક બીજા પત્રમાં પાટણ પ્રત્યેના પોતાના આકર્ષણનું કારણ દર્શાવતાં જણાવે છે– "પાટણના મારા ખાસ આકર્ષણનું કારણ તો એ જગ્યાએ રહેલા વિશાળ જૈનભંડારો છે. ભંડાર એટલે હસ્તલિખિત પોથીઓનું પુસ્તકાલય. આ પોથીઓ સંસ્કૃત, પ્રાકૃત, માગધી, અપભ્રંશ, જૂની ગુજરાતી કે અર્વાચીન ગુજરાતીમાં લગભગ ૧૦૦૦ A.D. ની સાલમાં લખાયેલ. એમાં એકને એક ભાષામાં ગ્રંથ અને તેની ટીકા–ટીપ્પણ હોય યા ગ્રંથ એક ભાષામાં હોય તો ટીપ્પણ બીજી એક ભાષામાં હોય. અથવા બે ભાષાઓમાં ય હોય. આ પ્રાચીન ભંડારમાંથી મેં સાતેક જેટલા પ્રાચીન ગુજરાતી રાસ પસંદ કર્યા છે ને તે હું ગાયકવાડ ઓરીએન્ટલ ગ્રંથ શ્રેણીમાં પ્રગટ કરનાર છું. આ માટે તેઓ મને તથા મારા સહયોગીઓને પાન દીઠ સવારૂપિયો આપનાર છે–જો કે તે માગૂલી કહેવાય–પણ એટલું ય આપણે ત્યાં બીજું કોઈ આપતું નથી, અને અમે વિદ્યા-વિલાસી વિદ્વાનો વેતન જેવી દુન્યવી બાબત કરતાં વધુ ઊંચી બાબતની દરકાર કરતા હોઈએ છીએ."[૬૭] કામમાં વેઠિયાવાડ કરનાર તરફ તેઓ નારાજ રહેતા.[૬૮] આજથી પાછો ગાયકવાડ ઓરીએન્ટલ સિરીઝમાં પ્રાચીન એક વોલ્યૂમ મ્હેં માથે લીધું છે. તેનું કામ લઈ બેઠો છું પણ બહું કામ થતું નથી.[૬૯]

ગાંધીજીને તેઓ Sentimental Idealist with liltle grasp of the essential facts of this world here and there કહે છે અને તેમણે કરેલા ગીતાના ભાષાંતરને 'હાથવણાટ ખાદી જેવો ચીંથરિયો તરજૂમો' કહે છે.[૭૦]

દેશવિદેશના અભ્યાસી એવા આ બહુશ્રુત વિદ્વાન માનતા હતા કે મેકિસમ ગોર્કીના સાહિત્ય દ્વારા ત્યારના રશિયન સમાજનો ખ્યાલ મળે છે. રશિયન સરકાર, જમીનદારો, શ્રીમંતો, ધાર્મિક વડાઓ ને મુલ્કી, લશ્કરી અધિકારીઓ જ્યારે ભ્રષ્ટાચારમાં ખદબદતા હતા ને બૌદ્ધિક મધ્યમ-વર્ગ જ જ્યારે રશિયાની આશારૂપ હતો–તો પણ એ વર્ગ પણ બહુ સારો ન હોવાનું દર્શન વિવિધ પાસાં દ્વારા ગોર્કીનું સાહિત્ય કરાવી જાય છે. રશિયન પરિસ્થિતિ સમજવા માટે તેમની દૃષ્ટિએ ગોર્કી સિવાય કોઈ અધિકૃત સાહિત્યકાર નથી.

લગભગ જ્ઞાનકોશ સમા એ લેખાતા. એ ઉચ્ચ કવિ હતા ને દુરારાધ્ય વિવેચક એ ગણાતા. એ બહુશ્રુત વિદ્વાન હતા અને વિલક્ષણ ગદ્યકાર તરીકે ય નામાંકિત થયેલા, તજ્જ્ઞ ઇતિહાસવિદ તરીકે તેમની પ્રતિષ્ઠા હતી. કાલિદાસનાં નાટકોના અનુવાદ સરસ રસવાહી કરીને સંસ્કૃતના ય વિદ્વાન તરીકે તે નામના પામ્યા હતા. સાંપ્રત ગુજરાતી કવિતાના 'શ્વેતકેશી પિતર' તરીકે એ પ્રતિષ્ઠિત થયેલા છે. એમનું સઘળું સર્જન ઊંચી કક્ષાનું પંકાયેલું છે, કેમકે એમનો તો મુદ્રામંત્ર જ હતો–'માફ નિશાનચૂક, પણ નહિ માફ નીચું નિશાન.' ગુજરાતી અને વિશ્વના ય સાહિત્યના આ પ્રખર અભ્યાસી માનતા હતા કે ઉચ્ચ ભાવનાવાદ માટે કવિ નાનાલાલ, દેશસમાજના વિવિધ લોકોની સદ્ભાવભરી સમ્યક્ સમજ માટે ગોવર્ધનરામ, આશા ને શ્રદ્ધા વિશ્વાસ માટે ગાંધીજી તથા બળ ને ઓજસ્ માટે મુનશી આદિના સાહિત્યનું સેવન કરવું જોઈએ.

---

૬૭ તા. ૧૦–૧–૧૯૩૧ નો નાના હોહિત્ર પરનો પત્ર.
૬૮ તા. ૧૫–૮–૧૯૩૫ નો નાના હોહિત્ર પરનો પત્ર.
૬૯ તા. ૪–૯–૧૯૩૧ નો પત્ર,
૭૦ તારીખ વગરનો ડિસેંબર ૧૯૩૧ નો દોહિત્ર પરનો પત્ર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મોતીયાના શારીરિક રોગની જેમ પૂર્વગ્રહને તેઓ માનસિક રોગ ગણતા. Learning for its own sakeમાં તેઓ શ્રદ્ધા આસ્થા રાખતા હતા. દરેક વ્યવસાયમાં સખ્ત પરિશ્રમ, ઉત્સાહ ને એકચિત્ત નિષ્ઠા તેઓ જરૂરી માનતા હતા.[૭૧] સિદ્ધાંતો-નિયમોમાં બાંધછોડ તેમને પસંદ નહોતી. તેમની દીર્ઘદૃષ્ટિ દૂર સુધીનું જોઈ શકતી. તેમને કોઈની શેહશરમ નહોતી નડતી. સ્વદેશીને ઉત્તેજન આપવામાં તેઓ માનતા, એટલે ખંભાતથી તે અકીકનાં સુંદર બટન ખરીદે છે.[૭૨] ઈંગ્લેંડ અભ્યાસ માટે ગયેલા તેમના નાના દોહિત્રને 'જોજે મડમડી પરણી લાવવાની ગંભીર ભૂલ કરતો નહીં' It would be suicidal જેવી સ્પષ્ટ વાત પણ તેઓ લખી શકે છે.[૭૩] એમના મોટા દોહિત્ર ભરૂચના રાજુભાઈ ઠાકોરને ઘેર પુત્રજન્મ થયે તેનું 'મુકુલ' નામ રાખવાનું એટલા માટે સૂચવે છે કે માણસ કળીની જેમ સદા વિકસિત થતો હોય છે—ને જીવનભર વિકાસ પામે છે.

તેમનાં પત્ની ચંદ્રમણીનું દુઃખદ નિધન તા. ૧૪ જાન્યુ. ૧૯૧૫ના રોજ થયા પછી તેમનો અઠંગ વિદ્યાવ્યાસંગ ઓર વધ્યો હતો; તેમને વાચનનો જબરો શોખ હતો. એક પત્રમાં તેઓ લખે છે—I want to utilise such odds and ends of leisure and holiday-time in dipping into a few books by Englishmen on India. Let me give you a very small list, (1) E.S. Montagu--An Indian Diary (2) Sir V. Chirol--some 6 or 7 small books on India (3) (Marg Zetland) Lord Ronaldshaysome 3 books (4) M.L. Darling--Rustics Loauttur and 2 other books, special points of view of the authors about India and Indians, the defects of our culture and the weaknesses of our character etc.[૭૪] જાણીતા વિદ્વાન સાહિત્યકાર ને વિવેચક આચાર્યશ્રી યશવંત શુકલ જ્યારે કોલેજમાં ભણતા હતા ત્યારે તેમણે બ. ક. ઠાકોરને એમના વતન ઉમરેઠના 'ઉમરેઠ મિત્રમંડળ' સમક્ષ વ્યાખ્યાન આપવાને આમંત્ર્યા હતા. ત્યારે એ આમંત્રણ પત્રના હસ્તાક્ષર જોઈએ એમણે ટકોર કરતાં યશવંત શુકલને પત્રમાં લખેલું—" આ ચરોતર બાજુ તમે ને કાંતિલાલ (પંડ્યા) આદિ જે છાપેલા જેવા અક્ષરો કાઢો છો તે બરાબર નથી. ઝપાટાબંધ લખતાં જે સુવાચ્ય અક્ષરો કાઢો તે સાચો મરોડ".[૭૫]

ગુજરાતમાં સાહિત્યક્ષેત્રે સાહિત્યકૃતિ પ્રગટ થયા બદલ પુરસ્કારનો આગ્રહ રાખવાની પહેલ એમણે કરી હતી અને એની પ્રથા પાડવાનું શ્રેય એમને ફાળે જાય છે. ૧૯૪૬ના અરસામાં આ લખનાર જ્યારે સૂરતથી પ્રગટ થતા તત્કાલીન દૈનિક 'ગુજરાત' (હવે બંધ થયેલ છે)ના 'સાહિત્યનિકેતન' નામના સાહિત્ય-વિભાગનું સંપાદન કવિ 'પતીલ' તથા

---

૭૧ તા. ૧૨ ઓક્ટો. ૧૯૩૩ નો પત્ર.

૭૨ તા. ૧૩-૫-૧૯૩૨ નો પત્ર.

૭૩ તા. ૧૩-૧૨-૧૯૩૨ નો પત્ર.

૭૪ તા. ૨૩-૯-૧૯૩૨નો નાના દોહિત્ર પરનો પત્ર, તથા જમાઈ ન્હાનુભાઈ ઠાકોર પરનો તા. ૮-૯-૧૯૧૬નો પત્ર અને સૂલભબહેનની રૂબરૂ મુલાકાત.

૭૫ આચાર્યશ્રી યશવંત શુકલની (અમદાવાદ ખાતેની) અંગત રૂબરૂ મુલાકાતમાં તા. ૨૩-૧૦-૯૩.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી રજનીકાન્ત દલાલ સાથે કરતા હતા ત્યારે તેને માટે બ. ક. ઠાકોરને તેમની કૃતિ પ્રકાશનાર્થે આપવા નિમંત્રણ આપતો પત્ર તેમણે લખ્યો હતો ત્યારે તેમણે પત્રમાં લખ્યું હતું: 'મ્હને મોકલું તે વિષય બદલ માસિકો સારો તો નહીં પણ ઠીક ઠીક પુરસ્કાર નિયમિત રીતે આપે છે. દૈનિક સારું ચાલતું હોય તો તેને જાહેરખબરોની અને રોજ હજારોની ખપતની સારી કમાણી હોય એટલે તે આકર્ષક પુરસ્કાર વડે ઉત્તમ લેખકનાં પ્રતિષ્ઠિત લખાણ મેળવી શકે અને પોતાની ખપત તેમ પ્રતિષ્ઠા વધારી શકે. પણ ગુજરાતમાં હજી અમદાવાદના એક બે સિવાયનાં છાપાં આ માર્ગે જતાં જાણવામાં નથી. પ્રગતિ ધીરે ધીરે જ થાય. વળી તંત્રી સંપાદકોને ટપાલમાં મફત લખાણો મળ્યાં કરતાં હોય ત્યાં લગી તે પુરસ્કાર આપીને મેળવવાં તેમને નકામા ખર્ચમાં ઊતરવા જેવું પણ લાગ્યા કરે...પુરસ્કારની માગણી મેં પ્રથમ પહેલી શરૂ કરી ગુજરાતના લેખકોનું ચૂસણશોષણ ધંધાદારી છાપાં, બુકસેલરો આદિને હાથે થતું કંઈક ન થાય–અટકે એવી સેવાબુદ્ધિએ. એને કેટલાંય વર્ષ થઈ ગયાં છે, કેટલાક મારા સાથમાં ભળીને પછી પાછા પુરસ્કાર મૂળે તો લેવો, પણ તે વગર અસહકાર રાખવો એ નિયમમાંથી ચળી પણ ગયા છે. હું પહેલેથી આજ લગી એટલે વર્ષોથી એ જ ધોરણને એકસરખો વળગી રહ્યો છું, તે વિદિત થાય.'[૭૬]

આ 'સાહિત્યવિભાગ' શનિવારના 'ગુજરાત'માં પ્રગટ થતો હતો, એટલે તેમણે એ પછીના તા. ૬-૧૨-૧૯૪૬ના પત્ર દ્વારા તે દિવસના એ દૈનિકના જાહેરખબર છાપવાના દર જાણવા માંગ્યા હતા. પણ એમાં એમનાં કોઈ નોંધપાત્ર વિચાર-મંતવ્ય નહોતાં.

ઘડપણ વિશે : એક પત્રમાં તેઓ લખે છે–" ઘરડો માણસ દરેક કનેથી દરેક ઠેકાણે ખાસ વિનયસેવા ગોઠવણ આદિની આશા રાખે જ એ સૌએ હમેશાં યાદ રાખવાનું છે."[૭૭] મોટા દૌહિત્રને સલાહ આપતા બીજા એક પત્રમાં લખે છે–'ઘડપણ વિશે તમે આજથી ચેત્યા છો, તેથી રાજી છું. માણસને કામ જોઈએ, પોતાને રસ પડે એવું કામ, જમિયતરામ હકૂમતરાયને રૂ કાંતવામાં, રેંટિયો ફેરવવામાં અને કપડાં વણવામાં આખો દિવસ જણાતો નથી...ઉંમર એંશી ઉપર બે ત્રણ હોવા જોઈએ. તબિયત ક્યાંય સારી છે...અથવા મારા દાદાજીની માફક દેવદેવલા, પથ્થર, માટી, ધાતુ આદિનાં વસાવી વધારી પૂજા આરતીમાં સૂર્યોદય પહેલાંથી અગિયારેક વાગ્યા લગીનો સમયગાળો અને મોટા ધર્માત્મામાં ખપો...એ પણ ઘડપણ માટે ખોટો ઉદ્યમ નથી, અથવા વીમો કે કોઓપરેટીવ કે પબ્લિક લાઈફ (સુધરાઈની કે કોઈ જાતની) ને વળગો...અથવા તો મારી માફક વિદ્યાકલાને વળગો. અથવા ઈન્કમટેક્ષ એકસ્પર્ટ કે કો. ઓપરેટીવ એકસપર્ટ બનો. જુવાની દરમિયાન જ માણસે આવો કંઈક પણ પોતાના શોખનો ઉદ્યમ હાથ કરી લેવો જોઈએ. બાકી તરસ લાગે–ઘડપણ જાગી જાય–તે પછી કૂવો ખોદવા નીકળો તો ના ચાલે. અથવા અમૃતલાલ ઠક્કર કે વૈકુંઠ લલ્લુભાઈ મહેતા કે સૂરતના ભગવાનદાસ દલાલની માફક ભીલોદ્ધાર, ખાદીભંડાર કે ટ્રસ્ટફંડોના હિસાબની તપાસણી પર બેસી જાવ'...' મારો વિદ્યાકલા કવિતાનો શોખ એવો છે કે હું સો વર્ષ જીવું અને રોજ બને તેટલુંક પાંચ પુણી વધારે મારું કાંતણ કાંત્યા કરું તો પણ છેડો

૭૬ આ લખનાર પર મુંબઈથી લખાયેલો તા. ૧-૧૨-૧૯૪૬નો પત્ર.

૭૭ તા. ૮-૬-૧૯૬૨નો નાના દૌહિત્ર શ્રી. ગજેન્દ્ર ઠાકોર પરનો પત્ર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન આવે એટલાં કામ અત્યારે મારી પાસે ભેગાં થયાં છે. અને કામ ઓછું ઓછું થાય છે તેમ વધારે વધારે પાછળ પડતો જાઉં છું'...તમે પોતે ઘડપણ વિશે શો વિચાર કરો છો તે જણાવશો, કેમકે તમારી ઓઘે longevity સારી છે.[૭૮]

યુવાપેઢી પ્રત્યે સદ્ભાવ : એમની કાવ્યપ્રવૃત્તિ જોઈ, તેનાથી પ્રેરિત થઈ, તેમના નાના–મોટા એમ બંને દૌહિત્રોએ કવિતા લખી તેમને બતાવી ત્યારે એકની કવિતાની ચબરખી ઉપર ઉપરથી જોઈને ફાડી નાખીને કહ્યું : 'ઘરમાં એક કવિ બસ છે. ભૂખે મરવું હોય તો કવિતા કરજો, કારણ કવિ થવું સ્હેલ નથી. જીવન આરાધના માગી લે છે, અખંડ તપશ્ચર્યા માગી લે છે, પણ મોટા દૌહિત્રની કવિતા તેમણે મઠારીને સાવ નવી બનાવીને, 'કુમાર' માસિકમાં મોકલી આપી ને તે પ્રસિદ્ધ પણ થઈ, પણ તેનો ભાવ અસલ રાખી કાવ્યનું કલેવર સાવ બદલી નાખ્યું હતું. ૧૯૨૯–૩૦ના અરસાની આ વાત. એકવાર એમના નાના દૌહિત્ર એમની ના છતાં 'કોલેજકન્યા' નામક અનિચ્છનીય નાટક જોવા ગયા હતા ત્યારે મોડી રાતે ઘરનાં બારણાં ન ખોલીને એમણે એને બહાર રહેવાની સજા કરી હતી–પણ પછી તદ્દન સદ્ભાવ રાખી એ ભૂલની ક્ષમા પણ આપી દીધેલી.[૭૯]

જૂની–નવી પેઢી વચ્ચેની વિચારખાઈ–વિસંવાદિતા અંગે તેમણે લખેલું–' A father's dreams about one of his sons outshining the whole world and bringing reflected glory on himselt are one of the most precious of his possessions. And if you ask me, the most futile of his possessions; if you ask me further the most injustifiably tyrannical of his tendencies, Has not a grown up son his own dreams, his own ideals, his own sense of what the world is like, his own way to make, his own life to lead ? should he not be free, when grown up, to deal with these as he can and wishes to ? What right has a father's dreams to be an obstacle ? That is "my principle ".[૮૦] આમ, બે પેઢી વચ્ચેના વિચારઅંતરની બાબતમાં એમની વિચારણા યુવાપક્ષે ને ન્યાય કરે તેવી સમર્થક હતી.

આમ, વિવિધ વિષયો, શાસ્ત્રો, મુદ્દાઓ અને ક્ષેત્રો વિશેની, જેટલા મળ્યા છે તેટલા બાવન જેટલા અપ્રગટ પત્રોમાં, ઉપસતી એમની સંગીન અને સમૃદ્ધ વિચારસૃષ્ટિ એમને નર્મદની જેમ 'પ્રચંડ મનોઘટનાશાળી વ્યક્તિત્વ ધરાવનાર' બહુશ્રુત વિદ્વાનનું બિરુદ અપાવી જાય છે. એમનું વિલક્ષણ વ્યક્તિત્વ ને સમૃદ્ધ સર્વાંગી વિચારશક્તિ આ પત્રોમાં તો પ્રગટ થાય જ છે, પણ એમના જીવન અને સાહિત્યને સમજવાની ચાવી પણ આ દસ્તાવેજી મૂલ્ય ધરાવતા પત્રો પૂરી પાડી જાય તેવું ને તેટલું આત્મલક્ષી તત્ત્વ એ ધરાવે છે. સેમ્યુઅલ જોન્સન કહે છે તે

૭૮ મોટા દૌહિત્ર શ્રી. રાજભાઈ હી. ઠાકોર પરનો તારીખના નિર્દેશ વિનાનો ઇ. સ. ૧૯૫૦ નો પત્ર.

૭૯ બ. ક. ઠાકોરના નાના દૌહિત્ર શ્રી. ગજેન્દ્રભાઈ ઠાકોરની મુલાકાતના આધારે.

૮૦ વડોદરાથી તા. ૧૨–૬–૧૯૩૩ ના રોજ નાના દૌહિત્ર પર લખાયેલ પત્ર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

In a man's letters his soul lies naked નું વિધાન બ. ક. ઠાકોરના આ પત્રો માટે ય સાચું પડે છે, કેમ કે એમાં તેમનું હૃદય કશા ય આડંબર કે પરિધાન વિના ખુલ્લું પડેલું દષ્ટિગોચર થઈ શકે છે. આ સર્વ દષ્ટિએ એમના આ અપ્રગટ પત્રોનું મૂલ્ય એમની માનસિક આત્મકથાની ગરજ સારે તેટલું બહુમૂલ્યવાન છે. એમનું જ વિધાન છે કે જે પ્રજા સાચા પૂજ્યોને બદલે બીજા વામણા માણસોને મહાપુરુષોના પદે સ્થાપીને તેમને અર્ઘ્ય આપે છે તે પ્રજા પછી કાળે કરીને પૂજ્ય મહાપુરુષોને પેદા કરવાની શક્તિ ગુમાવી બેસે છે. ચાલો, આપણે એ ભૂલ ન કરીએ ને એ મહાપ્રતિભાશાળી પ્રચંડ વિદ્યા–સાહિત્ય–મનીષી ચિંતકને તેમની જન્મ સવાશતાબ્દી ટાણે સાદર વંદીએ ને અર્ઘ્ય આપીએ. જો કે એમણે તો એક કવિતામાં આત્મલક્ષી રીતે ગાઈને પોતાનો જીવન સંતોષ વ્યક્ત કર્યો છે.[૮૧]

---

૮૧ ન આશા હતી આટલું જીવવાની
ન સેવા ફરો નામના આટલીની
જુવાની વિશે યે ન સત્તા સમૃદ્ધિ
ન કીર્તિ તણે મોહ મોહ્યો ફર્યો કે
કુમાર્ગે સરંતા ય ના ટેક ચૂક્યો
થયો છો ટટાર જરા ખાઈ ઠેશો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નૈતિક મૂલ્યો અને સમાજ–સુધારણા અંગે સ્વામી સહજાનંદના પ્રયાસો*

રસેશ જમીનદાર +

ઇતિહાસ એટલે શું? ઇતિહાસ એ જ્ઞાનનો વિષય છે. જ્ઞાન એ માનવીને ભૂતકાળમાં થયેલો અનુભવ છે. તેથી ભૂતકાળમાં બનેલી ઘટના જ્ઞેય છે. જ્ઞાતા એ ઘટનાને જાણવાની ઇચ્છા રાખનાર જિજ્ઞાસુ છે. આવી જિજ્ઞાસુ–વ્યક્તિ જે વિચારો–વર્ણનો પ્રસ્તુત કરે છે તેમાં જ્ઞાન સમાયેલું છે. આમ જગતનું તમામ જ્ઞાન માનવીના ભૂતકાળના અનુભવોના સંચયરૂપ છે. આ દૃષ્ટિએ ઇતિહાસનો અભ્યાસ એટલે જ્ઞાનની સાધના. આ સાધના સ્થળ અને કાળની મર્યાદામાં રહીને વિશેષરૂપે અનુકૂળ રહે છે. ટૂંકમાં, ઇતિહાસનું કાર્ય માનવીએ કરેલા પુરુષાર્થની મીમાંસા કરી તેનું અર્થઘટન કરવાનું છે. આમ, ઇતિહાસ એ આખા સમાજનું ઇતિવૃત્ત છે.[૧]

સહજાનંદ સ્વામીને થયેલા અનુભવો આજે આપણા માટે જ્ઞાન છે. એમના જીવન દરમ્યાન ઘટેલી ઘટનાઓ તે જ્ઞેય છે અને આપણે સહુ જ્ઞાતા છીએ. જ્ઞાનની સાધના સ્થળ અને કાળની મર્યાદામાં વિશેષ શક્ય છે. તદનુસાર અહીં સ્થળ ગુજરાત છે, અને કાળ સ્વામી સહજાનંદનો જીવનકાળ એટલે ૧૮મી–૧૯મી સદીનો સંધિકાળ છે. સહજાનંદે કરેલા પુરુષાર્થની મીમાંસા અને તેનું અર્થઘટન તે આપણા માટે ઇતિહાસ છે.

સમાજનું ઇતિવૃત્ત એટલે ઇતિહાસ—આપણે જોયું કે ઇતિહાસ એ આખા સમાજનું ઇતિવૃત્ત છે, તો ધર્મ એ સમાજનું ધારક પરિબળ છે, તો શિક્ષણ એના વિકાસને વૈચારિક ભૂમિકા પૂરી પાડે છે, અને અર્થ ભૌતિક સામગ્રી સંપ્રાપ્ત કરાવે છે. આમ, સમાજ ધર્મ શિક્ષણ અર્થ ઇતિહાસની ઘટનાઓને સમજવામાં સહાયભૂત થાય છે. આ બધાં તત્ત્વો સંયુક્તરૂપે સમાજની ઇમારતને સુદૃઢ બનાવે છે. આથી આ ક્ષેત્રોમાં થયેલાં પરિવર્તનોનો અભ્યાસ ઇતિહાસનિરૂપણ માટે જરૂરી છે.[૨]

'સ્વાધ્યાય' પુ. ૩૦, અંક ૧-૨, દીપોત્સવી–વસંતપંચમી અંક, ઑક્ટોબર, ૧૯૯૨–જાન્યુઆરી ૧૯૯૩, પૃ. ૯૩–૧૦૮.

* ગુજરાત યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગ દ્વારા આયોજિત દ્વિદિવસીય સંગોષ્ઠિ '૧૯મી અને ૨૦મી સદીના ગુજરાતમાં સમાજસુધારકો અને સમાજપરિવર્તનની દિશા' (૭–૮, ૪–૯૪)માં આઠમી એપ્રિલે વાંચેલો નિબંધ સુધારા–વધારા સાથે, આયોજકોના સૌજન્યથી

+ બી-૧૦, વસુ એપાર્ટમેન્ટસ, શ્રીજી પેલેસ સામે, નારણપુરા, અમદાવાદ ૩૮૦૦૧૩.

૧ આ મુદ્દાની વિગતવાર ચર્ચા માટે જુઓ: જમીનદાર રસેશ, **ઇતિહાસ: સંકલ્પના અને સંશોધનો,** ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૮૯, પૃષ્ઠ ૭ થી ૯.

૨ વધુ માહિતી માટે જુઓ: જમીનદાર, એજન, પૃ. ૭૧ અને ૭૫.

For Private and Personal Use Only

અહીં સમાજ ગુજરાતનો છે, સંપ્રદાય સ્વામીનારાયણનો છે, સહજાનંદના પ્રયાસો એ શિક્ષણ છે અને સંપ્રદાયના અધિષ્ઠાન માટે બંધાયેલાં મંદિરો આર્થિક બાબતોને સમજાવે છે અને આ ચારેય સંયુક્તરૂપે તત્કાલીન સમાજની ઇમારતનું એક ચિત્ર આપણી સમક્ષ પ્રસ્તુત કરે છે. આથી સ્વામી સહજાનંદના જીવનકાલ દરમ્યાન ગુજરાતમાં થયેલાં પરિવર્તનોનો અભ્યાસ ઇતિહાસનિરૂપણમાં ઉપયોગી બની રહે છે.

ગુજરાતની પરિસ્થિતિ (સાંસ્કૃતિક)—અઢારમી સદીના ઉત્તરાર્ધમાં અને ઓગણીસમી સદીના પ્રથમ ચરણ (૧૭૫૩ થી ૧૮૨૫) દરમ્યાન ગુજરાતમાં સામાજિક આર્થિક ધાર્મિક અને રાજદ્વારી ઊથલપાથલો ચાલ્યા કરતી હતી. ગુજરાતમાં સોલંકી–વાઘેલાઓના અસ્ત પછી એક તરફ ગુજરાતના સુલતાની શાસકો, તે પછી દિલ્હીના પાદશાહોના સૂબાઓ તથા મરાઠી રાજવહીવટ દરમ્યાન અને બીજી તરફ ત્રણસોથી ય વધુ રાજ્યોના વહીવટ દરમ્યાન ગુજરાતે કોઈ સ્થિરતા અનુભવી નહીં. આ સમય દરમ્યાન ગુજરાતમાં ધર્મ અને સંસ્કૃતિ ઉપર અનેક આક્રમણો થતાં રહ્યાં અને સમાજજીવન ઉપર એના પ્રતિકૂળ પ્રત્યાઘાત પડતા રહ્યા.

સમગ્ર ગુજરાતમા ત્રાસ અને ભયનું વાતાવરણ પ્રસરી ગયું હતું. ગુર્જર સમાજ ભીરુ અને સંકુચિત મનોદશાવાળો બની ગયો હતો. સંસ્કાર–પ્રવાહો ક્ષીણ થતા જતા હતા. જાનમાલ અને ધર્મની સલામતી જોખમાઈ હતી. પ્રજાજનોમાં વહેમ અને અજ્ઞાન વ્યાપક બન્યાં હતાં. સ્ત્રીઓની ઇજ્જત–આબરૂ પણ સલામત ન હતી. બાળલગ્નોની બોલબાલા હતી અને વિધવા-વિવાહ અશક્ય હતો. દીકરીનો જન્મ શાપરૂપ ગણાતો હતો. મંત્રતંત્રમાં લોકોની શ્રદ્ધા વધતી જતી હતી. વેપારવાણિજ્યનો વિકાસ થંભી ગયો હતો. જ્ઞાનપ્રાપ્તિનાં સાધનો કે વ્યવસ્થિત કેળવણીનો અભાવ પ્રવર્તતો હતો. કલા–સાહિત્ય–વિજ્ઞાનનો વિકાસ રૂંધાઈ ગયો હતો. ત્યારે માત્ર ધર્મનો થોડો ધબકાર, પ્રજાજીવનની નાડમાં ચૈતન્યનો થોડો પણ રક્તપ્રવાહ પ્રસરાવી, પ્રજાને બેઠી રાખવાનો પ્રયાસ કરતો હતો.[3]

ગુજરાતની પરિસ્થિતિ (રાજકીય)—આવી સાંસ્કૃતિક કટોકટી જ્યારે ગુજરાતમાં હતી ત્યારે રાજકીય ક્ષેત્રે કોઈ સ્થિરતા પ્રવર્તતી ન હતી. ગુજરાત ઉપર ત્યારે એક તરફ મરાઠા-શાસનનો પ્રભાવ હતો, તો બીજી તરફ ત્રણસોને છાસઠ હિન્દુ–મુસ્લિમ રાજ્યોનો સ્વાર્થપ્રેરિત પ્રભાવ હતો. આ બધાં રાજ્યોના શાસકોની સ્થિતિ દયાજનક હતી. આમાં વિશેષ પ્રભાવ મરાઠાઓનો–ગાયકવાડોનો હતો. જો કે સર્વોપરિ સત્તા પૂણેના પેશ્વાઓની મનાતી હતી. પરન્તુ ગુજરાતના કેટલાક વિસ્તારો ઉપરનો વહીવટ પેશ્વાના માંડલિક ગણાતા ગાયકવાડોના હાથમાં હતો. આ બધા રાજકર્તાઓ પરસ્પર સતત ઝઘડતા રહેતા હતા.

---

૩ ગુજરાતની આવી ડામાડોળ પરિસ્થિતિનો સુંદર ચિતાર શેઠ મગનલાલ વખતચંદે 'અમદાવાદનો ઇતિહાસ' (પ્રથમ આવૃત્તિ ૧૮૫૧ અને પુનર્મુદ્રણ ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ ૧૯૭૫)માં આપ્યો છે. તો કૃષ્ણલાલ મહારાજે 'કળિકાળનો ગરબો' (૧૮૧૭) નામની કૃતિમાં આ સમયની પરિસ્થિતિનું સ–રસ વર્ણન કર્યું છે. પારેખ હીરાલાલ ત્રિભુવનદાસે પણ 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન' (ખંડ ૧, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૧૯૩૫)માં દેશના સંદર્ભમાં ગુજરાતની પરિસ્થિતિનું ઠીકઠીક વર્ણન કર્યું છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મરાઠાસમયની મુલકગીરી, ઈજારાપદ્ધતિ વગેરેથી પ્રજા તંગ આવી ગઈ હતી. ઈજારદારો પ્રજાને રંજાડતા હતા. ચોથ અને સરદેશમુખી ઉઘરાવનારાઓના ત્રાસની કોઈ મર્યાદા ન હતી. રાજ્યના સૂબાઓના ચાડિયાઓ પ્રજા પાસેથી પુષ્કળ પૈસા પડાવતા હતા. કાઠી ગરાસિયાઓની લૂંટફાટે દાટ વાળી દીધો હતો. 'મારે તેની તલવાર'નું રાજ્ય પ્રવર્તતું હતું. પ્રજાના આર્તનાદને સાંભળવાની શાસનકર્તાઓને ફુરસદ ન હતી.

આ પરિસ્થિતિમાં ગુજરાતનાં તન-મન-ધન વેડફાઈ જતાં હતાં. શાસકો નબળાઈ અને નિરાશામાંથી બચવા સ્વરક્ષણ અથવા અંગત સ્વાર્થ ખાતર એકબીજાનો છેદ ઉડાડવા ત્રાહિતને કુમકે બોલાવી પોતાની પરિસ્થિતિને વિશેષ પરાધીન બનાવતા હતા. આવી પરિસ્થિતિમાં ત્રીજો પક્ષ ફાવી ગયો અને વેપારાર્થે આવેલી ઇંગ્લંડની ઈસ્ટ ઇન્ડિયા કંપનીના ચાલકોએ આનો પૂરો લાભ ઊઠાવ્યો. ૧૮૦૨માં વસઈની સંધિથી પેશ્વાઈને રાજક્ષય લાગુ પડ્યો, જેનો અંજામ ૧૮૧૮માં પેશ્વાઈના અંતથી આવ્યો. આ સાથે ગુજરાત ઉપર અંગ્રેજો સર્વોપરિ બન્યા. જો કે રાજાશાહી રાજ્યોની આંતરિક પરન્તુ નિયંત્રિત સ્વતંત્રતા ચાલુ રહી.[૪]

ગુજરાતની પરિસ્થિતિ (સાહિત્યિક પ્રવાહો)—અંગ્રેજોના સંપર્કની અસરો ગુજરાતનાં સમાજ, ધર્મ, સાહિત્ય, શિક્ષણ, રાજકરણ, ઉપર થવી શરૂ થઈ અને તેથી ઇતિહાસનાં પરિમાણો બદલાવાં શરૂ થયાં. અંગ્રેજોની સત્તા-સ્થાપના પછી ગુજરાતની પ્રજાએ થોડીક શાંતિ અનુભવી અને થોડોક નિરાંતનો શ્વાસ લીધો. પશ્ચિમી વિદ્યા અને કેળવણીનો પ્રકાશ ફેલાવો શરૂ થયો. આમ, અંગ્રેજોના સંપર્ક-સહવાસથી પ્રજાજીવનમાં પરિવર્તનો થવાં શરૂ થયાં. સંપર્ક-સહવાસથી થતા ફેરફારોની ઝડપી અસર વિચારો ઉપર થાય છે, અને સાહિત્યમાં તે શબ્દરૂપે પ્રતિબિંબિત થાય છે. અર્થાત્ સાહિત્ય સ્વભાવતઃ તેના સમયનું પ્રતિબિંબ ઝીલીને રજૂ કરે છે. એટલે કે વિચારમંથન અને પરિવર્તિત સમાજજીવનની પ્રબળ છાપ સાહિત્ય ઉપર પડે છે. ગુજરાતની અસ્મિતાને જાગૃત કરનાર પરિબળોમાં સાહિત્ય, શિક્ષણ અને સમાચારપત્રોનો ફાળો મહત્ત્વનો ગણી શકાય; કારણ આ માધ્યમો દ્વારા જ તે પછી સમાજધર્મ-સુધારાના ઉન્મેષો અનુભવાયા છે.[૫]

ગુજરાતની પરિસ્થિતિ (ધાર્મિક મંથન)—સાહિત્યની અસર મુખ્યત્વે બુદ્ધિજીવીઓ ઉપર વિશેષ થાય છે, ત્યારે ધાર્મિક-પ્રવૃત્તિઓની અસર બુદ્ધિમાન ભક્તો અને શ્રમજીવી શ્રદ્ધાળુઓ ઉપર થાય છે. આથી હવે અહીં ગુજરાતમાં ઘટેલી ધાર્મિક ઘટનાઓમાંથી એકની મીમાંસા કરીશું; કારણ રાજકીય જાગૃતિ સાથે સામાજિક જાગૃતિ જરૂરી છે અને તેનો પાયો છે ધાર્મિક જાગૃતિ. ધાર્મિક પુનરુત્થાનનું મુખ્ય પ્રેરકબળ હતું વિધર્મી મિશનરીઓની વિઘાતક પ્રવૃત્તિઓ.[૬]

ભીરુ, ભયત્રસ્ત અને હતાશ બનેલી ગુજરાતની પ્રજાને સાંસ્કારિક દૃષ્ટિએ બેઠી કરવાનું અભૂતપૂર્વ કાર્ય ઓગણીસમી સદીના આરંભના ત્રણ દાયકામાં (૧૮૦૦ થી ૧૮૩૦ સુધી) કર્યું

---

૪ જુઓ: જમીનદાર રસેશ, **સ્વાધીનતા સંગ્રામમાં ગુજરાત**, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૮૯, પ્રથમ આવૃત્તિ, પૃ. ૪૨-૪૩.

૫ વધુ વિગતો માટે, જુઓ એજન, પૃ. ૪૩.

૬ જુઓ માહિતી માટે, એજન, પૃ. ૪૪-૪૫.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અયોધ્યા નજીકના છપૈયા ગામમાં ૧૭૮૧માં જન્મેલા ઘનશ્યામ નામના યુવકે સહજાનંદ સ્વામીના સ્વરૂપે (૧૮૦૦માં ગુજરાતમાં આગમન અને ૧૮૩૦માં શ્રીજીચરણે પધાર્યા).

નારાયણમુનિનું કાર્ય—અરાજકતા અંધાધૂંધી અને આચારલોપના ભયાનક બાહુ-પાશમાં સપડાયેલી ગુજરાતની પ્રજાનો હાથ પકડીને ધર્મના પ્રચાર દ્વારા તેમણે નીતિપ્રચાર, આચાર-પ્રસ્થાપના, સમાજસુધારણા અને જ્ઞાતિભેદનિવારણનું અલૌકિક કાર્ય કર્યું. વડતાલ, અમદાવાદ અને ગઢડામાં વૈષ્ણવસંપ્રદાયનાં મંદિરો સ્થાપીને તથા સમગ્ર ગુજરાતમાં ધર્મયાત્રા દ્વારા નીતિઆચારના ઉપદેશો આપીને એક તરફ એમણે ધર્મજીવનના સ્થગિત પ્રવાહોને નિર્મળ રીતે વહેતા કર્યા, તો બીજીબાજુ ઊંચનીચના ભેદભાવનાં દૂષણોને ડામીને ગુનેગાર અને અસ્પૃશ્ય ગણાતી વિવિધ જ્ઞાતિઓને ધર્મોપદેશ આપી જીવનસુધારણાનાં અમૃત પાઈને સમાજસુધારણાનું અદ્વિતીય કાર્ય કર્યું. ધર્મગ્લાનિના આ સમયમાં તેમણે લોકોમાં એકેશ્વરવાદની ભાવના સુદૃઢ કરી. ધર્મના નામે પ્રજામાં ઘર કરી ગયેલાં દૂષણો દૂર કર્યાં. પોતાના સંપ્રદાયમાં મુસલમાન, પારસી, શૂદ્ર સહુને પ્રેમથી આવકાર્યા—અપનાવ્યા. ઠાકરડા અને બારૈયા જેવી માથાભારે કોમોને સન્માર્ગે વાળી. આમ, ધર્મપ્રચારક નારાયણમુનિ જીવન સમર્પણ કરી ગયા લોકોદ્ધારક તરીકેનું—સમાજસુધારક તરીકેનું.[૭]

ઘનશ્યામનું પ્રારંભિક જીવન :

ઉત્તર પ્રદેશના વિખ્યાત યાત્રાધામ અયોધ્યા પાસેના, સરયૂ નદીના કાંઠાળ વિસ્તારમાં આવેલા, છપૈયા ગામમાં બ્રાહ્મણકુટુંબમાં ઘનશ્યામનો જન્મ સંવત ૧૮૩૭ના ચૈત્ર સુદ નવમીને દિવસે (૨. ૪. ૧૭૮૧)—રામનવમીને દિવસે થયો હતો. એમના પિતા ધર્મદેવ વારષ્ઠ પંડિત હતા અને માતા ભક્તિદેવી પ્રેમના સાગરસમાં હતાં. નાનપણથી જ ઘનશ્યામને (અમર નામ હરિકૃષ્ણ) મંદિરોની મુલાકાતે જવાનું, ધર્મગ્રંથોને વાંચવાનું, ધર્મસભાઓમાં ઉપસ્થિત રહેવાનું અને આધ્યાત્મિક બેઠકોમાં જોડાવાનું સહજ રીતે ફાવી ગયું હતું. પણ આ બધી ક્રિયા-પ્રક્રિયાથી તેમને આત્મસંતોષ ના થયો, એમની જ્ઞાનસંપ્રાપ્તિની ઇચ્છા પરિતૃપ્ત ના થઈ અને તેથી માત્ર અગિયારની વયે ૧૭૯૨માં માતાપિતાનો વિશ્વાસ સંપાદન કર્યા વિના જ ભગવાન બુદ્ધની જેમ મહાભિનિષ્ક્રમણ સ્વરૂપે ગૃહત્યાગ કરી ગયા. સાધુ-સંતો-સાધકો-તપસ્વીઓના પ્રેરણા-પોષકસ્થાનસમા હિમાલયમાં સૌ પ્રથમ ઘનશ્યામ પહોંચ્યા. હવે તો નીલકંઠ નામથી ઓળખાવા લાગ્યા અને ત્યાંથી તપ, ત્યાગ, ધર્મ, જ્ઞાન અને યોગની પંચમાર્ગી સાધના સારુ પગપાળા સમગ્ર દેશમાં સાત વર્ષ સુધી ઘૂમ્યા અને જીવન જીવવાની કળાનો પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો. આ સપ્ત-વર્ષીય જ્ઞાનયાત્રા દ્વારા નીલકંઠ વિવિધ સંપ્રદાયના આચાર્યો અને ઉપદેશકોને જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ વિશે પ્રશ્નો પૂછતા રહ્યા, તોય અંતઃકરણનો અંજપો દૂર થયો નહિ.[૮]

---

૭ એજન, પૃ. ૪૪-૪૫.

૮ સહજાનંદ સ્વામી વિશે વધુ માહિતી માટે જુઓ : (૧) પારેખ, મણિલાલ છો., **શ્રી. સ્વામીનારાયણ**, રાજકોટ, ૧૯૩૭, પ્રથમ આવૃત્તિ. (૨) દવે, એચ. ટી., લાઈફ ઍન્ડ ફિલોસોફી ઑફ શ્રી સ્વામીનારાયણ, બોચાસણ, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૭. (૩) યાજ્ઞિક, જયેન્દ્રકુમાર એ., ધી ફિલોસોફી ઑફ શ્રી સ્વામીનારાયણ, અમદાવાદ, ૧૯૭૨, પ્રથમ આવૃત્તિ. (૪) વ્યાસ, રશ્મિ ત્રિભુવનદાસ, પીએચ. ડી. નો મહાનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નીલકંઠ બનીને દેશયાત્રા—આમ, દેશયાત્રાથી-ભારતભ્રમણથી નીલકંઠે મેળવેલા અનુભવોએ એમનું એવું તો ઘડતર કર્યું કે પરિણામે દૂષણો સામે અહિંસક પડકાર ઊભો કર્યો, નૈતિક પાત્રતા સંપાદિત કરી, સમન્વયનો અભિગમ કેળવ્યો, અપરિગ્રહની ભાવનાથી અભિભૂત થયા અને અધ્યાત્મના ઉચ્ચ આદર્શો અંકે કર્યા. આ બધું છતાં યોગ્ય ગુરુ હાથ ના લાગ્યા. આથી ઉદ્‌ભવેલી નિરાશા સાથે નીલકંઠ માંગરોળ પાસેના લોજપુર ગામે સંવત ૧૮૫૬ના શ્રાવણ વદ છઠ્ઠને દિવસે (૨૧.૮.૧૮૦૦) આવી પહોંચ્યા, અને રામાનંદ સ્વામીના આશ્રમમાં રહીને અધ્યાત્મયાત્રાને પૂરી કરી. વીસની વયે સંસારત્યાગી બનીને, સ્વામી રામાનંદને ગુરુ બનાવીને, ભાગવતીદીક્ષા ગ્રહણ કરી, સંવત ૧૮૫૭ના કાર્તિક શુક્લ એકાદશીને બુધવારને દિવસે (૨૮.૧૦.૧૮૦૦). થોડા સમયમાં જ નીલકંઠનું હીર પારખીને સ્વામી રામાનંદે પોતાના સત્સંગના વડા તરીકે એમની નિમણૂક કરી, અને સહજાનંદ તથા નારાયણમુનિ નામ ધારણ કરાવ્યું તથા વૈષ્ણવમાર્ગની ઉદ્ધવશાખાને સ્વામીનારાયણ સંપ્રદાય તરીકે દૃઢ કર્યો અને ગુરુ રામાનંદના નાનકડા સત્સંગને પોતાની વિનમ્રતાથી અને વરેણ્ય પ્રજ્ઞાથી વિશાળ સંપ્રદાયમાં પરિવર્તિત કર્યો. આચાર્યપદે રહીને સહજાનંદે આદર્શ અને પ્રેમાળ શિક્ષક તરીકે પ્રભાવશાળી શ્રેષ્ઠ નેતા તરીકે, વણથાક્યા વટેમાર્ગુ તરીકે તથા અપરંરિત સમાજસુધારક તરીકે ત્રણ દાયકા સુધી અવિરત કાર્ય કરીને સંવત ૧૮૮૬ ના જ્યેષ્ઠ શુક્લ દસમીને મંગળવારના દિવસે (૨૮.૬.૧૮૩૦) બ્રહ્મલીન થયા.[૯]

ધર્મપીઠિકા આધારિત સમાજસુધારણા—ત્રણ દાયકાના આચાર્યપદ દરમ્યાન સહજાનંદે સામાજિક એકતાની સ્થાપના કરી, નાતજાતના ભેદભરમને મીટાવી દીધા. જીવનમાં પરિશ્રમનું ગૌરવ પુનર્સ્થાપિત કર્યું અને ચારિત્ર્યશીલ વ્યક્તિત્વનું નિર્માણ કર્યું. આ માટે એમણે ધર્મની પીઠિકાનો-અધ્યાત્મની ભૂમિકાનો નૈતિક સહારો લઈને ગુજરાતમાં વિશિષ્ટ પ્રકારની સમાજસુધારણાનું અપ્રતિમ વણથંભ્યું અને ઔપચારિક રીતે જાહેર કર્યા વિનાનું બેઠું આંદોલન સફળ રીતે ચલાવ્યું. આ માટે સ્વામી સહજાનંદે આંદોલનના અભિધાન તરીકે ઠેર ઠેર ભવ્ય મંદિરોનું નિર્માણ કર્યું અને ત્યાં ભેદભાવ વિનાના સત્સંગીઓને એકઠા કર્યા, ધર્મનિષ્ઠ સાહિત્ય મારફતે સમાજનું પાત્ર સમૃદ્ધ અને દૃઢ કર્યું અને અહિંસક યજ્ઞો દ્વારા સામાજિક પરંપરાઓને સુદૃઢ કરી તથા નૈતિક મૂલ્યોની પ્રસ્થાપના કરી દૂષણોને ડામી દીધાં.

હકીકતમાં સમાજમાં ઊંડાં મૂળ નાંખી ગયેલાં દૂષણો સામે સહજાનંદે જેહાદ જગાવી અને સામાજિક વિધિવિધાન તથા ધારાધોરણોમાં આમૂલ પરિવર્તન લાવી સમાજપરિવર્તનનું શિવ-સુંદર કાર્ય કર્યું. શાસ્ત્રો અને ધર્મપરંપરાઓનું જતન કર્યું, સંરક્ષણ કર્યું અને તેમાં ગૃહીત મૂળ હાર્દને પ્રજાપ્રત્યક્ષ કર્યું. એમણે જેમ સમગ્ર ભારતનું ભ્રમણ નીલકંઠ તરીકે કર્યું હતું તેમ સહજાનંદ તરીકે સમગ્ર ગુજરાતમાં વિચર્યા, ગામો અને નગરોના લોકોનો સંપર્ક પ્રસ્થાપીને ધર્મ-સમાજ-સુધારણાનું વિશિષ્ટ વ્યવસ્થાતંત્ર ગોઠવ્યું. આર્થિક દૃષ્ટિએ અને સામાજિક રીતે વિવિધતા ધરાવતા બધા વર્ગોને, લોકોને પોતાના કાર્યમાં ઉમંગથી જોતરીને સહજાનંદે સામાજિક એકતા અને ધાર્મિક ઉત્સાહ પ્રવર્તાવ્યાં.

---

૯ વધુ વિગત માટે જુઓ પાદનોંધ આઠના ગ્રંથો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંપ્રદાયનું સાહિત્ય—શબ્દની શક્તિ સક્ષમ છે, અલૌકિક છે અને ચમત્કારિક પણ. આથી તો શબ્દને બ્રહ્મ કહ્યો છે. બ્રહ્મા તો સર્જનહાર છે તેમ શબ્દ પણ સર્જકશક્તિ ધરાવે છે. શબ્દ બોલાયેલો હોય કે લખાયા–છપાયા પછી વંચાયેલો હોય, વિચારોમાં વમળો સર્જીને ધારી અસર ઉપસાવે છે. જગતની ઘણીબધી ક્રાન્તિઓના મૂળમાં રહેલાં અનેક કારણોમાં એક કારણ શબ્દો દ્વારા વ્યક્ત થયેલા વિચારો છે. અર્થાત્ લખાણો મારફતે પ્રજાચેતનાને સંકોરી શકાય છે.[10]

સ્વામીનારાયણથી સુપ્રસિદ્ધ સંપ્રદાયનાં મૂલસાહિત્યનું આ દષ્ટિએ મૂલ્યાંકન કરીએ. સંપ્રદાયના સ્રોતસમા સાહિત્યમાં મુખ્ય છે 'વચનામૃતો' અને 'શિક્ષાપત્રી'. વચનામૃતોની પસંદ કરેલી સંખ્યા ૨૭૩ છે. સંવત ૧૮૭૬થી ૧૮૮૨ દરમ્યાન સ્વામી સહજાનંદે ગઢડા (૧૮૪), સારંગપુર (૧૮), કારિયાણી (૧૨), લોયા (૧૮), પાંચાલ (૭), વડતાલ (૨૦), અમદાવાદ (૮), અસલાલી (૧) અને જેતલપુરમાં (૫) આપેલાં પ્રશ્નોત્તરરૂપ પ્રવચનો છે કે તેના સારરૂપ સચવાયેલી સાહિત્યસમૃદ્ધિ છે. આ પ્રવચનોનું વિષયની દષ્ટિએ વિભાજન આ પ્રમાણે થઈ શકે: સ્વધર્મ (૯), આત્મજ્ઞાન (૧૫), વૈરાગ્ય (૨૦), ભક્તિ (૪૦), સ્વરૂપજ્ઞાન (૭૭) અને સર્વદેશીય સમજણ (૧૧૩).

આ સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાન્તોને સમજવામાં આ 'વચનામૃતો' મહત્ત્વનું સાધન છે. આ વચનામૃતો આપ્તવાક્ય છે અને ઇતિહાસમાં આપ્તવાક્યનું મહત્ત્વ સ્વીકારાયેલું છે. આમ તો સહજાનંદે ગુજરાતનાં ઘણાં ગામો અને નગરોમાં સમયે સમયે ઘણાં પ્રવચનો આપેલાં, પણ એમાંથી મહત્ત્વનાં પ્રવચનો ઉપર્યુક્ત નવ સ્થાનોને ધ્યાનમાં રાખીને સંગૃહીત કર્યાં છે. આ વાર્તાલાપો તારીખવાર છે, અને સાધુઓ તથા ભક્તોની સભામાં પૂછાયેલા પ્રશ્નોના ઉત્તરરૂપ આ વિચારો છે. આથી તેનો સંગ્રહ વિષય પ્રમાણે નથી પણ દિનવારી પ્રમાણે છે. આ પ્રવચનોનું સંપાદન એમના ચાર વરિષ્ઠ શિષ્યો—સર્વશ્રી ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, સુખાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી–એ કર્યું છે.

આ પ્રવચનો ઉપરાંત ૨૧૨ ગ્રંથપ્રમાણ 'શિક્ષાપત્રી' નામની સંસ્કૃત રચના છે. આ નાનકડું પુસ્તક 'સત્સંગીજીવનમ્' નામના વિશાળ ગ્રંથનો અંતર્ગત ભાગ છે. 'સત્સંગી-જીવનમ્'માં કુલ પાંચ પ્રકરણ અને કુલ ૧૭૬૨૭ શ્લોક છે. સહજાનંદ સ્વામીની સીધી દેખરેખ હેઠળ એમના વિદ્વાન–સાધુઓએ આનું સંકલન કર્યું છે. સહજાનંદે જણાવ્યું છે તેમ આ ગ્રંથમાં ભાગવતધર્મના ધાર્મિક આધ્યાત્મિક અને આત્મવિદ્યા સંબંધિત મુદ્દાઓ સમાવિષ્ટ છે. 'શિક્ષાપત્રી'માં આ સંપ્રદાયના અનુયાયીઓ માટે ફરજ અને સદ્‌ગુણો અંગેનાં વિધિવિધાન છે. સમાજજીવનનાં મહત્ત્વનાં દરેક કાર્ય વિશેનું નૈતિક અને આધ્યાત્મિક માર્ગદર્શન સચોટ અને સઘન રીતે 'ગાગરમાં સાગર'ની જેમ નિર્દિષ્ટ છે. અર્થાત્ સાધુઓ, બ્રહ્મચારીઓ, ગૃહસ્થીઓ, સ્ત્રીઓ અને સામાન્ય અનુયાયી, જેઓ ત્યાગ અને નીતિનું જીવન જીવવા ઇચ્છે છે એમના માટે આચારસંહિતાનું લાઘવપૂર્ણ અર્થાત્ સૂત્રાત્મક સંકલન 'શિક્ષાપત્રી'માં છે.

---

૧૦ જુઓ જમીનદાર રસેશ, **સ્વાધીનતા-સંગ્રામમાં ગુજરાત**, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૮૯, પ્રથમ આવૃત્તિ, પ્રકરણ બીજું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સહજાનંદની ઐતિહાસિક દૃષ્ટિ—કાલના પ્રવાહમાં માનવકાર્યોનું દર્શન કરાવવાનું કાર્ય ઐતિહાસિક દૃષ્ટિનું છે. આ દૃષ્ટિથી થતી પ્રવૃત્તિઓની નોંધ અથર્વવેદમાં જોવી પ્રાપ્ત થાય છે.[૧૧] તેના મત મુજબ બૃહદ્ દિશામાં ગતિ કરનાર સમાજની સાથે ગાથા, નારાસંશી, પુરાણ અને ઇતિહાસ પણ ગતિ કરે છે. આમ, ભારતીય ઐતિહાસિક દૃષ્ટિમાં નાનીમોટી ગાથાઓ (દૃષ્ટાન્તો) માનવસમાજ કે વ્યક્તિનાં સત્કાર્યોની પ્રશંસા અને દુષ્કાર્યોની નિંદા (નારાસંશી), સૃષ્ટિના સર્ગથી પ્રલય સુધીની નૈસર્ગિક અને માનવોની પ્રવૃત્તિ (દર્શાવતાં પુરાણો), તથા વંશ અને વંશાનુચરિતની વીગતો (આપતા ઇતિહાસ) ની ગણના થાય છે. ગાથા, નારાસંશી, પુરાણો અને ઇતિહાસની પ્રવૃત્તિ બૃહતી દિશામાં થતી વ્રાત્યની ગતિ સાથે સંકળાયેલી હોઈ બૃહતી દિશાનો અર્થ વિકસતી દિશા થાય અને તેમાં મનુષ્યના વિવિધ વિકાસોની પરંપરા સાથે ઇતિહાસાદિ સંકળાયેલાં હોવાનું અભિપ્રેત જણાય છે.

ભારતીય ધર્મપરંપરાના વેદ, ત્રિપિટક અને સાહિત્યમાં જ્ઞાનની ચર્ચાસંદર્ભે પ્રશ્નોત્તરીની પદ્ધતિ જાણીતી છે; એટલે કે પ્રવચનપદ્ધતિનો વિનિયોગ એમાં થાય છે. આ પદ્ધતિ આપણને 'વચનામૃતો'માં જોવી પ્રાપ્ત થાય છે. કયાં અને કેવા સંજોગોમાં કયા પ્રશ્નોના ઉત્તરરૂપે સહજાનંદના વિચારોનો આવિર્ભાવ થયો તેની કાલાનુક્રમીય વિગતો આ પ્રવચનોમાં સચવાઈ છે. આ વિગતો જૈન આગમો કે બૌદ્ધ ત્રિપિટકો કે અન્ય આગમપરંપરાની પદ્ધતિથી આપવામાં આવી છે આ પરંપરામાં મુખ્યત્વે મુખ્ય વ્યક્તિના શબ્દો તેમના શિષ્યસમૂહે કે અધિકૃત શ્રોતાઓએ સાચવ્યા હોવાનું સ્પષ્ટ થાય છે. આમ, ભારતીય પરંપરા પ્રમાણે તૈયાર થયેલાં આ 'વચનામૃતો'માં ભારતીય ઐતિહાસિક તત્ત્વો તેમ જ પરિભાષા પ્રયોજાયેલાં સ્પષ્ટ દેખાય છે.[૧૨]

ઇતિહાસના મુખ્ય કાર્યની આમ અંગભૂત વિચારણા તથા તે પ્રકારના આચારની સ્પષ્ટતા હોવાથી સ્વામીનારાયણસંપ્રદાયે વિવેક સાચવીને તેના ધ્યેયની પૂર્તિ માટે વિવિધ પ્રકારનું સાહિત્ય સર્જીને તેનો પ્રચાર કર્યો છે. સત્-અસત્નો વિવેક વાપરીને, અવગુણ ત્યાગીને ગુણગ્રાહી પ્રવૃત્તિ આદરવાને પરિણામે સાંપ્રદાયિક દૃઢતા સ્વભાવિક રીતે વધતી રહી છે.

ઇતિહાસની આ નારાસંશી પ્રવૃત્તિ-પ્રક્રિયા તપાસતાં દરેક સામાજિક સમૂહ પોતાને અનુકૂળ વસ્તુઓ અને વિચારોને સાચવીને અને તેને ટકાવી રાખીને પોતાના સમાજનાં પ્રતીકોને દૃઢ કરવા સારુ સત્યાસત્ય પ્રયોગો કરતા જોવા મળે છે. આ પ્રકારના

---

૧૧ ૧૫મો કાંડ, ૯૬ઠું સૂક્ત, ૧૧મો મંત્ર. આ કાંડ 'વ્રાત્યકાંડ' તરીકે ઓળખાય છે. અહીં વ્રાત્યને પરબ્રહ્મ સ્વરૂપ ગણીને વ્રાત્યની વિવિધ પ્રવૃત્તિઓનું વર્ણન કરવામાં આવ્યું છે. વ્રાત્ય અથવા વ્રાતાસ: એ ઋગ્વેદથી જાણીતા સત્યાચરણવાળા દેવની હકીકતો વેદકાળથી સિદ્ધ છે (જુઓ મહેતા, ર. ના **ઇતિહાસની વિભાવના**, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૮૨, પ્રથમ આવૃત્તિ, પૃ. ૮,૧૮,૨૭).

૧૨ **વચનામૃત**, ૧૬, સંવત ૧૮૭૬, માગસર વદ ૬, ગઢડા; તથા વચનામૃત ૧૭ અને ૧૮, ૧૮૭૬ના માગશર વદ ૫ અને ૬, ગઢડા; તથા વચનામૃત ૨૧, સંવત ૧૮૭૬, પોષ સુદ ૪, ગઢડા વગેરે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇતિહાસનું બળ જે તે સમાજમાં ઘણું હોય છે, જેની પ્રતીતિ સહજાનંદનાં લખાણો અને પ્રવચનો તથા પ્રક્રિયા અને પદ્ધતિમાં થાય છે.[13]

લોકોદ્ધારક સમાજસુધારક :

ચુસ્ત જ્ઞાતિયુક્ત સમાજવ્યવસ્થામાં સુધારાઓ મારફતે સમાજમાં પરિવર્તન લાવવાની પ્રક્રિયા ઘણી મુશ્કેલ છે. એકલદોકલ વ્યક્તિ આજીવન ભેખધારી બનીને કાર્ય કરે તો પણ સાધ્ય-સિદ્ધિ પ્રાપ્ત કરી શકે નહીં. ગતિશીલ વ્યક્તિત્વ ધરાવતા નેતાના માર્ગદર્શન હેઠળ સમાજ-સેવકોનું એક જૂથ સંભવ છે કે સમાજસુધારણાના ક્ષેત્રે કશુંક દાયીત્વશીલ કાર્ય કરી શકે. પણ ધર્મ ધારે તો સમાજમાં સાહજિક પરિવર્તન લાવી શકે; કારણ ભારતીય આમપ્રજા ધાર્મિક વધારે છે અને જીવનના પ્રત્યેક કાર્યમાં અવારનવાર ધાર્મિક વિધિવિધાન અને વ્યવહારમાં રત રહે છે.

નીલકંઠ જ્યારે ગુજરાતમાં આવ્યા ત્યારે અહીંયાં સમાજ અને રાજ્યની ગતિવિધિઓ અટકી ગઈ હતી. મરાઠી શાસનના અને રાજાશાહી રાજ્યોના વહીવટથી પ્રજા ત્રસ્ત થઈ ગઈ હતી. સલામતી શોધી જડે તેમ ન હતી. સમાજ વિશેષ ચુસ્ત બન્યો હતો. તલવારનું સામ્રાજ્ય પ્રવર્તમાન હતું. કાયદો અને વ્યવસ્થા ઉપહાસમય બન્યાં હતાં. સામાજિક એકતા અને ધર્મ-પ્રચાર અકલ્પનીય હતાં.

પરન્તુ ઓગણીસમી સદીની શરૂઆતથી ગુજરાતી સમાજ પરિવર્તનના વિવિધ તબક્કાઓમાંથી પસાર થઈ રહયો હતો. આ માટે અન્ય કોઈ ધર્મ–સમાજ–સુધારક કરતાં સહજાનંદ વિશેષ જવાબદાર હતા. ધર્મી લોકો માટે તેઓ ઈશ્વર–પ્રેષિત મહાન ધર્મોપદેશક હતા પણ પરિવર્તનવાદની પ્રેરણાવાળા લોકો માટે સહજાનંદ સમાજસુધારક તરીકે ઉપસી રહ્યા હતા. જો કે સહજાનંદના સમાજપરિવર્તનના પ્રયાસો પરંપરિત ન હતા એ નોંધવું જોઈએ. આથી તેમણે સહુ પ્રથમ ધર્મપ્રચાર અને ધર્મસુધારણા પ્રતિ ધ્યાન કેન્દ્રિત કર્યું અને તે સાથે ધર્મની આચારસંહિતા મારફતે સામાજિક મૂલ્યો અને નીતિમત્તાનાં ધોરણોની હિમાયત કરીને સમાજ-પરિવર્તનના કાર્યને પોતાનું ધ્યેય–જીવનધ્યેય બનાવ્યું એમ 'વચનામૃતો'ના અધ્યયનથી સ્પષ્ટ થાય છે. 'શિક્ષાપત્રી' પણ, આ દષ્ટિએ, કેવળ ધર્મગ્રંથ બની ના રહેતાં એનો અર્થ દર્શાવે છે તેમ (શિક્ષા=શિક્ષણ અને પત્રી=ગ્રંથ) તે શિક્ષણનો ગ્રંથ બની રહયો. અર્થાત્ ધાર્મિક આચારસંહિતાના અમલ સાથે સમાજે કેવી રીતે શાંતિપૂર્ણ તંદુરસ્ત અને અહિંસક જીવન જીવવું જોઈએ તેની તાલીમ આ ગ્રંથનો મુખ્ય ઉદ્દેશ હોવાનું સમજાય છે.[14]

નૈતિક મૂલ્યોનો અનુરોધ—અનુભવથી સહજાનંદ સ્વામીને સ્પષ્ટ સમજાયું હતું કે માનવી બુદ્ધિજીવી વિચારશીલ અને સમજદાર કોઈ કોઈ સંપ્રદાય કે નૈતિક ધોરણનું એની પાસે

---

૧૩ સ્વામીનારાયણની ઐતિહાસિક દષ્ટિ વિશે જુઓ : જમીનદાર રસેશ, 'સહજાનંદ સ્વામીની ઐતિહાસિક દષ્ટિ', સામીપ્ય (ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ) ઓકટોબર ૧૯૮૯થી માર્ચ ૧૯૯૦, પૃ. ૧૨૬ થી ૧૨૯.

૧૪ જુઓ 'શિક્ષાપત્રી', શ્લોક ૮.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આંધળું અનુકરણ કરાવી શકાશે નહીં. એમની સ્પષ્ટ સમજ હતી કે કોઈપણ કાનૂન કે સંપ્રદાય આખરે તો માનવીના વિકાસ માટે છે; નહીં કે માનવી ધર્મ અને કાનૂનના વિકાસ માટે. ધર્મમય જીવન માટે નીતિમત્તા કરતાં સાંપ્રદાયિકતા વધારે સર્વગ્રાહી હોઈ સહજાનંદે પારદર્શકતાથી પામી લીધું કે સંપ્રદાય કે ધર્મ એ મુખ્યત્વે વ્યક્તિગત બાબત છે જ્યારે નીતિમત્તા લાંબાગાળાનું સામાજિક અસર કરતું પરિબળ છે. આથી જ, એમણે એમના સત્સંગીઓને સંપૂર્ણ ઉત્સાહથી અને પૂરેપૂરી સભાનતા સાથે નીતિપરાયણતાનાં ધોરણોને અનુરૂપ સમાજજીવનનો અનુરોધ કર્યો; કારણ કે કોઈ પણ વ્યક્તિ જો નૈતિક મૂલ્યો અનુસાર વર્તતો નથી તો તે સમાજને સ્વીકાર્ય બનતો નથી. 'શિક્ષાપત્રી'માં આ વિચારો પારદર્શક રીતે અભિવ્યક્તિ પામ્યા છે.[૧૫]

સુખ અને સાધુત્વનો સમન્વય—સહજાનંદના ઉપદેશમાં નૈતિક મૂલ્યોનું કેન્દ્રસ્થ મહત્ત્વ હતું. અર્થાત્ સત્ય અને સદ્કાર્ય સ્વામીનારાયણ સંપ્રદાયનાં બે અગ્રણી પાસાં હતાં; કારણ સત્ય એટલે ધર્મ અને તે સદ્કાર્યનું સાધન હતું. સત્યાચરણ આખરે તો માનવી અને તેના સામાજિક–શારીરિક પર્યાવરણ વચ્ચે સુમેળ સાધવાનો સેતુ છે. એમ કહી શકાય કે જ્યારે વાતાવરણ બદલાય છે ત્યારે નીતિનાં ધોરણો પણ બદલાય છે અને તદનુસાર સમાજપરિવર્તનની દિશા પણ બદલાય છે. ઇતિહાસનું આ પાયાનું લક્ષણ છે અને સહજાનંદ સ્વામી આ પરિપ્રેક્ષ્યમાં ઉત્તમ ઇતિહાસસર્જક હતા. ઐતિહ્ય એમનું સમાજપરિવર્તનનું બળ હતું.[૧૬]

આ દૃષ્ટિએ, સહજાનંદે પ્રબોધેલું સત્યાચરણ સમયબદ્ધ સ્થળબદ્ધ અને પર્યાવરણીય હતું. બધા સમય માટે અને બધી પરિસ્થિતિમાં નિર્ધારિત નિયમો અનુકૂળ હોતા નથી. બંને છેડાના આગ્રહોથી પરિવર્તનને પામવાનું કાર્ય અશક્ય નહીં તો મુશ્કેલ છે અને જ્યારે સમાજ બધી રીતે બંધિયાર બની ગયો હોય ત્યારે તો પરિવર્તન પ્રત્યાઘાતી બની રહે. આથી સહજાનંદની નૈતિક વ્યવસ્થા મધ્યમમાર્ગી હતી. અર્થાત્ સહજાનંદના, ધર્મની પીઠીકા ઉપર આધારિત પરિવર્તનના પ્રયાસો બધી લાગણીઓને નેવે મૂકીને, નથી એ સાધુ થવાની હિમાયત કરતા કે લાગણીના પૂરમાં ખેંચાઈને સુખવાદની તરફેણ કરતા. હકીકતમાં સહજાનંદના નૈતિક આદર્શમાં આ બંનેનો સુંદર શિવમય સમન્વય છે. અર્થાત્ એકલું સુખ પણ નકામું છે અને એકલું સાધુત્વ પણ.[૧૭]

વ્યવહારુ અભિગમ :

પોતાના સત્સંગીઓમાં આચાર અને વિચારનું સાતત્ય જળવાઈ રહે તે સારુ સહજાનંદે સમજપૂર્વક 'શિક્ષાપત્રી'માંની વીગતો અનુસાર જીવન જીવવાનો અનુરોધ કર્યો અને ગુજરાતયાત્રા દરમ્યાન વખતોવખત પ્રવચનો (વચનમૃતો) દ્વારા તેઓ નૈતિકમૂલ્યો વિશે વિશદ છણાવટ પણ કરતા રહ્યા. સહજાનંદનું સ્પષ્ટ માનવું હતું કે જે તે સમાજ માટે તત્કાલીન મહાનુભાવે પોતાની સ્વાનુભવી વિલક્ષણ દૃષ્ટિથી નીતિનાં જે ધોરણો પ્રસ્થાપિત કર્યાં હોય તેનો સારી રીતે અમલ થવો જોઈએ કારણ કે તે સમયના પ્રશ્નોને સુલઝાવવામાં તે ધોરણો પ્રમાણભૂત બની રહે છે. આનો

---

૧૫ એજન તથા વચનામૃત, ગઢડા, દ્વિતીય શ્રેણી, ૨૧.

૧૬ 'શિક્ષાપત્રી', શ્લોક ૧૨૦.

૧૭ જુઓ યાજ્ઞિક જયેન્દ્રકુમાર, ઉપર્યુક્ત, પૃ. ૧૫૮.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અર્થ એ થયો કે દરેક સમાજે પોતાના સમયના ખૂબ જ અનુભવી મહાનુભાવ પાસેથી નૈતિક માર્ગદર્શન મેળવવું જોઈએ. આથી એમ સૂચવી શકાય કે સહજાનંદની નૈતિક વ્યવસ્થામાં એક તરફ પરંપારિત નીતિનિયમોનો સમાવેશ છે તો બીજી તરફ સ્થળ અને કાળ અનુરૂપ નવાં નૈતિક-મૂલ્યોના સ્વીકાર માટેની શક્યતા પણ સ્વીકૃત હોય. હા, આ નવાં ધારાધોરણો એવા મહાનુભાવે પ્રબોધેલાં હોય જેની ધર્મ અને નીતિના ક્ષેત્રમાં વિચાર અને આચારની અનુભૂતિ શંકાથી પરે હોય. સહજાનંદ આવી વ્યક્તિ હતા જેમનું જીવન અનુકરણીય હતું. ધર્મોપદેશક તરીકે અને સમાજસુધારક તરીકે સહજાનંદનો અભિગમ વ્યવહારુ અને સમય સાથે તાલ મિલાવતો હતો. એમની દૃષ્ટિ વિશાળ હતી. એમ કહી શકાય કે ધાર્મિક પીઠિકા ઉપર બેઠેલા સહજાનંદ વ્યવહારુ લોકોદ્ધારક હતા. આથી એમણે ચુસ્ત ધાર્મિક સમાજને સ્થાને પરિવર્તિત સમાજધર્મની હિમાયત કરી. વ્યવહારુ અમલીકરણનો એમનો અભિગમ અને સ્થળ–કાળની પારદર્શક સમજની દૃષ્ટિએ વિચારતાં એમ કહી શકાય કે ઐતિહ્ય અને આપ્તવાક્યનું એટલે કે ઐતિહાસિક દૃષ્ટિનું મહત્ત્વ એમણે દૃષ્ટિગોચર કર્યું હતું.[૧૮]

ભેદભાવરહિત ધર્મોપદેશ :

ગૃહસ્થી અને ત્યાગી સત્સંગીઓ માટે 'શિક્ષાપત્રી'માં નિર્દિષ્ટ શિખામણોનું પૃથક્કરણ સૂચવે છે કે સહજાનંદે બાહ્યોપચારને સ્થાને ધર્મ અને નીતિ સંદર્ભે અંતરંગ બાબતોના ખેડાણ ઉપર વિશેષ ભાર મૂક્યો છે. સાધુ કે ગૃહસ્થી માટે ફરજો અને કાર્યોનો ઉલ્લેખ કરતી વખતે એમણે જ્ઞાતિ, રંગ, સંપ્રદાયનો કોઈ ભેદભાવ ક્યારેય વિચાર્યો ન હતો. આથી તો આ સંપ્રદાયના અનુયાયીઓ કેવળ બ્રાહ્મણો જ ન હતા પણ તેમના આંગણમાં કડિયા, સુથાર, સોની, મોચી, હરિજન વગેરે કોમોનો પણ સમાવેશ થયેલો હતો. આજે પણ આ બધી કોમો આ સંપ્રદાયમાં મોટી સંખ્યામાં જોડાયેલી રહી જ છે. પારસીઓ અને મુસ્લિમ પણ ત્યારે એમના સત્સંગી હતા. આજે જો કે આવી સ્થિતિ નથી. ખોજાસમાજે પણ આ સંપ્રદાય સ્વીકાર્યો હતો. વડોદરા પાસેના છાણી ગામના સ્વામીનારાયણ મંદિરનો વહીવટ એક તબક્કે હરિજનો કરતા હોવાની જાણ છે. કાઠી, ઠાકરડા, બારૈયા જેવી ગુનાહિત કોમોને પણ એમણે સત્સંગી બનાવી. હરિજનો અને અહિંદુઓ માટે આ સંપ્રદાયનાં દ્વાર ખોલવા જેટલી ઉદારતા સહજાનંદે બતાવી હોવા છતાં ય એમણે જ્ઞાતિપ્રથાવિરોધી કોઈ સક્રિય પ્રયાસો કર્યા હોવાનું જાણમાં નથી. જો કે એમણે જ્ઞાતિપ્રથાના વિચારને ક્યારે ય અનુમોદન પણ આપ્યું ન હતું. બલકે સહજાનંદે વિભિન્ન સામાજિક અને આર્થિક જૂથોના—બ્રાહ્મણો, પાટીદારો, દરબારો, ખેડૂતો, વેપારીઓ, કારીગરો, મુસ્લિમો— લોકોને પોતાના સંપ્રદાયમાં સમાવીને એમણે એક પ્રકારની સામાજિક એકતા આણી. જ્ઞાતિપ્રથાઉન્મૂલન પ્રત્યેની એમની નિષ્ક્રિયતા સંભવ છે કે તેઓ પરંપરિત પદ્ધતિના ક્રાન્તિકારક ઉદ્ધારક ન હતા પણ આધ્યાત્મિક ઉદ્ધારક હતા, તેને કારણે હોય.[૧૯]

સ્ત્રી–પુરુષસમાનતા :

આ સંપ્રદાયમાં સ્ત્રીઓ અને પુરુષો માટે અલગ અલગ મંદિરોની વ્યવસ્થા અમલી બનાવી અને સ્ત્રીઓ માટે અલગ સ્ત્રી—ધર્મોપદેશકોની પ્રથા શરૂ કરી તેમાં તે સમયની સામાજિક

૧૮ 'શિક્ષાપત્રી' શ્લોક ૨૦૫; યાજ્ઞિક, ઉપર્યુક્ત, પૃ. ૧૬૧.

૧૯ પારેખ મણિલાલ, ઉપર્યુક્ત, પૃ. ૧૨૫ અને ૨૯૨.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરિસ્થિતિ જેમ જવાબદાર હતી તેમ સ્ત્રીઓને સમાજમાં પ્રતિષ્ઠાનો મોભો અપાવવાનો હેતુ પણ હતો. સ્ત્રીઓ ભાઈઓના મંદિરમાં છૂટથી જઈ શકતી પણ ભાઈઓ સ્ત્રીઓના મંદિરમાં જઈ શકતા નહીં. આનો અર્થ એવો કે એકલા ભાઈઓ માટે અલગ મંદિરની વ્યવસ્થા ન હતી. આમ કરવા પાછળ સહજાનંદનો આશય પરિસ્થિતિજન્ય તો હતો જ પણ બંને લિંગના ત્યાગીઓ સહજતાથી બ્રહ્મચર્યનું પાલન કરી શકે તે હતો.[૨૦]

અલગ મંદિરોની વ્યવસ્થા કરી હોવા છતાં ય સહજાનંદ સ્ત્રી અને પુરુષની સમાનતાના પ્રખર હિમાયતી હતા. સ્ત્રીઓની સતી થવાની પ્રથા, વિધવાવિવાહની અશક્યતા અને બાળકીઓને દૂધ પીતી કરવાની પ્રથા સહજાનંદના સમયમાં ઊંડાં મૂળ નાંખી ગઈ હતી. ત્યારનો સમાજ આ પ્રથામાં કશું ખોટું છે એવું માનતો ન હતો. સહજાનંદને સમજાયું હતું કે સામાજિક એકતાના મૂળમાં આ પ્રથા ઘા કરે છે અને તેથી આ દૂષણોને નિર્મૂળ કરવા તેઓ ગુજરાતમાં તો સફળ થઈ શકયા. આ અક્કલહીન પ્રથાનો વિરોધ કરતાં તેમણે ગુર્જર પ્રજાને સ્પષ્ટ શબ્દોમાં સમજાવ્યું કે આ પ્રથાથી આપણે ત્રિવિધ પાપ કરીએ છીએ : (૧) પોતાના કુટુંબની વ્યક્તિનું ખૂન, (૨) એક નિર્દોષ બાળકીનું ખૂન અને (૩) એક અબળાનું ખૂન. સામાજિક ધારાધોરણો અનુસાર કે ધર્મને કારણે સતીપ્રથાને અમલી બનાવવા કરતાં, સહજાનંદે સ્પષ્ટ રીતે સૂચવ્યું કે, વિધવાએ કાં તો પુનર્લગ્ન કરવું જોઈએ કાં તો ઈશ્વર–સમર્પિત પવિત્ર જીવન જીવવું જોઈએ. આથી તેમણે ધર્મો વિધવાઓ માનભેર જીવન જીવી શકે તે સારુ ત્યાગી–સ્ત્રીઓની (મોટે ભાગે 'ડોશીઓ' શબ્દ પ્રચલિત છે) પ્રથા શરૂ કરી; એટલું જ નહીં ઉપદેશક અને શિક્ષક તરીકે કામ કરવાની સુવિધા પણ એમણે પ્રસ્થાપી. આ ત્યાગી–સ્ત્રીઓના માર્ગદર્શન હેઠળ વિધવાઓ અને સધવાઓ ધાર્મિક ક્ષેત્રે સારી પ્રગતિ કરી શકી અને આ માટે જ એમણે બહેનો માટે અલગ મંદિરની યોજના અમલી બનાવી હતી.[૨૧]

આશ્રમ–વ્યવસ્થામાં ફેરફાર :

ભાગવતધર્મ આધારિત એમણે પોતાના સંપ્રદાયનું દર્શન ગોઠવ્યું તો પણ તેઓ અંધ–અનુકરણું ન હતા. તેમણે ભાગવતધર્મ અનુસાર જે કોઈ ઉપદેશ આપ્યો તે, તે સમયના લોકજીવન સાથે તાલ મિલાવતો હતો. તેઓ દીર્ઘદ્રષ્ટા, વિચક્ષણ અને દીર્ઘવિચારક હોવા છતાંય એમના પગ તો ધરતી સાથે–વર્તમાન સાથે જોડાયેલા હતા. અર્થાત્ તેઓ કલ્પનાશીલ ન હતા પણ વ્યવહારુ હતા. ધરતીની સુગંધના ભેરુ હતા. ભૂતકાળમાંથી એમણે પ્રેરણા જરૂર મેળવી, પૂર્વકાલીન ધર્મગ્રંથોનો અભ્યાસ એમણે જરૂર કર્યો પણ ઉપદેશ તો એમણે સમય સ્થળ અને સમાજ (સંજોગો)ને અનુકૂળ જ આપ્યો; અને સામાન્ય જનોની જરૂરિયાતોને, અપેક્ષાઓને, આકાંક્ષાઓને પણ નજર–અંદાજ ના રાખી. 'વચનામૃત'નો અભ્યાસ આ બાબતને વધુ સ્પષ્ટ કરે છે.

આથી પરંપરિત હિન્દુજીવનમાં ઓતપ્રોત થયેલી આશ્રમી પ્રથા (બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યસ્ત)નો એમણે સ્વીકાર ના કર્યો. પણ તત્કાલીન સમાજના લોકોના તાલ

૨૦ શિક્ષાપત્રી, શ્લોક ૪૦.

૨૧ પારેખ, ઉપર્યુક્ત, પૃ. ૧૧૬ અને ૧૧૭.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને લય ધ્યાનમાં રાખીને બે જ આશ્રમોનો–ગૃહસ્થાશ્રમ (સત્સંગીઓ માટે) અને ત્યાગાશ્રમ (સાધુઓ માટે)નો વિચાર આચારમાં મૂક્યો. પ્રવૃત્તિ અને નિવૃત્તિ તરીકે એમણે આ બે આશ્રમો ધ્યાનમાં લીધા. એમને સ્પષ્ટ પ્રતીતિ થઈ હતી કે બદલાયેલી પરિસ્થિતિ અનુસાર ચાર આશ્રમોની પ્રથાનો અમલ તાર્કિક અને વ્યવહારુ તો ન હતો જ પણ પરિસ્થિતિ પ્રમાણે શકય પણ ન હતો. આ પ્રથામાં ચારેય તબક્કાઓ એક પછી એક પ્રાપ્ત થઈ શકતા હતા. આ માટે કોઈ ટૂંકો માર્ગ ન હતો. તેમ જ દરેક પોતાની ઈચ્છા કે અનુકૂળતા મુજબ એને અનુસરી શકે તેમ ન હતું. બ્રહ્મચર્યાશ્રમથી પ્રારંભ કરીને ગૃહસ્થાશ્રમ વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમના ક્રમે કોઈ પણ વ્યક્તિ આગળ વધી શકતી. જ્યારે સહજાનંદે પ્રબોધેલા બે આશ્રમની વ્યવસ્થામાં આવી કોઈ ક્રમબદ્ધ ચુસ્તતા ન હતી પણ દરેક વ્યક્તિ બંનેમાંથી કોઈ પણ આશ્રમનો સ્વીકાર કરી શકતી. આ વ્યવસ્થામાં એક આશ્રમમાંથી બીજામાં કે બીજો આશ્રમ પ્રથમ સ્વીકારી પહેલામાં જવાની સગવડ હતી–સ્વતંત્રતા હતી. અર્થાત્ દરેક માણસ પોતાની ઈચ્છા અને સ્વાભાવિક લાગણીથી પ્રેરાઈને કોઈ પણ આશ્રમનો સ્વીકાર કરી શકતો અને મનફાવે ત્યારે બીજા આશ્રમમાં પણ જઈ શકતો. અલબત્ત, આ બંને આશ્રમો સારુ એમણે અલગ અલગ ધોરણો અને ફરજો નિર્ણિત કર્યાં. દા. ત. ત્યાગીઓ માટે ઈશ્વરભક્તિ, જ્ઞાનપ્રાપ્તિ, નિસ્પૃહીપણું, આત્મનિગ્રહ, સેવા અને સતત બ્રહ્મચર્યનો અમલ; તો ગૃહસ્થી (સત્સંગી) માટે આતિથ્ય, દાન, ગરીબો પ્રત્યે પ્રેમ અને અનુકંપા, સતત ઉદ્યમ અને દુનિયાદારીપણું.[૨૨]

વર્ણપ્રથા વિશે :—સહજાનંદના આશ્રમ–વ્યવસ્થા અંગેના વિચારોથી તદ્દન ભિન્ન વિચારો વર્ણવ્યવસ્થા વિશેના હતા. તેઓ વર્ણપ્રથાને અનુમોદન આપતા હતા. તેમની દષ્ટિએ સામાજિક સ્થિરતા માટે આ પ્રથા જરૂરી હતી. એમનું માનવું હતું કે વર્ગહીન સમાજનો ખ્યાલ શેખચલ્લીનો હતો. વર્ણપ્રથાની જો કે એમણે હિમાયત કરી હોવા છતાંય વર્તમાનમાં પ્રચલિત ચુસ્ત અને ભેદભાવયુક્ત વર્ણપ્રથાના તેઓ સખત વિરોધી હતા અને તેથી જ સાધુ–ગૃહસ્થી માટે મૂલ્યો અને નીતિમત્તાનો નિર્દેશ કરતી વખતે 'શિક્ષાપત્રી'માં એમણે વર્ણપ્રથા સંબંધી કશો ઉલ્લેખ કર્યો નથી. એટલું જ નહીં એમણે બધી કોમોને ધર્મધ્યાન માટે સમાન જ ગણી. સહજાનંદની સ્પષ્ટ સમજ હતી કે જન્મથી કોઈ પણ સંજોગોમાં વર્ણ–વર્ગનો નિર્ણય થઈ શકે નહીં. સમાજમાં જો ન્યાયી વાતાવરણ સ્થાપવું હોય તો સમાજની રચના એવી રીતે થવી જોઈએ જેમાં દરેકને પોતાના ભણતર પ્રમાણે કે પોતાની સ્વેચ્છાથી યોગ્ય અને શક્તિ મુજબનું કામ મળવું જોઈએ. અર્થાત્ કોઈ પણ વ્યક્તિ પોતાના ભણતર, ગણતર અને શક્તિ અનુસાર કામ મેળવવાને અધિકારી હતી અને તે કામ અનુસાર તેનો વર્ણ નક્કી થતો. આમ, ચાર વર્ણો અંગેની ભારતીય પ્રથા લોકો વચ્ચે સ્વાભાવિક સમાનતા અને કામ કરવાની શક્તિ ઉપર આધારિત હતી. અને તે કારણે જ સહજાનંદે પોતાના સંપ્રદાયમાં જોડાવા સારુનાં દ્વાર બધા જ માનવીઓ માટે કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર ખુલ્લાં રાખ્યાં હતાં. ખાસ કરીને ગુજરાતમાં સામાજિક એકતા અને દઢતાના ક્ષેત્રે સહજાનંદનું આ અનોખું યોગદાન હતું.[૨૩]

---

૨૨ વચનામૃત, ગઢડા, પ્રથમ શ્રેણી ૨૯ અને ગઢડા, ત્રીજી શ્રેણી ૨૯.

૨૩ યાજ્ઞિક, ઉપર્યુક્ત, પ્રકરણ ૧૮.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અહિંસાનો પ્રચાર :—સમાજ અને ધર્મના ક્ષેત્રે એમનું બીજું લાક્ષણિક પ્રદાન હતું. અહિંસાના પ્રચારનું. સહજાનંદને અભિપ્રેત અહિંસા પ્રાણીહિંસા પૂરતી મર્યાદિત ન હતી પણ વાણી, વર્તન, વિચાર અને કાર્યમાં અહિંસા સુધી વિસ્તરતી હતી. સહજાનંદના મતે અહિંસા એટલે બુદ્ધની મૈત્રી અને કરુણા, ઈશુની 'તમારા દુશ્મનને પ્રેમ કરો, તેને આશીર્વાદ આપો અને તમને ધિક્કારે તેનુ ભલું ઈચ્છો' જેવી હતી. સહજાનંદ પછી ગાંધીજીએ પણ અહિંસા અને સત્યાગ્રહમાં તે સિદ્ધાન્તોનો અમલ કર્યો અને બોધ આપ્યો. આથી, સહજાનંદ અનુસાર અહિંસા એક એવો વરેણ્ય સદ્‌ગુણ છે જેનું વ્યવહારમાં ખેડાણ સહુએ કરવું જોઈએ પછી તે સાધુ હોય, સત્સંગી હોય કે શાસક હોય. ધાર્મિક સામાજિક રાજકીય કે દુન્યવી એવા કોઈ પણ પ્રકારના માનવીના જીવનમાં અહિંસાનું આચરણ બુનિયાદી અભિગમ બની રહે એવું સહજાનંદનું સ્પષ્ટ માનવું હતું અને તેથી સ્તો એમણે ધર્મથી પીઠિકા ઉપર આધારિત કોઈ પણ પ્રકારના આત્મ-ઘાતને સાચી અને ચુસ્ત રીતે પ્રતિબંધિત ગણાવ્યો. જો કોઈ વ્યક્તિ જીવતી હશે તો જ કોઈ વ્યક્તિ પોતાનું કે બીજાનું ભલું કરી શકશે એવી દઢ પ્રતીતિ પ્રકારનો પ્રચાર સહજાનંદનો હતો. એટલે તો બધા સમય માટે અને બધા હેતુ માટે માનવીમાત્રની અહિંસાને વશવર્તી કાર્ય કરવાની પ્રાથમિક ફરજ છે એમ સહજાનંદનું પારદર્શક માનવું હતું. અહિંસા એ સનાતન ધર્મ છે એવી અંતઃપ્રેરણાથી સહજાનંદે અહિંસક યજ્ઞનો પ્રચાર કર્યો.[૨૪]

સહજાનંદનાં અન્ય કાર્યો—'ભોજન વિના ભજન મુશ્કેલ' એ ન્યાયે સહજાનંદે ભોજનશાળાઓ ખોલાવી અને સંપ્રદાયના સાધુઓને તે માટે પ્રવૃત્ત કર્યા. આની પાછળ સહજાનંદનો આશય લોકોની સામાજિક સ્થિતિ સુધારવાનો હતો, અને તાત્કાલીન પરિસ્થિતિમાં લોકોને ધર્મી બનાવવાનો હતો. ગરીબ અને જરૂરિયાતમંદની સેવા એ એમના ઉપદેશનો પાયાનો સિદ્ધાંત હતો. માનવતાની સેવાના આ કાર્યમાં સહજાનંદે એમના સાધુસંતોને જોતર્યા. આ સાધુઓ ભિક્ષા માગી લાવે, રસોઈ બનાવે, જરૂરિયાતમંદોને વહેંચે. જ્યાં પાણીની તંગી હોય ત્યાં આ સાધુસમાજે કૂવા, તળાવો વગેરે ખોદાવ્યાં. સહજાનંદની એવી માન્યતા હતી કે માનવતાને માનવીય રીતે સમજવી જોઈએ અને એમના પ્રશ્નોને સર્વગ્રાહી રીતે ઉકેલવા જોઈએ. આ કારણે જ સ્વામીનારાયણ સંપ્રદાયમાં સમાજના સર્વ વર્ગના લોકો આત્મીયતાથી જોડાતા હતા.

તત્કાલીન ધાર્મિક પરિસ્થિતિને નજર સમક્ષ રાખીને એમણે એકેશ્વરવાદની હિમાયત કરી. તેમણે પ્રચાર્યું કે ઈશ્વર તો એક જ છે અને તે સારું તથા નરસું કરે છે. આથી ક્ષુલ્લક ભગવાનોથી ડરવાની જરૂર નથી. સારાં કામો કરીને ભગવાનને ભજવા જોઈએ; કારણ તે સત્ય, પ્રેમ અને સહાનુભૂતિનું પ્રતીક છે અને તેથી જ તેની ઉપાસના પણ ડરથી નહીં, પ્રેમથી કરવી જોઈએ.

સહજાનંદને સમજાયું હતું કે જે સમાજ નિરક્ષર હોય, ભૂખથી પીડાતો હોય અને ભૂત-પ્રેતવહેમમાં માનતો હોય તેવા સમાજને ઊંચે લાવવા સારુ તો તત્સમ—તેમનામય થવું જોઈએ,

---

૨૪ વચનામૃત, ગઢડા, પ્રથમ શ્રેણી ૬૯ અને વડતાલ-સારંગપુર, ૨ તથા સેન્ટ મેથ્યુ, પ.૪૪.

For Private and Personal Use Only

પ્રેમથી અપનાવવા જોઈએ, ચારિત્ર્યશીલ બનાવવા જોઈએ અને જીવન જીવતાં શીખવવું જોઈએ તથા ખોટી માન્યતાઓ, માનતાઓ, બાધાઆખડી, રિવાજો, પરંપરા બહુઈશ્વરવાદ જેવાં દૂષણોમાંથી પ્રજાને શિક્ષણ દ્વારા મુક્ત કરવી જરૂરી છે. આ માટે સહજાનંદે કોઈ શાળા—મહાશાળા ના ખોલી; પણ સ્વયં શિક્ષક બનીને ગામે-ગામ અને નગરે-નગર (શક્ય હોય ત્યાં) પ્રજાજનોની વચ્ચે જઈને લોકોને શિક્ષિત કરવાનો મહાયજ્ઞ—જ્ઞાનયજ્ઞ આરંભ્યો હતો. 'વચનામૃતો' નો અભ્યાસ આ બાબતની પ્રતીતિ કરાવે છે. એમની શાળા ચાર દિશાઓની હતી. જ્યાં જાય ત્યાં સહજાનંદ સભા ભરે અને લોકોના પ્રશ્નોના ઉત્તર આપે અને એ રીતે વારંવારના ઉપદેશ મારફતે એમણે સમાજનાં દૂષણોને દૂર કરવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો હતો.

સહજાનંદની દૃષ્ટિએ ઈશ્વર એટલે આત્માથી થતી અનુભૂતિ. ઈશ્વરને અને ચમત્કારને કોઈ સંબંધ નથી એમ તેમનું દૃઢ માનવું હતું. ચમત્કારથી દુઃખો દૂર થતાં નથી પણ આપણે કરેલાં કાર્યોનું ફળ આપણને મળે છે. પ્રાર્થના કે એવાં માધ્યમો દુઃખને દૂર કરવા ઉપયોગવાં જોઈએ નહીં; તે માધ્યમો તો નિષ્કામભાવે ભક્તિ કરવા સારું છે. ઈશ્વરને પામવા સારુ આત્મ દ્વારા કરેલી સાધના મુખ્ય માધ્યમ છે. આથી સહજાનંદના મતે નિષ્કામ ભાવે ઈશ્વરની સેવા-આરાધના તે મુક્તિ છે-મોક્ષ છે. આથી સહજાનંદે શ્રદ્ધા રાખવાનું, પ્રાર્થના કરવાનું અને ભક્તિ કરવાનું સૂચવ્યું હતું. એમની દૃષ્ટિએ આત્મા સત્ય છે અને પરમાત્મા સત્ય છે. તેથી બંનેનું મિલન તે સત્સંગ.[૨૫]

સહજાનંદનું યોગદાન—આમ, સમાજના ઉત્થાન માટે અને સામાજિક એકતાના સંદર્ભે ભગવાન સહજાનંદે ભાગવતધર્મના પ્રચારનું કાર્ય કર્યું; અને તે દ્વારા સમાજમાં વ્યાપેલાં દૂષણોને નિર્મૂળ કર્યાં અને સમાજને સારા ભાવિ માટે પ્રેરિત કર્યો. સમર્પિત સાધુઓના જૂથની મદદથી સહજાનંદ અહિંસા, પ્રેમ, ત્યાગ અને સૌમ્યતાથી અર્થાત્ સત્ય શિવ અને સુંદરના અભિગમથી સંસારનાં દૂષિત પરિબળો સામે ઝઝૂમ્યા. પરિણામે સમાજ-વિરોધી તત્ત્વોએ આ સંપ્રદાયને નિર્મૂળ કરવા ઉપાડો લીધો પણ સહજાનંદની પ્રેમાળ પ્રવૃત્તિ સામે બહુ ટકી ના શક્યા અને પરિણામે દૂષણો દૂર થયાં. તેને સ્થાને નૈતિક મૂલ્યો અને સામાજિક નીતિનિયમોના ઉત્કર્ષનો પ્રચાર થયો-પ્રસાર પણ થયો. ઇતિહાસકારોએ સહજાનંદની આ સિદ્ધિઓની નોંધ લીધી છે. સમકાલીન બ્રિટિશ અધિકારીઓ-જેમ્સ બર્જેસ, લોર્ડ બિશપ, હેનરી જ્યોર્જ બ્રિગ્સ, બિશપ હેબર-એ સહજાનંદની સામાજિક વિકાસની પ્રવૃત્તિઓની નોંધ લીધી છે. એટલું જ નહીં કેવળ માળાના સહારે સહજાનંદે કાઠી જેવી માથાભારે કોમનું પરિવર્તન કરીને ઉમદા કાર્ય માટે પ્રેરિત કરી તેનું તેમને આશ્ચર્ય પણ થયું.

સહજાનંદની આ અપ્રતિમ સિદ્ધિ અન્તર્ગત છુપાયેલું રહસ્ય હતું એમના અંતઃસ્ફુરણાત્મક અનુભવનું દર્શન. તેમના મતે ઈશ્વરનું દર્શન બુદ્ધિથી પર છે. સહજાનંદે ઉપદેશેલો અંતઃસ્ફુરણાનો માર્ગ જ ઈશ્વરને સમજવા માટે યોગ્ય છે. ધ્યાનાર્હ બાબત એ છે કે જગતના બધા શ્રેષ્ઠ ધર્મોનો ઉદ્ભવ થયો છે એના પ્રસ્થાપકોના અંતઃસ્ફુરિત સ્વાનુભવમાંથી અને સહજાનંદ

---

૨૫. દવે એચ. ટી., ઉપર્યુક્ત, પ્રકરણ ૮, ૧૦ અને ૧૭.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વામી એમાં અપવાદરૂપ ન હતા. ધર્મ, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય એ ચાર તત્ત્વો સહજાનંદના ધર્મોપદેશનાં સનાતન લક્ષણો હતાં. આ ચારેય તત્ત્વો પરસ્પરને પોષક છે અને ચારેયના સાંનિધ્યમાં જીવાતું જીવન સામાજિક ઐક્ય માટે જરૂરી છે. ટૂંકમાં, માનવપ્રયાસોના વરિષ્ઠ હેતુને પામવા તથા સંપૂર્ણ ધર્મમય જીવનની પ્રાપ્તિ માટે ધર્મ, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યની સમન્વિત ઉપાસના અનિવાર્ય છે.

સહજાનંદની જેહાદનું રહસ્ય એમના અંતઃસ્ફુરિત સ્વાનુભવમાં છે એ આથી સ્પષ્ટ થાય છે. 'વચનામૃતો'નો અભ્યાસ પણ આની પ્રતીતિ કરાવે છે. એમના સંપ્રદાય અંતર્ગત દશ સનાતન સદ્‌ગુણોની નોંધ લઈને આ ચર્ચા અહીં પૂરી કરીએ. આ દશ તત્ત્વો છે: અહિંસા, બ્રહ્મચર્ય, સત્ય, ધર્મનિષ્ઠા, કર્તવ્યનિષ્ઠા, અસ્તેય, સૌજન્ય, શૌચ, વિદ્યાનુરાગ અને પીડિતો પ્રત્યે પ્રેમ. 'શિક્ષાપત્રી'માં આ દશ સદ્‌ગુણોનો નિર્દેશ વિગતે છે. બધા સત્સંગીઓ માટે તેનું આચરણ ફરમાનરૂપ હતું. સમાજનાં દૂષણોને દૂર કરવા આ દશ ગુણોનો પ્રચાર–પ્રસાર અને અમલ આવશ્યક છે. આવા બૃહદ્ અને પારદર્શક અભિગમને કારણે જ ઓગણીસમી સદીના પ્રથમ ચરણ દરમ્યાન ભક્તિચળવળના વરેણ્ય પ્રતિનિધિ તરીકે અને સામાજિક ઉત્થાનના ઉદ્‌ગાતા તરીકે સહજાનંદનો સ્વીકાર થયો હતો.[૨૬]

જન્મે બ્રાહ્મણ, અભ્યાસથી પંડિત, ધર્મે વૈષ્ણવ, કર્મે સુધારક અને જીવનસૂત્ર સંન્યાસીનું એવા આ સંત–સુધારક સહજાનંદે ગુજરાતના સમાજજીવનને ઉજમાળ્યું, પોતાના જીવનથી અને જીવી જાણીને.

પ્રસ્તુત વિવરણથી સ્પષ્ટ થાય છે કે સહજાનંદનું પૂર્ણ ધ્યેય ચુસ્ત અને બંધિયાર સમાજને સંગઠિત અને ખુલ્લા સમાજ તરીકે પરિવર્તિત કરવાનું હતું, જે માટે તેમણે સામાજિક મૂલ્યો અને નૈતિક ધોરણોનો સહારો લીધો હતો. એમના સમયનો તકાદો સહજાનંદનું જીવનલક્ષ્ય હતું.

---

૨૬ વચનામૃત, લોયા, ૭; ગઢડા, પ્રથમ શ્રેણી ૧૯ અને ૪૭; તથા પારેખ, ઉપર્યુક્ત, પૃ. ૧૮૨.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

JOURNAL OF THE ORIENTAL INSTITUTE

M. S. UNIVERSITY OF BARODA, BARODA

Editor: R. T. Vyas

The JOURNAL OF THE ORIENTAL INSTITUTE, BARODA is a Quarterly, published in the months of September, December, March and June every year.

SPECIAL FEATURES :

Articles on Indology, Vedic studies, textual and cultural problems of the Rāmāyaṇa, Epics & Purāṇas, notices of Manuscripts, reviews of books, survey of contemporary Oriental Journals and the rare works forming the Maharaja Sayajirao University Oriental Series, are some of the special features of this Journal.

CONTRIBUTORS TO NOTE :

1. Only typewritten contributions will be accepted. A copy should be retained by the author for any future reference, as no manuscript will be returned.
2. In the body of the article non-English stray words/Sanskrit/Prakrit line/verse must be written either in *Devanāgari* or in transliteration with proper diacritical marks.
3. The source of citations/statements of any authority quoted should be invariably mentioned in the footnotes which must be written in the following order : (1) surname, initials of the author or editor, (2) title of the work, (underlined), (3) publisher, (4) place and year of publication and (5) page No.
4. Whenever an abbreviation is used in an article, its full form should be stated at the first occurrence and should not be repeated.
5. Give running foot-note numbers from the beginning to the end of the article.
6. The copyright of all the articles published in the Journal of the Oriental Institute will rest with the M. S. University of Baroda, Baroda.

SUBSCRIPTION RATES : ANNUAL : (From Vol. 40 onwards)

Inland Rs. 60/- (Post-free), Europe £ 10.00 (Post-free)
U.S.A. $ 20.00 (Post-free)

Subscription is always payable in advance. The yearly subscription is accepted from September to August every year. No subscription will be accepted for less than a year. Subscription/Articles may be sent to :—

The Director, Oriental Institute, Tilak Road, Opp. Sayajigunj Tower, Vadodara-390 002, Gujarat, India.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'मेनका विश्वामित्रम्'–એક અભિનવ નાટક

કાન્તિલાલ રા. દવે*

આધુનિક સંસ્કૃત સાહિત્યમાં અન્ય સાહિત્યસ્વરૂપોની તુલનામાં નાટ્યપ્રકાર સવિશેષ ખેડાયો હોવાનું જણાય છે. આમાં પણ ડૉ. રાઘવન[1] કહે છે તેમ "ગંભીર પ્રકારનાં નાટકોમાં પ્રાચીન વિષયવસ્તુ પર આધારિત રૂઢિગત સ્વરૂપનાં નાટકોનું સર્જન વિશાળ પ્રમાણમાં થયું છે. એમ છતાં એવાં કેટલાંક નાટકોનો વિશેષ ઉલ્લેખ કરવો જોઈએ જેમાં સ્વરૂપ કે વસ્તુ રૂઢિગત પ્રકારનું હોવા છતાં વિચારો, નિરૂપણ કે સ્વરૂપની બાબતમાં નવીનતા જણાય છે." ઉત્તર પ્રદેશના નૈનીતાલમાં આવેલા કુમાયૂં વિશ્વવિદ્યાલયના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. હરિનારાયણ દીક્ષિતરચિત 'મેનકાવિશ્વામિત્રમ્'[2] નાટકને આ હકીકત ઘણા અંશે લાગુ પડે છે. સંસ્કૃત સાહિત્યનાં બે ઉપેક્ષિત પાત્રો મેનકા અને વિશ્વામિત્રની પૌરાણિક કથાનું તદ્દન નવા દૃષ્ટિકોણથી એમાં આલેખન કરવામાં આવ્યું છે. આધુનિક યુગનાં અનેક મૂલ્યોને વાચા આપતા આ રૂપકમાં નારીઅસ્મિતાનું ભવ્ય આલેખન કરવામાં આવ્યું છે.

નાટ્યકારનું એવું દૃઢ મંતવ્ય છે કે મહાતપસ્વી વિશ્વામિત્રના તપથી ભયભીત બનેલા દેવરાજ ઇન્દ્ર દ્વારા તપોભંગ માટે મોકલવામાં આવેલી મેનકા પ્રારંભમાં ઇન્દ્રની ઇચ્છાપૂર્તિના સાધન તરીકે આવી હશે એ સાચું, પરન્તુ રાજર્ષિ વિશ્વામિત્રના ગાઢ સંપર્કમાં આવ્યા પછી અને ખાસ કરીને માતૃત્વના મહનીય પદે અધિષ્ઠિત થયા પછી મેનકા, આરંભની 'હૃદયહીન' મેનકા ભાગ્યે જ રહી શકી હશે. નાટકની પ્રસ્તાવનામાં નાટ્યકાર આ સંદર્ભમાં જણાવે છે:

My mind is never ready to accept that, any woman who legally and morally, either has been or can be one's beloved wife, leaves her newly–born baby, and her sincere lover, and in the same way, I see none of men, who is well–to–do in all the aspects of social values, forgets suddenly his beloved wife, unless he is accursed. Even in the society of animals, birds etc., such a hard–heartedness and cruelty are not seen anywhere in the entire world.[3]

'સ્વાધ્યાય', પુ. ૩૦, અંક ૧–૨, દીપોત્સવી–વસંતપંચમી અંક, ઑક્ટોબર-૧૯૯૨-જાન્યુઆરી–૧૯૯૩, પૃ. ૧૦૯–૧૧૪.

* સંસ્કૃત અનુ. વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર. (જિ. ખેડા.).

૧ બક્ષી જયન્ત (અનુ.) અને ઝવેરી મનસુખલાલ (અનુ.) भारतीय साहित्य, સાહિત્ય અકાદમી, પ્રથમ સંસ્કરણ, ૧૯૭૬, પૃ. ૨૮૦.

૨ આ રૂપક ઈસ્ટર્ન બુક લિન્કર્સ, દિલ્હીથી ૧૯૮૪માં પ્રકાશિત થયું છે.

૩ દીક્ષિત, (ડૉ.) હરિનારાયણ, 'मेनकाविश्वामित्रम्', ઈસ્ટર્ન બુક લિન્કર્સ, દિલ્હી, પ્રથમ સંસ્કરણ, ૧૯૮૪, પ્રસ્તાવના, પૃ. ૧૧. હવેથી मेनकाविश्वामित्रम् તરીકે ઉલ્લેખ થશે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ અષ્ટાંકી નાટકનુ કથાવસ્તુ સંક્ષિપ્તમાં આ પ્રમાણે છે.

પોતાના અતિદારુણ તપોબળથી ઈન્દ્રપદ પર પણ આધિપત્ય મેળવવાની યોગ્યતા ધરાવતા વિશ્વામિત્રના તપોભંગ માટે પત્ની શચીની સલાહ અનુસાર ઈન્દ્ર 'ત્રિલોકીલલામભૂતા' મેનકાને મોકલી આપે છે. મધુ કામદેવ અને વાયુદેવની સહાયથી મેનકા વિશ્વામિત્રને કામપરવશ બનાવી તપોભ્રષ્ટ કરે છે. પરંતુ વિશ્વામિત્રના નિઃસ્વાર્થ અને સરળ પ્રેમની દૃષ્ટિના પરિણામસ્વરૂપે મેનકાની નારીઅસ્મિતા જાગૃત થાય છે, અને તે આજીવન વિશ્વામિત્રની જીવનસંગિની બની રહેવાની પ્રતિજ્ઞા કરે છે. તપોભ્રષ્ટ વિશ્વામિત્રને મેનકાની મોહિનીમાંથી છોડાવવા મથતા સહૃદય સખા મહર્ષિ કણ્વને વિશ્વામિત્ર "મેનકાની પ્રાપ્તિ એ જ મારા તપનું કાંક્ષિત મહાફળ છે"— એમ કહી શાંત પાડે છે. તપસ્વીઓના તપોભંગ માટેના અમોઘશસ્ત્રરૂપી મેનકાને વિશ્વામિત્ર પાસેથી યેનકેનપ્રકારેણ ઘસડી લાવવા ઈન્દ્ર કૃતસંકલ્પ બને છે, પરંતુ એક પરિણિતા નારીને તેની ઈચ્છાવિરુદ્ધ તેના પતિ અને નવજાત સંતાનથી વિખૂટી ન પાડવા શચી તાર્કિક દલીલો કરી જબરી ટક્કર લે છે. પણ તેને ગણકાર્યા વગર ઈન્દ્ર મેનકાનું અપહરણ કરે છે. પોતાની ગેરહાજરીમાં કરાયેલા આ અપકૃત્ય બદલ વિશ્વામિત્ર ઈન્દ્રને શાપ આપવા ઉદ્યત બને છે. પરંતુ બ્રહ્માજીએ ઈન્દ્રના આ અપરાધ બદલ કરેલા તેના પુણ્યબળહરણ, મેનકાની દાસત્વમુક્તિ તથા તપશ્ચર્યાને અંતે પુનઃ સદાકાળ માટે થનારી મેનકાની પ્રાપ્તિના સમાચારથી આશ્વસ્ત બની તપ કરવા સિધાવે છે.

આ સાદ્યન્ત રમણીય કૃતિ અનેક રીતે નોંધપાત્ર છે. મહાભારત, પુરાણો અને શાકુન્તલમાં પ્રાપ્ત થતી અતિસંક્ષિપ્ત, સ્થૂળ, માનસશાસ્ત્રીય સ્પર્શ વગરની અને નિષ્પ્રાણ એવી કથામાંથી પોતાની સર્જનપ્રતિભાના બળે નાટ્યકારે એક સંવેદનનીતરતી બળકટ કલાકૃતિનું નિર્માણ કર્યું છે. નાટ્યકારનો મુખ્ય આશય અહીં વિશ્વામિત્ર મેનકાનાં ઉપેક્ષિત પાત્રોનું ઊર્ધ્વીકરણ કરવાનો છે અને તેમાં તેઓ પૂર્ણપણે સફળ પણ થયા છે. પરંતુ નાટ્યકારે નારીની અસ્મિતા વિષે જે બળકટ અને નિર્ભિક ચિંતન રજૂ કર્યું છે તે મારી દૃષ્ટિએ સૌથી વધારે મહત્ત્વની વાત છે.

પ્રાચીન સર્જકોના હાથે લગભગ 'યંત્રમાનવ' બની ગયેલી, કોઈની કઠપૂતળી બનીને નાચતી 'ચહેરા' વગરની મેનકા અહીં પોતાની આગવી અસ્મિતા કાજે પુરુષાર્થ કરતી નિરૂપાઈ છે તે ખરેખર નોંધપાત્ર છે.

પોતાની રૂપમોહિનીથી વિશ્વામિત્રને કામજાળમાં ફસાવી તેમના તપોભંગના હીન આશયથી આવેલી મેનકા વિશ્વામિત્રના હૃદયવૈભવ આગળ ઝૂકી જાય છે અને તેના પોતાના અસ્તિત્વની શોધ આરંભાય છે. તેનું અંતર સ્વાર્થી ઇન્દ્ર અને પ્રેમકાજે મહાતપનું બલિદાન આપી દેતા વિશ્વામિત્રની મનોમન તુલના[૪] કરે છે કે કયાં મહર્ષિ વિશ્વામિત્રની મનસ્વિતા અને મનુષ્યતા અને કયાં સ્વાર્થપરાયણ દેવરાજ ઇન્દ્ર ! અસ્મિતાની શોધના પ્રથમ પગથિયે તે સંકલ્પ કરે છે: દેવરાજ ! તમારી અધીનતાનો હું પરિત્યાગ કરું છું. તારા સ્વર્ગસુખને તૃણવત્ માનું છું. હવે તો વિશ્વામિત્ર જ મારું સર્વસ્વ !

---

૪ મેનકા વિશ્વામિત્રમ્, અંક ૪, પૃ. ૩૬.

For Private and Personal Use Only

નારીઅસ્મિતા અને નારીગૌરવની ખોજ માટે ઝઝૂમતી મેનકા ઉપરાંત નાટકનાં અન્ય નારીપાત્રો પણ આ મહા અભિયાનનાં યાત્રીઓ છે. દેવરાજ ઇન્દ્રના ઇન્દ્રપદના રક્ષણ માટે અપ્સરાઓના થતા દુરુપયોગમાં રહેલી નારીજાતિની વિડંબના અને ઘોર શોષણ સામે અપ્સરાઓનો આક્રોશ બુલંદ બને છે. મેનકાના વિરહમાં ઝૂરતી રંભા–ઉર્વશી આદિ સખીઓનાં સંવાદવચનોમાં એની બળકટ અભિવ્યક્તિ થઈ છે. રંભા કહે છે: **हा हन्त ! रूपसम्पत्तेः अयं दुरुपयोगः । हा हन्त ! कीदृशोऽयं दुराचारः ?**[5] ઉર્વશી પોતાની વેદનાને વાચા આપતાં જણાવે છે: '**किमपि तु विधेयमेव; अस्मादृशीनां रतिवात्सल्यादिस्थायिभावानामपि आविर्भावतिरोभावौ देवराजाधीनौ स्यातां इति तु असह्यं प्रतिभाति**'[6]। આવા અમાનવીય શોષણના વિરોધ માટે રંભા સર્વે અપ્સરાઓના સંગઠનનો પ્રસ્તાવ મૂકે છે. પરંતુ દેવરાજના ભયના કારણે સંગઠન શક્ય બનતું નથી એ જુદી વાત છે. મહત્ત્વની વાત એ છે કે આ શોષિતદલિતપીડિત નારીઓ પોતાની અસ્મિતાની ઓળખ માટે ગંભીરતાપૂર્વક વિચાર કરતી તો થઈ જ છે.

એ જ રીતે પતિ વિશ્વામિત્ર અને પુત્રી શકુન્તલાને પૃથ્વીલોકમાં છોડીને ઇન્દ્રની આજ્ઞાનુસાર સ્વર્ગમાં પાછી ફરવા ન માગતી મેનકા પ્રત્યેની સ્ત્રીસહજ સહાનુભૂતિ અને અનુકંપાથી પ્રેરાઈને, તેની પક્ષકાર બનીને ખુદ પોતાના પતિ દેવરાજ ઇન્દ્ર સાથે ટકરાતી શચીમાં અસ્મિતાની શોધ માટે ઝઝૂમતી વિદ્રોહી નારીનો અવાજ સંભળાય છે. જુઓ આ સંવાદ:

शची—पतिं विहाय कथमिव समागच्छेत्सा वराकी ?
इन्द्रः—अप्सरसो न कोऽपि पतिर्भवति ।
शची—कथम् ? किमप्सरा नारी न भवति ?
इन्द्रः—सा दासी भवति ।
शची—(सस्मितम्) किं दासी न भवति नारी ?[7]

પણ આ અવાજ સૌથી વધુ બુલંદ બન્યો છે મેનકાનાં વચનોમાં. વિશ્વામિત્રના તપોભંગરૂપ સ્વાર્થ પૂરો થઈ જતાં, વિશ્વામિત્રની ગેરહાજરીમાં મેનકાને બળપૂર્વક સ્વર્ગમાં લઈ જવા માગતા ઈન્દ્ર અને પતિ–પુત્રીથી વિયુક્ત થવા ન માગતી મેનકા વચ્ચેના આ સંવાદમાં પણ નારીઅસ્મિતાની વાત જ અભિવ્યક્તિ પામી છે, જુઓ.

मेनका—(सदार्ढ्यम्) मया तु उक्तमेव यन्नाहं पतिमपत्यं च त्यक्ष्यामि ।
इन्द्रः—अप्सरसः पतिरसम्भवः ।
मेनका—अप्सरस अपि स्त्री भवति; एवञ्च प्रत्येकस्याः स्त्रियाः पतिः सम्भवति । विश्वामित्रो मम गान्धर्वविधिना पतिरस्ति[8] ।

---

૫ એજન, અંક, ૬, પૃ. ૬૨.
૬ એજન, અંક, ૬, પૃ. ૬૩.
૭ એજન, અંક, ૬, પૃ. ૬૫.
૮ એજન, અંક, ૭, પૃ. ૭૨.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેનકાની આ ઉકિત પણ કેટલી ગૌરવયુકત છે : 'देवराज ! प्रणयपरिणयवती नारी पतिगृहस्यैव शोभां वर्धयति। का नाम नारी परिणीमपूर्वं, प्रेम्णां पति स्वं विजहाति पश्चात् ?' [९]

નારીને નરનું રમકડું, કહ્યાગરી ગુલામડી કે દાસી માનતા પુરુષોને—"નારી કોઈ જડ પદાર્થ નથી, એક જીવંત વ્યકિત છે, એને પણ પોતાની ઇચ્છા–આકાંક્ષાઓ હોય છે." એવો બોધપાઠ આપતી મેનકાનો ઇન્દ્ર સાથેનો આ સંવાદ કેવો બળકટ અને ખુમારીભર્યો છે !

દેવરાજ ઇન્દ્રની વાત માની જઈને પતિ-પુત્રીને ત્યજી સ્વર્ગમાં પાછા ફરવા માટે મેનકાને સમજાવવાનો પ્રયત્ન વાયુદેવ પણ કરી જુએ છે. તે વખતનો મેનકા અને વાયુદેવનો સંવાદ ખૂબ જ નોંધપાત્ર છે :

वायु—(सानुनयम्) देवि मेनके ! देवराजस्य वचोऽनुमन्यस्व, व्यर्थमेव सङ्कटं वृणीषे।

मेनका—वायुदेव ! नारीकृते पतिवरणं न कदापि संकटवरणं मन्यते, अपितु संकटहरणं मन्यते।

वायु—स्वामिनो नियोगोऽपि तु परिपालनीयो भवति।

मेनका—भवति, किन्तु सन्नियोग एव। अपरञ्च स्वामी तावदेव स्वामी भवति, यावत् सेवकस्तं स्वामिनं मन्यते। एनमहं स्वामिनं नैव मन्ये। [१०]

'શ્રમજીવીઓ ! સંઘર્ષ કરો, તમારે તમારી ગુલામીની બેડીઓ સિવાય કશું જ ગુમાવવાનું નથી.' ના જેવી ક્રાંતિઘોષણા ગજવતી આ પયગમ્બરી વાણી જગતની દલિતપીડિત—શોષિત અબળાઓ સુધી પહોંચે અને તેઓ તેને અનુસરે તો ? જુલમગારોનો જુલમ ત્યાં સુધી જ ટકી શકે છે જ્યાં સુધી જુલમ સહન કરવામાં આવે છે. નારીનું અબળાપણું ત્યાં સુધી જ ટકી શકે છે જ્યાં સુધી તે પ્રબળા બનતી નથી. ઘરની ચાર દિવાલોથી માંડી મીનાબાઝારમાં વેચાતી કે દેવદાસી બનીને મંદિરોમાં ચૂંથાતી નારીઓને માટે મેનકાની આ વાણી કેટલી પ્રેરક બની શકે તેમ છે !

સમાજનો નારી પ્રત્યેનો દૃષ્ટિકોણ નાટ્યકારે ત્રણ પ્રકારે રજૂ કર્યો છે. પોતાના અંગત સ્વાર્થ માટે નારીનો કોઈપણ પ્રકારનો 'ઉપયોગ' કરવામાં કશું જ અનુચિત ન જોનાર ઇન્દ્ર જેવા ભોગવાદી પુરુષોનો દૃષ્ટિકોણ જેઓ માને છે :

नारी भोगस्य गतिः परमा, नारीञ्च विना नहि लोकगतिः, नारी सुखधाम मता लोके, सर्वाणि सुखानि निरर्थानि, नारी यदि नास्त्युपभोगाय...... વગેરે. [૧૧]

ભોગવાદી ઇન્દ્રના આ દૃષ્ટિકોણના સામે છેડે ત્યાગવાદી કણ્વનો દૃષ્ટિકોણ છે. જેઓ નારીને તપ કે મોક્ષમાં બાધક ગણી તેનાથી સદંતર દૂર રહેવાનું મંતવ્ય ધરાવે છે. તેઓ 'असारः संसारो न हि किमपि तथ्यं जडभवे'માં માનનારાઓ છે.

---

૯ એજન, અંક, ૭, પૃ. ૭૩.
૧૦ એજન, અંક, ૭, પૃ. ૭૪.
૧૧ એજન, અંક, ૧, પૃ. ૧૧.

For Private and Personal Use Only

ત્રીજો, બે અંતિમો વચ્ચેનો મધ્યમમાર્ગી દૃષ્ટિકોણ વિશ્વામિત્રનો છે. તેઓ માને છે કે 'सकलोऽयं संसारो विवाहाधारः ।' અને આ વિવાહનો મૂલધાર કોણ છે? સુખનો મૂલાધાર કોણ છે? વિશ્વામિત્રના મતે—'ससत्त्वोऽस्मिन् [illegible]गुणसम्पन्ना समर्पितात्मदेहा रमणी एव सुखस्य मूलाधारोऽस्ति ।'[૧૨] તેઓ તો મહર્ષિ કણ્વને પણ આ કઠિન 'वैखानसव्रत' અને 'मुमुक्षामोह' ત્યજી દઈને 'कामपि मनोरमां जीवनसहचरीं' શોધી લેવાની સલાહ[૧૩] આપે છે!

આ કૃતિમાં નાટ્યકારના પરંપરાભંજક વિદ્રોહી આત્માનાં પદે પદે દર્શન થાય છે. 'पुराणमित्ति एव न साधु सर्वम्' એવું મંતવ્ય ધરાવતા નાટ્યકાર પોતાને સાચું લાગે તે બેધડક કહી દેતાં જરીયે ખંચકાતા નથી. તપોભંગ કરાવતા ઈન્દ્ર અને રાક્ષસોની સરખામણી કરીને પરોક્ષ રીતે જાણે રાક્ષસોનો પક્ષપાત કરતા હોય તેમ નાટ્યકાર એક પાત્રના મુખે બોલાવે છે: 'राक्षसाः कपटं न कुर्वन्ति । ते तु प्रत्यक्षमागत्य विघ्नं कुर्वन्ति ।'[૧૪] એ જ રીતે અદ્વિતીય તપોધનોનું તપ રૂપી ધન ચોરી લેવાની આદતવાળા દેવાધિરાજ ઈન્દ્ર માટે તેમણે શબ્દો પ્રયોજ્યા છે: 'इन्द्रश्च तपश्चौरः प्रसिद्ध एव ।'[૧૫]

એ જ રીતે "સંન્યાસ જેવા નિષ્પ્રયોજન કર્મમાં મૂર્ખાઓ જ જોડાય છે," એમ કહી ઉપદેશ અપાયો છે: 'संन्यासिबुभुषा त्यजताम्, गार्हस्थ्यं अवलम्ब्यताम्'[૧૬] પરંતુ મોક્ષપ્રધાન ભારતીય સંસ્કૃતિના પ્રતિનિધિ સમા વિશ્વામિત્ર ઋષિના મુખમાં 'मुमुक्षा मुमूर्षायाः पर्यायोऽस्ति' इत्यहं मन्ये[૧૭] એવા શબ્દો મૂકીને એમણે પ્રાચીન ભારતીય ઋષિપરંપરાના ચાહકોને જબરો આઘાત આપ્યો છે.

અંતમાં આ કૃતિ સંદર્ભે એક અજ્ઞાત વિવેચકનો મત નોંધી સમાપન કરીશું. તેઓ લખે છે.[૧૮]

'There is no doubt that, the author has taken in his hand a, very fresh and still untouched theme, and heart-touching story, through the multiferious events of human life... Undoubtedly the imagination in Knitting the plot of drama are natural and highly appreciable. Not only the plot, but the characters, the poetic interest, the languages, the dialogues, the metres and the songs etc. are also certainly very much pleasant in this composition.

૧૨ એજન, અંક, ૫, પૃ. ૫૪.
૧૩ એજન, અંક, ૫, પૃ. ૫૫.
૧૪ એજન, અંક, ૧, પૃ. ૬.
૧૫ એજન, અંક ૧, પૃ, ૭.
૧૬ એજન, અંક, ૭, પૃ ૪૩.
૧૭ એજન, અંક, ૫, પૃ. ૫૫.
૧૮ એજન, પૃ. ૨ પરથી ઉદ્ધૃત.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

JOURNAL OF DHARMA

AN INTERNATIONAL QUARTERLY OF WORLD RELIGIONS

Journal of Dharma is the concerted venture of scholars from various religious, Cultural and philosophical traditions, published by the Centre for the Study of World Religions (CSWR) Bangalore, India.

The Journal intends:

to discuss the problems of man's ultimate concern from the experience of the spirit active in various World Religions.

to serve as a forum for the exchange of ideas and experience regarding the approaches and methods to the problems related to man's religious quest.

to encourage research in inter-religious studies and dialogues.

to help shape the religious outlook of humankind of tomorrow, enabling them to live a more authentic, open and dialogal religion, seeking and realizing Truth under its various manifestations.

Subscription Rates

India: Rs. 48.00

Bangladesh, Bhutan, Nepal, Pakistan and Sri Lanka: Rs. 125.00
All other Countries: US $ 28.00 (air mail)

Business Correspondence

Secretary

Journal of Dharma
Dharmaram College
Bangalore 560 029
INDIA

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિવાપાંજલિ

ડૉ. કુ. સુધાબેન દેસાઈને શ્રદ્ધાંજલિ

રાતના દશ વાગે ટેલિફોનની ઘંટડી રણકી. બે, ત્રણ વાર રીંગ નંબર આવે પછી ઘંટડી વાગે તો હું ફોન નથી ઉપાડતી. પરંતુ આ ઘંટડી વાગી અને મને સહજ વિચાર આવ્યો. લેવા દે.

'રિસીવર ઊંચક્યું કાને ધર્યું'. સામેથી અવાજ—હું દુર્ગેશ ઉપાધ્યાય બોલું છું'.

'બોલો ભાઈ, શું કામ છે?'

'સુધાબેન દેસાઈ ગયાં. તમને ખબર પડી?'

'ના, ભઈલા, આ તમારા ફોનથી જાણ્યું.'

'સવારે ગયાં. તમારી શ્રદ્ધાંજલિ આપો.'

પળભર માટે અવાક્ બની ગઈ. શું શું બોલું? શું શું યાદ કરું? પણ મારાં પરમ સ્નેહીજનને શ્રદ્ધાસુમન સભાનતાપૂર્વક આપ્યાં.

દર્દભર્યા સમાચાર સાંભળ્યા અને સ્મૃતિનાં પડ ઉખેળાવા લાગ્યાં.

વડોદરામાં થતી ભવાઈની છાપ ઝીલનાર હજુ ઘણાં વડોદરાવાસીઓ હશે. શિષ્ટતાના આગ્રહી નીતિમાનો કદાચ એ બિભત્સ અભિનયને આવકારવાની અરુચિ બતાવે એ ખરું પરંતુ ભવાઈ એ માત્ર બિભત્સ દૃશ્યોનો સંગ્રહ નથી. એમાં ઘણું નાટ્યતત્ત્વ રહેલું છે. એની પ્રતીતિ આપણને વડોદરામાં ઘડીયાળીપોળના નાકે અંબામાતાની સમક્ષ, અને માંડવી પાસે કાળકામાતા સમક્ષ થતી નાગરોની ભવાઈ, કંસારાઓની ભવાઈ, રાજપૂતોની ભવાઈ જોઈ હોય તો તરત થાય છે.

આવો અભિપ્રાય આપનારાં સન્નારી વડોદરાનાં ડૉ. કુ. સુધાબેન દેસાઈ—જાણીતા લેખક અને વડોદરાના સપુત રમણલાલ વસંતલાલ દેસાઈનાં પુત્રી.

'ભવાઈ'માં સંશોધનકાર્ય કર્યું. થીસીસ લખ્યો. ડૉક્ટરેટની પદવી મેળવી. આ થીસીસ પુસ્તકરૂપે પ્રગટ કરીને ભવાઈસાહિત્યમાં મદદરૂપ થવાનું અને ભવાઈરસિકોને માહિતી પૂરી પાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે. સુધાબેનને બાળપણમાં ભવાઈના કલાકારોનો સંપર્ક થયો હતો. ડ્રામામાં રસ ખરો. બન્ને રસ ભેગા થયા—સંશોધનકાર્ય રસમય બનાવ્યું. ભવાઈનું સંશોધન તેમણે પ્રો. રસિકલાલ પરીખના માર્ગદર્શન નીચે કર્યું.

'સ્વાધ્યાય' પુ. ૩૦, અંક ૧-૨, દીપોત્સવી-વસંતપંચમી અંક, ઑક્ટોબર, ૧૯૯૨-જાન્યુઆરી ૧૯૯૩, પૃ. ૧૧૫-૧૧૭.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લોકનાટ્ય ભવાઇશૈલીના સંશોધનકાર્યમાં ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રમાં વધારે ઊંડાં ઊતર્યાં, ઘણું ફર્યાં. સ્થાનિક કાર્યકર્તા, કલાકારો, અમુક જાતિના લોકો પોતાના પ્રણાલિકાગત રિવાજો નૃત્યશૈલી દ્વારા રજૂ કરે છે. તે સૌનો સંપર્ક સાધીને સંશોધનકાર્ય કર્યું. અમેરિકામાં લોકવિદ્યાનો બે વર્ષ અભ્યાસ કરી એ વિષયમાં નિષ્ણાત બન્યાં.

શ્રી સુધાબેને મને જણાવ્યું કે ભવાઈમાં સામાજિક વેશો વધારે છે. લોકનાટ્યમાં સામાજિક તત્ત્વનો પડઘો છે, ધાર્મિક તત્ત્વ છે. આપણી બધી કલાઓ મંદિર સાથે–ધર્મ સાથે સંકળાયેલ છે. ભવાઇ એ શક્તિની ઉપાસનાનું એક અંગ છે. માતાજીના આંગણામાં ધાર્મિકવિધિ તરીકે ભવાઇ થાય છે અને ધંધાદારી રીતે પણ ભવાઇ કરનારા છે.

શ્રી સુધાબેન માનતાં કે સાચી કળા ઊંચા પ્રકારની તૈયારી માગી લે છે. ફોકડાન્સ, સમાજશાસ્ત્ર, માનવશાસ્ત્રનાં માહિતગાર સુધાબેને લોકવિદ્યા, લોકસાહિત્ય, શહેરી કલ્ચરનો અભ્યાસ કરી અવલોકન કર્યું હતું.

તેઓ એક ઉત્તમ લેખિકા હતાં. તેમનાં લેખો વાર્તાઓ, લોકસાહિત્યનું વિશ્લેષણ, 'લોકસાગરનાં રત્ન', 'સંસ્કારલક્ષ્મી', 'સાહિત્ય–સમાજ અને સંસ્કાર', તથા 'કંકાવટી' કોલમ દ્વારા વાચકોને મળ્યાં. તેઓએ મરાઠીમાંથી ગુજરાતીમાં અનુવાદ કરેલું પુસ્તક 'સામાજિક માનવશાસ્ત્ર' (મૂળ લેખક : ડૉ. વિલાસ સંગવે) પ્રગટ થયું છે.

'સ્વતંત્ર સર્જન' દૈનિકમાં 'દીપિકા' આ વિભાગનું એમણે સંપાદન કર્યું.

વડોદરાની મ્યુઝીક કોલેજમાં લેકચરર તરીકે ફરજ બજાવનારાં સુધાબેને નડિયાદની કોલેજમાં વિઝીટીંગ લેકચરર અને પરીક્ષક તરીકે સેવા આપી છે. વડોદરાની મહિલા કૉલેજની કન્યાઓને પ્રિન્સિપાલ તરીકે ૨૫ વર્ષ લાભ આપ્યો.

તેઓને સાહિત્યક સંશોધન અંગે ૧૯૯૨નો સંસ્કાર એવોર્ડ આપવામાં આવ્યો.

બાળકોમાં રસ હોવાથી પોતાના ઘેર ર. વ. દેસાઇ રોડ પર 'કૈલાસ'માં બાળકો માટે પ્લેસેંટર શરૂ કર્યું, જેનું ઉદ્‌ઘાટન પૃથ્વીરાજ કપુરે કર્યું. બાળકોને ચિત્રકામ, માટીકામ, પેપર કટીંગ, રમતો, ગીતો, નાટકો કરાવવા માટે તેમને દક્ષિણામૂર્તિ, ગિજુભાઈ, નટુભાઈ બ્રાનપુરીઆ વગેરે માર્ગદર્શક સહાયક બન્યાં.

સુધાબેન નાનાં હતાં ત્યારે શાળાએ જતાં રડતાં તેથી 'આલેક બાલવાડી'માં બાળકો આનંદમય, રસમય, વાતાવરણમાં રહે તેની ખાસ કાળજી રાખતાં.

સુધાબેન આકાશવાણી કલાકાર હતાં. વાર્તા, વાર્તાલાપ, કંપેરીંગ કરતા. તેમનો અવાજ ઘણો મીઠો. કોઈ પણ જાતના વાદ્ય વિના ગાતાં હોય છતાં શ્રોતાઓને જકડી રાખતાં. પછી ભલે તે બાળગીત હોય, લોકગીત હોય, ખાયણાં હોય, કાવ્યો હોય, ગરબા હોય.

અનેક સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલાં સુધાબેનને સાહિત્યનો વારસો પિતા તરફથી અને સંગીતનો વારસો માતા તરફથી મળ્યો. માતા દિલરૂબા વગાડતાં. બાળપણમાં માતા ગુમાવનાર સુધાબેનને પિતાની છત્રછાયા અને દાદા–દાદીના સ્નેહભર્યા સાહિત્યિક સંસ્કારો ગળથૂથીમાં મળ્યાં.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુધાબેન નાટયક્ષેત્ર સાથે સંકળાયેલાં હતાં. ગુણવંતરાય આચાર્યના 'પાતાળનાં પાણી', શિવકુમાર જોશીનાં નાટકો 'રાખની ઢૂંઢ', 'અંધારાં ઉલેચો'માં કામ કર્યું.

અનેક ગરબાહરીફાઈ, વેશભૂષાહરીફાઈ, વકતૃત્વહરીફાઈમાં નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી. પપેટશોમાં રસ ધરાવતાં.

સુગમ સંગીતનાં ગાયક કૌમુદી મુનશી તેઓનાં ફોઈનાં દીકરી થાય. કૌમુદીબેનની સંગીતની લત અને પ્રગતિ ર. વ. દેસાઈને આભારી.

ઈંદીરા બેટીજીના 'વ્રજ–રજ'માં કૃષ્ણને એક સામાજિક કાર્યકર તરીકે ઓળખાવતો લેખ આપી પરિવર્તન લાવ્યાં.

ઈલા ભટ્ટ લિખિત 'શ્રમ–શક્તિ'નો અનુવાદ કર્યો છે–પ્રકાશન બાકી છે. ભારતમાં ટેક્સની પદ્ધતિ પર પુસ્તક તૈયાર કર્યું છે.

પિતાની જન્મશતાબ્દીમાં સહર્ષ ભાગીદારી કરી. એક મહિના પહેલાં ભાઈ અક્ષયનો દેહાંત થયો અને આઘાત જીરવી ન શક્યાં. બરાબર એક મહિને પોતાનો દેહ છોડી ભાઈ સાથે ગયાં. ભાઈ–બહેનનો પ્રેમ અદ્વિતીય.

આજે સુધાબેન સદેહે આપણી વચ્ચે નથી પરંતુ સાહિત્યિક સ્વરૂપે, કાવ્યોરૂપે, એમનાં કાર્યોરૂપે આપણી વચ્ચે હંમેશાં જીવિત રહેશે. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.

૪૦૬, નર્મદા એપાર્ટમેન્ટ,
નવરંગ કોમ્પલેક્ષ, વડોદરા.

ચંદ્રિકા ભટ્ટ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

OUR NEW RELEASES

	Rs.
Discipline : The Canonical Buddhism of the Vinayapitaka—John C. Holt	50
Encyclopedia of Indian Philosophies—Karl H. Potter	
Vol. I : Bibliography 2nd rev. edn.	250
Vol. II : Introduction to the Philosophy of Nyaya Vaisesika	150
Vol. III : Advaita Vedanta. Part 1	175
Fragments from Dinnaga—H. N. Randle	40
Fullness of the Void—Rohit Mehta	85 (Cloth) 60 (Paper)
Global History of Philosophy 3 Vols—John C Plott.	195
Hindu Philosophy—Theos Bernard	50 (Cloth) 30 (Paper)
History and the Doctrines of the Ajivikas—A. L, Basham	75
History of the Dvaita School of Vedanta—B. N. K. Sharma	200
History of Indian Literature Vol. I—M. Winternitz	100
History of Pre-Buddhistic Indian Philosophy—B. Barua	125
Indian Sculpture—Stella Kramrisch	60
J. Krishnamurti and the Nameless Experience—Rohit Mehta	55 (Cloth) 45 (Paper)
Language and Society–Michael C. Shapiro and Harold F. Schiffman	130
Life of Eknath—Justin E. Abbott.	50 (Cloth) 35 (Paper)
Madhyamaka Buddhism: A Comparative Study—Mark Macdowell	50
Nyaya Sutras of Gotama—Tr. by Nand Lal Sinha	80
Peacock Throne : The Drama of Mogul India—Waldemar Hansen	120
Philosophy of Nagarjuna—K. D. Prithipaul	65
Prapancasara Tantra—Ed. by Arthur Avalon	100 (Cloth) 75 (Paper)
Select Inscriptions. Vol. II—D. C. Sircar	200
Serindia 5 Vols—Sir Aurel Stein	3000
Sexual Metaphors and Animal Symbols in Indian Mythology—Wendy Doniger O'Flaherty	100
Siksha Samuccaya : A Compendium of Buddhist Doctrine—Cecil Bendall & W.H.D. Rouse	60
Suresvara on Yajnavalkya—Maitreyi Dialogue (Brhadaranyakopanisad 2 : 4 and 4 : 5)—Shoun Hino	125
Tantraraja Tantra—Ed. by Arthur Avalon & Lakshaman Shastri	120 (Cloth) 100 (Paper)
Vedic Mythology, 2 Vols—Alfred Hillebrandt; tr. by Sreeramula Rajeswara Sarma	220

For Detailed Catalogue, please write to :—

MOTILAL BANARSIDASS

Bungalow Road, Jawahar Nagar, Delhi-110007 (India)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગ્રન્થાવલોકન

આનંદશંકર ધ્રુવની ધર્મભાવના : ડૉ. રમેશ મ. ભટ્ટ, પ્રકાશક, શ્રી નારણભાઈ પી. પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ, ૧૯૮૩, ૧–૧૨+ ૧–૨૦૭, કિંમત, રૂ. ૩૫/–

લેખકે ગુજરાત યુનિવર્સિટીની પીએચ.ડી. ની પદવી માટે મહાનિબંધ લખ્યો હતો જેનું શીર્ષક "'આપણો ધર્મ'માં આનંદશંકર ધ્રુવની ધર્મભાવના" હતું. એ મહાનિબંધ થોડાક ફેરફારો સાથે આ ગ્રંથરૂપે પ્રગટ કરવામાં આવ્યો છે.

શ્રી આનંદશંકર ધ્રુવ ગુજરાતના મહાન સાક્ષર અને પ્રખર વિચારક તેમ જ શ્રી શંકરાચાર્યના કેવલાદ્વૈત સિદ્ધાંતના સર્વોત્તમ વ્યાખ્યાતા હતા એ હકીકત સર્વવિદિત છે. તેમના અનેક ગ્રંથોમાં "આપણો ધર્મ" એ સૌ ધર્મપ્રેમી જનોએ વાંચવા–વિચારવા જેવો છે એમ પણ ઘણા જાણે છે. એ ગ્રંથનો તલસ્પર્શી અભ્યાસ પ્રસ્તુત ગ્રંથમાં થયો છે. તેમના ગુજરાતી સાહિત્યમાં સ્થાન વિષે વિદ્વાનોમાં કોઈ બે મત નથી. તેમની પશ્ચાદ્‌ભૂમિકા, ભારતીય તત્ત્વચિંતનના વિશાળ ક્ષેત્રના પટ પર તેમનું તેજસ્વી દર્શન, તેમની અદ્વૈતવેદાન્ત એ તત્ત્વચિન્તનનું સર્વોચ્ચ શિખર છે એવી સુવિચારિત દૃઢ શ્રદ્ધા, એનું પાશ્ચાત્ય તત્ત્વચિન્તનની વિભિન્ન શાખાઓ સાથે તુલનાત્મક અધ્યયન, તેમની ધર્મવિષયક વિવિધ વિભાવનાઓ, તેમની લોકોત્તર પ્રતિભા, તેમનું આગવું પ્રદાન વગેરે વિષયો પર પ્રસ્તુત લેખકે ખૂબ પરિશ્રમ ઉઠાવી અત્યંત ઉચ્ચ ધોરણે અભ્યાસની ભૂમિકા નિભાવી છે, એમ કહેવામાં કાંઈ અતિશયોક્તિ નથી.

પ્રસ્તુત ગ્રંથ ભારતીય તત્ત્વવિચારની પ્રણાલીઓના અભ્યાસી માટે તેમ જ જીવનને ધર્મમય બનાવીને ચરિતાર્થ બનાવવા મથતા સાધકો માટે ઉત્તમ વાંચન પૂરું પાડે છે. સહૃદયો તેનું ઉચિત સ્વાગત અવશ્ય કરશે એમ નિઃશંક કહી શકાય.

વડોદરા **રામકૃષ્ણ વ્યાસ**
૨૮–૧૦–'૯૪

* * *

પુરુષોત્તમદેવની લઘુપરિભાષાવૃત્તિનું વિવેચનાત્મક અધ્યયન—લેખક ડૉ. વસંતકુમાર મનુભાઈ ભટ્ટ; પ્રકાશક–કાર્યકારી કુલસચિવ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૭, પૃ. ૧૨ + ૭૨૦, કિં. રૂા. ૩૨ = ૦૦.

સ્વતન્ત્ર ભારતમાં સંસ્કૃતભાષા વિષે અને તેમાંની સંશોધન, સમ્પાદન–પ્રક્રિયા વિષે બહુ અપેક્ષાઓ રાખવામાં આવી હતી, પણ જેટલી પ્રવૃત્તિઓ હાથ ઉપર લેવામાં આવી, એમની સારી અસર સર્વત્ર દેખાય છે. પરંતુ સામાન્ય રીતે એવું કહી શકાય કે સંસ્કૃતમાં લખાયેલ શાસ્ત્રોમાં–ન્યાય, વ્યાકરણ, મીમાંસા વિગેરેમાં ઘણીખરી સામગ્રી ઉપલબ્ધ છે છતાં, સંશોધકો એના

'સ્વાધ્યાય', પુ. ૩૦, અંક ૧–૨, દીપોત્સવી–વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૯૨–જાન્યુઆરી ૧૯૯૩, પૃ. ૧૧૯–૧૨૮.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રત્યે આકર્ષાયા છે, એવું ઓછું જોવા મળે છે, કારણ કે આ શાસ્ત્રો ઘણાં અઘરાં છે અને સખત મહેનતની અપેક્ષા રાખે છે, માટે આ શાસ્ત્રોમાં સંશોધન કરવું એ એક સાહસ છે. પણ આવા સાહસી સંશોધકો હાલ ગુજરાતમાં મળે છે, એ આપણું સદ્ભાગ્ય છે. આવા પ્રકારનું ઊંડું અધ્યયન પ્રસ્તુત પુસ્તકમાં ડૉ. વસંતભાઈ ભટ્ટે રજૂ કર્યું છે, એ આનન્દની વાત છે.

પ્રસ્તુત પુસ્તક એટલે ડૉ. વસંતભાઈનો ૧૯૭૮માં ગુજરાત યુનિવર્સિટીમાં પ્રસ્તુત કરેલો મહાનિબન્ધ. આ મહાનિબંધની મૌલિકતા જોઈને ગુજરાત યુનિવર્સિટીએ એ ૧૯૮૭માં પુસ્તકરૂપમાં પ્રકાશિત કરીને બધા વિદ્વાનોને અને જાણકારોને ઉપકૃત કર્યા છે. એટલે જ આ પુસ્તકના લેખક અને પ્રકાશક ધન્યવાદને પાત્ર છે.

પ્રસ્તુત પુસ્તકમાં ત્રણ વિભાગ છે. પહેલા વિભાગમાં સાત પ્રકરણો છે, જેમાં વિવરણ પામેલા મુદ્દાઓ નીચે પ્રમાણે છે:—

(૧) પરિભાષા એટલે શું એ બાબતમાં પ્રસ્તાવનારૂપે ઘણી સારી મૌલિક માહિતી આપવામાં આવી છે. (૨) પાણિનિની પરિભાષા વિશે વિવેચન. (૩) વ્યાડિએ રચેલ પરિભાષાસૂત્ર અને પરિભાષાપાઠ. (૪) વાર્તિકકાર કાત્યાયન અને મહાભાષ્યકાર પતંજલિએ આપેલી પરિભાષાઓનો વિવેચનાત્મક પરિચય. (૫) વિવિધ પરિભાષાઓના કર્તાઓ અને તેમનો સમયનિર્ણય. (૬) પાણિનિ વ્યાકરણસંપ્રદાય અને પાણિનિભિન્ન વ્યાકરણસંપ્રદાયના પરિભાષાપાઠોનું વિવેચન (૭) અન્તે, પુરુષોત્તમદેવનો જીવનસમય અને કૃતિઓ સંબંધી સાધક-બાધક ચર્ચાથી મંડિત વિવેચન.

દ્વિતીય વિભાગમાં ચાર પ્રકરણ છે.

(૮) પુરુષોત્તમદેવની લઘુપરિભાષાવૃત્તિનો સમગ્રપરિચય. (૯) આ પ્રકરણ સૌથી મહત્ત્વનું છે. એમાં લઘુપરિભાષાવૃત્તિનો ગુજરાતી અનુવાદ આપેલો છે અને સાથે સાથે જ આ ગ્રંથની બીજા પરિભાષાગ્રંથો સાથે તુલના કરી છે, જે બહુ જ રસપ્રદ અને પાણ્ડિત્યપૂર્ણ નીવડે છે. (૧૦) આ પ્રકરણમાં પુરુષોત્તમદેવના લઘુપરિભાષાવૃત્તિની આધારસામગ્રીની ચર્ચા કરેલી છે અને છેલ્લે, (૧૧) આ ગ્રંથનું મૂલ્યાંકન.

તૃતીય વિભાગમાં ૭ પ્રકરણો છે અને એ સમગ્રવિભાગ જ આ ગ્રંથનું શિખર છે, એવું કહીએ તો અત્યુક્તિ ન થાય.

(૧૨)(૧) પાણિનીય વ્યાકરણપરંપરાના પરિભાષાગ્રંથોના તુલનાત્મક અભ્યાસની ભૂમિકા ટૂંકમાં આપી છે. (૧૨)(૨) સીરદેવ અને પુરુષોત્તમ. (૧૩) નીલકંઠ અને પુરુષોત્તમ (૧૪) હરિભાસ્કર અને પુરુષોત્તમ (૧૫) નાગેશ અને પુરુષોત્તમ. આ રીતે પુરુષોત્તમદેવના પરવર્તી પરિભાષાગ્રન્થકારોની પુરુષોત્તમદેવ સાથે તુલના કરવામાં આવી છે. (૧૬)મા પ્રકરણમાં આ બધી ચર્ચાઓનો ઉપસંહાર કર્યો છે.

આ ગ્રન્થના અંતે બે પરિશિષ્ટો આપવામાં આવ્યાં છે. પરિશિષ્ટ ૧માં અકારાદિક્રમે પુરુષોત્તમદેવની લઘુપરિભાષાવૃત્તિમાં પ્રાપ્ત થતી પરિભાષાઓ અને પરિશિષ્ટ ૨માં અકારાદિક્રમે વ્યાડિ, પુરુષોત્તમદેવ, સીરદેવ, નીલકંઠ, હરિભાસ્કર અને નાગેશની કૃતિઓમાં મળતી પરિભાષાઓનો ક્રમાંક અને અન્યોન્યપરસ્પરનિર્દેશ આપીને ડૉ. ભટ્ટે પોતાની એક વૈયાકરણને શોભે તેવી ચોકસાઈ બતાવી છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગ્રંથમાં ચર્ચાયેલા મુદ્દાઓ પરથી એ ધ્યાનમાં આવશે કે કઠોર પરિશ્રમથી કેવું ગ્રંથરત્ન સિદ્ધ થાય છે, એમના ઊંડા અધ્યયનની અને મૂલગ્રાહી વિવેચનની જાણ થશે. આ ગ્રંથ જ એમણે સંશોધન માટે શું કામ પસંદ કર્યો એની જિજ્ઞાસા થવી અનિવાર્ય છે. એ બાબતમાં કંઈક કહેવું અસ્થાને ન ગણાય.

સંસ્કૃત વ્યાકરણમાં શબ્દસિદ્ધિ, સૂત્રાર્થનિર્ણય, અને શબ્દાર્થનિર્ણય એવા ત્રણ પ્રવાહ છે અને પાણિનિના અષ્ટાધ્યાયીમાં આવાં સૂત્રો છે, જેમના વડે સૂત્રોના અર્થનો નિર્ણય કરવા અંગે માર્ગદર્શન મળે છે. આવાં સૂત્રોને પરિભાષા કહેવામાં આવે છે, જેને અંગ્રેજીમાં 'Rules of Interpretation' નામે ઓળખવામાં આવે છે. પરિભાષાઓની માહિતી આપનારા આવા બહુ જ ઓછા ગ્રન્થો પ્રાપ્ત થાય છે. આમાં સર્વપ્રથમ ગ્રંથ છે, વ્યાડિનો પરિભાષા-સૂચનગ્રન્થ. પણ એમનું કર્તૃત્વ અને સમય વિવાદમાં ઘેરાયેલાં હોવાથી પુરુષોત્તમદેવનો લઘુ-પરિભાષાવૃત્તિગ્રંથ જ સૌથી પહેલો પરિભાષાવૃત્તિગ્રંથ છે. માટે આ ગ્રંથનું સૂક્ષ્મ અને વિસ્તૃત અધ્યયન બહુ જ ઉપયોગી નીવડશે. પરિભાષાઓની ચર્ચાઓનો ઉદય, તેમનો ક્રમશઃ વિકાસ અને બીજા પ્રમુખ પરવર્તી પરિભાષા ગ્રંથકારો ઉપર એમનો પ્રભાવ અને તેમનું તુલનાત્મક અધ્યયન, સિદ્ધાન્તચર્ચાનો વિચાર, વિકાસ અને એના ઉપયુક્ત અને માર્મિક ઇતિહાસની જાણ–આ મુદ્દાઓ ધ્યાનમાં લઈને ડૉ. વસંતભાઈએ એ વિષય ઉપાડ્યો છે, અને મને જણાવતાં ઘણો આનંદ થાય છે કે આમાં તેઓ સંપૂર્ણપણે યશસ્વી બન્યા છે.

આ ઇતિહાસની ચર્ચા કરતી વખતે ડૉ. વસંતભાઈએ પૂર્વવર્તી વિદ્વાનોના મતોની ચર્ચા કરી છે અને એમના મતોનું પરિશીલન અને ક્યારેક ખંડન પણ કર્યું છે અને એ માટે જે મુદ્દાઓની ચર્ચા કરી છે, એમાં એમની સત્યનિષ્ઠા, નિર્ભયતા, વિચાર અને વૈયાકરણ તરીકે એમના ગુરુવર્યોએ એમનું કરેલ સુદૃઢ ઘડતર, એની પ્રતીતિ થાય છે. નાની ઉંમરમાં જ આટલું તલસ્પર્શી અધ્યયન એમના પરિશ્રમની સાક્ષી પૂરે છે.

પુરુષોત્તમદેવની લઘુપરિભાષાવૃત્તિ અને એની બીજા પરિભાષાગ્રન્થો સાથે કરેલી તુલના એમના ઘનિષ્ઠ જ્ઞાનનો અનુભવ કરાવે છે. મોટા પાયા ઉપર ગુજરાતીમાં થયેલો આ પ્રથમ જ પ્રયત્ન હોવાથી આવકાર્ય છે જ. આવા પ્રકારના બીજા મૌલિક ગ્રન્થો એમની પાસેથી આપણને મળતા રહે એવી આશા રાખીએ.

અન્તે, એક બે મહત્ત્વના મુદ્દાઓ ઉપર ધ્યાન દોરીને વિરમીશું.

આ ગ્રંથ વ્યાકરણશાસ્ત્ર ઉપર છે, માટે અત્યંત ચોકસાઈની અપેક્ષા રાખે છે. પ્રૂફરિડિંગમાં ચોકસાઈ જાળવવાનો ઘણો પ્રયત્ન કર્યા છતાં ઘણીખરી ભૂલો–સંસ્કૃતવચનો, અંગ્રેજી ઉદ્ધરણો અને ગુજરાતીમાં પણ–જોવા મળે છે, એ આ ગ્રંથની એક નબળી બાજુ છે. બીજું એક–બે જગ્યાએ શરતચૂકથી ગુજરાતી ભાષામાં પણ ભૂલો દેખાય છે. ગ્રંથ ગુજરાતીમાં હોવા છતાં ઘણીવાર સૂત્રક્રમાંક વિગેરે અંગ્રેજીમાં આપ્યાં છે, એ પ્રકાશનતંત્રની દૃષ્ટિએ યોગ્ય છે કે નહિ એનો વિચાર કરવો જોઈએ.

આવી નાની તંત્રજન્ય ભૂલો હોવા છતાં ગ્રન્થની યોગ્યતા કે ઉપાદેયતા ઉપર એમની અસર થતી નથી, એ એક આનંદની વાત છે. ફરી લેખક અને પ્રકાશકને શતશઃ ધન્યવાદ.

પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા. **સિદ્ધાર્થ યશવન્ત વાકણકર**

*

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ડૉ. જયંત ખત્રી: સમગ્ર વાર્તાઓ : પ્રકાશક: રજિસ્ટ્રાર, શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલાવિદ્યાપીઠ, ૧, નાથીબાઈ ઠાકરસી રોડ, મુંબઈ ૪૦૦૦૨૦ પ્રથમ આવૃત્તિ: ૧૯૯૪, પૃ. પ૨૮ મૂલ્ય: રૂ. ૨૦૦

સ્વ. જયંત ખત્રી તેમના કુલ ત્રણ વાર્તાસંગ્રહો 'ફોરાં', 'વહેતાં ઝરણાં' અને 'ખરા બપોર'થી વાર્તાકાર તરીકે પ્રસિદ્ધ છે. વાર્તાકાર તરીકેની તેમની મૌલિકતાએ અત્યાર સુધી વાર્તારસિકોનું ધ્યાન ખેંચ્યું છે. એમની વાર્તાકલાનાં ઝાઝાં અનુકરણો થયાં નથી, કહો કે થઈ શકયાં નથી. પ્રગતિવાદ તેમના જમાનામાં સમકાલીન પરિબળ હતો. વાસ્તવવાદ પણ પૂરા બળથી ગાંધીયુગના પ્રતાપે પાંગર્યો હતો છતાં કૌતુકવાદનાં વળતાં પાણી એમની વાર્તાઓ પૂરતાં તો નથી થયાં એ ઘટના નોંધ લેવા જેવી લાગે છે. આવા વાર્તાકારની સમગ્ર વાર્તાઓ અહીં ગ્રન્થસ્થ થઈ છે, તે જયંત ખત્રીની વાર્તાકલાના અભ્યાસ માટે તેમ જ ગુજરાતી વાર્તાસાહિત્યના ઇતિહાસની એક નોંધવા જેવી કડી તરીકે જરૂરી પણ છે. ખત્રીની મર્યાદાઓ તેમ જ વિશિષ્ટતાઓ બંનેનો તોલ આ દળદાર ગ્રંથ વડે કરી શકાય તેમ છે.

વાર્તાકાર તરીકે ખત્રી કેટલીક વિચારધારાઓને આકાર આપવાનો પ્રયત્ન કરે છે ત્યાં કશુંક મહત્ત્વનું બળ ખૂટતું લાગે છે અને વાર્તા નરી ચર્ચામાં સરી પડે છે તેનું ઉદાહરણ 'અમે બુદ્ધિમાનો' જેવી કૃતિમાંથી જડે છે પણ બીજી તરફ માનવીના આદિમ અને રહસ્યમય એવા કશાક Boingના પ્રવર્તનનું નિરૂપણ કરવામાં જ્યાં તેમની કલમ ઉદ્યત થાય છે ત્યારે કલાત્મક પરિણામો અને પરિમાણો નીપજાવે છે તેનાં અસંખ્ય દૃષ્ટાંતો મળી શકે તેમ છે. 'લોહીનું ટીપું', 'ધાડ', 'ખરા બપોર', 'માટીનો ઘડો', 'તેજ, ગતિ અને ધ્વનિ' આ પ્રકારની બળકટ રચનાઓ બની છે. 'લોહીનું ટીપું'માં લુહારીકામ કરતા બેચરનું પાત્ર ધાડપાડુનું છે છતાં ખલ નથી બનતું એ તેના પાત્રનો વિશેષ છે. જશવંત શેખડીવાળા જેવા વિવેચકે 'હેમિંગ્વેની સ્પષ્ટ અસર લેખક ઉપર પડી હોવાનું' નિદાન કર્યું છે. (જુઓ: 'ચાંદની' માસિકનો નવેંબર/૧૯૬૨નો અંક) 'કાળો માલમ' જેવી વાર્તા આ નિદાનની સાબિતી પણ આપે તેમ છે. આઈરિશ લેખક સિંજની કૃતિઓમાં દરિયાઈ પ્રદેશ જેમ એક સક્રિય પાત્ર બની રહે છે તેમ ખત્રીની આ 'કાળો માલમ' ઉપરાંત 'ખરા બપોર' 'ધાડ' વગેરે કૃતિઓમાં રણપ્રદેશ અને 'દરિયાઈ પ્રદેશ functional બની રહે એવા સ્વરૂપે આલેખાયાં છે. 'કાળો માલમ' વાર્તામાં કાળો માલમ અજાણતાં જ ભાઈની પત્ની સાથે દેહસમ્બન્ધ બાંધી બેસે છે એવી પરિસ્થિતિનું નિર્વહણ આકસ્મિક છતાં પ્રતીતિકર બન્યું છે તે વાર્તાકલાનો વિજય છે. ત્યાર પછી સ્વ. ચુનીલાલ મડિયાએ પણ આ જ કથાવસ્તુને કેન્દ્રમાં રાખીને 'ચંપો અને કેળ' વાર્તાની રચના કરેલી. બંનેની તુલના કરતાં વાર્તાકાર તરીકે ખત્રીની વિશિષ્ટતાઓ પામી શકાય તેમ છે.

'બંધ બારણા પાછળ', 'ખીચડી' વગેરે કૃતિઓમાં સ્ત્રીના મનોજીવનની પડછે તેના વાસ્તવિક સમાજજીવનને મૂકીને નાટ્યાત્મક પરિસ્થિતિ સરજી આપી છે. 'મહમદ' અને 'કિરપાણ' બંને ખત્રીની લાક્ષણિક વાર્તાઓ છે. 'લાક્ષણિક'નો અર્થ Typical કરવાનો છે. ખત્રીની અનેક વાર્તાઓ તેનાં પાત્રોનાં વ્યક્તિત્વની વિલક્ષણતાઓના આલેખનમાં રાચતી હોય છે જેમ કે 'દામો અરજણ', 'આનંદનું મોત' વગેરે 'મહમદ' અને 'કિરપાણ' રચનાઓ પણ તેમનાં મુખ્ય પાત્રો મહમ્મદ અને પન્નાની સાંવેદનિક, વૈચારિક અને વાર્તનિક વિલક્ષણતાઓનાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિરૂપણથી ઠીક ઠીક ભરેલી છે. પાત્રની કશીક વિલક્ષણતાને ધાર આપી ઉપસાવવા માટે પ્રસંગો અને પરિસ્થિતિઓનું ગૂંથાયેલું જાળું કલાનો કોઈ વિશેષ દાખવે છે કે કેમ એવો પ્રશ્ન પૂછવો જરૂરી અને વાજબી છે નહિ તો એવી રચનાઓ case–history બની રહે. 'મહમદ' અને 'કિરપાણ' કૃતિઓમાં કોઈ કલોન્મેષ વરતાતો નથી. તે જ પ્રમાણે નિરૂપણરીતિનું નાવીન્ય 'પ્રતાપ, ઓ પ્રતાપ'માં છે પણ તે રસની એકત્વપૂર્ણ અસર ઉપસાવવામાં નિષ્ફળ જતી લાગે છે. 'કૃષ્ણજન્મ' રચના, સુરેશ જોષીની 'જન્મોત્સવ' રચના સાથેના વિષયના સામ્યને કારણે બહુચર્ચિત બની છે. સામ્ય ફક્ત વિષયનું જ છે બાકી બંને કૃતિઓનું Aesthetics સાવ અલગ છે. 'કૃષ્ણજન્મ' એ વાસ્તવવાદ અને પ્રગતિવાદની ફલશ્રુતિ છે જ્યારે સુરેશ જોષી પ્રસંગો અને પરિસ્થિતિઓનાં સંનિધિકરણોનો પ્રયોગ કરી જોવા મથે છે. તેથી મારા મતે એ બે કૃતિઓની સરખામણી અપ્રસ્તુત બની રહે. છતાં ડૉ. સુરેશ દલાલે એ બે કૃતિઓની તુલના કરી જ કરી અને ખત્રીની વાર્તાને સાધન બનાવી સુરેશ જોષીના આગવા રસશાસ્ત્રને જાણવા છતાં અવગણ્યું ! આવી તુલનાઓ મુગ્ધ ભોળા રસિકોને ભોળવી શકે ખરી પણ મૂળે અપ્રસ્તુત હોય છે એ ધ્યાનમાં રાખવું જોઈએ.

ખત્રીની વાર્તાકાર તરીકેની ઓળખ તો 'ખરા બપોર'ની 'ધાડ' 'માટીનો ઘડો' અને 'ખરા બપોર' જેવી રચનાઓ આપે છે. પ્રકૃતિ અને પાત્રની આંતરિક પ્રકૃતિનું સમાન્તરીકરણ ટૅકનિક અને પ્રતીકના વિનિયોગની શક્તિનો પરિચય કરાવનારું છે. 'માટીનો ઘડો'માં પણ સ્થૂળ પાણીની વાત પરથી ધીમે ધીમે છટાથી પ્રેમની વાત પર આવી જતા સાહેબ અને રાણુલનો સંવાદ ખત્રીની ભાવ–આલેખનકલાનો ઉત્કૃષ્ટ નમૂનો છે.

આમ, આ દળદાર સંચય સ્વ. જયંત ખત્રીની વાર્તાકાર તરીકેની તમામ સિદ્ધિઓ અને મર્યાદાઓનું પણ યથાર્થ મૂલ્યાંકન માટેની સામગ્રી પૂરી પાડે છે અને ઘણા ઘણા વખતથી અપ્રાપ્ય એવા સંગ્રહો આમ એક સાથે ઉપલબ્ધ થાય છે તે બદલ પ્રકાશક સંસ્થા મહિલા વિદ્યાપીઠ અવશ્ય અભિનંદનની અધિકારિણી છે.

વિદ્યાભવન પાસે, માળ પર, **વિજય શાસ્ત્રી**
એમ. ટી. બી. કૉલેજ કેમ્પસ, અઠવા લાઈન્સ
સૂરત ૩૯૫ ૦૦૧, ફોન ૬૪૮૧૦૦ (R.)

* * *

સામાજિક નાટ્ય, એક નૂતન ઉન્મેષ : વિજય તેંડુલકર : લેખક : શ્રી ઉત્પલ ભાયાણી, પ્રકાશક : શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ, મુંબઈ–૨૦, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૩, પૃષ્ઠ સંખ્યા : ૧૦૪, મૂલ્ય : રૂ. ૫૦/–, વિક્રેતા : નવભારત સાહિત્ય મંદિર.

સામાજિક નાટ્યની સાચી સમીક્ષા

શ્રી ઉત્પલ ભાયાણીએ મ. સ. યુનિ. વડોદરાના ગુજરાતી વિભાગના ઉપક્રમે ભોગીલાલ સાંડેસરા વ્યાખ્યાનમાળા અંતર્ગત ૧૯૮૮માં, વિજય તેંડુલકરનાં સામાજિક નાટકો વિષે જે વ્યાખ્યાનો આપેલાં તે સર્જકની કેફિયત સાથે ૧૯૯૩માં પુસ્તકરૂપે પ્રગટ થાય છે એ નાટ્યવિવેચન-ક્ષેત્રે એક સુખદ ઘટના છે. અન્ય નાટ્યસ્વરૂપોની સરખામણીમાં આજના પ્રેક્ષકે જેને સૌથી વધુ સ્વીકાર્યું છે તેવા સામાજિક નાટકના સ્વરૂપમાં સુધારો કરવાથી આપણી રંગભૂમિ પર દૂરગામી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અસર ઊભી થઈ શકશે એવી માન્યતાથી અને આજના આપણાં સામાજિક નાટકો સંકુચિત થતાં થતાં કેવળ કૌટુંબિક નાટકો બની રહે છે તે તરફ ધ્યાન દોરવાના આશયથી પ્રેરાઈને તેમણે વ્યાખ્યાનો માટે વિજય તેંડુલકરનાં સામાજિક નાટકો પસંદ કર્યાં છે.

વ્યક્તિનાં સામાજિક પાસાં સાથે કામ પાડતાં સામાજિક નાટકોમાં વિજય તેંડુલકરે જે વિશિષ્ટ પ્રદાન કર્યું છે તેની વિશદ ચર્ચા કરવા માટે લેખકે આ નાટકોને ચાર વિભાગમાં વહેંચ્યાં છે. પહેલો વિભાગ તે સામાજિક સમસ્યાને વિશિષ્ટ સ્વરૂપે રજૂ કરતાં નાટકો જેમાં 'ઘાસીરામ કોતવાલ' અને 'શાંતતા, કોર્ટ ચાલૂ આહે'નો સમાવેશ કરવામાં આવ્યો છે. આ બંને નાટકોનું સૌથી આકર્ષક પાસું એમનું સ્વરૂપ છે. પહેલામાં 'માનવદીવાલ' અને બીજામાં 'અદાલતની રમત' વિશિષ્ટ છે. સમગ્ર બૌદ્ધિક અને સંસ્કારી વર્ગનું પ્રતિનિધિત્વ કરતા ૧૨ જેટલા ઉચ્ચકુળના મરાઠી બ્રાહ્મણોનો સમૂહ, સંનિવેષના વિકલ્પરૂપે માનવદીવાલ રચે છે અને લંપટ ને વિલાસી એવા નાના ફડનવીસના દુષ્કૃત્યોને સતત ઢાંકતો રહે છે. અહીં સતત બાર પાત્રોનાં વિવિધ દૃશ્યોમાં ભાગ લેવાને કારણે બૌદ્ધિક વર્ગની નપુંસકતા અને સંસ્કારનો દંભ ખુલ્લો થતો રહે છે. માનવદીવાલની આ એક પ્રયુક્તિથી સમગ્ર રજૂઆત બૃહદ્ બની જાય છે. ઇતિહાસ અને રાજકારણને સાંકળી લેવા છતાં એક મૂળભૂત સામાજિક સમસ્યા અહીં રજૂ થાય છે. બૌદ્ધિકો અને શ્રેષ્ઠીઓ બંનેના સામાજિક ઉત્તરદાયિત્વનો વિવાદ આ બાર બ્રાહ્મણો કશું જ બોલ્યા વગર આપણા પર છોડી જાય છે એવું લેખકનું તારણ છે. માનવદીવાલની આ પ્રયુક્તિ નાટકને વિશિષ્ટ સ્વરૂપ પ્રદાન કરે છે તો અદાલતની રમત 'શાંતતા, કોર્ટ ચાલૂ આહે' નાટકને એક આગવું સ્વરૂપ બક્ષે છે. અદાલતની રમતની પ્રેરણા ભલે ડ્યુરેનમાટના 'ડેન્જરસ-ગેઈમ'થી મળી હોય તેમ છતાં ન્યાયતંત્ર, સામાજિક વ્યવસ્થા અને એક મધ્યમવર્ગીય સ્ત્રીનું સ્વાતંત્ર્ય—આ ત્રણેને પૂરેપૂરા ભારતીય સંદર્ભમાં એક સાથે તેંડુલકર રજૂ કરી શકે છે ને એમાં જ એમની સર્જકતા રહેલી છે. ડ્યુરેનમાટના કાયદાશાસ્ત્રીઓની દીવાનખંડમાં ભજવાતી રમત કરતાં અનેકગણી સંકુલ રમત, આપણા સામાજિક સંદર્ભને આત્મસાત્ કરી ભજવાય છે એટલે શૈલીના અનુકરણનો આક્ષેપ આંશિક ઠરતો હોવાનું લેખક માને છે.

સામાજિક સમસ્યાને પ્રહસન સ્વરૂપે રજૂ કરતા વર્ગમાં લેખકે એક જ નાટક લીધું છે, 'પાહિજે જાતિચે' જેમાં 'જાતિ' કરતાં કથળી ગયેલી શિક્ષણવ્યવસ્થા જ કટાક્ષનું કેન્દ્ર બને છે. શિક્ષણ અને શૈક્ષણિક જગતનું આપણા આજના સમાજમાં જે રીતે પતન થયું છે તે તરફ, ચોંકી જવાય તેટલી હદે તેંડુલકર આ નાટક દ્વારા આપણું ધ્યાન દોરે છે. પરિસ્થિતિને અંતિમ કક્ષાએ લઈ જઈને વાત કરવી એ તેંડુલકરની લાક્ષણિકતા આ નાટકમાં છતી થાય છે એવો લેખકના કથનનો સૂર છે.

'કમલા' અને 'કન્યાદાન' આ બે નાટકો સાંપ્રત સામાજિક સમસ્યાને રૂઢિગત સ્વરૂપે રજૂ કરતાં નાટકો છે. બંને નાટકનો વિષય જેને current issue કહેવાય એવો છે. 'કમલા' અન્વેષણાત્મક પત્રકારિત્વ investigative journalism ના જોખમ તરફ અંગુલિનિર્દેશ કરે છે તો 'કન્યાદાન' આદર્શના મોહમાં સવર્ણો અને દલિતોના આંતર સંબંધથી ઊભી થતી સમસ્યા વિશે વાત કરે છે. આ બંને તીવ્ર સમસ્યાઓના નિરૂપણ માટે તેંડુલકર રૂઢિગત સ્વરૂપનો આશરો લે છે અને વિશિષ્ટ સ્વરૂપ પ્રયોજવા પરત્વે ઉદાસીન રહે છે. પ્રોસિનિયમ આર્ચ પર ફોકસ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સેટમાં જ, આપણા એ ચિરપરિચિત મધ્યમ વર્ગના કૌટુંબિક વાતાવરણમાં આ બંને સમસ્યાઓ આકાર પામે છે. આ રૂઢિગત સ્વરૂપ પસંદ કરેલા વિષયની દૃષ્ટિએ આવશ્યક છે તેમ છતાં સ્વરૂપ અહીં સામાન્ય રહે છે એની લેખક નોંધ લે છે. વળી અહીં એક ઉપદેશકની જેમ પત્રકાર જયસિંહ જાદવની પત્નીના મુખે સ્ત્રી–સ્વાતંત્ર્ય અને સમાનતાની વાત કરે છે તે કૃતિ માટે હાનિકર્તા નીવડે છે. 'કમલા' નાટક દ્વારા નાટ્યકાર, "ઈન્વેસ્ટીગેટીવ જર્નાલિઝમ ઘણી વખત સત્યની શોધનું માત્ર મહોરું જ પહેરે છે. એનો અસલ ચહેરો તો સ્વપ્રસિદ્ધિનો હોય છે." એવું સિદ્ધ કરવા મથે છે તો વર્ગભેદની સમસ્યાનું સામાજિક પાસું નિરૂપતા 'કન્યાદાન' નાટક દ્વારા "સવર્ણ અને દલિતોની જીવનપદ્ધતિમાં, એમની મૂલ્યવ્યવસ્થામાં આજે એટલું અંતર પડી ગયું છે કે ગમે તેટલું શિક્ષણ મેળવવા છતાં આ બંને વર્ગના કોઈ પણ સભ્ય માટે પરસ્પર સ્વીકાર શક્ય નથી" એ પુરવાર કરવાની મથામણ કરે છે એવા તારણ પર લેખક આવે છે.

'સામાજિક સમસ્યા અને જાતીયતા ને હિંસાનું આધિપત્ય' આ વિભાગ અંતર્ગત લેખકે 'બેબી', 'ગીધાડે' અને 'સખારામ બાઈન્ડર'–આ ત્રણ નાટકોનો સમાવેશ કર્યો છે. ગ્રામસમાજમાં હિંસાના અભ્યાસને લગતા વિષય માટે નહેરુ ફેલોશીપ મેળવનાર તેંડુલકરે આ નાટકોમાં, જ્યાં વાણી અને વર્તનમાં હિંસા અને અશ્લીલતા સહજ છે એવા સમુદાયનું અસલ સ્વરૂપે કશી શેહશરમ રાખ્યા વિના નિરૂપણ કર્યું છે. 'બેબી'માં નાટ્યકારે બેબીની કૂતરી બનવાની, રંગમંચ પર જ ઉદ્દભવી શકે એવી અદ્દભુત પ્રયુક્તિ અપનાવી છે જે માનસિક અને ભૌતિક બંને સ્થિતિને એક સાથે નાટ્યાત્મકતાથી રજૂ કરી શકે છે અને એટલે વાસ્તવિકતા ઝંખવાવાને બદલે ધારદાર બને છે એવો લેખકનો અભિપ્રાય છે. 'ગીધાડે'માં સામાન્ય વાચકને કે પ્રેક્ષકને સૌથી વધારે અકળાવી મૂકે એવું અંગ પાત્રોની ભાષા છે. પોતાના મનનો મેલ કાઢવા અહીં પાત્રો ગાળોનો છૂટથી ઉપયોગ કરે છે પણ આ ગાળો અને પાત્રોની બરછટ ભાષા આ નાટકનું લક્ષ્ય નથી, એ તો સાધનમાત્ર છે અને એટલે જ આવી ભાષા હોવા છતાં આ નાટક હલકું બની જતું નથી. નાટકમાં આવતાં ચારે પાત્રો પિશાચી છે પરંતુ એ આપણા જ માનસનાં પ્રતિબિંબ છે. સભ્યતા ને સંસ્કૃતિનો બુરખો પહેરી રાખવાથી આપણી પાશવી વૃત્તિઓ વધુ ને વધુ તીવ્ર બનતી જાય છે. સભ્યતા કે સંસ્કૃતિ માનવીની ચામડીની નીચે ઊતર્યાં જ નથી એ આપણી કરુણતા છે ને આ કરુણતાનું તેંડુલકરે અહીં નિર્લજ્જ પ્રદર્શન કર્યું છે એવું લેખકનું મંતવ્ય છે. લગ્નનાં સામાજિક અને પ્રેમનાં વૈયક્તિક બંધન વગરનો સ્ત્રીપુરુષનો સાથે રહેવાનો પ્રયાસ 'સખારામ બાઈન્ડર'માં પ્રગલ્ભતાથી નિરૂપાયો છે. 'ગીધાડે'ની જેમ અહીં પણ સખારામ કે ચંપાની ભાષા અને વ્યવહાર સુરુચિવાળાથી તો સહન થાય એવાં નથી; માત્ર એટલું જ નહીં. અહીં તો જાતીયતાની દૃષ્ટિએ પણ સહશયનનાં ઉઘાડાં દૃશ્યો થકી નરી વાસ્તવિકતા રજૂ થઈ છે. જો કે એ પાછળ સસ્તી પ્રસિદ્ધિ મેળવવાનો સર્જકનો કોઈ આશય નથી. ભાષા અને વર્તનમાં હિંસા અને જાતીયતાની અનિવાર્યતા કૃતિમાંથી આપોઆપ સિદ્ધ થાય છે એવી લેખકની માન્યતા છે.

લેખકે અહીં વિજય તેંડુલકરનાં તમામ ૨૬ નાટકો વિશે ચર્ચા કરવાની જગ્યાએ પોતાને જે પ્રતિનિધિ સામાજિક નાટકો લાગ્યાં તેની ચર્ચાવિચારણા કરી છે. તેંડુલકરનાં પ્રતિનિધિરૂપ સામાજિક નાટકોનું સ્વરૂપના વિનિયોગની દૃષ્ટિએ વર્ગીકરણ કરી તેમની સર્જકતા પામવાનો પ્રયાસ કર્યો છે. આ માટે નાટકો માત્ર કૌટુંબિક અથવા આ કે તે કુટુંબની કોઈ ચોક્કસ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અસામાન્ય ઘટના બનવાને બદલે આપણે જે સમાજમાં રહીએ છીએ એને સ્પર્શતા પ્રશ્નો તખ્તા પર મૂકવાનું સામર્થ્ય ધરાવે છે તે સ્પષ્ટ કરવાનો સંનિષ્ઠ પ્રયત્ન કર્યો છે તેમ છતાં મૂળે તો આ ગ્રંથસ્થ થયેલાં વ્યાખ્યાનો છે, અને આ વ્યાખ્યાનોની નિશ્ચિત સમયમર્યાદા પ્રસ્તુત પુસ્તકને પ્રત્યેક નાટકની સુદીર્ઘ વિવેચના કરતો એક તલસ્પર્શી વિવેચનગ્રંથ બનતો અટકાવે છે.

આ વ્યાખ્યાનોના અંતે લેખકે વિજય તેંડુલકર પોતે પોતાનાં આ નાટકો વિશે શું કહે છે તેની કેફિયત પરિશિષ્ટરૂપે મૂકી છે જે નાટકનું કથાબીજ કે પાત્રોનાં વ્યક્તિત્વની આછી રેખાઓ વાસ્તવિક જીવનમાં પોતાને કયાં અને કેવી રીતે મળી આવ્યાં તેનો આલેખ છે અને તે કયાંક કયાંક આરોપો સામેનું બચાવનામું પણ બની રહે છે. મહારાષ્ટ્રના પ્રમાણમાં નાના કહી શકાય એવા લોકનાટ્ય–ખેળેની ભજવણી જોઈ. માનવદીવાલની વિભાવના 'ઘાસીરામ કોતવાલ'માં કઈ રીતે પ્રયોજી તેની વાત, 'શાંતતા, કોર્ટ ચાલૂ આહે' નાટક નાટ્યસ્પર્ધામાં રંગાયન સંસ્થા ભાગ લઈ શકે તે માટે નાટક લખવાની ઊભી થયેલી જરૂરિયાતમાંથી કેવી રીતે લખાયું તેનું બયાન, પોતાના એક અધ્યાપક મિત્રના સ્વમુખે કહેલી આપવીતીમાંથી 'પાહિજે જાતિચે' નાટકનું કલેવર કેવી રીતે ઘડાયું તેની ચર્ચા, 'કન્યાદાન' નાટકમાં મનુષ્યને તેની ચોક્કસ વૃત્તિઓથી જુદો પાડવો અશકય છે, જે લોહીમાં વણાઈ ગયું હોય તેને અલગ કરવું અસંભવિત છે એ મુદ્દો કેન્દ્રસ્થાને છે, દલિતનું પાત્ર નહીં એવું ભારપૂર્વક કથન, પોતે યુવાન હતા ત્યારથી વવાયેલું 'ગીધાડે' નાટકનું બીજ અને તેના ક્રમશઃ વિકાસનો આલેખ, 'બેબી'માં છોકરીને ચાર પગે ચલાવવાની પ્રયુક્તિના ઉદ્ભવસ્થાન વિશેની ભૂમિકા તથા પોતાના મિત્ર એક લાક્ષણિક માણસ વિશે કરેલી વાત પરથી સૂઝી આવેલા 'સખારામ બાઈન્ડર'ના પાત્રની ઘટના–એમ પોતાનાં નાટકોનાં મૂળ અને કુળ વિશે છણાવટ કરતી આ કેફિયત, તેંડુલકર, જીવાતા જીવન અને લખાતા નાટક સાથે કેવી રીતે કામ પાડે છે તેનો ચિતાર આપે છે. કથાબીજ કે પાત્રના વ્યક્તિત્વની આછીપાતળી રેખા જીવાતા જીવનમાંથી મળી આવ્યાં હોવા છતાં નાટ્યકાર નાટક લખતી વેળા પોતાની સર્જનપ્રક્રિયા વડે એને કેવો કલાત્મક ઘાટ આપે છે એનો આ બોલતો પુરાવો છે. પસંદ કરેલાં નાટકો સંબંધી એક બાજુ પોતાની વિચારણા અને બીજી બાજુ લેખકનાં પોતાનાં મંતવ્યો સામસામા મૂકીને શ્રી ઉત્પલ ભાયાણીએ સાચે જ નાટકના વિવેચન–દર્પણનું કામ કર્યું છે.

નાટ્યવિભાગ,
ફેકલ્ટી ઑફ પરફૉર્મિંગ આર્ટ્સ,
મ. સ. યુનિ., વડોદરા.

મહેશ ચંપકલાલ

* * *

ભવાઈ : નટ, નર્તન અને સંગીત, લેખક : ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા, પ્રકાશક : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ–૬; પ્રથમ આવૃત્તિ : ૧૯૯૪, પૃષ્ઠસંખ્યા : ૨૪૪, કિંમત : રૂ. ૫૮ = ૦૦.

ભવાઈ વિશેનો શાસ્ત્રીય અને સંશોધનાત્મક એવો પ્રથમ ગ્રંથ—

ભવાઈનું સ્વરૂપ તથા તેનું શાસ્ત્ર શોધી કાઢવાની મથામણ અને જાગરણના ફળસ્વરૂપે લખાયેલો ગ્રંથ 'ભવાઈ : નટ, નર્તન અને સંગીત' સાચા અર્થમાં ભવાઈ વિશેનો શાસ્ત્રીય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને સંશોધનાત્મક એવો પ્રથમ ગ્રંથ બની રહે છે. ભવાઈનું સ્વરૂપ સ્પષ્ટ કરી આપવાની સાથે સાથે લોકનાટ્ય તરીકેના તેના સ્વરૂપને કશી હાનિ ના પહોંચે તે રીતે તેમાં નવાં તત્ત્વો આમેજ કરી તેને વધુ સમૃદ્ધ અને સાંપ્રત યુગમાં વધુ સાર્થક કેવી રીતે બનાવી શકાય તે અંગે સૂચનો કરવાં તે લેખકનો મુખ્ય આશય છે. તેમણે ગ્રંથને મુખ્યત્વે ત્રણ અધ્યાયોમાં વિભક્ત કર્યો છે. પ્રથમ અધ્યાયમાં નટ ચાચરમાં કઈ રીતે આવે છે ત્યાંથી માંડી પાત્ર–ચરિત્ર કઈ રીતે કરી બતાવે છે તેની વિશદ છણાવટ કરી છે. ભવાઈની અભિનયશૈલીનું વિશ્લેષણ કરવા માટે તેમણે અસાઈતથી માંડી ગ્રોટ્સ્કીના તાદાત્મ્યનિવારણ સુધીનાં અદ્યતન ઓજારોનો વિનિયોગ કર્યો છે. આધુનિક પરિભાષા દ્વારા ભવાઈની અભિનયપ્રક્રિયા સ્પષ્ટ કરી આપતી વેળા તેમણે ભવાઈનું સ્વરૂપ અકબંધ રહે ને છતાંય તેમાં સમયની માંગ પ્રમાણે નટ, નવાં તત્ત્વો કેવી રીતે સામેલ કરી શકે તે અંગેનાં સર્જનાત્મક સૂચનો કર્યાં છે. પોતે નિહાળેલા ભવાઈપ્રયોગોનું સતત અનુસંધાન જાળવી તેમણે આ સહેલાઈથી પ્રયોજી શકાય તેવાં આગવાં સૂચનો આપ્યાં છે. ભવાઈનો નટ, પરંપરાગત અભિનય શૈલી અને આધુનિક અભિનય શૈલીનો સમન્વય સાધી કેવાં નવાં પરિમાણો સિદ્ધ કરી શકે છે તે, નાટ્યના વિદ્યાર્થીઓ અને ભાવકોને સરળતાથી સમજાય તેવી શૈલીમાં સમજાવ્યું છે. જો કે ભવાઈમાં પ્રયોજાતા અભિનયને આંગિક, વાચિક અને સાત્ત્વિક એમ ત્રણ વિભાગોમાં વહેંચી તેનું પૃથક્કરણ કર્યું હોત તો તે નાટ્યના વિદ્યાર્થીઓને માટે વધુ સરળ બનત એવું મારું અંગતપણે માનવું છે.

દ્વિતીય અધ્યાયમાં નાટ્યશાસ્ત્ર, અભિનયદર્પણ તથા અન્ય શાસ્ત્રીય ગ્રંથોનું દોહન કરી તેમ જ પોતે નિહાળેલાં પાશ્ચાત્ય શૈલીનાં નૃત્યોની સ્વરૂપગત વિશેષતાઓ ધ્યાનમાં રાખી તેમણે, ભવાઈના નર્તનને વિકસાવવા, સ્વરૂપ તૂટે ના તે રીતે, ભારતીય શાસ્ત્રીય નૃત્યો, અન્ય લોકનર્તનો તથા પાશ્ચાત્ય નૃત્યશૈલીઓનો કઈ રીતે ઉપયોગ થઈ શકે તે ખૂબ ઊંડાણથી અને વિગતે સંશોધનાત્મક પદ્ધતિએ બતાવ્યું છે. ભવાઈની મૂળભૂત સાત પ્રકારની પદગતિઓ સચિત્ર સમજાવી ભવાઈના નર્તનમાં ચારી, અંગહાર, કરણ, મણ્ડલ, રેચક, સ્થાન, હસ્તમુદ્રા વિગેરે શાસ્ત્રીય શૈલીનાં નૃત્યોનાં અંગભૂત તત્ત્વોનો વિનિયોગ તેના અસલ સ્વરૂપને કશી હાનિ ના પહોંચે તે રીતે ભવાઈમાં કેવી રીતે સાધી શકાય તે લેખકે ભવાઈના કલાકારો અને નાટ્યના વિદ્યાર્થીઓ ઝટ સમજી શકે તેવી સરળ અને સચોટ શૈલીમાં, સતત ઉદાહરણો આપતા રહી સમજાવ્યું છે જે આ પુસ્તકનું સૌથી મોટું જમા પાસું છે.

શબ્દોમાં ઉતારવા અશક્ય હોય તેવા ભવાઈના સંગીતને ખૂબ જ જહેમત કરી લેખકે ત્રીજા અધ્યાયમાં ઉતારી આપ્યું છે. શાસ્ત્રીય સંગીત કરતાં ભવાઈનું સંગીત કઈ રીતે જુદું પડે છે તેની ઉદાહરણો સાથે ચર્ચા કરી છે. "માત્રાઓના કાળ ગણીને તથા સ્વરલેખન કરીને, કદી ના નોંધાયા હોય એવા ભવાઈના સંગીત અંગેનું અઘરું અને કષ્ટપ્રદ કાર્ય કરીને શ્રી કડકિયાએ આ ક્ષેત્રમાં એક ઉપકારક કાર્ય કર્યું છે. એમાંનાં લોકગીતોનું સંગીત અવરોહમાં ગવાય છે એમ કહીને વૈદિક ગાનના સમયથી ગવાતી આ અવરોહગાનની પ્રણાલિકા તેમણે યાદ કરી છે. ગોપાલ નાયકના પ્રદાનને ગૂલવીને તથા બિલાવલ મેલનો ઉપયોગ અસાઈતના સમયે શરૂ થયો હતો એમ કહીને તેમણે ભવાઈના સંગીતનું ભારોભાર ગૌરવ કર્યું છે" એવો અમુભાઈ દોશી જેવા સંગીતવિદ્‌નો અભિપ્રાય આ સંદર્ભમાં અવશ્ય નોંધી શકાય. ભવાઈનાં વિવિધ વાદ્યો, તાલ, લય વિશેની તેમ જ ભવાઈમાં ભવાઈતબલચી જ કેમ બોલાવવો પડે તે અંગેની સૂક્ષ્મ અને શાસ્ત્રીય ચર્ચા તથા ભવાઈમાં માન કઈ રીતે આપવામાં આવે છે તે અંગેની તેમ જ ભૂંગળ અને તેના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શેક વિશેની ઝીણવટભરી ને વિગતપ્રચુર ચર્ચા આ ગ્રંથને ભવાઈ વિશેના શાસ્ત્રીય અને સંશોધનાત્મક એવા અપૂર્વ ગ્રંથનો મોભો આપે છે.

સાહિત્યના અને નાટ્યશિક્ષણના વિદ્યાર્થીઓ ઉપરાંત રંગમંચના ભાવકો, શિક્ષકો, દિગ્દર્શકો, ટી.વી. જેવાં માધ્યમો સાથે કામ પાડનાર કસબીઓ, ભવાઈકલાકારો વિગેરે સૌને આ ગ્રંથ ખૂબ જ ઉપકારક અને માર્ગદર્શન પૂરું પાડનાર ગ્રંથ બની રહેશે એવી પુસ્તકના પરામર્શક અને જાણીતા ભવાઈવિદ્ પ્રા. જનક એચ. દવેએ વ્યક્ત કરેલી શ્રદ્ધા આ ગ્રંથનું ગૌરવ વધારે છે.

નાટ્યવિભાગ, ફેકલ્ટી ઑફ પરફૉર્મિંગ આર્ટ્સ, **મહેશ ચંપકલાલ**
મ. સ. યુનિ. વડોદરા.

* * *

: સાભાર સ્વીકાર :

૧ **ડૉ. જયંત ખત્રી : સમગ્ર વાર્તાઓ :** પ્રકાશક : રજિસ્ટ્રાર, શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ, ૧, નાથીબાઈ ઠાકરસી રોડ, મુંબઈ–૪૦૦ ૦૨૦, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૪, પૃ. ૧–૨૪ + ૫૦૪, કિંમત રૂા. ૨૦૦/–

૨ **ધી બૉમ્બ પાર્ટી** : લે. ગ્રેહામ ગ્રીન, અનુ. જયા મહેતા અને જશવંતી દવે, પ્રકાશક : રજિસ્ટ્રાર, શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ, ૧, નાથીબાઈ ઠાકરસી રોડ, મુંબઈ–૪૦૦ ૦૨૦, પ્રથમ આવૃત્તિ–૧૯૯૪, પૃષ્ઠ: ૧૨૮, મૂલ્ય: રૂા. ૬૦/–.

૩ **સાંપ્રત સહચિંતન, ભાગ–૫ :** લે. રમણલાલ ચી. શાહ, પ્રકાશક : રમણલાલ ચી. શાહ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪, પ્રથમ આવૃત્તિ, જૂન ૧૯૯૪, પૃષ્ઠ : ૮ + ૧૯૬, કિંમત: રૂા. ૨૫/–.

૪ **કવિ જયવંતસૂરિકૃત નેમિનાથ–રાજિમતી બારમાસા :** સંશોધક–સંપાદક : શિવલાલ જેસલપુરા, પ્રકાશક : ચીમનલાલ જે. શાહ, મુંબઈ જૈન યુવક સંઘ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪, પ્રથમ આવૃત્તિ, ઑગસ્ટ ૧૯૯૪, પૃષ્ઠ: ૧–૪ + ૬૦, કિંમત: રૂા. ૧૫/–.

૫ **ભવાઈ: નટ, નર્તન અને સંગીત :** લે. કૃષ્ણકાન્ત કડકિયા, પ્રકાશક : શ્રી બાલુભાઈ પટેલ, અધ્યક્ષ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ–૩૮૦ ૦૦૬, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૪, પૃષ્ઠ : ૧–૨૩૪ + ૩ ચિત્રો બન્ને બાજુ છાપેલાં, કિંમત: રૂા. ૫૮/–

૬ **સ્વરાંકિત લોકગીતો** : લે. મધુભાઈ પટેલ, પ્રકાશક : નિષાદ પટેલ, બકુલ પ્રકાશન, સિલ્વર સેન્ડઝ, સાવરકર માર્ગ, માહિમ, મુંબઈ–૪૦૦ ૦૧૬, પ્રથમ આવૃત્તિ–૧૯૯૪, પૃષ્ઠ: ૧–૧૨ + ૧૬૨ + ૨ કિંમત રૂા. ૧૨૫/–.

૭ **ઇતિહાસદર્પણ (ઇતિહાસ અને સંસ્કૃતિને લગતા લેખોનો સંગ્રહ)** લેખક મુગટલાલ બાવીસી, પ્રકાશક : કૃષ્ણકાન્ત એન મદ્રાસી, આદર્શ પ્રકાશન, ૨૪૯૮/૧, રાયખડ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પ્રથમ આવૃત્તિ–એપ્રિલ ૧૯૯૪, પૃષ્ઠ : ૧–૮ + ૧–૧૨૪, મૂલ્ય રૂા. ૩૫/–

૮ **જૈનદર્શન અને સાંખ્ય–યોગમાં જ્ઞાન–દર્શન વિચારણા :** લેખિકા–જાગૃતિ દિલીપ શેઠ, પ્રકાશક : ડૉ. જાગૃતિ દિલીપ શેઠ, ૨૩, વાલકેશ્વર સોસાયટી, ભુદરપુરા, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫, પૃષ્ઠ ૧–૧૬ + ૧–૨૦૧, કિંમત રૂા. ૧૫૦/–.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Regd. No. 9219/63

ચિત્ર નં ૨.
બ્રાહ્મી.

ચિત્ર નં. ૧.
માહેશ્વરી

[ચિત્રોની સમજૂતી માટે જુઓ આ અંકમાં મુ. હ. રાવલ
અને મુનીન્દ્ર વી. જોશીનો લેખ]

મુદ્રક : શ્રી પ્રહ્લાદ નારાયણ શ્રીવાસ્તવ, મેનેજર, ધી મ. સ. યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા; સંપાદક અને પ્રકાશક: મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા વતી ડૉ. મુકુંદ લાલજી વાડેકર, ઉપનિયામક, પ્રાચ્યવિદ્યામન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા–૩૯૦ ૦૦૧, માર્ચ, ૧૯૯૫.

For Private and Personal Use Only